# સાધનજ્યોતિ

(ચતુર્થ દીપ)

સ્વા. સ્વયંજ્યોતિ તીર્થ

પ્રકાશક
સ્વા. સ્વયંજ્યોતિ તીર્થ જ્ઞાનસાધન આશ્રમ ટ્રસ્ટ
પો. મુક્તમ્પુર (જિ. ભરૂચ)

પ્રકાશક :
સ્વા. સ્વયંજ્યોતિ તીર્થ
જ્ઞાનસાધન આશ્રમ
પો. મુક્તમપુર ( જિ. ભરૂચ)

પ્રથમ આવૃત્તિ
પ્રત ૧૦૦૦
કીમત રૂ. ૨-૭૫

મુદ્રક:
ભાલ મલજી
લિપિની પ્રિન્ટરી
૩૮૦ ગિરગામ રોડ.
મુંબઈ-૨.

# નિવેદન

"સાધનજયોતિ-પ્રથમ દીપ" સં. ૨૦૧૧માં, દ્વિતીય દીપ સં. ૨૦૧૬માં અને "સાધનજયોતિ તૃતીય દીપ" ૨૦૨૩માં છપાયા પછી હવે આ ચતુર્થ દીપ પ્રકટ થાય છે.

'ઉત્થાન' નામનું માસિક પત્ર પૂરા નવવર્ષ ચાલુ રહ્યું. તેમાં તંત્રીસ્થાનેથી લખાયેલી આ લેખશ્રેણી છે. નવ વર્ષના ગાળામાં બીજું યુદ્ધ હતું; આર્થિક સ્થિતિની ભીંસ ખરી રીતે તો ત્યારથી જ શરૂ થઇ અને અત્યારે સૌને મૂંઝવે-ગભરાવે એવી અમર્યાદ વધી પડી છે; તે સમયે પ્રસંગાનુસાર લખાયેલા ઘણા લેખો આ પુસ્તકોમાં જોવા મળશે. ધર્માર્થ વ. ચારે પુરુષાર્થનું વિવેચન એમાં થયેલું છે. તેની સાથે ક્રમશઃ અદ્વૈત વેદાન્ત, વિશુદ્ધ ભગવદ્ભક્તિ, શાસ્ત્રીય ધ્યાનવિવેચના, નિષ્કામ કર્મકાંડ તથા લોકહિતાર્થ સેવાની પણ આ પુસ્તકોમાં ચર્ચા દેખાશે. અત્યાર સુધીના ત્રણ દીપ પ્રગટ થયા, તેનો જીજ્ઞાસુ -મુમુક્ષુઓએ લાભ લીધો છે જેનો મને પોતાને સંતોષ છે. વેદાંતશાસ્ત્રની ધીરગંભીર સિદ્ધાન્તપ્રક્રિયાનું યથાજ્ઞાન વિસ્તૃત વિવેચન જ એનાં ગૌરવભૂત છે.

આ ચતુર્થ દીપ સુધીમાં છપાયેલાં ચાર પુસ્તકોનું આશરે ૧૨૦૦ પૃષ્ઠના વાચન-મનનમાં અનેક સ્થળે વિષયનું સરલ સ્પષ્ટીકરણ કરવાનો પ્રયત્ન કર્યો છે. વિધિનિષેધનો અતિરેક માની લેવાય એવો કેટલોક વિવેચન ભાગ છે; વ્યાધિગ્રસ્ત રોગીને જેમ વિધિમુખી ઔષધિના સેવન સાથે; આહારવિહારના નિષેધ-મુખી અપથ્ય પાલનની અનિવાર્ય આવશ્યકતા છે, તેવી જ રીતે બહિર્મુખી સાધકને અન્તર્મુખી સાધનામાં ભક્તિ અને સંવેગનાં

રોચક અને ઉત્સાહી આંદોલનોની જરૂર છે. બહિર્મુખ ચિત્તનો અનાત્મપદાર્થોમાંથી પ્રત્યાહાર કરીને, પ્રખર વૈરાગ્યનું પથ્ય પાલન કરવા માટે ' સાવધાન ' કહેવાનું ખાસ જરૂરી છે. ઉપનિષદ્ કે ભ. ગીતામાં તેમ જ ભ. શંકરાચાર્ય જેવા આચાર્યો અને શિષ્ય પરમ્પરામાં થયેલા વિદ્વાન લેખકોએ વિશુદ્ધ જિજ્ઞાસુ, અને બ્રહ્મનિષ્ઠ જ્ઞાનીની રોચક વાણીથી પ્રશંસા કરી છે; તેવી જ રીતે વિષયાસક્ત તથા અનાત્મપદાર્થનાં સંપાદન -પાલનમાં જ રચ્યાપચ્યા રહેનારાઓને મૂઢ, મુર્ખ, અંધ જેવી સંજ્ઞાઓ આપીને કઠોરથી કઠોર શબ્દોથી સાવધાન કર્યા છે.

ભારતભરના સંતોની વાણીમાં તો, ખૂબ જ ચાબખા મારેલા છે. એવાં કટુ વિશેષણોથી દંભીઓને નવાજેલા છે કે વાંચતાં પણ કર્કશ લાગે. લોકલોકાંતરના વિષયી સંસારમાં અનેક દેહ ધારણ કરીને માનવદેહ પામેલો અબુધ જીવાત્મા પશુવત્ જીવન ગાળે, ઇન્દ્રિય ભોગમાં જ આનન્દ શોધતો હોય, નિંદ્ય કાર્યોમાંથી પાછી પાની ન કરતાં રાગદ્વેષની બે જીભ જેવા નિન્દારૂપ સર્પ બનીને તિરસ્કારના ફુંફાડા મારતો હોય, તેને વાળવા -ઉગારવા માટે એ સમર્થ, તથા કેવળ જીવકલ્યાણ માટે જ તટસ્થ રહેનારા અનુભવીઓના દયાર્દ્ર હૃદયમાંથી સરળ અને સ્વભાવસિદ્ધ સરી પડેલી અમરવાણીમાં કઠોરતા આવે, એમાં કશું અવિવેકી નથી. પશુને સીધે માર્ગે ચડાવતાં દંડતાડનનો ઉપયોગ કરવો જ પડે તે પ્રમાણે માનવદેહધારી પાશવીય જીવોને બ્રહ્મનિષ્ઠ પુણ્ય પ્રકોપનો વજ્રપ્રહાર ન થાય, તો અજ્ઞાનઘન જેવી અવિદ્યાની જડતાના પર્વતોને તોડવાનું કઠિન કાર્ય થાય જ શી રીતે ?

વ્યવહારના વિશુદ્ધ ચારિત્ર્યઘડતરમાં જેમ સત્ય, નિર્દોષ,

સરલ, લોકહિત અને પ્રમાણિકપણે કરેલો જીવનનિર્વાહ જ સુખશાંતિ આપી શકે એવું સ્પષ્ટ વિધાન છે. તેવી જ રીતે પૂર્વ પાપસંસ્કારના દબાણથી મનુષ્ય પશુધર્મનાં હિંસક કર્મો, અસત્યવાણી, ચારિત્ર્યમાં દંભ, પાપમાં મિથ્યાહંકાર તથા કપટનાં દૂષણો એમાં જીવનમાં તરી આવે એવી કુટિલતા વિઘ્નકારક છે. સાધક, ભક્ત કે જિજ્ઞાસુને અધ્યાત્મ ગિરિમાળાનાં આરોહણને પંથે પૂર્વકૃત દુર્બલતાનાં વિઘ્નો અનાયાસ આવે, જૂનાં દૂષણો અકસ્માત ઊભાં થાય ત્યારે સાવધાનપણું ગુમાવ્યું કે ઊર્ધ્વગમનને બદલે અધોગતિને લપસણે માર્ગે ફસકાઈ પડાય છે.

કહેવાનું તાત્પર્ય કે અભ્યાસ અને વૈરાગ્ય, ભક્તિ અને ભાવશુદ્ધિ, શાસ્ત્રસ્વાધ્યાય અને અનુભવીની, સાથે સાથે અધ્યાત્મ-પંથની ઊર્ધ્વગતિમાં સાંસારિક ક્ષેત્રની મિથ્યા વિષયલોલુપતા ન આવી જાય, તેની પ્રત્યેક ક્ષણે સાવધાનતા રાખવી જોઇએ.

આ લેખસંગ્રહમાં વર્તમાન સમયમાં દેખાતી મિથ્યાવાણીની વિપુલતા સામે પ્રહારો થયેલા લાગશે. સમાજનો બહુ મોટો ભાગ બાહ્યાચારમાં દંભ અને આડંબર, હૃદયમાં સકામ નિષ્કામની સેળભેળ, કર્મકાંડના બાહ્યાંગમાં જ રહી સહી બુદ્ધિનો થતો જડ દુરુપયોગ, એકધારી ઉન્નતિને બદલે અનિશ્ચિત મનો-દશામાં ભણવા, વાંચવા, દોડવા, રખડવા કે રઝળવાની અર્થ-હીન ધમાલમાં જીવનધનને વેડફી નાંખે છે. તેઓને વિઘ્ન સમૂહમાંથી બચાવવા માટે થોડી સ્પષ્ટ, નક્કર તથા કટુ કઠોર હકીકતોનું વાસ્તવિક વર્ણન વાંચવા મળશે.

પ્રાણીવર્ગના સમૂહનો માનવજીવ પશુધર્મના પૂર્વસંસ્કારનો વારસો લઇને જીવે છે. કેટલાએક અજ્ઞાની, અંધ વિષયોના

ગુલામ બનીને જ ધર્મને બદલે અધર્મ આચરવા છતાં પોતાને ધર્મિષ્ઠ, વિદ્વાન, ભક્ત, સાધક, પંડિત કે વક્તા બનવાના વેષાચારમાં આંતરિક જીવનના પશુધર્મને ગુપ્ત રાખીને જીવવા મથે છે; બાહ્યક્ષેત્રનાં અર્થ અને કામ નામના પુરુષાર્થમાં જેમ કલહકાલ છે. તેમ ધર્મ અને મોક્ષના અન્તરંગ પુરુષાર્થમાં અપ્રતિમ કલ્પવૃક્ષ જેવું આ માનવહૃદય થડમૂળમાં જ સડીને દુર્ગંધ મારતું બની બેઠું છે. હિંસક પશુવર્ગને વિવેક-બુદ્ધિ નથી મળી; એ તો જીવે છે કેવળ આહારાદિ પ્રાકૃત ધર્મોમાં જ. એમને પરાધીન રહેવું પડે છે. સ્વતંત્રતા માટે તેઓ ગમે તેટલાં તોફાન મચાવે પણ વિષયપાશનો એ ત્યાગ કરી શકતો નથી. એનાં બંધન જન્મજન્માન્તરે વધતાં જાય છે; પરમાત્માની અસીમકૃપાથી બુધ્ધિદાન પામેલો મનુષ્ય સારાસાર, નિત્યાનિત્ય, સત્યાસત્ય, ધર્માધર્મ, કે પાપપુણ્યનો, બુધ્ધિને સદ્‌બુદ્ધિ બનાવીને વિવેક ન કેળવે, તો પ્રાપ્ત થયેલા માનવ શરીરની કીમત કેટલી? પશુ કરતાં કેટલી વધારે? કે એથી એ વિશેષ પાપભરી માનવી? એ તો પોતે પોતાના જ અજ્ઞાનથી બુદ્ધિદીપને બુઝાવીને પાશવર્ધક જીવનકર્મો જ વધાર્યાં કરે છે.

વિશેષ શું? વિવેક બુદ્ધિ જ માનવજીવાત્માનો જ્ઞાનપ્રદીપ છે; અંતરમાં એ સતત પ્રોજવલ છે. એ તરફ બુધ્ધિને વાળો; એમાં અધ્યાત્મજ્ઞાનનું પરા-પૂર્વના વારસારૂપી મળેલું ઘૃત પૂરો! જીવનને દિવ્ય, પ્રોજવલ અને પવિત્ર બનાવો; એ અલૌકિક વિવેકદીપનો જીવનની નસેનસમાં પ્રેરણામય દિવ્યપ્રકાશ પામો; જીવનને ધન્ય બનાવો, એવી વિશુદ્ધ અભિલાષા વિના બીજું શું કહી કરી શકાય!

દૃષ્ટિ નિર્દોષ અને નિર્મળ રાખીને શુધ્ધ સાધન, સાધના

અને સાધ્યની યથામતિગતિ આ પુસ્તકમાં લખાયેલી વિવેચના છે. ભવાટવીની આ વિકટ વાટે વિવેકી જીવાત્માની ઉત્કટ જીવનયાત્રાને પંથે અંધકાર ભર્યાં કંટકવૃક્ષો છે, એવું સહૃદય સાધકને સમજાય, જીવનમાં અલ્પસ્વલ્પ જ્ઞાનજયોતિનો પ્રકાશ દેખાય, એવો આ સાધનજયોતિના દીપો પ્રકટ કરવાનો એકમાત્ર વિનમ્ર હેતુ છે !

શુભં ભવતુ ।

જ્ઞાનસાધન આશ્રમ
પો. મુક્તમ્પુર (જિ. ભરૂચ)
ભા. વદ. ૧૧ સં. ૨૦૨૩

સ્વા. સ્વયંજયોતિ તીર્થ

# શુદ્ધિપત્ર

| પૃષ્ઠ | પંક્તિ | અશુદ્ધ | શુદ્ધ |
|---|---|---|---|
| ૭ | ૨૧ | સાના | સૌના |
| ૧૪ | ૧૩ | જ્ઞાન | ( જ્ઞાન ) |
| ૨૦ | ૧૮ | મમનશીલ | મનનશીલ |
| ,, | ૧૯ | અવસ્થા છે. | અવસ્થા છે. ) |
| ૨૩ | ૫ | ક્રિયા | ક્રિયા- |
| ૨૭ | ૫ | જએની | જ એની |
| ૩૩ | ૧૮ | લક્ષ્ય | લક્ષ્ય. |
| ૩૪ | ૧૨ | શારીરિક | શારીરક |
| ૪૬ | ૪ | આચર્યના | આચાર્યના |
| ૪૮ | ૩ | ઈત્કૃષ્ટ | ઉત્કૃષ્ટ |
| ૫૦ | ૧૨ | લોકપરલોકના | લોકપરલોકના |
| ,, | ૧૯ | માટે કે | માટે |
| ૫૧ | ૨૧ | ગ્રન્થઓના | ગ્રન્થિઓના |
| ૫૬ | ૧૭ | વળે | વળે, |
| ,, | ૧૮ | અંધદષ્ટિને | અંધદષ્ટિને |
| ૫૭ | ૨૨ | સ્વરૂપ | સ્વરૂપ. |
| ૫૮ | ૮ | બે અવસ્થાઓ એ બે | એ બે અવસ્થાઓ |
| ,, | ૨૨ | યુગલા | યુગલ |
| ૫૯ | ૧૧ | ચિત્તની | ચિત્તના |
| ,, | ૧૨ | અશુભસ સ્કારના | અશુભ સંસ્કારના |
| ,, | ૧૮ | પહોંચવાનું | પહોંચવાનું. |
| ૬૦ | ૯ | તમો | તમે |
| ૬૧ | ૮ | આત્માજ્ઞાનીની | આત્મજ્ઞાનીની |
| ૬૨ | ૨ | છે | છે, |
| ,, | ૨૦ | આચારવાનું | આચરવાનું |

| પૃષ્ઠ | પંક્તિ | અશુદ્ધ | શુદ્ધિ |
|---|---|---|---|
| ૬૩ | ૧ | ક્ષીરસા ગરને | ક્ષીરસાગરને |
| ,, | ૧૧ | કારહિતા | કારયિતા |
| ,, | ૨૨ | આવરણ | સાવરણ |
| ,, | ૨૪ | આવરણદર્શન | સાવરણદર્શન |
| ૬૭ | ૨૨ | ધર્ણ | ધર્મ |
| ૬૮ | ૪ | બ્રહ્મણ | બ્રાહ્મણ |
| ૭૧ | ૧૭ | પ્રજોપ્તત્તિ | પ્રજોત્પત્તિ |
| ૭૨ | ૩ | ,, | ,, |
| ,, | ૧૩ | પ્રજા જ | પ્રજા |
| ,, | ૧૭ | સયંમ | સંયમ |
| ,, | ૨૨ | સાથી | સૌથી |
| ૭૫ | ૧૪ | ચિત્ત શાન્તિ | ચિત્તશાન્તિ |
| ૭૬ | ૬ | કર્ત્તવ્યમા | કર્ત્તવ્યમાંથી |
| ૭૭ | ૩ | ને | તે |
| ૭૮ | ૧૩ | દ્વેવનિર્વાહ | દેહનિર્વાહ |
| ૭૯ | ૧૮ | માનવસ્વભાનો | માનવસ્વભાવનો |
| ૮૦ | ૧૫ | બ્રહ્મચર્યાઆશ્રમીઓમાં | બ્રહ્મચર્યાશ્રમીઓમાં |
| ,, | ૧૯ | ,, | ,, |
| ૮૨ | ૧૧ | એ એ | એ |
| ૯૦ | ૯ | એક એવું | એવું |
| ૯૧ | ૨૧ | હર્શશોક | હર્ષશોક |
| ૯૭ | ૩ | છે. | છે, |
| ૯૮ | ૧૯ | ભગવદગીતા, | ભગવદ્‌ગીતા |
| ,, | ૨૨ | લખીને | લખેલી |
| ૯૯ | ૧૫ | ધમ–એ | એ ધર્મ નથી, |

| પૃષ્ઠ | પંક્તિ | અશુદ્ધ | શુદ્ધ |
|---|---|---|---|
| ૯૯ | ૨૩ | શાંતિથી | શાંતિની |
| ૧૦૦ | ૪ | ધરાય છે | ભરાય છે |
| ,, | ૧૯ | ઘૂળ | ધૂળ |
| ૧૦૧ | ૪ | ધન્ય વૈભવ | ધનવૈભવ |
| ,, | ૧૮ | આત્માને ) ( કેવલ | આત્માને કેવલ |
| ૧૦૩ | ૪ | આત્માજિજ્ઞાસામાં | આત્મજિજ્ઞાસામાં |
| ,, | ૨૨ | શકે | શકે. |
| ૧૦૪ | ૩ | રાંધવા | રાંધતાં |
| ,, | ૨૦ | કુમક્ષેત્ર | કર્મક્ષેત્ર |
| ૧૦૬ | ૧૨ | ત્યેક | પ્રત્યેક |
| ૧૦૮ | ૧૬ | પ્રમાણુના | પ્રમાણુનાં |
| ,, | ૨૫ | સત્ય | સત્ય, |
| ૧૧૦ | ૫ | ધનુર્ધર: | ધનૂર્ધર:। |
| ૧૧૧ | ૧૩ | અશીર્વાદ | આશીર્વાદ |
| ,, | ૧૮ | છે છે | છે |
| ૧૧૪ | ૧૭ | હનુમાન ચાલીસા | હનુમાનચાલીસા |
| ૧૧૬ | ૧૬ | થાય છે; | થાય છે ! |
| ૧૧૭ | છેલ્લી | ખેલાવીને | ખોલાવીને |
| ૧૨૩ | ૨૨ | મનમંદિરમાં | મનોમંદિરમાં |
| ૧૨૮ | ૧૫ | ઊઠયું. રખડું | ઉડ્યું; રખડુ |
| ,, | ૨૦ | હતુ. | હતું. |
| ૧૩૨ | ૧૩ | વ્યવહારિક | વ્યાવહારિક |
| ૧૩૪ | ૧૬ | સુવાની | સૂવાની |
| ૧૩૭ | ૧૭ | બ્રાંહ્મડના | બ્રહ્માંડના |
| ૧૪૧ | ૨ | તત્ત્વના | તત્ત્વનાં |
| ૧૪૨ | ૧ | ગીતના | ગીતાના |
| ૧૪૫ | ૭ | પરતું | પરંતુ |

# લેખાનુક્રમ


| લેખ: | પૃષ્ઠ |
| --- | --- |
| નિવેદન | |
| ૧ ઊઠો, જાગો | ૧ |
| ૨ વણમાગ્યાં વરદાન | ૨૨ |
| ૩ વણમાગ્યાં વરદાન ( ૨ ) | ૪૮ |
| ૪ આપણે ક્યાં | ૬૬ |
| ૫ ધર્મ અને મોક્ષ | ૮૮ |
| ૬ ધ્યાનનાં વિઘ્નો | ૧૧૧ |

# સાધનજ્યોતિ

( ચતુર્થ દીપ )

૧

# ઊઠો, જાગો

કઠોપનિષદ્‌ના પહેલા અધ્યાયની ત્રીજી વલ્લીના ચૌદમા શ્લોકના પ્રથમ ચરણમાં ‘‘उत्तिष्ठित जाग्रत प्राप्य वरान् निबोधत’’ ઊઠો, જાગો, વરો (વરદાન) મેળવીને જ્ઞાન પામો.’’ એવો આદેશ છે.

આ વાકય સામાન્ય જનસમૂહમાં પણ ખૂબ જ પ્રચલિત થયેલું છે. એમાં આળસ તથા પ્રમાદમાં (જાગતા) પડેલાને ઊભા થવાની, અને ઊંઘતા હોય તેમને જાગી જવાની પ્રેરણા છે. સમસ્ત જડચેતનનાં નામરૂપ બદલાવીને પ્રાણીમાત્રને પોત-પોતાનાં કર્મપ્રમાણે ઉન્નતિ–અવગતિના ભોગ માટે જન્મમરણશીલ શરીર અપાવનાર તથા દિશા, કાલ તથા વસ્તુને રમાડનાર યમરાજ (બ્રહ્માંડને યમનિયમમાં–કાબૂમાં રાખનાર દેવાધિદેવ)ને વૈરાગ્યદ્વારા પ્રસન્ન કરીને કાલાતીત તત્ત્વ જાણવાની ઇચ્છાવાળા નચિકેતાએ આશીર્વાદ મેળવ્યાની આખ્યાયિકા છે.

આ વલ્લીના ૧૩માં શ્લોકમાં લયચિંતનનો ઉપદેશ છે. આ સમસ્ત બ્રહ્માંડ માત્ર બ્રહ્મવિસ્તાર છે. કાર્યરૂપ બ્રહ્માંડનું કારણ પરમતત્ત્વ બ્રહ્મ હોય તો જેમાંથી આવિર્ભાવ તેમાં લય એ ન્યાયે, કાર્યકારણની દૃષ્ટિએ સાધકે ધ્યાનના પ્રયોગ માટે જે પ્રક્રિયા સમજીને અનુભવમાં મૂકવાની છે એ લયચિંતનની સાધના કહેવાય

શાંત આત્મામાં લય કરવો જોઈએ.

(૧) ઇંદ્રિયો, (૨) મન, (૩) બુદ્ધિ, (૪) મહત્, (સમષ્ટિ અહંપદ ધારણ કરનાર બ્રહ્મા; વિશ્વપ્રાણસ્વરૂપ સૂક્ષ્મ હિરણ્યગર્ભ નામથી ઓળખાતું રજોગુણ વડે ક્રિયાશીલ રહેતું તત્ત્વ), (૫) આત્મા.

આ પાંચેય ઉત્તરોત્તર કાર્યકારણ–ભાવવાળાં હોય તો જ લય થઈ શકે; એટલે કે બધાં મૂળ સ્વરૂપે એક જ તત્ત્વનાં નામરૂપ તથા કર્મ વડે બનેલાં દશ્યાંતર હોય તો જ એ પોતાના મૂળ સ્વરૂપમાં લીન થઇ શકે. દષ્ટાંત તરીકે બરફનો પાણીમાં, પાણીનો વરાળમાં, અને વરાળનો અગ્નિમાં લય સંભવી શકે છે; પરંતુ લોખંડનો પાણી કે વરાળ વ.માં સીધો લય થવાનો સંભવ નથી. આપણે આ વિચાર કાર્યકારણભાવથી કરીએ છીએ એવું વેદાંતના વિદ્વાન્ જિજ્ઞાસુઓ ખાસ ધ્યાનમાં રાખે.*

---

*ધ્યાન (યોગ) અને વિચાર (જ્ઞાન) એમ બે રીતે તત્ત્વાનુભવ કરવાની સાધના સનાતન ચાલી આવે છે. યોગને કેવલ પરિણામવાદ તરીકે જ માનનારા એકાંત સ્થાનમાં રહીને ઈંદ્રિયો તથા પ્રાણના નિરોધ દ્વારા ચિત્તની એકાગ્રતા સાધવાની પદ્ધતિનો સ્વીકાર કરે છે; અંતર્યામી સ્વરૂપ–પ્રત્યેક મનુષ્યનું અધિષ્ઠાન કૈવલ્યસ્વરૂપ આત્મા છે; સુષુપ્તિમાં વિઘ્ન કરતી લયરૂપ નિદ્રા, સ્વપ્ન તથા જાગ્રતમાં વિઘ્ન કરતાં વિક્ષેપ, રસાસ્વાદ તથા કષાય એ ચારેયને જીતીને ચોથી તુર્યા અવસ્થામાં નિર્વિકલ્પ સમાધિદ્વારા–સ્વરૂપના આનંદદ્વારા નિર્ણય કરવા માટે યોગની સાધના છે. એવી સમાધિમાં બેસનાર સાધક અંત:કરણને અંતર્મુખ બનાવી ચિત્તની સમસ્ત વૃત્તિઓના બહિર્મુખ પ્રવાહને વાળીને આત્મ કૈવલ્યમાં તરબોળ રાખવાનો પ્રયત્ન કર્યા કરે છે, સ્વરૂપનો આનંદ જેમ જેમ ચિત્તમાં ઊતરતો જાય છે, તેમ તેમ વિષયાનંદ વ.ની વાસના શુદ્ધ થતી જાય છે. સમાધિનો આ પ્રયોગ નિરોધસમાધિ તરીકે ઓળખાય છે; કારણ કે એમાં આત્મકૈવલ્ય સિવાય બીજું જે કાંઇ, પ્રકૃતિના પરિણામરૂપે –ધારાવાહી પ્રવાહરૂપે દૃશ્ય બનીને બહિર્મુખતા ઉપજાવે છે તેને રૂંધી–રોકી રાખવાનું છે.

(અનુસંધાન આગળના પાના પર)

મરુભૂમિમાં ખરે મધ્યાહ્નને દૂર દેખાતું ઝાંઝવાનું પાણી
(જેને જોઇને તરસ્યાં મૃગલાં તૃષા છીપાવવા મિથ્યા દોડાદોડ
કરે છે) એ દૂરથી જલ દેખાવા છતાં પાસે જતાં (એ મૃગજલ)
મિથ્યા આભાસમાત્ર લાગે છે. સીપમાં દૂરથી ચાંદીનો આભાસ
થાય પણ હાથમાં લઇને તપાસતાં ચાંદીની ભ્રાન્તિ સમજાય
છે. એ મિથ્યાજ્ઞાન હતું એવું સત્યજ્ઞાન થાય છે. તેવી જ
રીતે નામ, રૂપ તથા કર્મ આ ત્રણેયનો મિથ્યાભ્રમ આત્મસ્વરૂપનું
યથાર્થ જ્ઞાન થતાં ઊડી જાય છે. જિજ્ઞાસુ અધિષ્ઠાન સ્વરૂપ
આત્મચૈતન્યનો અનુભવ તથા દૃશ્યના મિથ્યાત્વજ્ઞાનનો બાધ
કરીને, વિચાર વડે બધું આત્મા જ છે, સચ્ચિદાનંદ છે,
અધિષ્ઠાન બ્રહ્મસ્વરૂપ છે એવો નિર્ણય કરે, ત્યારે નામ, રૂપ
તથા કર્મસ્વરૂપ પ્રપંચનો અધિષ્ઠાનમાં આપોઆપ લય થાય
છે. ભ્રાન્તિ નિર્મૂળ થતાં મનુષ્ય સ્વ(આત્મ-)સ્થ, પ્રશાન્તચિત્ત
તથા કૃતકૃત્ય બને છે. આવો છે આત્મસાક્ષાત્કારનો મહિમા.

* * * *

સ્વરૂપનું અજ્ઞાન તથા દ્વૈત પ્રપંચનું જ્ઞાન એ બન્ને
મિથ્યાજ્ઞાન કહેવાય છે. વેદાન્તમાં એને ભ. શંકરાચાર્ય મિથ્યા-
કહીને 'માયા' એવા બે અક્ષરના શબ્દથી ઓળખાવે છે.

એ મિથ્યાજ્ઞાનનું સ્થાન સૌની પોતપોતાની બુદ્ધિમાં છે;
સાધકે પહેલાં વિજ્ઞાનમય કોષનો વિચાર કરવો જોઇએ; આપણામાં

---

બીજી દૃષ્ટિ છે પ્રત્યેક વસ્તુમાંથી નામરૂપનો વિચાર વડે બાધ કરીને,
નામરૂપનું મિથ્યાત્વ તથા જેના આશ્રયે, આધારે તથા મૂળ વસ્તુરૂપના
અધિષ્ઠાનરૂપે એ નામરૂપનું અસ્તિત્વ છે, તેને બુદ્ધિ-જ્ઞાનમાંથી વિચારવડે
ઉરાડી દેવું એ બાધ સમાધિ છે. આ બંને માર્ગના વિશેષ સ્પષ્ટીકરણ માટે,
તેમજ સાધન, સાધના અને સાધ્યના સૂક્ષ્મ રહસ્ય માટે વેદાંતના કોઇપણ
માન્યગ્રન્થનો ગુરુમુખે અભ્યાસ કરવો જોઈએ. અહીં આટલી ટૂંકી નોંધ બસ છે.

રહેલી આંતરિક સમજણશકિત, બુદ્ધિ કહેવાય છે. એ બુદ્ધિ જ દૃષ્ટા તથા દૃશ્યોના નાના પ્રકારના આકાર આંતરપ્રદેશમાં—સૂક્ષ્મ-શરીરના અંતઃકરણમાં પૂર્વસંસ્કાર પ્રમાણે ઊભા કરે છે. એ પૂર્વસંસ્કાર અનાદિકાળથી ચાલ્યા આવે છે. અનાદિ કહેવાનો અર્થ એ છે કે કોઇ પણ દૃશ્યના સંસ્કાર ક્યારે પડ્યા હશે, એવી પૂર્વપરંપરા જોવા તપાસવા માટે કોઇ પણ જાતના વર્તમાન સંસ્કારને સાક્ષી બનાવવો પડે છે. જ્યાં સુધી આ વર્તમાન સંસ્કાર સાક્ષીરૂપે પોતાનું અસ્તિત્વ—સત્તા ટકાવીને જોવાનું રાખે ત્યાં સુધી પૂર્વસંસ્કારની પરંપરાની સાંકળની કડીઓ અનન્ત રૂપે દેખાયા જ કરે છે. એટલે એનાં આદિમૂળ તપાસવાનું જ અસંભવિત છે; મિથ્યાપ્રયત્નસ્વરૂપ છે.

આ અજ્ઞાન જ વ્યક્તિ પરત્વે અવિદ્યા કહેવાય છે. એ તમોગુણ રૂપ છે; એ ચંચલ થતાં કર્તા, કર્મ, કારકની ત્રિપુટી રૂપે જ્યારે પ્રતીત થાય, ત્યારે એમાં જે ગતિ આવે એ રજોગુણ છે. એ બન્નેનું સાક્ષીત્વ સ્ફુરે, કાર્ય—અકાર્ય, ધર્મ—અધર્મ તથા સારઅસારનો સાક્ષી ભાવે વિવેક આવે ત્યારે એ સત્ત્વગુણ કહેવાય છે.

પ્રત્યેક મનુષ્ય સાત્વિકભાવે એક સરખો વિવેકી હોય છે, કારણ કે એ કેવળ દૃષ્ટા છે; કર્તાભોકતાનો ભાવ રહેતો નથી તેથી રજોતમોગુણની અસરમાં આવતો નથી; આ થઇ વ્યકિતગત વાત; પણ વ્યકિતઓના સમૂહ જેવા સમષ્ટિભાવવાળા મૂલ ચૈતન્યમાં સત્ત્વગુણ એક સરખો હોવાથી એને જ માયાવિશિષ્ટ ચૈતન્ય એટલે ઇશ્વર કહેવામાં આવે છે; તત્ત્વવિદ્ અને ઇશ્વરના સ્વ—( આત્મ ) ભાવમાં એક સરખી જ્ઞાનદૃષ્ટિ પ્રવર્તે છે, એટલે જ્યાં જ્યાં જ્ઞાન હોય ત્યાં ઈશ્વરત્વના અંશો ખીલી નીકળે છે. એથી જ

વેદોક્ત ધર્મમાં આવા જ્ઞાન વૈરાગ્યવાળા ઐશ્વર્યસંપન્નને દેવ કે ભગવાન કહીને ઓળખાવ્યા છે.

વેદાન્તના સર્વમાન્ય ગ્રન્થોમાં આ વિષે સ્પષ્ટીકરણ તો છે જ. પરન્તુ જે રીતે એનું વિજ્ઞાન મેળવીને જીવનમાં ઉતારવા માટે સાધનો બતાવ્યાં છે, એની જો કચાશ કે ઊણપ રહે તો યથાર્થ પદ્ધતિ સમજાતી નથી; અવિદ્યા અથવા માયાને આપણા અંતઃકરણથી દૂર બ્રહ્માંડમાં વ્યાપક માનવા છતાં પણ, ઇશ્વરે સર્જેલી અને મોકલેલી આપણા ઉપર જાણે પરાણે લાદેલી આપણાથી જુદી છે, એમ અજ્ઞાનવશ આપણે માનીએ, કહીએ છીએ.

* * * *

નચિકેતા રજોતમોગુણથી વિરકત થયો છે; યમરાજ એને લોકપરલોકના ભોગવિષયોની લાલચ આપીને ચકાસી જુએ છે. અવિદ્યાના આડાઅવળા માર્ગમાં એ ફસાતો નથી; એને માયાથી પ્રાપ્ત થતાં ઐશ્વર્યની પણ લાલસા નથી. વાસનાત્રયથી મુકત એવા એ પરમ મુમુક્ષુને આચાર્ય યમદેવ આત્માની વ્યાખ્યા કરી બતાવે છે. આત્મા તો ઇંદ્રિયો, મન તથા બુદ્ધિથી પર, સૂક્ષ્મમાં પણ સૂક્ષ્મ છે, તેથી કેવળ વિશુદ્ધ બિવેકવિચાર વડે એનું પ્રથમ ( પરોક્ષ, શાસ્ત્રસિદ્ધ ) જ્ઞાન થઇ શકે છે એવું પહેલા અધ્યાયની બે વલ્લીઓમાં સમજાવ્યું છે; ત્યાર પછી ત્રીજી વલ્લીમાં અનુભવાત્મક ( અપરોક્ષ ) જ્ઞાન માટેના વિસ્તૃત વિવેચન તરીકે ઇંદ્રિયોથી માંડીને ઉત્તરોત્તર આત્મા સુધીની ભૂમિકાઓ ( નીસરણી ) બતાવી છે. સ્થૂલ દૃષ્ટિએ અસ્થિ. માંસપિંડના દેહનો તથા સૂક્ષ્મ નસનાડીઓવાળા શરીરમાં

વહેતા ચૈતન્યના ભિન્નભિન્ન સ્થાનોનાં નિવાસસ્થાનોનો વિચાર કરતાં મન, બુદ્ધિ વ. જે ઉપનામો આપવામાં આવે છે, એ બધામાં ચૈતન્ય તો એક જ છે એમ યમરાજ કહે છે. વસ્તુતઃ ચૈતન્ય એક હોવા છતાં સમસ્ત દેહમાં વ્યાપક બને છે. પ્રાણ (ગતિ) દ્વારા એની જ્ઞાન, ઇચ્છા તથા ક્રિયાશકિત ચાલુ રહે છે, ત્યારે સ્થાન, ઈચ્છા, તથા ક્રિયાભેદે એનાં ભિન્ન નામો પડે છે. મનુષ્યને એ ભેદ અજ્ઞાનને લીધે લાગે છે; ચૈતન્યને પોતાનું સ્વરૂપ ન માનતાં સ્થૂલ, સૂક્ષ્મશરીરને "હું છું" એમ માનીએ ત્યારે દેહદષ્ટિને લીધે એમાં 'અહંબુદ્ધિ' ઊપજે છે. "હું"-પણુ આવ્યું એટલે મારાપણું પણ આવવાનું જ; અને હું શરીર (ત્રણેય), મારું જ્ઞાન, મારી કલ્પના, મારી ઇચ્છા, મારાં કર્મ, મારી ઇંદ્રિયો, વ.ની અસંખ્ય ભેદભાવ પાડતી અવિદ્યાને લીધે ભાગવિભાગવાળા શરીરમાં જે કાંઇ છે, એમાં એ ચૈતન્યના જ જાણે વિભાગ પડી ગયા હોય એમ માનીને એ બધાંયને જુદાં નામથી ઓળખાવાય છે.

આચાર્યદેવ કહે છે કે બધામાં ચૈતન્ય તો એક જ છે; એ પરમ વિજ્ઞાનસ્વરૂપ છે. ઇંદ્રિયો, મન, બુદ્ધિ વ. માં જે અજ્ઞાન તથા ચંચળતા લાગે છે, એ તો દેહભાવને લીધે છે, અનાદિકાળથી પડેલી પૂર્વસંસ્કારની વાસનાને લીધે છે; એ અજ્ઞાન આપણું પોતાનું છે; આ ચંચલતા તથા અજ્ઞાનની પીઠમાં, સાના અધિષ્ઠાન તરીકે શાન્ત આત્મા (સૌનું પોતપોતાનું મૂળ સ્વરૂપ) છે; એમાં ચંચલતા નહીં પણ શાન્તિ છે; જ્ઞાન–અજ્ઞાનના ભેદ નથી, પણ પરમ વિજ્ઞાન સ્વરૂપ અભેદ છે. (વિષયના) જ્ઞાનભેદ, ઇચ્છાભેદ કે ક્રિયાભેદ એમાં નથી; એ છે એકરસ, ગુણાતીત, દ્વંદ્વમુક્ત દ્વૈતરહિત, અનિર્વચનીય આત્મા; સૌનું પોતાનું પોતાપણું; અને એ સર્વવ્યાપક છે

કારણ કે જ્યાં જ્યાં દેહ છે, જ્યાં જ્યાં નામરૂપ છે, જ્યાં જ્યાં જડચેતનના ભેદાભેદ છે, ત્યાં ત્યાં અધિષ્ઠાનરૂપે એ જ છે. એ સૌથી મહાન્ છે તેથી બ્રહ્મ છે. ધ્યાન કે વિચારદ્વારા સમસ્ત દ્વૈતપ્રપંચનો આત્મામાં લય કરવો એટલે જ બ્રહ્મમાં એ બધાંની ઉપશાન્તિ કરવી. બધાંનો એક જ પરમ અધિષ્ઠાનમાં ઉપસંહાર કરવો. આવા ઉપસંહાર–લયનું પરિણામ સાધકના ચિત્તમાં થવા માંડે ત્યારે એનો આનંદ એ આત્માનંદ કહેવાય; એની બધી વ્યવસાયપરંપરા આત્મક્રીડા કહેવાય; એનો દેહવ્યવહાર એ મિથ્યાજ્ઞાનથી બાધિત થઈને વિજ્ઞાનમય બનેલો હોય; એની સત્તા આત્મસત્તાની સ્થિરતાવાળી હોય, એની બુદ્ધિપ્રભા આત્મચૈતન્યથી ચમકતી હોય, ટૂંકાણમાં એના જીવનમાં જે જે કાંઈ હોય કે થાય એ બધું આત્મપ્રીત્યર્થ જ હોય; આવો છે એ આત્માનુભવનો મહિમા !

* * * *

ધારો કે તમે કોઈ એકાન્ત સ્થાનમાં ધ્યાન કરવા બેઠા છો. સમસ્ત ઇંદ્રિયોનો પહેલાં મનમાં લય કરવાનો છે તેથી એનો પહેલાં વિચાર કરીએ.

(૧) જ્ઞાનેન્દ્રિયોના સમૂહમાં કાનદ્વારા શબ્દ સંભળાય છે તે આકાશતત્ત્વની સાથે આત્મચૈતન્યનો સંયોગ થાય છે ત્યારે મનને શબ્દજ્ઞાન થાય છે. શબ્દનો અર્થ વેદાન્તમાં નામ થાય છે.

(૨) ત્વચાને કોમળ, કઠોર સ્પર્શની ખબર પડે છે; એ ઈંદ્રિયના વાયુતત્ત્વની સાથે આત્મચૈતન્યનો સંયોગ થાય ત્યારે સ્પર્શનું જ્ઞાન થાય છે.

(૩) ચક્ષુ ઈંદ્રિયથી તમે ભિન્નભિન્ન પ્રકારના, નાનામોટા, રંગ-

એરંગી આકાર જોઇ શકો છો. વેદાન્તમાં એને માટે રૂપ શબ્દ વાપર્યો છે. અગ્નિતત્ત્વ અને આત્મચૈતન્યના સંયોગથી રૂપજ્ઞાન થાય છે.

(૪) જિહ્વાદ્વારા સ્વાદનું જ્ઞાન થાય છે; ખારા, ખાટા, મીઠા, તુરા, કડવા અને તીખા-એમ છ પ્રકારના સ્વાદ છે. સ્વાદેન્દ્રિયના જલતત્ત્વની સાથે આત્મચૈતન્યનો સંયોગ થતાં સ્વાદને જિહ્વા પરખી શકે છે.

(૫) નાસિકાદ્વારા દુર્ગંધસુગંધના ભેદ પરખાય છે અને પૃથ્વી-તત્ત્વની સાથેના આત્મચૈતન્યના સંયોગનો એ મહિમા છે.

આ પાંચે જ્ઞાનેન્દ્રિયોમાં ચૈતન્ય તો એક જ છે; પરંતુ પાંચેય સ્થાનોનાં તત્ત્વો જુદાં જુદાં હોવાથી શબ્દ, સ્પર્શ, રૂપ, રસ અને ગંધ એમ ભેદ પડે છે; આ ભેદ તત્ત્વોનો છે. પણ ચૈતન્યનો નથી એટલું સમજીને લક્ષ્યમાં રાખો.

આવી જ રીતે પાંચેય કર્મેન્દ્રિયોની વિગત છે. દસેય ઇન્દ્રિયોમાં શરીરના પંચભૂતાત્મકભેદને લીધે ક્રિયા જુદી જુદી થાય છે પરંતુ સર્વત્ર ચૈતન્ય તો એક જ છે; એ મુખ્ય મુદ્દો ભૂલવાનો નથી.

પહેલાં આ બધી ઇન્દ્રિયોનો મનમાં લય કરવાનું કહ્યું છે, કારણ કે મન ન હોય તો ઇન્દ્રિયો વડે થતાં જ્ઞાન તથા ક્રિયાનું જ્ઞાન કોને થાય? મન જ એ બધી ઇન્દ્રિયોના જ્ઞાનનું મુખ્ય કેન્દ્ર છે; આ બધામાં જે પ્રાણસંચાર થાય છે તે દ્વારા આત્મ-ચૈતન્યનો પ્રવાહ તે તે સ્થાને જતાં જ્ઞાનક્રિયાનાં જે સંવેદનો થાય તે મનમાં પહોંચે છે; મન કેન્દ્ર છે, ઇન્દ્રિયો બધા શાખાઓ છે; આવી પ્રક્રિયા હોવાથી યમદેવ આદેશ આપે છે કે ઇન્દ્રિયોની કલ્પના મનમાંથી કહાડી નાંખીને, સ્થૂલ જગતનો

વિચાર નિર્મૂળ કરીને, તમે અંતરમાં ઊતરો; તમને પ્રત્યક્ષ સમજાશે કે આ ઈંદ્રિયોનું કેન્દ્રસ્થાન મન છે; વૃક્ષની શાખા-પ્રશાખાઓને કાપી નાંખવાથી જેમ એકલું થડ ઊભું રહે છે, તેવી જ રીતે ઈંદ્રિયોના પંચભૂતાત્મક સ્વરૂપને વિસારી મૂકીએ તો કેન્દ્ર સ્વરૂપ મન જ અસ્તિત્વમાં રહે છે.

આગળ જતાં આ મનને બુદ્ધિમાં લય કરવાનું કહે છે; કારણ કે મન તથા ઇંદ્રિયોના ભેદાભેદને વિવેકવડે જ્ઞાનસ્વરૂપ બુદ્ધિ એ બધાંથી તટસ્થ બનીને જોઇ, જાણી તથા તપાસી શકે છે; એ બધાંનું વિવેચન કરીને વિવેક વડે જડ–ચૈતન્યનો ભેદ કહાડી શકે છે; મન તથા ઈંદ્રિયોની પીઠમાં પ્રકાશ, જ્ઞાન, ચૈતન્યસ્વરૂપ બુધ્ધિ ન હોય તો એ બધાં છે એવું કોણ સમજે–જાણે ?

સાર એ નીકળે છે કે આ બધાંમાં જે જડતાનો અંશ છે, તથા જ્ઞાન અને અજ્ઞાન, જડ અને ચેતનનો ભેદ જે પડે છે એ ભૂલી જવાનો છે. બુધ્ધિ, મન તથા ઈંદ્રિયોમાં રહેલું જ્ઞાન –પ્રકાશ–ચૈતન્ય તો એક જ છે; જે ભેદ છે એ કેવલ પંચ-ભૂતાત્મક સ્થાનોનો છે; એનું અસ્તિત્વ ભૂલીએ એટલે ચૈતન્ય-માત્ર જ્ઞાન જ સાક્ષીભાવે વિરાજે છે એ બુદ્ધિ કહેવાય છે.

બુધ્ધિ, મન તથા ઈંદ્રિયોમાંથી આપણે જ્ઞાનને તારવી કહાડ્યું, પણ વ્યકિતપણું હજુ મોજૂદ છે; આપણે એક શરીર છીએ, પ્રાણ ધારણ કરેલા ચેતન જીવાત્મા છીએ, અમુક શરીર-ધારી, નામરૂપવાળા, પૃથક્ વ્યકિતત્વ ધરાવનારા અમુક–તમુક છીએ, એવું જે અહંભાન રહે છે, એ છે મહત્તત્ત્વ. વિશ્વમાં વ્યાપક સ્વરૂપ પ્રાણ છે. એને શાસ્ત્રો હિરણ્યગર્ભ કહે છે. એ જ રજોગુણના અધિષ્ઠાતા બ્રહ્મા છે.

આ અહંને, ગતિમાન રહેતા પ્રાણના સ્પંદન થતા ધ્વનિને, તમે મુખ્ય સમજો; બુદ્ધિ, મન તથા ઇંદ્રિયોને એક સાથે ગાંસડીની જેમ પકડી રાખીને, સમસ્ત દેહમાં જ્ઞાન તથા ક્રિયાના અભિમાનને ધારણ કરનારું, સમષ્ટિથી જુદું પડતું વ્યક્તિત્વ તરીકે ઓળખાતું 'હું' પણાનું એ સ્વરૂપ છે. એ ન હોય તો આ બધું નભી શકતું નથી. એ જ મુખ્ય ભેદ પાડનારું, સૌનું મૂલ કેન્દ્ર, જ્ઞાન, ઇચ્છા તથા ક્રિયાનું ઉદ્‌ગમ સ્થાન, અહં-અહં એવા આંતરિક ધ્વનિરૂપે અંતરમાં પ્રતીત થતું, ચૈતન્ય ન હોવા છતાં પણ ચૈતન્યનો આભાસ કરાવે એવું આપણું—જીવાત્માનું સ્વરૂપ છે. સૂક્ષ્મ આકાશતત્ત્વ એ ધ્વનિનું અધિષ્ઠાન છે.

એની પીઠમાં પડેલા શાંત આત્મામાં એનો પણ લય કરવાની આચાર્ય આજ્ઞા કરે છે. અહમ્‌થી માંડીને બુદ્ધિ, મન, તથા ઇંદ્રિયો સુધી વહેતા ચૈતન્યના સ્થાનભેદ, નામભેદ, ક્રિયાભેદ, ગુણભેદ, ધર્મભેદ એવા અસંખ્યભેદ પડે છે, પણ બધા ભેદથી અળગું રહેતું 'હુંપણું' તો એકલું કશા પણ વિશેષણ વગરનું હોવા છતાં મિથ્યા કલ્પના માત્ર છે.

અંતઃકરણમાં સૌથી ઊંડે ઊંડે આકાશતત્ત્વ છે. આપણે સૌ જાણીએ છીએ કે આકાશ ખાલી જગ્યા કહેવાય છે, અને તેથી જ એમાં શબ્દ કરવાનો ગુણ ધર્મ રહ્યો છે. આ વ્યક્તિત્વ પ્રકટ થવાનો ધર્મ અનાદિ છે; પરમતત્વ સર્વવ્યાપક, એક, અદ્વિતીય, કોઇપણ ગુણધર્મ વિનાનું, અભેદ અને અદ્વૈત છે તેથી એ બ્રહ્મ કહેવાય છે; એમાં શા માટે અહમ્ ભાવ ઊભો થાય છે, ક્યારે થાય છે, ક્યાં થાય છે, એવા પ્રશ્નો નિરર્થક છે; એ થાય છે એટલું પ્રત્યક્ષ અનુભવમાં આવતું "હું"-પણું

સિદ્ધ કરે છે કે વર્તમાનકાળમાં અને અહીં આપણા શરીરને મારું કરીને માનતું એ મોજૂદ છે. શરીરને પોતાનું માનીને એના અસંખ્ય પંચભૂતાત્મક ભેદને એ પોતાના માને છે, પ્રત્યેક સ્થાનમાં એ ગુણ કર્મભેદ પાડીને જ્ઞાન, ઇચ્છા તથા ક્રિયાધર્મે પોતાનું અસ્તિત્વ ટકાવી રાખવા ઇચ્છે છે, અને નિત્ય હયાતિ ભોગવવાની વાસનામાંથી અસંખ્ય દ્વંદ્વોની ભીંસ એને સપડાવે છે. એમાંથી છૂટવાનું જન્મ જન્માન્તરે, કાલાન્તરે કે દેશાન્તરે પણ આત્મજ્ઞાન વિના અસંભવિત છે.

નચિકેતા જેવો વિરકત મુમુક્ષુ એ માટે સાધન પૂછે છે, અને આચાર્ય યમરાજ એ માટે આજ્ઞા કરે છે કેઃ–

ઇંદ્રિયો, મન, બુદ્ધિ, મહત્તત્ત્વ બધાંને તું સૌની પીઠમાં રહેલા, અધિષ્ઠાનસ્વરૂપ, ચૈતન્યમય શાન્ત આત્મામાં લીન કરી જો, એમાં ભેદાભેદને શમાવી દે; અંતરમાં "હું"–"હું" થતા સૂક્ષ્મ શબ્દજ્ઞાનને શાન્ત કરી દે. તું શાન્તિનો ઇચ્છુક છે, તેથી આ બધા ભેદજ્ઞાનનો તને વૈરાગ્ય છે. તારે માટે સમસ્ત બ્રહ્માંડ લોકલોકાન્તરના વિષયો કાકવિષ્ઠાવત્ છે, એટલે તું બધાંયને શાન્ત આત્મામાં લીન કર. અહંભાવને શાન્ત કર, એટલે તને અનુભવ થશે કે આ સમસ્ત દ્વંદ્વમય, દૃષ્ટાદૃશ્ય પ્રપંચ, ત્રિપુટીવિહાર, ત્રિગુણવિસ્તાર તો માત્ર તારી અવિદ્યામાંથી, અણસમજણમાંથી ઉદ્ભવ્યો છે; તું આત્મસ્વરૂપે નથી રહી શકતો, તત્ત્વસ્વરૂપે ભાવના કરીને તું શાન્ત નથી બની શકતો, અભેદભાવે સ્વરૂપના આનન્દમાં તરબોળ તૃપ્ત નથી થઇ શકતો, તથા નાનામોટા વૈભવ-મ્હાણવાનાં ઐશ્વર્યતાળાં તારાથી નથી તોડી શકતાં, એ છે તારી પોતાની જ અવિદ્યા, અને અશકિતનું પરિણામ.

આ અવિદ્યા જ અશકિત છે; એ પરમ તત્વમાં, શાન્ત

આત્મામાં ભાવમય રહેવું એ છે શકિત. એમાંથી ચ્યુત થઇને, નીચે ઊતરીને હું-મારું, તું-તારું, તે-તેનું એવા ભેદાભેદના, વૈભવવિલાસના, જયપરાજયના ખેલ જોવાની માયામાં પડવું, વ્યવહારપક્ષે અહંપદની મહત્તા વધારવી, બુદ્ધિમાં વિષયજ્ઞાનના ભંડાર ભરવા, મનમાં બ્રહ્માંડના કે લોકલોકાન્તરના ખેલ જોવાની કલ્પના કરવી, ઇંદ્રિયોને વિષયસમૂહનાં રમકડાં વડે રમાડવાની ક્રિયાઓ કરવી, બ્રહ્માંડભરમાં ઐશ્વર્યશાલી બનીને ઈશ્વર કહેવડાવવા જેવી અને જેટલી મોટાઇ માણવી, એ તો છે અશકિતની સાધના; વાસનાની મનમાની ગૂંથી રાખેલી, રંગબેરંગી તાણાવાણાની વણેલી દોરી વડે પોતે પોતાને જ બાંધી દેવાની અવિદ્યાજાલ.

* * * *

આત્મભાવના નથી રહેતી એ છે અશકિતનો સ્વભાવ; દેહબુદ્ધિ રહે છે એ છે અશકિતનું પરિણામ. આવી અશકિત તોડવા માટે જ ઇંદ્રિયોના મૂલ સ્વરૂપ ચૈતન્યમાં ક્રમશઃ પ્રવેશ કરીને આત્મભાવના દૃઢ કરવાનો પ્રખર પુરુષાર્થ કરવો જોઇએ. એ જ છે જ્ઞાન શકિતની સાધના અને એ જ છે માનવજીવનનો પરમ ઉદ્દેશ, ધ્યેય અને લક્ષ્ય.

એને માટે વિવેક, વૈરાગ્ય વ. ના સાધનની યોજના છે; ઇંદ્રિયો, મન, બુદ્ધિ અને અહંકારમાં પંચભૂતાત્મક દૃષ્ટિએ ભેદ છે, ચૈતન્યની દૃષ્ટિએ આત્મા સાથે એનો અભેદ છે; એ વિવેક વડે ઇંદ્રિયો વ.ના નામરૂપનો વૈરાગ્ય કેળવવાથી આત્મભાવના દૃઢ થશે એટલે અશકિતનો પરાજય થશે, અવિદ્યાનો અન્ત આવશે અને પરમધન પરમાત્મતત્ત્વનો અનુભવ થશે.

પહેલાં ઇંદ્રિયોના ચૈતન્યનો મનમાં લય કરો. ઇંદ્રિયો પોત-

પોતાના નામરૂપાત્મક વિષયોનું સ્મરણ કર્યાં કરે એ એનો સ્વભાવ છે; મન એ બધાય વિષયોનું સ્મરણ કરે એ એનો સ્વભાવ છે; એ બન્નેમાંથી ચૈતન્યને તારવીને મનમાં વ્યાપ્ત રહેલું ચૈતન્ય "હું છું" એવો સંકલ્પ કરો; અને નામરૂપના વિકલ્પોને ઉઠાવી દો.

ત્યાર પછી મનનો બુદ્ધિમાં લય કરો; મનના સંકલ્પવિકલ્પને જાણનાર-ઓળખનાર બુદ્ધિમાં વ્યાપેલું, જ્ઞાનસ્વરૂપ ચૈતન્ય છે; એ જ્ઞાનના પ્રકાશથી મનના સંકલ્પવિકલ્પો તથા ઇંદ્રિયોના ભોગના વિષયો સાથેના વિકલ્પો ઓળખી શકાય છે; તમે પ્રકાશ-જ્ઞાન-ચૈતન્ય સ્વરૂપ છો એવો સંકલ્પ કરો; એવો નિશ્ચય થતાં મનના ચંચલતાભર્યાં વિકલ્પોનો અંત આવશે; અંતરમાં જ્ઞાનસ્વરૂપ ચૈતન્યનો પ્રકાશ પથરાશે.

આ જ્ઞાન ચૈતન્યની પીઠ પાછળ પણ દ્રષ્ટા, સાક્ષીસ્વરૂપ શુદ્ધ સાત્વિક અહંભાવ ઊભો છે; એ બુદ્ધિના પ્રકાશને, મનના સંકલ્પોને, તથા ઈંદ્રિયોના વિકલ્પોને જોયા કરે છે; હું આવો છું અને તેવો છું એવા દશ્યના આભાસ અહંકાર ઉપર પડે છે, એ બધા અહંભાવના ત્રિગુણાત્મક રંગ છે; દ્રષ્ટામાં દશ્ય-પરત્વે મમતા તથા આસક્તિ છે; રાગદ્વેષને લીધે એ વિષયોનું ગ્રહણત્યાગ થયા કરે છે; એનું કારણ ચૈતન્ય સ્વરૂપનું અજ્ઞાન છે. પોતે પોતાને આત્મસ્વરૂપે ન ઓળખવું એટલે જ અજ્ઞાન એમ વેદાન્ત કહે છે. અહંભાવ આકાશ શબ્દનો ગુણ છે, અને એ આત્માના સચ્ચિદાનંદભાવથી ખાલી છે. ખાલી વાસણમાં પાણી ભરાતાં શરૂઆતમાં શબ્દ થાય છે, પણ જેમ જેમ વાસણ ભરાતું જાય તેમ તેમ ખાલી જગ્યા ન રહેવાથી શબ્દ-ધ્વનિ થતો નથી; તેથી જ રીતે માનવપ્રાણીનો અહં-ભાવ આત્મભાવથી

ખાલી છે; એ જો પોતાને આત્મચૈતન્યમાં લીન કરી નાંખે, તો પૃથક્ભાવ દાખવતા આકાશના ખાલીપણાના ભાવનો અન્ત આવે. આ જ છે અહંકારનો નાશ; અહંભાવનો આત્મભાવમાં લય કરવો, એટલે આત્મજાગ્રતિ લાવવી; અજ્ઞાનનો નાશ કરવો અને સર્વત્ર સદાસર્વથા સચ્ચિદાનન્દભાવનું દૃઢ અપરોક્ષ જ્ઞાન પામવું. લયચિંત્વનમાં આ પ્રમાણે ઈંદ્રિયો, મન, બુદ્ધિ, મહત્તત્ત્વ એ ચારેયનો ઉત્તરોત્તર શાન્તિસ્વરૂપ આત્મામાં નિરાસ કરવાનો છે.

જેટલો પ્રયત્ન કરશો એટલો અનુભવ થશે; અનુભવ થતાં નિર્વિષયી આનંદનો અંતઃકરણમાં પ્રકાશ પડશે. નિર્વિષયી આનંદની માત્રા જેટલી વૃત્તિમાં વધશે તે પ્રમાણે વિષયાનંદને માટે ઝંખતી મનોમાયા શાંત થશે: ઈંદ્રિયો અન્તર્મુખ બનીને મનમાં, મન અંતર્મુખ બનીને જ્ઞાનસ્વરૂપ બુદ્ધિમાં, બુદ્ધિ અહં-તત્ત્વમાં અને એ અહંતત્ત્વને સત્ત્વગુણી બનાવીને શાન્ત આત્મામાં લીન થવાની, તથા આત્માકાર કે બ્રહ્માકાર વૃત્તિને સતત્ જાગૃત રાખવામાં સરળતા કરી આપશે.

નચિકેતાએ એ પ્રમાણે સાધના કરી હશે; બ્રહ્માનન્દ ભોગવ્યો અને જીરવ્યો હશે; આપણે પણ એવી જ શ્રદ્ધા રાખીએ કારણ કે સમસ્ત બ્રહ્માંડને સંયમમાં રાખનાર યમરાજ જ્યાં આચાર્ય બનીને કાલાતીત થવાનો આદેશ આપે છે ત્યાં શંકાને સ્થાન જ ક્યાંથી હોય ?—શા માટે હોય ?

* * * *

નચિકેતાને અજ્ઞાનમાંથી છૂટવું છે; આચાર્ય યમરાજ એને માટે સાધના સમજાવે છે; એ કહે છે કે બધી ઈંદ્રિયોનું મૂળ છે મન; મનનું મૂળ છે જ્ઞાનશક્તિવાળી બુદ્ધિ; બુદ્ધિનું મૂળ છે સૌથી

મોટું તત્ત્વ—મહત્તત્ત્વ એટલે અહંકાર; એ હું-પણું ઊભું થયું છે શાન્તસ્વરૂપ, અધિષ્ઠાન આત્મામાંથી. આત્મા જ છે બધાયનું મૂળ; આત્મા સર્વવ્યાપક ચૈતન્ય છે એટલે બ્રહ્મ છે; એ પોતે સર્વાધાર હોવા છતાં પોતે પોતાનો જ આધાર છે. બધાયનું મૂળ સ્થાન હોવા છતાં એ પોતે પોતાનું જ અધિષ્ઠાન છે. ગુણધર્મ, ક્રિયાભેદની અલૌકિક રીતે ભાત દેખાડવા છતાં એ પોતે છે અલૌકિક રીતે નિર્ગુણ; એ છે તારું પોતાપણું-તું પોતે. તું એમાં રહે, એ જ તું છે, એવું સાચું જ્ઞાન પામીને, બધા ભેદનો અભેદઆત્મામાં લય કરીને એ ભાવે જ રહેવાનું સામર્થ્ય કેળવ. આ બ્રહ્માંડ—જાલ તો છે તારી અશકિત; એમાં વિસ્તાર કરવો, મહત્તા પામવી, ઐશ્વર્ય મેળવવું, દ્વંદ્વની રમત કરવી કરાવવી એ તો છે અશકિત. એવી અશકિતનું મૂળ કારણ છે ભેદાભેદના મૂળ અધિષ્ઠાન આત્મસ્વરૂપનું અજ્ઞાન તથા નામરૂપ વિશ્વપ્રપંચનું મિથ્યાજ્ઞાન. એ અજ્ઞાન તારું પોતાનું ઊપજાવેલું છે તેથી તું જ કહાડી શકે. આચાર્ય વિશેષ ભાવે સદેહી હોવાથી પોતાનું સંકલ્પબલ, પ્રાણબલ, જ્ઞાનબલ, તારા ઊર્ધ્વમુખી અંતઃકરણમાં—તારી ઈચ્છા હોય તો જ, તારી શ્રદ્ધાભરી ભકિત હોય તો જ—તારામાં રેડી શકે! બાકી તો બધી જવાબદારી તારી પોતાની જ છે.

*　　　*　　　*　　　*

લયચિંતનની પ્રક્રિયા તેરમા મંત્રમાં પૂરી કહી બતાવી. અને પછી આચાર્ય કેવી પ્રેરણા આપે છે એ જુઓ उत्तिष्ठित, जाग्रत; ઊઠો, જાગો, प्राप्यवरान् વરદાન ( આશીર્વાદ ) મેળવીને निबोधत આત્માને જાણો ( અનુભવો ).

ઊઠો અને જાગો એ બે શબ્દોનો આપણે પહેલાં વિચાર

કરીએ. ઊંઘી ગયેલા માણસને સાદ પાડીએ ત્યારે પહેલાં જાગે છે અને પછી ઊભો થાય એ સામાન્ય વાત બધાં સમજી શકે એવી છે; નિદ્રામાંથી જાગ્રત થયા વિના મનુષ્ય ઊઠીને ચાલવા માંડે તો સ્વપ્ન અવસ્થા કહેવાય. એવી ઊભા થવાની, ઊઠવાની કે ચાલવાની ક્રિયા જાગ્રત અવસ્થાની હોવાનો સંભવ નથી. નિદ્રામાંથી જાગવાનું પહેલાં અને ઊઠવાનું પાછળથી હોય છે; પરંતુ અહીં તો યમરાજ કહે છે કે પહેલાં ઊઠો (ઊભા થાઓ) અને પછી જાગો.

ત્યારે જાગો અને ઊઠો–એને બદલે ઊઠો અને જાગો એમ કહેવામાં તાત્પર્ય શું હશે એનો વિચાર કરીએ; થોડી વિવેક-બુદ્ધિ વાપરીએ.

આ નિદ્રા આપણી સામાન્ય સુષુપ્તિ જેવી નથી; રોજ આવતી ગાઢ નિદ્રા નથી; સ્થૂલ તથા સૂક્ષ્મ જગતનું ભાન ન હોય એવી એ ઘોર બેભાન અવસ્થા નથી; આ ઊઠવાનું તો કહે છે પ્રમાદમાંથી; જે અવિદ્યારૂપ નિદ્રામાં આપણે જાગતા છતાં સૂતા જેવા છીએ; સંસારને જ સત્ય માનીને, સુખસ્વરૂપ સમજીને બહિર્મુખ ભાવે દૃશ્ય પ્રપંચની પાછળ આંધળા બનીને ઘૂમ્યા કરીએ છીએ એમાંથી ઊઠવાનું આચાર્યદેવ કહે છે.

સંસારમાં સુખ નથી, દેહબુદ્ધિમાં શાંતિ નથી, વિશ્વપ્રપંચમાં સ્થિરતા નથી, એવું શાસ્ત્રો આપણને વારંવાર સંભળાવે છે છતાં આપણે આળસ, પ્રમાદ, અકર્મણ્યતા વગેરે ધર્મભાવ ભૂલાવનારી અવિદ્યાસ્વરૂપ મોહમાયામાં સૂતા છતાં જાગ્રત જેવા ભમીએ–રખડીએ છીએ, એમાંથી ઊઠીને ઊભા થવાનું કહે છે; અધર્મમાંથી ધર્મમાં, અકર્મમાંથી કર્મમાં, અસત્‌માંથી સત્‌માં, મૃત્યુમાંથી અમૃતમાં જવા માટે આચાર્ય કહે છે કે એ

બધાના કારણ જેવી અવિદ્યારૂપ સુષુપ્તિમાંથી ઊભા થાઓ.

સંસારમાં ભોગ પ્રાપ્તિ માટે તમે કર્મ કરો છો પણ એ કર્મો કરતાં છતાં તમે આત્માનંદની દિશામાં પ્રગતિ ન કરતાં બેઠેલા જેવા છો; જેને ધર્મ કહો છો એ ધર્મ નહીં પણ આત્મવિસ્મૃતિરૂપ અધર્મને પંથે દોરનારો પ્રમાદ છે; તત્ત્વજ્ઞાન મેળવવામાં તમે આળસુ બનીને બેઠા છો; ચૈતન્યમય હોવા છતાં તમે જડ જેવા બનીને ઘોરો છો, એ અવિદ્યાસ્થાનમાંથી ઊભા થાઓ; ઊઠો.

*　　*　　*　　*

કેટલાએ એવા ઊંઘણસી હોય છે કે ઊંઘમાંથી ઊભા કરીએ તો ચાલવા માંડે; કેટલાએક રાત્રિમાં ઊઠીને પોતપોતાના સ્વભાવ પ્રમાણે કામકાજ કરીને પાછા સૂઈ જાય છે; કોઈ પરગામ પહોંચે છે; આવી રીતે સ્વપ્ન અવસ્થામાં કરેલાં કામનું સવારે જાગ્યા પછી એમને સ્મરણ પણ રહેતું નથી.

એવું જ આપણા બધાનું અવિદ્યાને પરવશ બનીને સાંસારિક કામ કરી લેવાનું આ એક મહાસ્વપ્ન સમજી લેવાનું છે; સ્વપ્ન-અવસ્થામાં ઊઠીને કે હરીફરીને કામ કરી લેનાર માણસને તે વખતે પોતે જાગતા હોવાનું જ ભાન હોય છે; જાગતા માણસ જેવી જ ઘણી વાર એ ક્રિયાઓ કરે છે; પરગામ સુધી પહોંચે છે; વિદ્યાર્થી હોય તો લખીવાંચી લે છે, વેપારી હિસાબકિતાબ તપાસે છે–મતલબ કે પ્રકૃતિ પ્રમાણે નિદ્રાવસ્થાની વચમાં આવતું આવું સ્વપ્ન જાગનાર માણસની દૃષ્ટિએ સ્વપ્ન છતાં, એ સ્વપ્નસ્થ જાગનારને તો જાગ્રત અવસ્થાનું જ ભાન હોય છે.

તેવું જ આપણું આ સંસારમાં છે; આપણે આપણા

સ્વરૂપને ભૂલીને અવિદ્યાની નિદ્રામાં ઊંઘી ગયા છીએ, એ ઊંઘમાં જ ઊઠીને આ સંસારમાં વર્ણ અને આશ્રમનાં કામકાજ એવી તો સુંદર રીતે કરીએ છીએ કે જાણે આપણે ખરેખર જ જાગતા છીએ; એનાં કડવાં-મીઠાં, સારાં-માઠાં ફલ ભોગવતા છતાં પણ એ સ્વપ્નમાંથી જાગવા ઇચ્છતા નથી, કારણ અજ્ઞાનરૂપ નિદ્રાનું આપણને ભાન જ નથી.

આચાર્ય આપણને પહેલાં ઊભા થવાનું કહે છે, સ્વપ્નવત સંસારમાં આપણે આળસુ બનીને બેઠા છીએ, પ્રમાદવશ કર્તવ્યનું ભાન ભૂલીને વિષયોના હેરફેરમાં આનંદ શોધીને શક્તિ ગુમાવીએ છીએ; એમાંથી પહેલાં 'ઊઠો' એવી આચાર્ય આજ્ઞા કરે છે.

* * * *

ઊઠ્યા પછી જાગવાનું છે; સૂતો માણસ પણ જાગ્યા પછી ઊભો થાય છે, પણ અહીં તો પહેલાં ઊભા થવાનું, ઊઠવાનું અને પછી જાગવાનું છે.

પ્રમાદમાંથી કર્તવ્યપરાયણ થવા માટે ઊભા થવાનું અને પછી સ્વધર્મ પ્રમાણે આચારવિચાર ગોઠવી, તત્ત્વાભિમુખ થવા માટે મહામાયાના મહાસ્વપ્નમાંથી જાગવાનો આચાર્ય આદેશ કરે છે.

અવિદ્યાને લીધે આપણે સમજીએ છીએ કે આપણે જાગતા છીએ, બધો વ્યવહાર જાગ્રત અવસ્થામાં કરીએ છીએ; લોક-લોકાન્તરમાં જન્મ ધારણ કરવા; ઐશ્વર્ય મેળવવાં, ધનવૈભવની કે માનમરતબાની મોટાઇ વધારવી, એવાં રજોગુણી, તથા સમૂહ માટેનાં કલ્યાણકર્મો કરતાં કરતાં અવતાર તરીકે પૂજાવું અને ઈશ્વર કે ભગવાન કહેવડાવવું, એવા મલિન સત્ત્વગુણી લક્ષણોમાં અટવાઇ પડીને જાગ્રત અવસ્થાનું અભિમાન ધરાવીએ છીએ; પણ

આ જ છે અવિદ્યાનું સ્વપ્ન: તમોગુણના સ્વરૂપ જેવી અવિદ્યા અંધકારમય છે; જીવાત્માની એક મહાસુષુપ્તિ છે. અનાદિકાલથી અવિદ્યાને વશવર્તી બનીને જીવભાવ પામેલો આ મનુષ્ય એ મહાસુષુપ્તિની મધ્ય અવસ્થામાં પોતાને જાગ્રત માનીને સંસાર-ચક્રમાં ભમ્યા કરે છે, એને મન જે જાગ્રત અવસ્થા છે તે જાગેલા બ્રહ્મવિદ્‌ને, જ્ઞાનીને સ્વપ્નઅવસ્થા છે. ભ. ગી.ના બીજા અધ્યાયમાં જુઓ:

या निशा सर्वभूतानां तस्यां जागर्ति संयमी ।
यस्यां जाग्रति भूतानि सा निशा पश्यतोमुनेः ॥

શ્લોક ૬૯

અર્થ : બધાં પ્રાણીઓની જે રાત્રિ ( સુષુપ્તિમાં ભોગવાતી સ્વપ્નઅવસ્થા ) છે, તેમાં ( તે વખતે ) સંયમી પુરુષ ( યમરાજના આદેશ પ્રમાણે ઇંદ્રિયોને યમનિયમમાં રાખી, આત્મામાં લય કરી, પ્રજ્ઞાવાન બનેલો તત્ત્વવિદ્‌ ) જાગે છે ( એ આત્મનિષ્ઠામાં રહે છે; બીજા સ્વપ્નસ્થ જીવાત્માઓની સાથે ભળીને એવાં જ કર્મ કરતો નથી ) અને જેમાં બધાં પ્રાણીઓ જાગે છે, ( એટલે કે સ્વપ્નવત્ સંસારમાં રચ્યાંપચ્યાં રહીને દ્વંદ્વ ભોગવે છે ) એ અવસ્થા ( મમનશીલ વિવેકી ) મુનિને મન રાત્રિ છે ( અવિદ્યા-સ્વરૂપ સુષુપ્તિ તથા સ્વપ્ન અવસ્થા છે.

ગીતામાં જ્ઞાનીઅજ્ઞાનીની નિદ્રા તથા જાગૃતિની જે અવસ્થા લખી છે, ત્યાં અવિદ્યાને સુષુપ્તિનું સ્વરૂપ માન્યું છે; સુષુપ્તિની દશામાં ભોગવાતા અજ્ઞાનીઓના વ્યવહારને સ્વપ્નવત્ કહ્યા છે, અને જ્ઞાનીઓ આ બધું સમજે છે–એટલે એ એમાં ન ફસાતાં આત્મસ્વરૂપમાં સભાન રહે છે–જાગ્રત રહે છે.

ઊઠો અને જાગો, એમાં પહેલાં ઊઠવાની ક્રિયાની આજ્ઞા છે; કારણ કે સુષુપ્તિમાંથી પ્રથમ જીવાત્મા ઊભો થાય; એટલે કે રજોતમોગુણથી ભરેલા વ્યવહારમાં સાચી દિશાનું ભાન હોતું જ નથી, તેથી પ્રથમ એને ઊભો કરીને–ઢંઢોળીને જાગ્રત કરવાની યમરાજ આજ્ઞા કરે છે.

આપણે બધા આ સંસાર તરીકે ઓળખાતા, આપણા જ પોતાના અજ્ઞાનમાંથી (નિદ્રામાંથી) ઉદ્ભવેલા મહાસ્વપ્નમાં પડચા પડચા જાગીએ છીએ એમ માનીએ છીએ, એ મહાન ભૂલ છે. પ્રમાદ તથા આળસ તજીને ઊભા થઈને, સ્વરૂપસ્થિતિ તરફ પ્રયાણ કરવા, આચાર્યના ઉપદેશેલાં સાધન પ્રમાણે સાધના કરવા જાગીએ, અને પરમ તત્ત્વસ્વરૂપ શાન્ત આત્માના આનંદના ભોક્તા બનીએ, એ જ ઇષ્ટ છે.

(જાન્યુઆરી–૧૯૫૨)

२

# વણમાગ્યાં વરદાન

પ્રમાદમાં પડેલા જીવાત્માને ઊઠવાનું, ઊઠીને પાછા અજ્ઞાનના પ્રમાદમાં પડ્યા ન રહેતાં, જ્ઞાનજાગ્રતિ લાવીને સાધન–સાધનામાં લાગી જવાનું (उत्तिष्ठित जाग्रत–ઊઠો–જાગો એમ) કહીને આચાર્ય યમદેવ તરત જ આજ્ઞા કરે છે કે प्राप्यवरान् निबोधत વરદાન પામીને આત્માને જાણો.

वरान् શબ્દનો અર્થ શ્રી શંકરાચાર્ય પોતાના ભાષ્યમાં આવી રીતે કરે છે.

"ઉત્કૃષ્ટ આત્મજ્ઞાની આચાર્યોની પાસે જઈને–એમની સમીપ પહોંચીને એમના ઉપદેશ કરેલા સર્વાન્તર્યામી આત્માને 'હું એ જ છું' એવી રીતે જાણો."

'વર' શબ્દનો અર્થ સામાન્ય રીતે કોઈ દેવદેવતાનો, સંતપુરુષનો, પૂજ્યવ્યક્તિઓનો ભક્તહૃદય ઉપર થતો અયાચિત અનુગ્રહ–એવો થાય છે; સેવા કે ભકિતદ્વારા, નિષ્કામતા કે ચારિત્ર્યશુદ્ધિદ્વારા કોઈ સંતસાધુ પ્રસન્ન થાય, ત્યારે એમના ચિત્તમાં વિશુદ્ધ આનન્દ સ્ફુરે અને એ પ્રસન્નચિત્તનો પ્રવાહ અધિકારી પુત્ર, શિષ્ય કે ભક્ત ઉપર ઊતરી પડે ત્યારે મહા-પુરુષની જે પ્રસન્નતાનાં દર્શન થાય એ 'વર' કહેવાય છે.

મહાપુરુષો ક્યારે અને શાથી પ્રસન્ન થાય, અને થાય તો શિષ્યને શું આપે એ મહાપ્રશ્ન છે. દેવદેવતાઓ તો અમુક પ્રકારની શક્તિની મર્યાદામાં બંધાઈ ગયેલા છે. વ્યક્તિના શરીરમાં જેમ, દસે ઇંદ્રિયોની, મન, બુદ્ધિ વ. ની શક્તિઓ મર્યાદિત છે, એટલું જ નહિ, પણ પ્રત્યેક ઇન્દ્રિયની શક્તિનો ક્રિયા વિભાગ જુદો છે, કારણ કે ગુણ, ક્રિયા તથા સ્થાનભેદે બધી જુદાજુદા પ્રકારની છે; તેવી જ રીતે બ્રહ્માંડની ભિન્નભિન્ન શક્તિઓ દેવદેવતા કહેવાય છે અને બધાંના ક્રિયાપ્રદેશ અને પ્રકાર ભિન્નભિન્ન છે. બ્રહ્માંડ તથા પિંડમાં બધાંના સહકાર અને સહાયતાથી સમસ્ત વ્યવહાર ચાલ્યા કરે છે.

બધી શક્તિઓનું ઉદ્દ્ગમ તથા કેન્દ્રસ્થાન છે પરબ્રહ્મ પરમાત્મા; દેવદેવતાઓ પોતાની શક્તિના ગુણ-ધર્મ પ્રમાણે ઉપાસકનું હિત કરી શકે, પરંતુ અંતર્યામી પરમાત્મા જ સર્વ-શક્તિમય હોવાથી ઉપાસકને સર્વોચ્ચ હિતકારક વરદાન આપી શકે. પરમાત્મા આપ્તકામ છે તેથી નિષ્કામતાથી જ પ્રસન્ન થાય છે. સકામ ભક્તોનું એની ભક્તિમાં સ્થાન જ નથી એમ બધાં શાસ્ત્રો એકમતે પ્રતિપાદન કરે છે.

ઇશ્વર અને જ્ઞાની બન્ને નિષ્કામ છે. એ પ્રસન્ન થાય તો શું આપી શકે એ પ્રશ્નમાં થોડી વિવેકબુદ્ધિ વાપરવી પડે એમ છે.

કેવળ ઇશ્વરના ઉપાસક મનોવાંછિત ફલ મેળવી શકે છે; મનોવાંછિત બે પ્રકારનાં હોઈ શકે: (૧) સાંસારિક વિષયોની વાસનાથી ભરેલા જીવાત્માઓનું મનોવાંછિત લોકપરલોકના સાંસારિક પદાર્થો હોય છે. (૨) નિષ્કામ મનોવાંછિતમાં સમસ્ત

દ્વંદ્વથી મુક્ત થઈને પરમાત્માના સાક્ષાત્કારની જ કેવળ ઝંખના હોય છે.

સકામ વાસનાઓમાં ઉપાસક પોતાની શકિત વડે જ સાંસારિક ધ્યેય પાર પાડી શકે છે જેમાં ઈશ્વર આપ્તકામ હોઇ તટસ્થ જ રહે છે; ઈશ્વરની કૃપા સંસારમાં વિષયસંપાદન કરાવવાની જ હોય તો ઇશ્વરમાં શ્રદ્ધા ન રાખનાર, પોતાના પુરુષ પ્રયત્ન વડે ઝઝૂમનાર સાંસારિક ધ્યેય માટે ઘણીવાર ફલીભૂત થાય છે; એટલે સકામ સાધનામાં ઇશ્વરને વચમાં રાખો કે ન રાખો, એ બન્ને સમાન છે. ઇશ્વરમાં શ્રદ્ધા રાખીને જેઓ સકામ સાધના કરે છે, એમની એ માન્યતા કેવલ નામ માત્રની છે; અર્થ વગરની છે; એટલું જ નહિ પણ ભ્રાન્તિમૂલક હોઈ પરિણામે દુઃખદાયક છે.

નિષ્કામ સાધનામાં ઇશ્વરની જિજ્ઞાસા, શોધ, પ્રાપ્તિ અને સાક્ષાત્કારની જ મહત્તા છે. એ વિનાની બીજી કશી મનોવાંછના સાધકના ચિત્તમાં હોતી નથી—હોવી પણ ન જોઈએ.

ઈશ્વર, દેવદેવતા, ચમત્કારથી નવાજતો સાધુ વર્ગ, કે એવા મહાત્માઓની સિદ્ધિ વડે લોકકલ્યાણ થાય છે, સાંસારિક સુખસગવડો મળે છે, એમ માનનારો વર્ગ ગાઢ અજ્ઞાનથી ભરેલો છે એવું બધાં શાસ્ત્રો કહે છે. સ્વપ્રયત્નથી મળતો સંસાર ઈશ્વરનો આપેલો છે, અને ભોગની અનુકૂળતા પણ ઇશ્વર કે દેવદેવતા આપે છે, એ અજ્ઞાન છે.

સકામ અને નિષ્કામ વચ્ચેનો ભેદ જિજ્ઞાસુ તો તરત જ સમજી શકે એવો છે. ઉપનિષદ્‌માં ભિન્નભિન્ન પ્રકારની સાધનાઓ છે—ક્યાંક અભીષ્ટ સિદ્ધિનો સંકેત પણ હશે, પરન્તુ એમાં મુખ્ય

ધ્વનિ તો સાંસારિક વાસનાનો ક્ષય, બાહ્યાડંબરનો ત્યાગ તથા આસક્તિનો વૈરાગ્ય જ મુખ્યત્વે વર્ણવેલો છે.

સકામ અને નિષ્કામ સાધનાનો મર્મ જો પ્રથમથી સમજાય તો વ્યવહારમાં પણ અસંખ્ય જાતના લાભ થાય છે. મનુષ્યમાં આત્મશ્રદ્ધા જન્મે છે; ભૂલો કે ઊણપ જોવાનું આત્મપરીક્ષણરૂપ ત્રીજું વિવેકચક્ષુ ઊઘડે છે. પરંતુ યમનિયમમાં શિથિલતા હોવા છતાં વ્યવહારમાં લાભ થાય એવી ભ્રામક માન્યતા વિષયી અને પામર મનુષ્યોમાં હાડોહાડ પેસી ગયેલી હોય છે.

* * * *

મનુષ્યના સ્વભાવનું નિરીક્ષણ કરીને ઋષિઓએ નિર્ણય કર્યો છે કે એના જીવનમાં ત્રણ શક્તિઓ મુખ્ય ભાગ ભજવે છે.

શ્વેતાશ્વતર ઉપનિષદ્ પરમતત્ત્વની વ્યાખ્યા કરતાં કહે છે કેઃ-

न तस्य कार्यं करणं च विद्यते
न तत् समश्चाभ्यधिकश्च दृश्यते ॥
परास्य शक्ति विविधैव श्रूयते
स्वाभाविकी ज्ञान बल क्रिया च ॥ ६-८ ॥

અર્થઃ-"એનું કોઇ શરીર (કાર્ય) નથી; ઈંદ્રિયો (કરણ) નથી; એના સમાન તથા એનાથી વિશેષ કોઇ દેખાતું નથી. એની પરા (ગુણાતીત) શક્તિ ભિન્નભિન્ન પ્રકારની સંભળાય છે, જ્ઞાન, બલ તથા ક્રિયારૂપ શક્તિ એનો સ્વભાવ છે"

આમાં જ્ઞાનક્રિયા અને બલક્રિયા એમ બે પ્રકારની શક્તિ છે એમ કોઈ માને છે. જ્ઞાનક્રિયા એટલે સમસ્ત વિષયોના જ્ઞાનની પ્રવૃત્તિ તથા બલક્રિયા એટલે પોતાના સાંનિધ્ય માત્રથી

બધાને વશવર્તી રાખીને નિયમન કરવાની પ્રવૃત્તિ, એવો અર્થ કરે છે.

અમને પોતાને એ જ્ઞાન, બલ અને ક્રિયા એમ શકિતના ત્રણ વિભાગ પાડવા ઠીક લાગે છે.

બ્રહ્માંડ અને પિંડની રચના એક જ પ્રકારની છે, કારણ કે પિંડરચનાનું પૃથક્કરણ તપાસી જોઇને જ આત્મલક્ષી ઋષિઓએ બ્રહ્માંડ રચનાનું રહસ્ય તારવી કહાડયું છે. (૧) શરીરમાં બુદ્ધિની જે જ્ઞાનશકિત છે, અને જેને આપણે વિજ્ઞાનમય કોષ તરીકે ઓળખીએ છીએ એ બહિર્મુખ વૃત્તિ વડે સમસ્ત દ્વૈત-પ્રપંચનું જ્ઞાન મેળવે છે. અહમ્‌થી ભિન્ન સમસ્ત ઇદમ્‌નું એને જ્ઞાન થાય છે, એટલું જ નહિ પણ સાક્ષીભાવે પોતાનું પણ જ્ઞાન મેળવીને કૂટસ્થ આત્માનો જ્ઞાનવિજ્ઞાન સ્વરૂપ અનુભવ પામી શકે છે. (૨) બીજી બલશકિત છે. બલ શબ્દનો અર્થ જ સાધારણ રીતે શકિત કે સામર્થ્ય એવો થાય છે, પરંતુ એક ખાસ મુદ્દો વિચારવાનો છે.—આ શકિત વિવિધ છે એમ કહીને એના પ્રકાર પાડતી વખતે વળી પાછું જ્ઞાનબલ અને ક્રિયાબલ એમ કહેવાનો કશો ખાસ અર્થ સમજાતો નથી. જ્ઞાનબલશકિત અને ક્રિયાબલશકિત એમ બોલવામાં તો એક જ અર્થના બે શબ્દો વાપરવાની દ્વિરુક્તિ થઇ જાય છે.

આ ઉપરથી બલનો અર્થ જુદી રીતે સમજવાનું સૂઝે છે. બુદ્ધિના વિજ્ઞાનમય અને પ્રાણના ક્રિયાપ્રધાન પ્રાણમય કોષની વચ્ચે મન (ચિત્ત)નો સંકલ્પવિકલ્પ કરનારો, ધ્યાનદ્વારા ધારણાનું બલ કેળવનારો મનોમય કોષ છે. મનના શુદ્ધ સંકલ્પને ટકાવી રાખવાના અડગ નિર્ણયને અહીં 'બલ' શબ્દથી સમજાવવાનો પ્રયત્ન છે. એટલે એ શકિતનું નામ સંકલ્પ કે ધારણાશકિત

પાડી શકાય. (૩) ત્રીજી ક્રિયાશકિત છે જેમાં પ્રાણના સામર્થ્યનો સંકેત છે.

વિચાર કરી જોતાં જણાશે કે કોઇ પણ હેતુની સિદ્ધિ માટે જ્ઞાન, સંકલ્પ તથા ક્રિયામાં શુદ્ધિ તથા શકિત હોય તો જ એની પરિપૂર્ણતા થાય છે.

દા. ત. એક સુથારને ખુરશી બનાવવાનું જ્ઞાન છે; ખુરશી મેળવવાની ઇચ્છા એટલે ધારણા છે, અને ખુરશી બનાવવાની ક્રિયા કરવાનું સામર્થ્ય છે. જ્ઞાન, સંકલ્પ તથા ક્રિયા, એ ત્રણેય શક્તિની સમાનતા હોય તો હેતુ સિદ્ધ થાય છે. એ ત્રણેયમાંથી એકનો અભાવ અથવા ઊણપ હોય તો હેતુ સિદ્ધ થતો નથી. આ ત્રણેય શકિતનો પોતાની મેળે વિવેક વડે વિચાર કરી જોવાની સૌને વિનંતી છે.

*　*　*　*

મનુષ્યના શરીરમાં રહેલી જ્ઞાનશકિત, સંકલ્પશકિત અને ક્રિયાશકિત વડે સમસ્ત વ્યવહાર નભે છે; સકામ, સદોષ અને સાન્ત વિષયોમાં એનો ઉપયોગ થાય ત્યારે એ અજ્ઞાનશકિત, વાસનાશકિત, અને જડક્રિયાશકિતને નામે ઓળખાય છે.

જ્ઞાન અને શકિત જેમ બન્ને જુદાં જુદાં છે, તેમ સંકલ્પ તથા ક્રિયાની સાથેની શકિત પણ જુદી છે. જ્ઞાની હોય પણ શકિતહીન હોય તો જ્ઞાનનો વિશુદ્ધ સંકલ્પ ટકી શકતો નથી; જ્ઞાનનો વિશુદ્ધ સંકલ્પ હોય તો પણ પ્રાણબલ એટલે ક્રિયા-શકિતની ઊણપ હોય તો એને આચરણમાં મૂકી શકાતાં નથી, કહેવાનું તાત્પર્ય એ છે કે આ ત્રણેય શકિત તો એનામાં સ્વાભાવિક જ રહેલી છે. જોવાનું માત્ર એટલું છે કે એમાં શુદ્ધિ તથા સમતા જોઈએ.

જ્ઞાન (બુદ્ધિ), સંકલ્પ (ચિત્ત) અને ક્રિયા (પ્રાણ) એ ત્રણેયમાં બે વસ્તુ જોવાની છે. શુદ્ધિ અને શકિત. ત્રણેય પવિત્ર હોય તો મનુષ્ય સદાચારી બને છે; પવિત્રતા વિના શકિત વધે તો એ ભયંકર, સંહારક, અને વિશ્વઘાતક નીવડે છે. પવિત્રતાને માટે યોગદર્શન પ્રમાણે યમનિયમનું પાલન, તથા મનુસ્મૃતિ વગેરેમાં જે માનવધર્મો કહી બતાવ્યા છે એ પ્રમાણેનો સદાચાર આવશ્યક છે. ધર્મ તથા નીતિના પાલનથી, સદાચારના સેવનથી પવિત્રતા આવે છે, વધે છે અને સચવાય છે.

શકિત સંયમ (યમનિયમ)નાં પાલનથી આવે છે. ઈંદ્રિયો તથા પ્રાણનો નિરોધ કરવાથી શરીરની સમસ્ત શકિતઓનો પ્રવાહ રુંધાઇને એકઠો થાય છે; એને માટે આસન, પ્રાણાયામ, ધ્યાન તથા ધારણાનાં સાધનો છે; એ ઉપરાંત સંકલ્પશકિત વધારવા માટે યજ્ઞયાગ, મંત્રજપનાં અનુષ્ઠાન, અમુક દેવદેવીઓને ધ્યેય તથા ઉપાસ્ય તરીકે સ્વીકારીને પ્રસન્ન કરવાના જે પ્રયોગો છે એનાથી પણ શકિત વધે છે.

પરન્તુ અતિશય મહત્ત્વની વાત પવિત્રતાની છે. માનવ-જીવનમાં જેમ આ ત્રણ શકિતઓનું મહત્ત્વ છે, એના કરતાં પણ વિશેષ મુદ્દાની વાત છે જીવનમાં પવિત્રતા લાવવાની. બુદ્ધિ અને ચિત્તમાં પવિત્રતા લાવ્યા વિના જેઓ શકિત વધારવાનાં સાધનો વડે, મંત્રતંત્ર, ઉપાસના, તપશ્ચર્યા કે ધ્યાનધારણા વડે, શકિત વધારવાનાં કર્મો કરે છે, એમની શકિત સન્માર્ગે વપરાતી નથી.

વેદાન્તશાસ્ત્ર એટલા જ માટે બધાં સાધનોમાં ચિત્તશુદ્ધિને પ્રથમ સ્થાન આપે છે; નિઃસ્વાર્થ વ્યવહાર વડે અંતઃકરણ શુદ્ધ થયા પછી જો સંયમ વડે શકિત વધારી હોય તો એવા

મનુષ્યદ્વારા આત્મકલ્યાણ અને લોકહિતની સુરક્ષા થાય છે. જેઓ નિષ્કામતા દ્વારા સદાચારનું પાલન ન કરતાં યેનકેન પ્રકારે (શાસ્ત્રવિહિત કે શાસ્ત્રાજ્ઞા વિપરીત) સાધન વડે શક્તિ વધારે છે, તેઓ આત્મહત્યારા અને લોકવિધ્વંસક નીવડે છે.

પુરાણોમાં આવાં પુષ્કળ દૃષ્ટાન્તો વીણીવીણીને ભર્યાં છે. દા. ત. રામચંદ્રજીને ભગવાનની ઉપમા આપીને અવતારકોટિમાં મૂકવા જેવી ઋષિઓએ ઉદ્દારતા દાખવી છે, એમાં એમની શકિત કરતાં જ્ઞાનબિજ્ઞાનની મહત્તા અને આત્મકલ્યાણ તથા લોકહિતની ભાવના જ મુખ્ય સ્થાન ભોગવે છે: જયારે એમના હાથે જ પરાજિત થઈને વિનાશ પામેલા, રાક્ષસનું તિરસ્કૃત ઉપનામ પામેલા રાવણના ચરિત્રનું વર્ણન તપાસી જુઓ. પ્રચંડ શકિતશાળી, પ્રખર વેદવિદ્, ઉગ્ર તપસ્વી, તથા અસંખ્ય અનુષ્ઠાનો કરીને શકિતસંપન્ન થયેલા એ બ્રાહ્મણવીરે શકિત તો વધારી પરન્તુ એનામાં સદાચાર, આત્મકલ્યાણ કે લોકહિતની ભાવનાનો અંશ સુદ્ધાં નહોતો. એનામાં ભરી હતી નરી વિષયવાસના, ભોગલિપ્સા, અને તામસિક તૃષ્ણા ભરેલી મંદબુદ્ધિની નિરવધિ જડતા.

આપણે થોડું તારણ કહાડી જોઇએ.

(૧) ઇશ્વર કે જ્ઞાનીની ભક્તિમાં કોઈ પણ જાતની સાંસારિક વાસનાની ગંધ પણ ન જોઇએ.

(૨) ઇશ્વર તો સર્વવ્યાપક પરમ ચૈતન્ય છે; એની સાથે ભકિતદ્વારા માનસિક સંબંધ બાંધીને સંકલ્પબળ વધારી શકાય છે; જપ, તપ, વ્રત, અનુષ્ઠાન, યજ્ઞયાગ, કે એવાં અસંખ્યવિધ કર્મોની પીઠબળમાં રહેલું જ્ઞાન કે અજ્ઞાન એમાં મુખ્ય ભાગ ભજવે છે.

(૩) ઈશ્વરને માનો કે ન માનો, વાસનાયુક્ત કર્મોનું ફલ તો મનુષ્યનાં જ્ઞાન, સંકલ્પ અને ક્રિયાશક્તિને જ અધીન છે. જેવાં શક્તિ અને જ્ઞાન તેવાં કર્મ તથા કર્મફલ.

(૪) કર્મફલની પ્રાપ્તિમાં ઉપયોગી છે સંયમ; સંયમનું મૂળ છે સંકલ્પ; અશુદ્ધ સંકલ્પના બળથી અશુભ વિષયોની પ્રાપ્તિ થઇ શકે છે, એમાં ઇશ્વરની માન્યતા–અમાન્યતા કેવળ નામમાત્રની જ છે કારણ કે ઈશ્વર અકર્તા છે.

(૫) માનવશક્તિને સમજ્યા વિના જે કાંઈ સાધના થાય એ વ્યર્થ જાય છે. કારણ કે એમાં ભરપૂર ભરેલા અજ્ઞાનથી શક્તિ વધે, પણ ચારિત્રમાં અસંખ્ય દોષો રહી જવાથી એના દ્વારા આત્મહાનિ અને લોકધ્વંસનાં જ પરિણામ આવે છે.

(૬) વ્યવહારમાં વિષયજ્ઞાન ઉપયોગી છે ખરું, પણ એમાં સદુપયોગ દુરુપયોગનો વિવેક ન હોય તો વિષયોમાં આસક્તિ, ભોગમાં મોહ, અને કર્મમાં અવિવેક આવે છે. પરિણામે તન–મન –ધનની ક્ષીણતા અને દુઃખના ડુંગરો ખડકાય છે.

(૭) વિષયજ્ઞાનમાં જેમ વિષયભેદ ઓળખવાનો વિવેક જરૂરી છે, તેવી જ રીતે નિત્ય અને અનિત્ય, સાર અને અસાર, સત્ય અને અસત્ય–એવો ભેદ સમજવાનું જ્ઞાન થાય એ છે વિવેકની શરૂઆત; શરીરના ધર્મો સમજી લઇને વિશુદ્ધ સંયમી જીવનની શરૂઆત જ વિવેકથી થાય છે; અવિવેકી અને આંધળો બરાબર છે. કારણ કે આંધળો એટલે નેત્રહીન અને અવિવેકી એટલે જ્ઞાનચક્ષુહીન.

(૮) સંકલ્પશક્તિમાં આત્મસંકલ્પનાં સાધન જેવાં શુભ વિચાર તથા શુભકર્મ, અને સાત્ત્વિક ભાવો ન હોય તો રજોતમોગુણી

વાસનાવાળા સંકલ્પો ઊઠે છે અને પરિણામે જીવનમાં ક્લેશ ઊભા થાય છે; એવું ક્લિષ્ટ ચિત્ત ધ્યાન ધારણા માટે અધિકારી બની શકતું નથી એમ શ્રી. પતંજલિ સ્પષ્ટ કહે છે.

(૯) ક્રિયાશક્તિ આહારવિહારને અધીન છે. સ્વચ્છ અને પવિત્ર ખાનપાનનો વિવેક ન હોય તો પ્રાણમાં અશુદ્ધિ આવે છે, શરીરમાં વિકાર થાય છે, વ્યાધિની સતામણી વધે છે અને ક્રિયાશકિત હણાઈ જાય છે.

(૧૦ સંક્ષેપમાં બુદ્ધિ ( જ્ઞાનશકિત ), ચિત્ત ( સંકલ્પશકિત ) અને પ્રાણ ( ક્રિયાશકિત ) એ ત્રણેયને પ્રથમ સદાચાર વડે શુદ્ધ કરવાં જોઇએ.

(૧૧) સદાચાર અમૂલ્ય છે; કારણ કે એ નિત્ય, દિવ્ય અને આનન્દમય જીવનનો પાયો છે. સદાચાર વડે મેળવેલી શુદ્ધિ વિના શકિત વધારવા માટેનાં મંત્રજપ, ધ્યાન, ધારણા કે આસન-પ્રાણાયામ જેવાં સાધનો આત્મઘાતક નીવડે છે; લોકહિંસક બને છે.

(૧૨) ધ્યાનધારણા માટેની ઇચ્છા કરતાં પહેલાં યમનિયમનું પાલન કરવાનું શરૂ કરવું જોઇએ. શ્રવણ, મનન, નિદિધ્યાસન માટેની ચર્ચા શીખતાં પહેલાં વિવેક, વૈરાગ્ય વ. સાધનો જીવનમાં ઉતારવાં જોઈએ. જપ, તપ, વ્રત, પાઠ, પૂજા, યજ્ઞયાગ, મંત્રતંત્રનાં અનુષ્ઠાન, દેવદેવીની ઉપાસના, પાઠપૂજા અને તપશ્ચર્યા કરતા પહેલાં અંતઃકરણમાંથી લોકપરલોકના વિષયોની, સંસારમાં અનુકૂળતા શોધવાની, સગવડીઆ ધર્મપાલનની બધી વાસનાને ભસ્મીભૂત કરવાનું ભૂલવું ન જોઈએ.

* * * *

મનુષ્ય પોતાની જ્ઞાનશકિત, સંકલ્પશકિત અને ક્રિયાશકિતને શુધ્ધિ અને સંયમદ્વારા જીવનમાં ઉતારે એ જ ઈશ્વરની કૃપા છે, અને એ વણમાગી વરસે છે એમ માનજો. ઈશ્વર આપણાથી પૃથક્, દૂર, પરલોકમાં બેસીને આપણી કાકલૂદીભરી પ્રાર્થના સાંભળવાનો જ ધંધો લઈ બેઠો છે, એવું માનનારો એક અજ્ઞાની વર્ગ પણ છે ખરો.

પરમાત્મા બંધ નથી; આપણને એનાં દિવ્ય દર્શન કરવાનાં જ્ઞાનચક્ષુ નથી સાંપડયાં. એ તો આપણાં અણુઅણુમાં વ્યાપ્ત રહીને વિશુદ્ધ જ્ઞાનસ્વરૂપે, અંતર્યામી દ્દષ્ટા તરીકે, આપણી પ્રત્યેક વિચારધારા કે કર્મપરંપરાને, તથા જીવનની પ્રત્યેક દિશા અને દશામાં નિત્ય વિરાજમાન્ છે.

સાધનાના શ્રીગણેશ થાય છે પરમાત્માના સાંનિધ્ય અનુભવવાના જ્ઞાનથી; ભેદભાવે એનું અસ્તિત્વ સ્વીકાર્યા પછી આવે છે અભેદભાવે એનો સાક્ષાત્કાર કરવાની જિજ્ઞાસા; એ જિજ્ઞાસામાંથી ઉદ્‌ભવે છે જીવનમાં પ્રવૃત્તિ–નિવૃત્તિના રહસ્યમય આચારવિચાર, કે જેના ફલ સ્વરૂપે ખીલી નીકળે છે અસંખ્યરશ્મિ આત્મભાસ્કરનો રોમેરોમમાં પ્રકાશ; એ પ્રકાશમાં ભરેલો છે બ્રહ્માનંદ! એ બ્રહ્માનંદની જ સત્તા જીવનની સાચી સત્તા છે:–એ વિનાનું જે ઇંદ્રિયગોચર, મનોગમ્ય કે સ્મૃતિચિંત્ય છે, એ છે મિથ્યાજ્ઞાન, માયા, અવિદ્યા, વ. અંધકારમય પ્રદેશનો ભવાટવી.

પુનઃ આપણે મૂલ પ્રશ્ન ઉપર આવીએ. અત્યાર સુધી બે વાતનો વિચાર કર્યો. સકામ અને નિષ્કામ ચિત્ત માટે આપણે શુદ્ધિ અને શકિતનો થોડો, સંકેત પૂરતો, અને સંક્ષિપ્ત વિચાર કરી જોયો. જયાં સુધી સાંસારિક વાસનાઓ અંતરમાં ભરી

હોય ત્યાં સુધી ઇશ્વર કે સંતપુરુષોના આશીર્વાદ માગવા એ નરી મૂર્ખતા છે. ઇશ્વર સંસારમુકત છે; સંતપુરુષો પણ વિરકત છે; એ બન્ને એવા રજોગુણી નથી કે માનવપ્રાણીને પામરતામાં સડવા દઇને એમને કંગાલ, પામર દશામાં રાખીને બધાં પાસે સાંસારિક પદાર્થો માટે પ્રાર્થનાઓ કરાવ્યા કરે ! એ મૂડીવાદી નથી; રજોગુણી રાજા મહારાજા નથી, એમને રાજયશાસનની વાસના-કામના નથી; એ તો છે બધી કામનાથી મુકત-અરે, એ તો છે સમસ્ત કામનાઓને ભસ્મીભૂત કરી નાંખે એવો પ્રચંડ બ્રહ્માગ્નિ! જયાં સુધી આપણે એ બ્રહ્માગ્નિમાં હોમાઇ ન જઈએ, ત્યાં સુધી બ્રહ્મસ્વરૂપે બ્રહ્માનંદ માણવાની ઇચ્છા કરવી, વાતો બોલવી, ચર્ચાઓ ચૂંથવી, વાદવિવાદ ડહોળવા, પોથી-પંડિત બનીને સુધારક ઉપદેશક બનવું-એ બધું ભયંકર અજ્ઞાન છે, મિથ્યા જ્ઞાન છે, છતે જ્ઞાને આત્મહત્યા છે.

(૧) પરમતત્ત્વ પોતે એક અને અદ્વિતીય જ છે: એ મન તથા ઇંદ્રિયોનો વિષય નથી: એ અખંડ અને અમાપ છે, જયારે માનવીય કરણો (બુદ્ધિ, મન, ઇંદ્રિયો વ.) માપી શકાય એવાં છે, આ છે આર્ષ, પ્રામાણિક અને પરમતત્ત્વ વિષેનો ઉપનિષદ્‌સિદ્ધાન્ત, એ જ છે લક્ષ્ય

(૨) એની અનિર્વચનીય કોઇ શકિત છે, જે પરમતત્ત્વનો આશ્રય લઇને જ્ઞાન, ઇચ્છા અને ક્રિયાશકિત વડે બ્રહ્માંડનાં આવિર્ભાવ-તિરોધાન કરે છે. બ્રહ્મ એક અને અદ્વિતીય હોવા છતાં, એનો અનુભવ કરવાનો પ્રશ્ન ઊભો થાય, ત્યારે જિજ્ઞાસુ -મુમુક્ષુને પ્રત્યક્ષ થતું બ્રહ્માંડ, બ્રહ્માંડમાં વિચરતો એ જીવાત્મા, અને બ્રહ્માંડથી પર રહેલું પરમતત્ત્વ-એ ત્રણ પ્રશ્નોના સમાધાન માટે બ્રહ્મનિષ્ઠ આચાર્યો પાસે વિનમ્ર,

નિરભિમાની બનીને જવું જોઇએ. પરમતત્ત્વ એક અને અદ્વિતીય જ હોવા છતાં એમાં જીવ, જગત્ અને ઇશ્વરનો સ્વીકાર થાય છે એ કહેવાય છે અધ્યારોપ. ન હોય છતાં માન્યતા રાખવી એ અધ્યારોપનો અર્થ.

(૩) ત્રિપુટી છે કે નથી એવા અટપટા પ્રશ્નનું સમાધાન કરવા માટે પહેલાં ત્રણેયનું પૃથક્કરણ કરવું પડે છે. એ પદ્ધતિમાં ત્રણ ગુણ, પાંચ તત્ત્વો, ત્રણ શકિત, તથા પિંડ બ્રહ્માંડની રચના અને નિર્ણયાત્મક સ્પષ્ટીકરણ માટે, તેમ જ પરમ-તત્ત્વની શોધ માટેનાં સાધન-સાધના માટે જે શાસ્ત્રો છે એમાં મુખ્ય ભાગ ભજવે છે: (૧) ઉપનિષદ્, (૨) એને પ્રમાણભૂત માનીને લખાયેલું વેદાન્તદર્શન, ( જેનાં બીજાં નામ છે બ્રહ્મદર્શન, ઉત્તરમીમાંસાદર્શન, શારીરિક સૂત્ર ) અને (૩) ભગવદ્ગીતા. આ ત્રણ શાસ્ત્રરત્નો જિજ્ઞાસુને લક્ષ્ય સિદ્ધ કરવાને માર્ગે દોરી જાય છે એટલે એને પ્રસ્થાનત્રય કહે છે.

(૪) ઈશ્વર અને જગતનું પૃથક્કરણ કરવાની જવાબદારી આવે છે ( જીવાત્મા ) મનુષ્યને માથે; મનુષ્ય બ્રહ્માંડનો એક સચેતન ભાગ હોવાથી, વેદાન્તશાસ્ત્ર કહે છે કે એના પિંડનું અને પિંડસ્થ ચૈતન્યનું સૌથી પ્રથમ પૃથક્કરણ કરવું જોઇએ. એમાંથી ઉદ્ભવ્યાં વેદાન્તનાં અસંખ્ય નાનાં મોટાં અંતર્મુખી આત્મ-લક્ષી ગ્રન્થરત્નો.

(૫) પરમતત્ત્વ સર્વવ્યાપક સ્થિર, અચલ, નિત્ય અને નિષ્ક્રિય હોવાથી એ કેવલ જ્ઞાનઘન છે, તેથી એનું માત્ર જ્ઞાન જ સંભવી શકે અને જ્ઞાન જ શાંતિ આપી શકે; કારણ કે (૧) એ નિત્ય છે એટલે એને ઉત્પન્ન કરવાનાં ક્રિયા

કે કર્મનો પ્રશ્ન ઊપજતો નથી. (૨) સર્વવ્યાપક હોઇ સર્વનું પોતાનું સ્વરૂપ હોવાનો સંભવ છે તેથી એને શોધવા મેળવવા માટે અન્ય સ્થળે જવાનું કર્મ કરવાનું નથી. (૩) એ છે તેવું ને તેવું જ નિત્ય નિરંતર એક રસ છે એટલે એનો છે તેના કરતાં બીજી રીતે ઘડીને ઘાટ કરવાનું કર્મ કરવાનું નથી. (૪) સદાસર્વથા પવિત્ર હોવાથી એને વિશુધ્ધ કરવાનું કર્મ કરવાની આવશ્યકતા નથી. આવી રીતે આત્મસાક્ષાત્કારમાં કર્મની તો જરાયે આવશ્યકતા સંભવી જ શકતી નથી. કલ્પનામાં પણ ઊતરે એવું નથી કે ઉત્પાદ્ય, પ્રાપ્ય, વિકાર્ય કે સંસ્કાર્યનાં કર્મથી એનો અનુભવ કરી શકાય.

(૬) નિત્ય, વ્યાપક, નિર્વિકારી અને પવિત્ર આત્મા (બ્રહ્મ, પરમ-તત્ત્વ કે આત્મા ઇત્યાદિ જે નામથી ઓળખી શકાય તે)નો અનુભવ કરવા માટે મનુષ્ય–શરીરમાં રહેલી વિશુધ્ધ અને નિશ્ચલ બુધ્ધિની વૃત્તિ જ સર્વાંશે ઉપયોગી થઈ પડે એવી છે.

(૭) એવી બુધ્ધિ ત્રિપુટીનાં ભાન તથા ભાવથી શુધ્ધ અને મુકત હોવી જોઇએ. શરીરના પૃથક્પૃથક્ સ્વભાવધર્મોમાં ભોગ અને કર્મપરાયણ રહીને અનાત્મવિષયોના રંગથી એ રંગાએલી છે તેથી એનું પ્રથમ શોધન કરવું જોઈએ.

(૮) બુધ્ધિની શુધ્ધ વિચારધારા એટલે વિશુધ્ધ વિવેક વડે કસાયેલી જ્ઞાનશકિત; આ છે જિજ્ઞાસુ આત્મસાક્ષાત્કારની સાધનામાં પરમ આવશ્યક અને સર્વોત્તમ સાધન.

(૯) મનુષ્યના અંતઃકરણમાં, એના ચિત્તસાગરમાં અજ્ઞાનવશાત્ ભિન્ન ભિન્ન તરંગો ઊભા થાય એટલે પ્રાણ તથા ઇંદ્રિયોને

એ ચંચલ કરે, પોતાનાથી ભિન્ન દશ્યપ્રપંચને સત્ય માનીને આનન્દનું સાધન સમજે, ભોગ માટે બાહ્ય વિષયોને મેળવવાનાં કર્મો કરે અને એમાંથી વિષયોની જ વાસનાના ભંડાર અંતઃકરણમાં ખડકાતા જાય; આવું છે માનવીય જીવનનું સંસારચક્ર; એના પોતાના જ અંતઃકરણમાંથી ઊભું થયેલું છતાં અજ્ઞાનવશાત્ ઇશ્વર, અન્ય જીવસમૂહ તથા જગતના જડપદાર્થોને સુખદુઃખનાં નિમિત્ત માનીને એની સાથે સંબંધ બાંધવા મથતું માનવપ્રાણીનું આ બ્રહ્માંડક્ષેત્ર.

(૧૦) મનુષ્યને વ્યવહારકાલે, વિષયની પ્રાપ્તિ તથા ભોગ માટેનાં કર્મો કરવા માટે બુધ્ધિની સમજણ જોઇએ, એ માટેની ઇચ્છા જોઇએ, અને પ્રાણમાં ગતિ જોઇએ. કોઇ પણ કાર્યસિધ્ધિ માટે ત્રણેયની પૂરેપૂરી એકવાક્યતા જોઈએ.

(૧૧) સંસારચક્રને ચકડોળે ચડેલો જીવાત્મા અજ્ઞાન, વાસના અને કર્મની ત્રિપુટીમાં બંધાઇને દ્વંદ્વને ઊભાં કરે, પોતે જ ઊભાં કરેલાં દ્વંદ્વમાં બંધાય ફસાય, સમજણ વિના એનાથી છૂટવા માટે અવનવીન યુકિતઓભર્યાં કર્મો કરે, ઇશ્વર, દેવદેવતા કે એવી અદશ્ય શકિતઓને રીઝવવા વિનવવા તથા ઇષ્ટ પદાર્થોનો ભોગ આપી સંસારમાં સગવડ પામવા પ્રાર્થના, પૂજા, યજ્ઞ, ભોગ, દાન, પુણ્ય, વ્રત, જપ, તપ, અનુષ્ઠાન વગેરે માનસિક તથા શારીરિક પ્રયત્નો કરે, એ બધું સંસારચક્રના આંટા વધારવાના મિથ્યા ઉધામા છે; એથી નથી ઇશ્વર રીઝતો કે નથી સંસારની સુખસગવડો સાંપડતાં; એટલું જ નહિ પણ ઊલટું અજ્ઞાન, વાસના, અને કર્મની ત્રિપુટી અંતરની ભ્રાન્તિમાં ઉમેરણ કરતી જાય છે.

(૧૨) સાચો માર્ગ છે એ બધાયનું મૂળ કારણ શોધીને બંધનને દૂર કરવાનો. પરમતત્ત્વ સુખસ્વરૂપ છે, નિત્ય છે, ચૈતન્યઘન છે, સર્વવ્યાપક છે. નવું બનાવી કહાડવું, મેળવવું, સુધારવું કે બદલવાનું નથી, પણ જેવું છે તેવું ઓળખી લેવાનું છે. ભોગપ્રાપ્તિનું સાધન કર્મ છે, કર્મનો હેતુ ભોગવાસના છે, ભોગવાસનામાં સચ્ચિદાનન્દનો હેતુ છે, સચ્ચિદાનન્દ આત્માથી અભિન્ન છે. આત્મા જ સચ્ચિદાનન્દ સ્વરૂપ છે. સૌના પોતના અધિષ્ઠાનરૂપ હોવા છતાં ન ઓળખાય એવા અજ્ઞાનને લીધે સચ્ચિદાનન્દ પૃથક્ છે એમ મનાય છે. એ અજ્ઞાનને દૂર કરવા માટે જ્ઞાન જોઇએ. જ્ઞાન અને અજ્ઞાનનું સ્થાન બુધ્ધિ છે; બુધ્ધિમાંથી અજ્ઞાન દૂર કરવા માટે શુદ્ધ વિચાર જોઇએ. શુધ્ધ વિચાર એટલે જ સારાસાર, નિત્યાનિત્ય, સદસદ્વિવેક. એ વિવેક વિવેકીઓના સત્સંગથી પ્રાપ્ત થાય. સત્સંગમાં સન્તપુરુષોની કૃપા જોઈએ; કૃપાપાત્ર થવા માટે અજ્ઞાન, વાસના અને કર્મનો વૈરાગ્ય જોઇએ; એ વૈરાગ્ય એટલે જ નિષ્કામતા; નિઃસ્વાર્થપણું, ચિત્તની પવિત્રતા, બુધ્ધિની નિર્મલતા, મનની શાન્તિ, અહંકારની સાત્ત્વિકતા.

(૧૩) ચિત્તશુધ્ધિ માટે શુધ્ધ વિચાર, શુદ્ધ વિચાર માટે શુધ્ધ જ્ઞાન, શુધ્ધ જ્ઞાન માટે સદાચારી જીવન, સદાચારી જીવન માટે શુધ્ધ સંકલ્પ અને શુધ્ધ કર્મ.

(૧૪) આવી રીતે શુધ્ધ જ્ઞાનશકિત, પ્રબલ સંકલ્પશકિત તથા સચેત સાવધાનતા ભરી ક્રિયાશકિત વિના નથી થતી કોઇ કાર્ય-સિધ્ધિ, નથી થતી કોઇ ઇષ્ટપ્રાપ્તિ કે નથી સમજી શકાતું માનવજીવનનું વિશુધ્ધ લક્ષ્ય–ॐ !

* * * *

કઠોપનિષદ્‌ની કથા વાંચી જાઓ; પિતાનું નામ છે વાજશ્રવા. એ છે નચિકેતાના પિતા.

પિતા બહિર્મુખ છે; યજ્ઞ જેવા કર્મકાંડને તથા એનાથી પ્રાપ્ત થતા શારીરિક સુખના કલ્પનાપ્રદેશ જેવા સ્વર્ગ મેળવવા માટે કરાતાં દાનપુણ્યને જ જીવનનું લક્ષ્ય માની, અનાત્મ લોકપરલોકની વાસનાને અધીન રહેનારા બ્રાહ્મણવર્ણધર્મી ઋષિ. પુત્ર નચિકેતા અન્તર્મુખ, આત્માભિલાષી અને મુમુક્ષુ છે. પિતા લોકપરલોકમાં મોહગ્રસ્ત છે, પુત્ર લોકપરલોકથી અનાસક્ત છે; પિતા ભોગવાસનામાં અનુરક્ત છે; પુત્ર દેહવાસના, શાસ્ત્રવાસના અને લોકવાસનાથી વિરક્ત છે. એક દેહભૂખ્યો જીવાત્મા છે અને એમાં જ વૃદ્ધ બનેલો છે. બીજો આત્માનો અમીતરસ્યો યુવાન છે; એકને દાન-અદાનનો ધર્મવિવેક નથી, બીજાને ધર્મ-વિવેકની સાથે શુભાશુભનાં વિચારચક્ષુ છે.

વૃદ્ધ, કર્મકાંડી, દાતાર અને પૂજનીય પિતાની સામે સત્યનો માર્ગ પૂછનાર નચિકેતા બાહ્ય દૃષ્ટિએ, સાંસારિક મૂલ્યની ગણત્રીએ અવિવેકી કે તોછડો જણાશે, પણ એની અંતર્મુખતાએ વ્યવહારની મર્યાદાના કિલ્લા તોડી નાંખ્યા છે. કારણ કે પિતા મોહાન્ધ છે, નિત્યાનિત્યના અવિવેકી છે, વાસનાલિપ્ત હોઈ અવિચારી દાન કરે છે. ઘરડી દૂધ ન આપે એવી, વસૂકી ગયેલી ગાયોનું દાન આપીને મેળવવું છે, નવીન સુકુમાર યુવાન શરીર અને એ શરીરનાં લાલનપાલન તથા પોષણ માટે આનન્દ આપે એવાં વિષયોનાં સંગ્રહસ્થાન જેવાં લોકપરલોક.

પુત્ર કુમાર છે, ઇન્દ્રિયો સતેજ છે. પ્રાણમાં ચેતના છે, મનમાં ત્યાગનો અગ્નિ છે; બુદ્ધિમાં વિવેક છે, અંતરમાં જિજ્ઞાસા છે, મોક્ષની તીવ્ર ઇચ્છા છે.

અંધશ્રદ્ધાળુ પિતાને એ પૂછે છે, વારે છે, રોકટોક કરાવવા પોતે સર્વસ્વરૂપે હોમાઇ જવા તૈયાર થાય છે. આ છે અંતર્મુખી મુમુક્ષુનાં-આંતર લક્ષણો. એના પ્રશ્નના ઉત્તરમાં પિતા-રાગદ્વેષ, ભોગવાસના અને અજ્ઞાનથી ભરપૂર પિતા-ક્રુદ્ધ થાય છે; સાચી જ વાત છે;कामात् क्रोधोऽभिजायते । સાંસારિક ભોગ વાસના પૂરી ન થાય ત્યારે બીજાને વિઘ્નકારક સમજીને એના ઉપર વેરનો અગ્નિ વરસે એ છે ક્રોધનું સૂક્ષ્મ તથા સ્થૂલ સ્વરૂપ.

* * * *

પિતા કર્મઠ છે; પુત્ર જ્ઞાનેચ્છુ છેઃ આ બેની તુલના કરી જોતાં સહેજે સમજાય છે કે નચિકેતાને પિતાના ગૃહ, ધન, વૈભવ, જેવી બાહ્ય વસ્તુઓ કે મોહભર્યા વાત્સલ્યની જરાયે વાસના નથી. એને મન એ પિતા નથી કે જે પિતા અવિવેકી હોય, જેનામાં સ્વર્ગસુખની કામના હોય; લોકપરલોકનાં સુખને માટે જ જે યજ્ઞદાન કર્યા કરતો હોય.

અને એથી પણ આગળ વિચાર કરીએ. વિવેકી પુત્ર અવિવેકી પિતાને દાનને અયોગ્ય, નામમાત્રનું દાન કહેવાય એવી ઘરડી ગાયોને આપે છે, ત્યારે શ્રદ્ધાભરી રીતે પૂછે છે કે "દાનમાં મને જ આપોને!" આવી વૃદ્ધ ગાયોનું દાન કરવાથી તો આનંદશૂન્ય લોકની પ્રાપ્તિ થશે. એવું જ્ઞાન તે વખતના ઋષિઓનું હતું, એમ ઉપનિષદ્‌કાર કહે છે.

ગુસ્સાના માર્યા પિતા ભાન ભૂલે છે; વિવેકભ્રષ્ટ, કર્તવ્યભ્રષ્ટ, વાત્સલ્યભ્રષ્ટ બને છે. તરત જ ક્રોધાગ્નિ પ્રજળે છે; વિચારહીન શબ્દો સરી પડે છે; "જા તને હું મૃત્યુદેવને દાનરૂપે સોંપું છું." એટલે કે જા, મર, તારું મારે કામ નથી, આવું બુદ્ધિશૂન્ય વચન એ બોલી નાંખે છે.

નચિકેતા અંતર્મુખી સંસ્કારવાન્ છે, એટલે એના હૃદયમાં મંથન શરૂ થાય છે. પિતાના ક્રોધને એ વરદાન માને છે. વૈરાગ્યના વિચારો એના અંતરમાં એક પછી એક પ્રવાહરૂપે ઊઘડવા માંડે છે. થોડી શંકા એને થાય છે. યમદેવને શા માટે મને આપી દેતા હશે? એમાં કોનું કલ્યાણ હશે?

પરંતુ એ યમરાજ પાસે પહોંચે છે. આખ્યાયિકાનું અધ્યાત્મરહસ્ય તો બહુ ગહન અને ગંભીર છે. યમરાજ એટલે સમસ્ત વિશ્વને ક્રિયાશીલ બનાવીને ગતિ અગતિનું ચક્ર ચલાવતા, પ્રત્યેક વસ્તુનાં નામરૂપ બદલાવતા કાલભગવાન્! સાક્ષાત્ મહા-કાલ, આશુતોષ શ્રી મહાદેવ શંકર! જેમ એ નામરૂપ બદલે, તેમ હૃદયના ભાવ બદલે, અશુદ્ધિમાંથી શુદ્ધિ સરજે, અજ્ઞાનનો સંહાર કરીને જ્ઞાનનાં અજવાળાં પાડે. આટલું જ અત્યારે સમજાય તો બસ છે.

યમરાજને ત્યાં નચિકેતા જાય છે. કાર્યવશાત્ યમરાજ સ્વસ્થાને નથી, પરન્તુ પિતાની આજ્ઞાનું યથેચ્છ પાલન કરવા યમરાજને મંદિરદ્વારે ત્રણ રાત્રિ નિરાહાર ખડે પગે એ ઊભો રહે છે; ઉદ્દેશ કેવળ એ છે કે યમરાજનાં દર્શન અને પિતાની આજ્ઞાનું સંપૂર્ણ પાલન થાય.

યમરાજ બહારથી આવે છે એટલે આ બ્રાહ્મણઅતિથિને પોતાને આંગણે ભૂખ્યો અને રાહ જોતો ઊભેલો જોઇને ધર્મપૂર્વક કહે છે કે આંગણે આવેલો ભૂખ્યો અતિથિ અગ્નિનું સ્વરૂપ છે, એને તૃપ્ત કરવો જોઈએ. પ્રત્યેક પ્રાણીના જઠરમાં રહેલો, અન્નજળને પચાવીને શરીરને પોષણ આપતો સમાન નામનો પ્રાણ વૈશ્વાનર કહેવાય છે; એ અગ્નિનું જ સ્વરૂપ છે, કારણ

કે એમાં અન્નજળની આહુતિ પડે છે અને એ યજ્ઞ દેહપર્યન્ત ચાલુ રહે છે. યમરાજ એ દૃષ્ટિથી અતિથિને વૈશ્વાનર અગ્નિનું રૂપ માને છે. આપણા સમાજમાં અતિથિને અન્નજળથી સંતુષ્ટ કરવાનો જે મહાધર્મ છે, એમાં પણ એ જ રહસ્ય છે કે વૈશ્વાનર અગ્નિ તૃપ્ત થાય તો અતિથિના પ્રાણ તૃપ્ત થાય છે, પ્રાણની તૃપ્તિથી મન સંતુષ્ટ થાય છે, દેહ પુષ્ટ થાય છે, ચિત્તમાં સ્ફૂર્તિ આવે છે અને જીવનમર્યાદા સચવાય છે.

* * * *

આતિથ્યસત્કાર થયો હશે; પણ નચિકેતાને યમરાજનાં દર્શન થયાં, ત્યારે નચિકેતા તો એટલું જ સમજે છે કે પિતાની આજ્ઞાનું પાલન થઈ ચૂક્યું. એનું પોતાનું કર્તવ્ય પૂરું થયું. પિતાએ મૃત્યુદેવને દાન તરીકે એને સોંપી દીધો. હવે એનું કર્તવ્ય સમાપ્ત થાય છે. પોતાના તન-મન ઉપર નચિકેતાનો હવે કશોયે અધિકાર છે જ નહિ. હોય પણ ક્યાંથી ? પહેલાં એ પિતાને અધીન હતો, હવે એ યમરાજને અધીન બન્યો; પહેલાં એના ઉપર પિતાનું સ્વત્વ હતું, હવે એ યમરાજનાં આધિપત્ય, સ્વત્વ અને સત્તામાં આવ્યો છે.

આ છે આજ્ઞાધીન બનવાનો સર્વોત્તમ આદર્શ; मातृदेवो भव, पितृदेवो भव, आचार्यदेवो भव. તું માતૃદેવ થા, તું પિતૃદેવ થા; આચાર્યદેવ થા;-આવી શાસ્ત્રાજ્ઞા છે.

સ્પષ્ટાર્થ આવો છે: માતાને પિતાને અને આચાર્યને જ દેવ ( ઇશ્વર ) સ્વરૂપ માનનારો તું થા. એ બધામાં જ્યારે જ્યારે અને જેને જેને તારું ઈષ્ટ માને ત્યારે સંપૂર્ણ ભાવે એમને આજ્ઞાધીન, આજ્ઞાકારી, અને સમર્પિત થઈને રહેજે. એ બધાં તારાં પરમાત્મસ્વરૂપ છે."

તૈત્તિરીય ઉપનિષદ્‌ની શિક્ષાવલ્લીમાં આચાર્ય સ્નાતકને જે વિદ્યાપ્રસંદેશ આપે છે એમાંનાં આ મહાવાક્ય છે. નચિકેતા પૂર્વયુગનો પુત્ર અને શિષ્ય છે. વર્તમાનયુગમાં આ શિક્ષા, આચાર્ય અને શિષ્યના સંબંધ, ઉપદેશ અને અનુભવ વિષે તો અનુમાન જ બાંધવાનાં રહ્યાં છે. અને વિપરીત દશાનું પરિણામ તો પ્રત્યક્ષ જોઈએ છીએ કે એવી આચાર પ્રણાલિકાના અભાવે બ્રહ્મવિદ્યા વાણીમાં છે-વર્તનમાં નથી; દોષ તો કોનો કહાડવો? સૌએ પોતપોતાનાં અંતર તપાસી જોવાં. એ માર્ગે ક્ષણનો પણ સમર્પણભાવ રહ્યો હશે, જીવનમાં ઊતર્યો હશે, એટલો આત્મસાક્ષાત્કારનો માર્ગ સૂઝયો હશે. અનુભવ તો સ્વસંવેદ્ય છે એટલે એ વિષે કશું કહેવાય એમ નથી.

અંગત કહી નાંખું; આ માર્ગે જતાં મેં જ્યાં જ્યાં અને જેટલું જેટલું કિંચિત્‌માંથી પણ અલ્પસ્વલ્પ પાલન કર્યું છે ત્યાંથી મહાન્ લાભ થયો છે; નથી આચરી શક્યો એ માટેનો પશ્ચાત્તાપ શ્રદ્ધાભક્તિ ઉપજાવીને શાંત થયો છે.

* * * *

નચિકેતાના શાંત, મૂક અને સમર્પણ થયેલા આચારથી યમરાજ પ્રસન્ન થયા છે, અને મૃત્યુદેવ એટલે તો અવિદ્યાનાં પરિણામ જેવાં જન્મમરણને હથેળીમાં રમાડનાર સાક્ષાત્ મહાકાલ ભગવાન્ શંકર. એમના પ્રસન્નચિત્તમાં નચિકેતા માટેનો અભેદ જાગે છે. નચિકેતાના મન-બુદ્ધિમાં જે જે શંકાઓ છે, પરમસત્ય માટેની જિજ્ઞાસા છે, પરબ્રહ્મને પામવા માટે મોક્ષની અભિલાષા છે, જન્મમૃત્યુ જેવી ઘટમાળ સમજવાની ઉત્કંઠા છે, એ બધી હવે આચાર્યની બને છે. સમર્થ અને વિદ્યાધર આચાર્યવર એના મૌનના સંકેત પ્રમાણે જ એને વરદાન આપે છે. એક

એક દિવસ માટે એક એક વરદાન આપીને એને અમરકીર્તિ બનાવે છે. યમરાજ કહે છે કે ત્રણ વરદાનનો તારો અધિકાર થઇ ચૂકયો, તારી ઇચ્છા હોય તે માગી લે. એ તને મળી ચૂકયાં, એ પ્રમાણે જ થશે; હું ત્રિકાલને અધીન રાખનાર પરમતત્ત્વ છું. નચિકેતા માગે છે અને આચાર્ય 'તથાસ્તુ' કહે છે.

(૧) પિતૃદેવ નચિકેતાએ પ્રથમ વરદાનમાં પિતાના ક્રોધની શાંતિ, ચિત્તની પ્રસન્નતા, અને અહીંથી જયારે પિતૃગૃહે જાય ત્યારે એની સાથે યથાવત્ બોલેચાલે અને વ્યવહાર કરે, એવું માગ્યું. યમરાજે 'તથાસ્તુ' કહ્યું. આ થઈ સ્થૂલ શરીર અને જાગ્રત દશાનો પ્રથમ અજ્ઞાનમય દિવસ.

(૨) બીજા વરદાન તરીકે સ્વર્ગપ્રાપ્તિના સાધન–યજ્ઞ માટેના અગ્નિનું સાંગોપાગ અનુષ્ઠાન કહી સમજાવ્યું. આ છે સૂક્ષ્મ શરીર અને સ્વપ્ન (મનોમય) દશાનો દ્વૈતમય બીજો દિવસ.

(૩) ત્રીજા વરદાન તરીકે એ અગ્નિને નચિકેતાનું નામ આપવાનું કહ્યું કે જેથી એ અગ્નિ ત્યારથી નાચિકેત અગ્નિ તરીકે ઓળખાય છે. આ થઇ કારણ શરીર અને સુષુપ્ત (અજ્ઞાન –અંધકારમય) દશાનો ત્રીજો દિવસ.

ત્રણ શરીર અને ત્રણ દશાના શોધન માટેનાં ત્રણ સાધનો સમજાવ્યાં અને ત્રણ વરદાન અપાઇ ચૂકયાં. પણ યમદેવની પ્રસન્નતાની ભરતીમાં હજુ ઓટ આવતી નથી. એ તો અત્યારે નચિકેતાના અનુપમ સમર્પણથી બ્રહ્માનંદને શિખરે ચડીને અનંતરશ્મિ જ્ઞાનભાસ્કર રૂપે કિરણો ફેંકયા જ કરે છે. ચોથા વરદાનમાં એક રૂપવાન્ માળા અપાય છે.

એ માળા વિષે ભ. શંકરાચાર્ય ભાષ્યમાં આ પ્રમાણે લખે છે:- " આ શબ્દ કરે એવી રત્નમયી, અનેક રૂપવાળી, વિચિત્ર વર્ણ-વાળી માલાનો તું સ્વીકાર કર.-અથવા સૃંકા (માળા) એટલે કર્મ-મયી માળા ગ્રહણ કર, અનેક ફલ આપે એવાં કર્મવિજ્ઞાન ગ્રહણ કર." ચાર વરદાન મળ્યાં; એમાં બધી અપરા વિદ્યાઓ અને એનાં ફળ આવી ગયાં. જેના નિષ્કામ અનુષ્ઠાનથી ચિત્તશુદ્ધિ અને સંકલ્પ શક્તિ વધે એવી એ સાધના છે. નચિકેતા વિશુદ્ધ તત્ત્વજિજ્ઞાસુ છે. પરન્તુ યમદેવની પાસે પિતાના ક્રોધની શાંતિ માગી. જેના ફલરૂપે પિતાની પાસે સદેહે પાછા જઇને પિતા સ્વસ્થ, શાંત અને તૃપ્ત રીતે એની સાથે વ્યવહાર કરે એવું મળ્યું. સ્વર્ગપ્રાપ્તિનું સાધન સાંપડયું; વિશ્વમાં અમર કીર્તિ થાય એવું એ અગ્નિનું નાચિકેત નામ પડયું; અને છેવટે કર્મમાત્રની સંપૂર્ણ ફલદાયિની રત્નમાલા સાંપડી.

લોકપરલોકની સગવડો તો આચાર્ય યમરાજે આપી દીધી. અહીંથી આગળનો વૃત્તાંત બ્રહ્મવિદ્યા વિષેનો છે.

બધાં મળીને ચાર વરદાન મળ્યાં, પણ ત્રીજું અને ચોથું તો આચાર્યે સ્વેચ્છાથી આપ્યાં હતાં એટલે નચિકેતાની દૃષ્ટિથી હજુ એક વરદાન બાકી હતું. ઉપરાંત ચોથા વરદાનનો ત્રીજાની અંદર સમાવેશ થતો હતો, એટલે એની વરદાનમાં ગણતરી જ થતી નથી. નચિકેતા છેલ્લે છેલ્લું અને બાકી રહેલું ત્રીજું વરદાન માગે છે:-

" મરી ગયેલાં મનુષ્યોના વિષયમાં સંદેહ છે કે કોઇ કહે છે કે "એ રહે છે" કોઇ કહે છે કે " એ નથી રહેતો;" આપનું શિક્ષણ પામીને હું એને જાણવા ઇચ્છું છું. મારા વરોમાં આ ત્રીજો વર છે."

કેટલો મહાન્ તફાવત છે! સાત્વિક, શુદ્ધ અંતઃકરણનું અનુપમ ઉદાહરણ! જન્મ અને મૃત્યુનું રહસ્ય એને જાણવું છે. અને છે-નથી-ના પ્રશ્નમાં તો અધિષ્ઠાન સ્વરૂપ આત્મતત્ત્વની મીમાંસા પણ આવી જ જવાની.

આ સર્વોત્તમ અંતિમ વરયાચનામાંથી આચાર્ય એને રોકે છે; ધનવૈભવ, શરીરનું ચિરંજીવીપણું વગેરે આપવાની તૈયારી બતાવીને આચાર્ય કહે છે કે આ પ્રશ્ન-સમાધાન અઘરાં છે. પરંતુ શિષ્ય નચિકેતા અડગ રહે છે. એ બીજી બધી કામનાઓથી વિરકત છે. એને તો એ જ તત્ત્વનું જ્ઞાન મેળવવું છે કે શરીરમાં જે જન્મમૃત્યુ દેખાય છે, એમાં અધિષ્ઠાન શું છે? ચંચલ અને પરિવર્તનશીલ તરંગોની પીઠમાં જેમ નિશ્ચલ અને શાન્ત સમુદ્ર હોવો જ જોઇએ, તેવી રીતે જન્મ પછી મૃત્યુ અને મૃત્યુ પછી જન્મ અવશ્યંભાવી હોય તો કયા તત્ત્વમાં એ તરંગો ઊઠી ઊઠીને શમે છે, એવો એનો પ્રશ્ન છે.

આચાર્ય યમરાજ આત્મતત્ત્વનો ઉપદેશ આપે છે અને ત્યાર પછી આ પહેલાંના "ઊઠો અને જાગો" લેખમાં વર્ણવી ગયા તે લયચિંત્તવનની પ્રક્રિયા વડે એ તત્ત્વનો અનુભવ કરવાનો આદેશ કરે છે. નચિકેતા કૃતકૃત્ય થાય છે, અને આ આખ્યાયિકા જેમાં ભરી છે, એ કઠોપનિષદ્ એક મહત્ત્વનું ઉપનિષદ્ રહસ્યવિદ્યાનું સર્વોત્તમ શાસ્ત્ર જિજ્ઞાસુઓના અભ્યાસમાં અનુપમ સ્થાન પામે છે.

* * * *

નચિકેતાની વ્યવહાર પક્ષે ધર્મવૃત્તિ, અને પરમાર્થ પક્ષે જિજ્ઞાસા જુઓ. બહિર્મુખી લોકપરલોકમુગ્ધ, ભોગાસકત, તથા કર્મ-ઉપાસનામાં પણ દંભ રાખનાર પિતાને એ સ્વધર્મમાં

વાળે છે; પિતૃદેવ બનીને આચાર્યદેવ બનવા જાય છે, ત્યાં એ કશું માગતો નથી. કારણ કે આચાર્યની સન્મુખ હાજર થયા પછી તન–મન વ. તો આચાર્યનાં જ થઇ ચૂકયાં છે એટલે આચર્યના બની ચૂકેલા મનથી આચાર્યના જ બની ચૂકેલા શરીર માટે એને કશુંયે માગવાનું રહે જ કયાંથી ? આવી અત્યુત્તમ શરણાગતિનું તાત્કાલિક ફલ મળે છે આચાર્યની પ્રસન્નતા; એ પ્રસન્નતામાંથી સરી પડે છે નચિકેતાની ઉપર વણમાગ્યા વરદાનના આશીર્વાદ; અયાચક વૃત્તિમાંથી ઉદ્‌ભવે છે આત્મજ્ઞાનની જિજ્ઞાસા; જિજ્ઞાસાના મૂળમાં ભર્યો છે વૈરાગ્ય; એ વૈરાગ્ય જ છે સમસ્ત લૌકિક પરલોકની સાધન–સાધ્યની મૂળ ભૂમિકા રૂપ આધાર –આશ્રયસ્થાન. એનું બીજું નામ અનાસક્તિ, નિર્મોહીપણું અને નિર્મમત્વ.

*    *    *    *

જ્ઞાનશકિત, સંકલ્પશકિત તથા ક્રિયાશકિતમાં નચિકેતા પરિપૂર્ણ છે. એનામાં અજ્ઞાન નહિ પણ તત્ત્વવિવેક છે; તેથી એ જિજ્ઞાસુ–જ્ઞાની છે. એનો ત્યાગવૈરાગ્યનો સંકલ્પ અડગ છે, આચાર્યનાં આપેલાં પ્રલોભનોમાં એ વિરકત ભાવે અડગ ઊભો રહે છે, એ છે એની સંકલ્પશકિત; અને પ્રાણત્યાગ કરવાની પણ એનામાં જે તૈયારી છે, મૃત્યુમુખે તો સાક્ષાત્ ઊભો જ છે, યમરાજને જ આચાર્ય બનાવવા જેટલી એનામાં અભયશકિત છે, એ જ સૂચવે છે કે એની પ્રાણશકિત ઊર્ધ્વગામિની તથા અન્તર્મુખી છે.

વાચક ! તું જિજ્ઞાસુ હો કે મુમુક્ષુ, ભકત હો કે કર્મકાંડી, પણ આ કઠોપનિષદ્ વાંચી વિચારી જોજે. ઇશ્વર, દેવદેવતા, ગુરુદેવ કે સન્તસાધુ પાસે કદી પણ કશુંયે માગીશ નહિ.

અયાચક બનીને તારાં તન, મન, ધન એમનાં જ છે એમ માનીને જયાં જયાં, જે કોઇની સેવા કરવાનો પ્રસંગ આવે ત્યાં યથાશકિત આપ્યા કરજે. સેવામાં, દાનમાં, પુણ્યમાં ઊણપ રહે તો તારી જ્ઞાનશકિત નિર્મળ રાખજે, સંકલ્પશકિત, સુરક્ષિત રાખજે અને ક્રિયાશકિતને શાસ્ત્રોકત વિધિથી નિયંત્રિત રાખીને વ્યવહાર કર્યા કરજે. દીન, પામર, કંગાલ, ભિખારી ન જ બનતો; પરમાત્મા અને ગુરુદેવ તો વણમાગ્યા વરદાન આપે છે, અને આપે છે ત્યારે તને ન સમજાય તેવાં એનાં ફળ મળી આવે છે. પણ ખબરદાર! તારી બુદ્ધિમાં અજ્ઞાન ન હોવું જોઇએ, તારા મનમાં વાસના ન રહેવી જોઈએ, તારા પ્રાણની ક્રિયા શરીરપોષણ માટે જ ન રોકાઇ રહેવી જોઈએ.

અજ્ઞાનીઓનાં ટોળેટોળાં તારી આસપાસ ઘૂમતાં માલતાં હશે. જાતજાતની વાસનાઓની ગંધ મારતાં એમનાં સેવા, પ્રાર્થના, ભજન, કીર્તન, મંત્રજપ, અનુષ્ઠાન, યજ્ઞયાગ, દેવદર્શન, વ્રતતપ, બાધાઆખડી જેવાં કર્મ-ઉપાસનામાં જયાં સુધી કામના ભરી હોય ત્યાં સુધી બધાં વ્યર્થ છે, મિથ્યાજ્ઞાનથી ભરેલાં છે, આડંબર માત્ર છે, એનાથી ચેતતો રહેજે.

ઇશ્વર કશુંયે કોઈને આપતો નથી. જે મળે છે તે સ્વપ્રયત્ન અને આત્મશકિત વડે જ પ્રાપ્ત થાય છે. ઇશ્વર કે આત્મવિદ્ પાસે તો બધું છોડીને જવા માત્રનું જ કામ છે; બધું ત્યાગીને, વિરકત બનીને, સંસારમલથી નાહી ધોઇને, શુદ્ધ, સ્વચ્છ, પવિત્ર હૃદયથી જઇશ, એટલે એ પ્રસન્ન જ છે; પોતાનું સ્વરૂપ (તારું કે એમનું પૃથક્ નથી જ) આપોઆપ પ્રકટ થશે. જે સ્વરૂપનો મહિમા વર્ણવતાં ઉપનિષદ્ થાકતાં નથી, જેના અધિકારભેદે અસંખ્ય સાધન સમજાવવાની ઊણપ નથી, એ જ છે એમનાં

વણમાગ્યાં વરદાન. નચિકેતાએ મેળવ્યાં; તું પણ કટિબદ્ધ થઈને મેળવી લે !

प्राप्यवरान् निबोधित–વરદાન પામીને આત્માને જાણો, એમાં 'વર' શબ્દનો ભ. શંકરાચાર્ય શ્રેષ્ઠ, ઉત્કૃષ્ટ આત્મજ્ઞાની આચાર્યો –એવો અર્થ કરે છે એનું રહસ્ય હવે સમજાશે. કારણ કે વરદાન પામવાનું અલૌકિક વ્યકિતત્વ તો આચાર્ય જ છે. ૐ

( ફેબ્રુઆરી–૧૯૫૨ )

## ૩

# વણમાગ્યાં વરદાન ૨

કર્મઠ, લોકપરલોકમાં આસક્ત, અને સકામ યજ્ઞકર્તા પિતા તથા જિજ્ઞાસુ, નિર્મોહી અને નિષ્કામ મુમુક્ષુપુત્ર વચ્ચેના સંવાદરૂપે કઠોપનિષદ્માં યોજેલી આખ્યાયિકામાં નચિકેતાને વણમાગ્યાં વરદાન આપીને આચાર્ય મોક્ષ પ્રદાન કરે છે એ આપણે જોઈ ગયા.

નચિકેતા મુમુક્ષુ છે કારણ કે એ વિરક્ત છે: આચાર્ય યમદેવ લોકપરલોકના ભોગપ્રદાનનાં પ્રલોભનો બતાવે છે છતાં એ સ્વીકાર કરતો નથી એટલું જ નહીં પણ એ બધાની અનિત્યતા વર્ણવીને એક માત્ર અવિનાશી આનંદઘન આત્મસ્વરૂપનાં જ્ઞાનવિજ્ઞાન માટે જ શુભેચ્છા બતાવે છે. વૃદ્ધ પિતાની આજ્ઞા માનીને એ યમરાજને દ્વાર પહોંચે છે; ભૂખ્યોતરસ્યો ત્રણ દિવસ ખડે પગે યમરાજની આજ્ઞાની રાહ જોઇને ઊભો રહે છે: પિતાએ યમરાજને એની સોંપણી કરી દીધી; દાન આપ્યા પછી એ યમરાજનો થઇ ચૂક્યો હતો. આજ્ઞાધીન પુત્ર તરીકે નચિકેતા યમરાજને અધીન થયો એટલે એનાં તન-મન ઉપર પોતાનો અધિકાર છે જ નહીં એમ માનીને જ્યાં સુધી યમરાજ સ્વીકાર કરીને એની સાથે વાતચીત ન કરે ત્યાં સુધી તન-મનને નિરાહાર રાખવાં જોઇએ એવો પુણ્યધર્મ એણે યથાર્થ

રીતે પાળી બતાવ્યો. આ છે સાચા, ઉત્તમ કોટિના મુમુક્ષુની આન્તરદશાનું વાસ્તવિક સ્વરૂપ.

અને આત્મસ્વરૂપથી અભિન્ન ગુરુદેવનાં બ્રહ્મસ્વરૂપે દર્શન જ ત્યારે થાય જયારે શિષ્ય આજ્ઞાકારી બનીને પોતાનાં ત્રણે શરીરને નીચે પ્રમાણે નિરાહાર રાખે:

(૧) સ્થૂલ શરીરનો આહાર છે સ્થૂલ વિષયભોગ; એનાથી એ પ્રયત્ન પૂર્વક નિરાહાર રહે એટલે ઇંદ્રિયોની શુદ્ધિ થાય. તપશ્ચર્યા વડે પ્રાણ પ્રબલ થાય; યુક્તાહાર વિહારી બને ત્યારે સંયમી જીવનમાં તત્ત્વની ઉત્કટ જિજ્ઞાસા પ્રકટે.

(૨) સમસ્ત સાંસારિક વાસનાનો અંતરમાં પ્રવેશ જ ન થવા દેવો એવો સૂક્ષ્મ શરીરને નિરાહાર રાખવાનો અર્થ છે. લોકપરલોના ભોગવિષયોની વાસનાથી વિરક્ત બનીને એ એવો તો નિરુદ્ધચિત્ત થાય કે અંતરમાં એક માત્ર પરમ તત્ત્વના સાક્ષાત્કારની જ ઝંખના બાકી રહે.

(૩) કારણ શરીરને પોષણ મળે છે માયા, અવિદ્યા, તમસ્, મૂલ પ્રકૃતિ એવાં આત્માનાં અજ્ઞાનનું. વાસનાના ઉદ્ગમ સ્થાન સ્વરૂપ અંધકારમાંથી વાસના ઊભી થાય છે. અવિદ્યાનો અંતરમાં પ્રવેશ ન થવા દેવો, આવે તો નિર્મૂળ કરવા માટે કે વૈરાગ્ય, જ્ઞાન અને ભકિતનો ચિત્તમાંથી સતત્ અગ્નિ ભભૂકતો રાખવો એ છે, કારણ શરીરને નિરાહાર રાખવાનો અર્થ.

છાંદોગ્ય ઉપનિષદના સાતમા અધ્યાયના છવ્વીસમા ખંડમાં આત્મામાંથી બધાનો આવિર્ભાવ બતાવીને આત્મજ્ઞાન પામેલા મનુષ્યનો મહિમા વર્ણવે છે: પરન્તુ આત્મજ્ઞાન માટેનાં

સાધનોમાં જે મુખ્ય સાધન ઉપર પાછળથી ભાર મૂકયો છે એ છે આહારશુદ્ધિ:

"આહારની શુદ્ધિ (વિષયભોગમાં કર્ત્તા-ભોક્તાના અંહકાર સાથેના અજ્ઞાનભરી અવિવેકી બુદ્ધિ ને વાસનાને મુકત રાખવાથી) થવાથી અંતઃકરણની શુદ્ધિ થાય છે; અંતઃકરણની શુદ્ધિથી (હું આત્મા છું એવી) નિશ્ચલ સ્મૃતિ સાંપડે છે અને એવી (આત્મ) સ્મૃતિ પ્રાપ્ત થવાથી (અજ્ઞાનની) બધી ગ્રન્થિઓ નિવૃત્ત થાય છે."

આહારશુદ્ધિનો અર્થ ભ. શંકરાચાર્ય નીચે પ્રમાણે કરે છે:

"જેનું આહરણ થઈ શકે એ આહાર કહેવાય છે. ભોકતા (જીવાત્મા)ના ભોગને માટે શબ્દાદિ (સ્પર્શ વ. પંચવિષયોનું) વિષયવિજ્ઞાનનું આહરણ થાય છે: એ વિષયપ્રાપ્તિરૂપ વિજ્ઞાનની શુદ્ધિ જ આહારશુદ્ધિ છે. એટલે કે રાગ, દ્વેષ, મોહ વગેરેથી અસંસૃષ્ટ વિષયવિજ્ઞાન."

"આહારશુધ્ધિ થવાથી એ (આત્મજ્ઞાન)થી યુકત અંતઃકરણ એટલે સત્ત્વની શુધ્ધિ-નિર્મલતા થાય છે: અંતઃ-કરણની શુધ્ધિ થવાથી ઉપર કહેવાઇ ગયું છે એ રીતે ભૂમાસ્વરૂપ આત્મામાં અવિચ્છિન્ન સ્મૃતિ એટલે અવિસ્મરણ રહે છે. એવી સ્મૃતિ પ્રાપ્ત થવાથી અનેક જન્મોમાં અનુભવેલી ભાવનાઓ વડે કઠિન બનેલી અવિદ્યાકૃત અનર્થના બંધનરૂપ હૃદયમાં રહેલી ગ્રન્થિઓનો મોક્ષ થાય છે-વિનાશ પામે છે. આવી રીતે ઉત્તરોત્તર બધાના મૂલમાં આહારશુધ્ધિ છે એટલે એ અવશ્ય પ્રાપ્ત કરવી જોઈએ."

ઇંદ્રિયો અને અંતઃકરણ હમેશાં બાહ્યવિષયો તથા સંસ્કારને

ગ્રહણ કર્યા કરીને દુર્બળસબળ બને છે, એની જ સાથે શુદ્ધ અશુદ્ધ પણ બનતાં જાય છે. અશુદ્ધિ એટલે આત્માની વિસ્મૃતિ અને શુદ્ધિ એટલે અંતઃકરણના વિજ્ઞાનમાં આત્મ-ભાવની સદાસર્વથા જાગ્રત રહેતી સ્મૃતિ. એ બન્ને હમેશાં આહાર કર્યા જ કરે છે:

(૧) કારણ શરીરમાં અવિદ્યાસ્વરૂપ આત્માનું અજ્ઞાન ભર્યા કરે છે.

(૨) સૂક્ષ્મ શરીરમાં અવિદ્યામાંથી ઊભી થતી વાસનાઓ એકઠી થાય છે.

(૩) સ્થૂલ શરીરમાં અવિદ્યાવાસનાની પ્રેરણાથી ઈંદ્રિયો કર્મ કર્યા કરે છે.

આવી છે આપણા આ શરીરની નિત્ય પ્રતિ આહાર કરવાની અનાદિ કાળથી ચાલી આવતી સ્વભાવસિદ્ધ પદ્ધતિ.

* * * *

આહાર બે પ્રકારનો છે: શુદ્ધ અને અશુદ્ધ, એ આપણે જોઇ ગયા. અશુદ્ધ આહાર એટલે આત્માને વિસારે પાડે એવા વિષયો અને શુદ્ધ એટલે આત્માની સ્મૃતિ સતત્ જાગ્રત રહે એવાં વ્યવહાર, વિચાર અને કર્મ. અવિદ્યા વાસના અને કર્મ એ અશુદ્ધ છે, ત્યારે વિદ્યા, શુભેચ્છા અને કર્મ શુદ્ધ છે. અવિદ્યાથી વિરુદ્ધ જેમ વિદ્યા છે તેમ વાસના તથા કર્મમાં બે વિભાગ છે, વાસનાના શુભ અને અશુભ એવા બે ભેદ છે, ત્યારે કર્મમાં પણ પાપ અને પુણ્ય કર્મના વિભાગ છે.

પુણ્ય કર્મમાં પણ બે વિભાગ છે: સકામ એટલે લોક-પરલોકમાં જન્મ ધારણ કરીને સુખ તથા ભોગની વાસનાથી

થતાં કર્મ સકામ છે, ત્યારે શુભ (સત્સંગ વ.) વાસનાની પ્રેરણાથી કેવળ આત્મજ્ઞાનની પ્રાપ્તિ માટે થતાં કર્મ નિષ્કામ કહેવાય છે.

હવે આપણે નચિકેતાનો વિચાર કરી જોઇએ. કર્મઠ અને ક્રુદ્ધ પિતા એને મૃત્યુને સોંપે છે. મૃત્યુનો લક્ષ્યાર્થ યમરાજ એટલે કાલભગવાન છે; સમસ્ત વિશ્વમાં નામરૂપનું પરિવર્તન કરનાર એ બ્રહ્માંડપતિ છે અને એના જ નિયમનમાં રહેનાર વિશ્વપ્રાણી ત્રણે શરીરનો નિવાસી બનીને એની સાથે તાદાત્મ્યરૂપે અધ્યાસ બાંધીને હું-મારુંની જાળગૂંથતો ગૂંથતો અવિદ્યાવાસના-કર્મની ત્રિપુટીનાં બંધન ભોગવે છે.

નચિકેતામાં શુભ સંસ્કાર છે; અસંખ્ય જન્મના પુણ્ય-ફલનો ઉદય થઇ ચૂકયો હોય તેમ એ અવિદ્યાથી મુકત થવા ઇચ્છે છે; વિષયવાસનાથી વિરકત છે; દેહભોગ માટેનાં કર્મમાંથી છૂટવાની ઇચ્છામાં તીવ્ર સંવેગ છે. આવો ઉત્તમ મુમુક્ષુ આત્મ-જ્ઞાનનો અધિકારી હોઈ શકે, એવું બતાવવાનો આ આખ્યાયિકાનો મૂલભૂત હેતુ છે.

અન્તર્મુખ બનીને આપણે થોડો વધારે વિચાર કરીએ.

(૧) પિતાના સાંસારિક ભાવમાંથી ઊભો થયેલો ક્રોધ મુમુક્ષુ-પુત્રમાં વૈરાગ્યની તીવ્રતા ઊપજાવે છે.

(૨) મુમુક્ષુપુત્રને "જા મર" ક્રોધવાણીથી જયારે એ સંબોધે છે, ત્યારે નચિકેતા યમરાજનો અતિથિ બને છે.

(૩) યમરાજ એટલે ત્રિકાલાતીત અજ્ઞાનસંહારક પરમતત્ત્વનું મુક્તિદાયક પ્રતીક.

(૪) એ પ્રતીકને સગુણરૂપ આપવા માટે, સમસ્ત વિશ્વને યમ ( પાંચ યમ છેઃ-અહિંસા, સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય અને અપરિગ્રહ )માં રાખનાર, મુમુક્ષુને ભૂષણરૂપ થાય એવા સંયમશીલ યમરાજની સંજ્ઞા આપી છે.

(૫) પાંચ યમના યથાર્થ પાલનથી નીચે પ્રમાણે ચિત્તશુદ્ધિ થાય છે.

(૧) અહિંસાની પ્રતિષ્ઠાથી વૈરત્યાગ, (૨) સત્યની પ્રતિષ્ઠાથી સમસ્ત ક્રિયાની સફલતા, (૩) અસ્તેય ( કોઇનું પણ કાંઇ ન લેવાની વૃત્તિ )ની પ્રતિષ્ઠાથી સર્વ રત્નો ( ધનવૈભવ )ની પ્રાપ્તિ, (૪) બ્રહ્મચર્ય ( ચિત્તમાં અનીતિ, અલિંગસ્વરૂપ બ્રહ્મની ભાવના )ની પ્રતિષ્ઠાથી વીર્ય ( ઓજસ્ )ની પ્રાપ્તિ, અને (૫) અપરિગ્રહ ( કોઇપણ વસ્તુમાં નિર્મમત્વ )ની પ્રતિષ્ઠાથી ભૂત, ભાવિ કે વર્તમાનના જીવનપ્રસંગોનું જ્ઞાન પ્રાપ્ત થાય છે.

યમરાજની સમીપમાં જવું એટલે ઉપર બતાવેલા પાંચ યમની જીવનમાં પ્રતિષ્ઠા મેળવીને અણિશુદ્ધ અંતઃકરણનો અધિકાર કેળવવો, આવો ઉત્તમ અધિકારી ત્રણ અહોરાત નિરાહાર રહ્યો છે.

શુદ્ધચિત્ત થવા માટે શુદ્ધ આહાર જોઇએ; અને મોક્ષાચાર્ય પાસે જવું હોય તો નિરાહાર રહેવું જોઇએ એવો બીજો સંકેત આમાંથી નીકળે છે. બાહ્ય દૃષ્ટિએ તો આ વાર્તાનું વર્ણન માત્ર આવું જ થઇ શકે. વાજશ્રવસ નામના ઋષિની કોઇ યજ્ઞશાલા હશે; ત્યાં યજ્ઞ થતો હશે. ઋષિએ દાન આપવા ઘરડી તથા વસૂકી ગયેલી ગાયોને ત્યાં લાવીને દાન આપવા માંડયું હશે; એટલામાં શ્રધ્ધાથી ભરેલો નિર્દોષ બાલક નચિકેતા એવા અયોગ્ય દાનથી વિચારશીલ બનીને પિતાને પ્રશ્ન પૂછવા પ્રેરાયો હશે;

પોતાના કૃત્યને યોગ્ય તથા ધર્મ્ય માનનાર પિતાના મનમાં આવો બાલક શું સમજી શકે, એવી તુચ્છબુદ્ધિ આવી હશે અને તેથી ક્રોધના માર્યા "જા તને મૃત્યુદેવને આપું છું" એમ કહ્યું હશે. આજ્ઞાકારી નચિકેતા ત્યાંથી ચાલી નીકળીને કોઇ દેશમાં, આલોકમાં કે પરલોકમાં યમરાજાનું રાજ્ય હશે ત્યાં એમના મહેલમાં ગયો હશે. ત્રણ રાતદિવસ ત્યાં ભૂખ્યો-તરસ્યો નિરાહાર રહ્યો એવી કથા છે તેથી ભાષ્યકારે યમરાજા પોતાના મહેલમાંથી દેશવિદેશ ગયા હતા એવું અનુમાન બાંધ્યું છે. યમરાજ આવીને આવા સુકુમાર નિર્દોષ બાલકને બારણે ઊભેલો જોઈને કૃપાળુ બને છે અને ત્રણ દિવસ માટેનાં વણમાગ્યાં ત્રણ વરદાન આપે છે.

નચિકેતા એ વરદાન માટે જે જે માગણી કરે છે તે બધી 'તથાસ્તુ' કહીને યમરાજ પૂરી પાડે છે. છેવટે આત્મજ્ઞાન માટે સાધન–સાધના પૂછે છે એ સમજાવે છે અને કથા પૂરી થાય છે.

વાત તો આટલી ટૂંકી જ છે; આત્મજ્ઞાન માટેના અધ્યાત્મ-યોગનો ઉપદેશ, ॐની મહત્તા, લયયોગનું ચિંતન, આત્મજ્ઞાનના ફલસ્વરૂપ મુક્તિ અને તૃપ્તિ એવું એવું તો બહુએ આ ઉપનિષદ્‌માં ભર્યું છે, પણ મુખ્ય મુદ્દાની વાત છે:

(૧) પિતા કેવલ બહિર્મુખી, લોકપરલોકગ્રસ્ત, કર્મકાંડી, તથા દાનપુણ્યના રૂઢિગત પ્રવાહમાં વહેનારા છે.

(૨) પુત્ર આજ્ઞાધીન હોવા છતાં વિવેકી, ધર્માધર્મના જ્ઞાનવાળો, કર્મકાંડનું રહસ્ય તથા ફલ જાણવાની ઈચ્છાવાળો, જન્મ-મૃત્યુની ઘટમાળનો ભેદ ઉકેલવા મથતો આત્મજ્ઞાન માટેનો જિજ્ઞાસુ અને ભવબંધનમાંથી છૂટવા ઇચ્છતો મુમુક્ષુ છે.

*   *   *   *

સાધક ! જરા ઝીણવટથી વિચાર કરી જો. ભવોભવ દેહધારી બનીને સુખભોગ માટે જ કર્મનાં પોટલાં ઉપાડતો જીવાત્મા ભાગ્યે જ સંયમશીલ હોઇ શકે. સકામકર્મ વિષયપ્રાપ્તિ અને ફલભોગમાં ઇંદ્રિયોનો સંયમ હોવો સંભવી જ શકતો નથી. ઋષિ વાજશ્રવસ આવો અસંયમી અને દુર્બલ હોવા છતાં દાનપુણ્ય કરીને સુંદર, સુખભોગ્ય, ભાવિ શરીર મેળવવાની આશામાં રૂઢિબદ્ધ આચાર પ્રમાણે ઘરડી ગાયોનું દાન આપે છે.

ગો–નો એક બીજો અર્થ ઇંદ્રિય પણ થાય છે. અવિદ્યાકામ-કર્મમાં અટવાઇ પડેલો મનુષ્ય શરીરે જીર્ણ થાય, અવસ્થાવૃધ્ધ થાય, ઈંદ્રિય (ગો) દુર્બલ બનીને કર્મભોગ મેળવવા ભોગવવા માટે અશકત અને નકામી બને, અશકિત અને અજ્ઞાનથી ઘેરાયેલા હોવા છતાં ભોગવાસનાથી છૂટે નહીં, ત્યારે એવી અશકત તથા અજ્ઞાનની બુદ્ધિથી અસંયમી ઇંદ્રિયોનું સંયમદાન કરવા તૈયાર થાય; એટલે કે દુર્બલ ઇંદ્રિયોને વશ કરવાના પ્રયત્નો કરે એ સ્વાભાવિક છે. અંતઃકરણના અવિદ્યાગ્રસ્તચિત્ત અને બુધ્ધિમાં સુષુપ્ત રહેલા વિવેક વચ્ચે સંવાદ ચાલે. પૂર્વ-સંસ્કાર ભોગ તરફ વળે એ અવિદ્યાગ્રસ્ત દુર્બલ જીવાત્માની અંધદષ્ટિ ને ભાવિસંસ્કાર વૈરાગ્ય તથા જ્ઞાનનાં કિરણો દેખાડીને એની સામે બંડ કરે. પૂર્વસંસ્કાર ક્રોધ કરીને વિવેકબુધ્ધિનો નાશ ઈચ્છે, ઈંદ્રિયોને યમમાં રાખવાને બદલે વિજ્ઞાનમય વિવેકને યમમાં રાખવા આજ્ઞા કરે, પરન્તુ વિવેકનું કિરણ એક એવો અગ્નિ છે કે જે બુઝાવ્યો બુઝાતો નથી. એ વિવેકભાસ્કર જીવાત્માને અંતર્મુખ બનાવે; ઈંદ્રિયોમાં યમનિયમનું પાલન થાય. આહાર-શુધ્ધિ વડે ચિત્તશુધ્ધિ સાંપડે, અને પછી કાલાધિરાજ અંતર્યામી મહાકાલ સ્વરૂપ યમમૂર્ત્તિની શોધખોળ માટે ત્રણેય શરીરને નિરાહાર રાખીને ધ્યાનસ્ત થાય, ત્યારે એવાં ત્યાગ, વૈરાગ્યમાંથી

પરમાત્માનાં વણમાગ્યાં વરદાન એના ઉપર ઊતરે.

નચિકેતા વિવેકની સંજ્ઞા છે. એ વિવેક જ નહીં પણ પ્રજ્ઞાપુરુષ છે; જિજ્ઞાસુનું ઉઘડવા ઈચ્છતું, પુરુષપ્રકૃતિના સમવિષમ ભાવ વિનાનું તૃતીય પ્રજ્ઞાચક્ષુ છે. એ છે ભગવાન્ મહાકાલ ત્ર્યમ્બક-ત્રીજા નેત્રવાળા કલ્યાણકારી, સર્વમંગલમય, અજ્ઞાન-સંહારક સાક્ષાત્ શંકર !

વૃદ્ધ શરીર અને દુર્બલ ઇંદ્રિયોને યમનિયમના પાલનથી શુદ્ધ તથા શકિતશાળી બનાવીને જયારે અંતર્યામીના ધ્યાન માટે સાધક સાધના કરવા માંડે ત્યારે-

(૧) પ્રથમ એણે સ્થૂલ શરીર, જાગ્રત અવસ્થા અને બાહ્ય વિશ્વનું ભાન ભૂલવાનું હોય છે. જાગ્રતનું ભાન ભૂલાય ત્યારે સૂક્ષ્મ શરીરમાં પ્રવેશ થઈ શકે છે. ૐની અકાર માત્રાનું એ વિહારક્ષેત્ર છે. સ્થૂલ શરીર, ઈંદ્રિયો અને ચિત્ત બહિર્મુખ બનીને સ્થૂલ વિષયોના ભોગમાં પ્રવાહિત અને પ્રવર્ત રહે, એ છે એનો સ્થૂલ શરીરનો આહાર. એને નિરાહાર રાખે એટલે એની વિસ્મૃતિ થાય. આ છે નચિકેતાની પહેલા રાતદિવસની નિરાહાર અવસ્થા.

(૨) સૂક્ષ્મ શરીર એટલે અંતઃકરણની અસંખ્ય વૃત્તિઓની દોડ-ધામ; પૂર્વસંસ્કારો પ્રમાણે ધ્યેયરૂપે આવતા લોકલોકાન્તરના ભોગવિષયો આંતરિક તેજસનાં પડતાં સ્વપ્નઅવસ્થાના ચિત્તમાં ચૈતન્ય તથા અજવાળાં; ૐકારની ઉકાર માત્રાનું મધ્યવર્તી-સ્વરૂપ પરમલક્ષ્ય પરમાત્મા પ્રતિ વાળવા મથતો વિવેક, અને યમનિયમ વડે વાસનામુકત થયેલું ચિત્ત, એ બધાના સફલ પરિશ્રમ વડે સૂક્ષ્મ શરીર પણ વિષયવાસનામુકત

થાય ત્યારે સૂક્ષ્મ શરીરની નિરાહાર અવસ્થાનાં બીજાં અહોરાત્ર કહેવાય.

(૩) કારણ શરીરમાં પ્રવેશ કરતી વખતે પ્રથમ અવિદ્યાસ્વરૂપ અંધકાર આવે છે. ધ્યાનમાં ઊંડા ઊતરવા જતાં મૃત્યુનો પણ ભય લાગે છે; નિદ્રા પોતાનું સામ્રાજ્ય ચલાવીને સાધકને ગાઢ સુષુપ્તિમાં ફેંકી દે છે. ૐકારની મકાર માત્રાની એ અવસ્થા છે. સ્થૂલ અને સૂક્ષ્મ શરીરનું ભાન ભૂલાય છે. બે અવસ્થાઓ એ બે નિરાહાર દશાનાં રૂપક છે. એ જ બે દિવસો છે. છેવટે ત્રીજા દિવસનું વર્ણન છે. એ મહામાયા અવિદ્યાની સત્તા બહુ બલવતી છે. બધાં કારણોની એ કારણ અવસ્થા છે. બધા લોકપરલોકની એ બીજભૂત દશા છે. સમસ્ત બ્રહ્માંડનું એ મૂલ કારણ છે, આવી સુષુપ્તિ કે અવિદ્યાને અધીન ચિત્ત ન થાય એ છે કારણ શરીરને નિરાહાર રાખવાની સ્થિતિ. આ છે સાધકની ત્રીજી અહોરાતની નિરાહાર સ્થિતિ.

* * * *

ત્રણેય શરીર પ્રથમ આહારશુદ્ધ થાય; પછી ઉપર કહ્યું છે તેમ નિરાહાર થાય, કારણ શરીરની અવિદ્યા, સૂક્ષ્મ શરીરની વાસના અને સ્થૂલ શરીરનાં ઇંદ્રિયો દ્વારા થતાં બાહ્યદર્શન. કર્મ તથા ફલભોગ એ ત્રણેયથી વિરક્ત થાય, એટલે અંતર્યામી શિવસ્વરૂપ મહાકાલની સમક્ષ ધ્યાતા–ધ્યેય રૂપે જીવાત્મા પરમાત્માનું દ્વંદ્વ જે ગોઠવાય છે એ છે આચાર્ય અને શિષ્યનું આદર્શ યુગલ. ત્યારે એ અંતર્યામી આચાર્યની વણમાગી કૃપા ઊતરે છે. કઠોપનિષદ્‌માં પહેલા અધ્યાયની બીજી વલ્લીનો ત્રેવીસમો મંત્ર હવે વિચારી જુઓ.

नायमात्मा प्रवचनेनलभ्यो
न मेधया न बहुना श्रुतेन ।
यमवैष वृणुते तेन लभ्यस्
तस्यैष आत्मा वृणुते तनूंस्वाम् ॥ २३ ॥

અર્થ :–આ આત્મા પ્રવચન ( વેદનાં અધ્યયન ) વડે નથી મળતો; નથી મેધા ( બુદ્ધિ અને ધારણાશકિત ) વડે મળતો; નથી બહુ સાંભળ્યા કરવા ( –ભિન્નભિન્ન શાસ્ત્રોના અભ્યાસ )થી મળતો; એ આત્મા જેને વરે છે, તેને જ તે મળે છે; તેની પાસે એ પોતાના સ્વરૂપનું આવરણ ઉતારી નાંખે છે.

નિરાહારી અને શુદ્ધ જીવાત્મા જયારે પોતાના પુરુષાર્થ વડે, વિવેકભાનુના ઉદય વડે, ચિત્તની અશુભ વાસનાક્ષય વડે, માનસિક અશુભસંસ્કારના નાશ વડે, વૈરાગ્ય અને ભક્તિના એક ધારા વૃત્તિપ્રવાહ વડે, એક માત્ર આત્માને જ લક્ષ્યમાં –ધ્યેયમાં રાખે, ત્યારે એ આત્મા આપોઆપ ત્યાં પ્રકટ થાય છે. એમાં શાસ્ત્રશ્રવણ, મેધાશકિત કે પુસ્તકપઠન થોડું માર્ગદર્શન કરી આપે, વૃત્તિને અન્તર્મુખ કરી આપવા જેટલો સંકેત કરી બતાવે, પરન્તુ જે કરવાનું છે [illegible] સાધકે નિરાહારી બનીને ઇષ્ટસ્વરૂપ આત્મા પાસે પહોંચવાનું. ત્યાં બીજા કોઈના [illegible] ન ચાલે. એમાં બીજા દલાલની જરૂરત નથી. વકીલ બૅરિસ્ટર રોકવાનું કામ નથી. કાયદાકાનૂન જેવાં શાસ્ત્રોના વિધિનિષેધ ત્યાં બંધ પડે છે. જિજ્ઞાસા સાચી હોય, મોક્ષેચ્છા તીવ્ર હોય, તો અધિકારી બનવા માટે યમરાજ ( યમનિયમ )ની પાસે પહોંચો; એ તમને શુદ્ધ બનાવશે અને નિરાહાર રહેવાનું સંયમબલ અપાવશે.

સંયમબલ આવ્યું કે આપોઆપ વૃત્તિ અન્તર્મુખ થશે;

લક્ષ્યમાં એકમાત્ર આત્મસ્વરૂપ જ રહેશે, સાધન અને સાધના આપોઆપ થવા માંડશે; જોઈએ માત્ર એક પરમ તત્ત્વની અવિરત ઝંખના !

તમે તો હવે અયાચક થયા. જૂના જીવભાવના ઉગ્ર ક્રોધ-સ્વરૂપ વૈરાગ્યના પ્રેર્યા પહોંચ્યા યમદેવને ત્યાં, યમદેવ તમને નિરાહાર જોઇને પ્રસન્ન થયા, એમણે તમને બધી વાતનું ‘ તથાસ્તુ ’ કહ્યું. જીવન્મુકત તરીકે, નિર્લેપ, નિર્મોહી તરીકે તમે જીવન વીતાવી શકો, યોગ-ક્ષેમનાં ક્ષેત્ર તમને ફલભોગના ઢગલા કરી આપે, સૌ પ્રસન્નતાથી તમને હળેમળે, અને છતાં તમો તો લોકપરલોકના ભોગથી વિરકત જ છો, દ્વંદ્વમુકત છે, વાસનાશાન્ત છો, જ્ઞાનરકત છો, આત્માનંદી છો, તેથી તમને કશાં પ્રલોભન આકર્ષી શકે એવું બને જ નહીં.

*પિતા સંસારી ચિત્ત છે; પુત્ર વિવેકભર્યો વિચાર છે; ચિત્ત પિતા છે; વિવેક પુત્ર છે; વિવેકી પુત્રનાં સાધન–સાધનાથી પિતાસ્વરૂપ અંતર્યામી આત્મા પ્રસન્ન થાય, એટલે પછી લોક-પરલોકનાં કયાં સુખની ઊણપ રહે ? નચિકેતા આવો વિવેકમૂર્તિ પુત્ર છે; એ નિરાહાર બનીને અંતર્યામી, આત્મસ્વરૂપ, અજ્ઞાન-નિવારક, મહાકાલ યમરાજ પાસે પહોંચે છે, અને નિરાહાર છે, ત્રણે શરીરથી મુકત છે, એટલે કશુંયે પોતે માગતો નથી. પણ યમરાજ આચાર્ય ત્રણ શરીરનાં યોગક્ષેમ તથા જ્ઞાનવિજ્ઞાન માટે ત્રણ વરદાન આપે છે; એની વિગતમાત્ર કહી સંભળાવે છે, અને આચાર્ય તથાસ્તુ કહે છે.

છેલ્લું ત્રીજું વરદાન આત્મજ્ઞાન માટેનું છે, કારણ કે

---

*જુઓ ‘‘અખાની વાણી’’માં ચિત્તવિચારસંવાદ નામનું પ્રકરણકાવ્ય.

સ્થૂલ શરીર અને જાગ્રત અવસ્થામાં પિતાપુત્ર વચ્ચેના મેળ થવાની વાત છે. બીજા અને ત્રીજા વરદાન માટે કર્મ-રત્નમયી માલા મળે છે તથા સ્વર્ગપ્રાપ્તિ માટેના યજ્ઞ તથા અગ્નિનું રહસ્ય સાંપડે છે. પરન્તુ મુખ્ય વરદાન જયારે આપવા માંડે છે, ત્યારે એ ત્રીજું અને છેલ્લું હોઇ કારણ શરીરની અવિદ્યાને નિર્મૂળ કરવાનું છે; એથી વિદ્યાસ્વરૂપ સાધન-સાધનાની રહસ્યમયી વાણી ઉઘડે છે. આત્માનો મહિમા આચાર્ય વર્ણવે છે; આત્માજ્ઞાનીની યશવાર્તા કહી સંભળાવે છે, શોકમોહથી મુકત થવામાં જ માનવજીવનની ઇતિશ્રી છે એમ સ્પષ્ટતાથી કહે છે, અને કઠોપનિષદ્‌નો સમસ્ત ઉપદેશવિભાગ બ્રહ્મભાસ્કરનાં સહસ્રાવધિ કિરણોથી ઝળકી રહ્યો છે.

*　　*　　*　　*

ઉપાસનાના, યોગના, તેમ જ મંત્રતંત્રની સાધનાના ગ્રન્થભંડારોમાં સકામસાધનાના અસંખ્યવિધ પ્રયોગો અને ફલનિર્દેશના વિસ્તારો છે. જો નિષ્કામ સાધના જ ઇષ્ટ, સર્વોત્તમ, આત્મકલ્યાણકારી અને ઋષિમુનિઓ તથા સન્તસાધુઓથી સેવિત હોય તો આ સકામ સાધનાનો ઉલ્લેખ કઇ જાતની શાસ્ત્રીય પદ્ધતિને આધારે હશે એવો પ્રશ્ન સહજ ભાવે થાય એમ છે.

ઉપનિષદ્‌માં પણ આત્મજ્ઞાનીનો મહિમા વર્ણવતાં કયાંક કયાંક એને સર્વજ્ઞ, સર્વશકિતમાન, સંકલ્પસિદ્ધ જેવો કહ્યો છે, પરંતુ એ તો બધાં સૃષ્ટિપ્રકરણનાં રહસ્ય સમજાવવા માટે, અને એવો મહિમા વર્ણવીને એમ કહેવા ઇચ્છયું છે કે બ્રહ્માંડભરમાં, આત્મજ્ઞાની સિધ્ધસંકલ્પ થઇને આનંદ માણી શકે તો પછી લોકપરલોકમાં એ બધાયથી એ મુકત હોય તો નિર્વિકાર, નિર્મલ, નિરાકાર, એક અદ્વૈત રૂપે તો સચ્ચિદાનંદનો અમર્યાદ ભંડાર જ

હોવો જોઈએ. જેમ ઐશ્વર્યનો મહિમા અપાર છે, એમ કહેવાનું તાત્પર્ય છે તેવી જ રીતે આત્મજ્ઞાનીના સંકલ્પસિદ્ધિના મહિમા કરતાં આત્માનો મહિમા અનંત અપાર છે. એટલે બ્રહ્માંડના મોહમાંથી છૂટીને સાક્ષાત્ બ્રહ્મસ્વરૂપે રહેવું, બ્રહ્મબ્રહ્માંડના ભેદને ગાળી નાંખીને અભેદમાં નિત્ય તૃપ્ત રહેવું એ જ ઇષ્ટ છે, એવું કહેવાનો સમસ્ત ઉપનિષદ્નો સંકેત છે.

સકામસાધના જિજ્ઞાસુ કે મુમુક્ષુ માટે નથી–નથી અને નથી જ; સંસારનાં પામર તથા વિષયી પ્રાણીઓ, જેઓ દેહભાવે બહિર્મુખ બનીને રાક્ષસી–આસુરી સંપદમાં સડયાં કરે છે, એમને એ દિશામાંથી વાળવાનો પ્રયત્ન કરનારાં જે મંત્રતંત્રનાં અનુષ્ઠાનો વગેરે છે, એમાં શુભ હેતુની કલ્પના કરીએ તો એટલું જ કહી શકાય કે સાંસારિક ભોગવાસનાને બહાને પણ ઇશ્વરનું નામ, અસ્તિત્વ કે એવું કૈંક દિવ્યતત્ત્વ એમના ચિત્રમાં ક્ષણમાત્ર પ્રવેશ કરે, તો એ દિવ્યકિરણ જન્મજન્માન્તરમાં આગળ જતાં વાસનાને બાળી નાંખીને એમને નિષ્કામ સાધના પ્રતિ ધીર ધીરે લઇ જાય. આ સમાધાન બહુ ક્ષુદ્ર છે. એમાં તામસિક પ્રમાદ અને મિથ્યા દયાની પામર લાગણી માત્ર છે. આપણે તો જિજ્ઞાસુ અને મુમુક્ષુપણાનો જ વિચાર કરવાનો છે અને સકામસાધનામાંથી મુકત થવાનો હેતુ છે, એટલે જે કાંઇ વિચારવા-આચારવાનું છે એ બધું ત્યાગવૈરાગ્ય અને જ્ઞાનભકિતને પોષક હોય એટલું જ સ્વીકાર્ય છે.

*          *          *          *

ઇશ્વર કે સંતસાધુની કૃપા, દયા કે અનુગ્રહ યાચવાની પુરાપ્રાચીન પદ્ધતિ ચાલી આવે છે. સિદ્ધિ અને ચમત્કારની મોહજાળ જો એમાં વ્યાપે તો સાધનાનો બધો ઘાણ બગડી

જાય છે. રતિમાત્ર વિષ કરોડો મણ અમૃત જેવા ક્ષીરસાગરને વિષમય બનાવી નાંખે છે. તેવી જ રીતે સચ્ચિદાનંદસ્વરૂપ ઇશ્વર કે સંતસાધુ પાસેથી સાંસારિક સગવડો, સુખસંપત્તિ, ભૂતભાવિના પ્રસંગોની આગાહી કે માર્ગદર્શન માટે પ્રાર્થના કે મંત્રો જે અનુષ્ઠાનો કે કર્મકાંડમાં આવતાં હોય એ નિવૃત્તિ માર્ગનો ધર્મપ્રદેશ નથી. કર્મ અને કર્મફલ તો જીવાત્માના પોતાના વાસના અને શકિતભર્યા પ્રયત્નોમાંથી સાંપડે છે. ઇશ્વરની માન્યતા અને પ્રાર્થના ઇશ્વરપ્રાપ્તિનાં દૈવીસંપદ્‌નાં અસંખ્ય ગુણસમૂહ જેવાં વૃત્તિસાધનો માટે છે, સંસારપ્રાપ્તિ માટે નથી. સંસાર તો સૌને વણમાગ્યો પોતપોતાનાં અવિદ્યાઅજ્ઞાનમાંથી મળી ચૂકયો છે. ઇશ્વર નથી કર્તા કે નથી કારહિતા. એ દૃષ્ટા અને સાક્ષીમાત્ર છે; નિર્લેપ છે; અસંખ્ય બ્રહ્માંડોની ઊથલપાથલ થાય છતાં બ્રહ્મ તો એવું ને એવું જ નિર્વિકાર સદાસર્વથા છે, એવો જ્ઞાનમૂલક શાસ્ત્ર સિદ્ધાન્ત છે. તો પછી લોકપરલોકમાં સુખસગવડ મેળવવા માટે ઇશ્વરની પ્રાર્થના, સ્તુતિ, કે એ નિમિત્ત કર્મોની જાળ ગૂંથ્યા કરવાથી દુઃખનો કે દ્વંદ્વનો અંત આવવાનો નથી.

પ્રાસાદિક ભકતો, અનુભવી સંતો કે ઋષિમુનિઓનાં આત્મપ્રેરિત મહાવચનોના અભ્યાસમાં, અનુકરણમાં, આજ્ઞાપાલનમાં કે જીવનચર્યામાં વિવેક વાપરી જોઈએ તો સમજાશે કે એ બધા નિષ્કામ નિરાહારી બન્યા ત્યારે જ એમની સમક્ષ આત્માએ પોતાનું સચ્ચિદાનંદ સ્વરૂપ પ્રકટ કર્યું છે.

આત્માના સાક્ષાત્કારમાં આવરણ અને નિરાવરણ એમ બે પ્રકારનાં દર્શન છે; ત્રિપુટીનું ભાન રહે, સગુણના સંસ્કાર ચાલુ રહે, સવિકલ્પભાવ જાગ્રત હોય એ આવરણદર્શન છે, પણ આત્મા પોતે જેવો છે તેવો અનુભવમાં આવે એ નિરાવરણ-

દર્શન કહેવાય છે. અવિદ્યાના આવરણનો ભંગ થાય એ નિરાવરણ-દર્શન છે. વ્યવહારમાં પણ જે વસ્તુ મેળવવાની હોય તેને માટે જ પ્રયત્ન કરવો જોઇએ. સંસાર જોઇએ તો સંસારી ભાવે કર્મ કરો; ઇશ્વર જોઇએ તો અસંસારી ભાવે ઇશ્વરને ભજો; ભજવા ઈશ્વરને અને સંસારનાં સુખ મેળવવાની વાસના રાખવી એ વ્યર્થ કાલવ્યય છે. જન્મમરણ, સુખદુઃખ, ક્ષુધાતૃષા જેવાં દ્વંદ્વથી ભરેલા શરીરના ભોગવિલાસથી કોઈ કાળે શાંતિ નહિ મળે.

કઠોપનિષદ્નો મહિમા પણ અદ્ભુત છે. તત્ત્વજ્ઞાનનું રહસ્ય સમજાવવામાં એ સર્વોત્તમ છે. સાધન-સાધ્યનાની વાસ્તવિક પદ્ધતિ શીખવે એવું એ સરલ અને સરસ છે. આચાર્યવર યમરાજના એમાં આશીર્વાદ છે. નચિકેતા જેવા સુયોગ્ય અધિકારીને આપેલા આત્મદર્શનનો અજોડ કીમિયો છે, અને છેવટે એમ પણ કહે છે કે “મૃત્યુદેવ વડે કહેવાયેલી આ વિદ્યા અને સમસ્ત યોગમાર્ગ જાણીને નચિકેતાને બ્રહ્મની પ્રાપ્તિ થઇ. તે નિર્મળ તથા અમર બન્યો. જે બીજો પણ અન્તરાત્માને આમ જાણે છે, તે પણ તેવો જ બને છે.”*

આવા તો એ ઉપનિષદના મંત્રદ્રષ્ટાના આશીર્વાદ છે. જેવા આ આશીર્વાદ વણમાગ્યા છે, તેવો જ યમરાજનો ઉપદેશ પણ વણમાગ્યો મળ્યો છે. વણમાગ્યો કહેવાનો અર્થ એવો છે કે આચાર્ય શિષ્યનાં વૈરાગ્ય, જિજ્ઞાસા અને ભક્તિથી પ્રસન્ન થઇને આપોઆપ વરદાન આપે છે; શું માગવું એ પણ શિષ્યના અધિકારની વાત નથી. જ્ઞાન, વૈરાગ્ય અને ભક્તિથી શરણાગતિ સ્વીકારીને અંતઃકરણમાં એમની પ્રતિષ્ઠા કરો એટલે એ પ્રસન્ન-વરદાન આપશે.

*કઠોપનિષદનો છેલ્લો મંત્ર.

એક બીજી વાત પણ વિચારવા જેવી છે. નચિકેતા જ્યારે મૃત્યુનું રહસ્ય, આત્મા માટેની જિજ્ઞાસા અને "આપના જેવો બીજો આચાર્ય મળવો દુર્લભ છે" એમ કહી બતાવે છે, ત્યારે યમરાજ એની આગળ પૃથ્વીના સામ્રાજ્યની દીર્ઘદૃષ્ટિ પુત્ર-પૌત્રોની, અસંખ્ય પશુ, ઘોડા, સોનું, ધનધાન્ય, વૈભવ, તેમ જ ઇચ્છામૃત્યુ જેવાં જીવનનાં પ્રલોભનો મૂકે છે. મૃત્યુલોકમાં જે ઇચ્છાઓ પુરાવી અઘરી છે એ બધી પાર પાડવાની લાલચ આપે છે. અસંયમી સ્ત્રીવૈભવની પણ મોહિની પાથરી જુએ છે, પરન્તુ નચિકેતા અડગ રહે છે; અફર રહે છે અને એક માત્ર પરમતત્ત્વનું જ્ઞાન આપવાનું હોય તો આપો, એમ મારી મહત્ત્વાકાંક્ષા છે એમ કહે છે. વાસનાજાળથી મુકત થયેલા નચિકેતાને પછી શ્રેય અને પ્રેય, વિદ્યા અને અવિદ્યા, યોગ અને જ્ઞાન, ધ્યાન અને ચિત્તશુદ્ધિ, આચાર્ય અને શિષ્ય, એવાં એવાં વણઉકલ્યાં રહસ્ય સમજાવે છે અને ઉપનિષદ્ પૂરું થાય છે.

*　　*　　*　　*

આપણે બધા નચિકેતાના જેવો અધિકાર પ્રાપ્ત કરવાનો પુરુષાર્થ કરીએ કે જેથી આચાર્યના વણમાગ્યાં વરદાન મળે અને આત્મદર્શનની અભિલાષા તૃપ્ત થાય.

( માર્ચ–૧૯૫૨ )

## ૪

# આપણે ક્યાં?

ભારતમાં અત્યારે બહુ જ વિચિત્ર વાતાવરણ ફેલાઈ રહ્યું છે. રાજકીય ક્ષેત્રમાં પક્ષાપક્ષી ચાલે છે; મ. ગાંધીજીએ સત્ય, અહિંસા, ત્યાગ અને દરિદ્રસેવાના આજીવન તપથી દૃષ્ટાન્ત બેસાડી આપ્યું, એવી કોંગ્રેસસંસ્થાના વર્તમાન નાયકોમાંથી લોકશ્રદ્ધા ચલિત થવા માંડી છે; આર્થિક ક્ષેત્રમાં નાણાંભીડ દેખાય છે, સામાજિક જીવનમાં મર્યાદાનાં બંધન તૂટતાં જાય છે; જાતીયવાસનાથી પ્રેરાયેલાં નવયુગલો સ્વૈરવિહાર કે સ્વચ્છંદ-જીવનનાં કલ્પનાચિત્ર પાછળ આંધળાં બનીને દોડયાં જાય છે. પુત્ર–પુત્રીઓ માતાપિતા પ્રતિના ગુરુભાવને બંધન માનીને અમર્યાદ જીવનનાં હિમાયતી બન્યાં છે; અન્નવસ્ત્ર મેળવવાની મુશ્કેલીઓ વધી પડી છે. ટૂંકામાં સર્વત્ર હાહાકાર સંભળાયા કરે છે. રાજતંત્રમાં કામ કરનારાઓનો આપણે ક્ષત્રિયવર્ણમાં સમાવેશ કરીએ તો યોગ્ય જણાશે કે એમાં અવનવી રાજ્ય ખટપટોની જાળ ગૂંથાય–ઉકેલાય છે. વહીવટીખાતાંઓમાં અંધાધૂંધી ચાલતી હશે એના પૂરાવા તરીકે મોટી મોટી યોજનાઓ માટેનાં પંચો, ઉદ્યોગો માટેની ખરીદીઓ, કે એવી બીજી દેશભરમાં આર્થિકહાનિ કરાવે એવી ગંદી રમતો છાપાંને પાને છપાય છે. શું સાચું ને શું ખોટું, એની લોકવાયકાઓથી સજ્જનો કંટાળીને કાને હાથ મૂકે છે.

ખેતી, ઉદ્યોગ અને વેપારના ક્ષેત્રમાં લોહી રેડનારાઓ હજારો, લાખો, કરોડો અને અજબોની આશામાં આંધળા બનીને પાપના મૂળ જેવા લોભમાં ખેંચાતા જાય છે; એ ક્યાં ધસી પડે છે અને પડશે એટલી સ્થિર બુદ્ધિની સમજ એમનામાં નથી. દેશહિતના કરતાં લોભ–સ્વાર્થની જ એમને વધારે ગતાગમ છે. સમાજહિતના કરતાં કુટુંબવૈભવની એમને મન વિશેષ મહત્તા છે, અને આ વૈશ્યવર્ગનો લેવડદેવડનો વ્યાપાર પ્રજાના હિતમાં નથી, નથી અને નથી જ એવું રાજતંત્ર જાણતા છતાં –જાણે નિરુપાય બનીને–એમાં વ્યવસ્થા લાવવા અવનવા અખતરા કરે છે એ પણ ચિંતાનો વિષય છે.

છેલ્લો રહ્યો નોકરીઆત, મજૂર, કારીગર જેવો મધ્યમવર્ગ. એને શુદ્ર કહેવો કે નહીં એની મૂંઝવણ થાય છે. જૂના વર્ણ પ્રમાણે કામધંધા ચાલતા નથી અને અત્યારના વ્યવસાય પ્રમાણે જ માનવ–સમાજની બુદ્ધિ વપરાતી હોય તો એમાં "કર્મ તેવો વર્ણ" એમ માની લેવાનું કયા ડાહ્યા માણસને નહિ સૂઝે ? !

અને ત્યારે બ્રાહ્મણવર્ણ ક્યાં ગયો ? ગામડાં કે શહેરો તપાસી જુઓ, તીર્થસ્થાનો શોધી જુઓ; વેદાધ્યયન, જૂની પ્રણાલિકાનાં કર્મકાંડો, ક્ષત્રિયવૈશ્યને રૂઢિરિવાજ પ્રમાણે ધર્મકર્મ કરવા કરાવવાના વ્યવસાયો, સંસ્કૃત ભાષામાં પ્રવીણ બનીને દેવસેવા, મંદિરપૂજા, કથાકીર્તન, યજમાનવૃત્તિ, વગેરે કર્મધર્મોમાં અટવાઇ પડેલો આ વર્ગ વર્તમાનયુગના ધર્મથી તદ્દન અંધબધિર હોય એમ જીવ્યા કરે છે. સનાતન ધર્ણ, વર્ણાશ્રમ ધર્મ વેદોક્ત ધર્મ જેવી વ્યવસ્થાનો વિચાર કરતાં તો અત્યારે જે યુગધર્મ પ્રવર્તે છે, એની સાથે સીધી કે આડકતરી રીતે કાંઈ મેળ ખાતો નથી. વર્ણવ્યવસ્થા હજારો વર્ષથી તૂટતી આવી છે; જૈન

અને બુદ્ધ ધર્મમાં વર્ણભેદ નથી; વર્ણભેદ જન્મથી કે કર્મથી એના વાદવિવાદનો અંત આવતો નથી. ભારતવર્ષના ખૂણાખાંચા શોધી વળો અને કહી શકશો કે અમુક સ્થળે શાસ્ત્રોકત જીવન ગાળતો સાચો બ્રહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય કે શુદ્ર કોઇ દેખાય છે ખરો ?

ત્યારે કરવું શું ? પ્રકૃતિ પોતાનું કામ અવિરત વેગે સ્વેચ્છાથી કર્યે જાય છે. મુંબઇ, કલકત્તા, મદ્રાસ, દિલ્હી જેવાં મોટાં શહેરોમાં અસંખ્ય બ્રાહ્મણો વૈશ્યકર્મ કરે છે; એમાંના ગણ્યાગાંઠયા થોડું ઘરમાં બેસીને કર્મકાંડ કરતા હશે, ઉપવીત કે ત્રિપુંડ જેવાં બાહ્યચિહ્નો સાચવતા હશે, લગ્ન કે જન્મ મરણ જેવા પ્રસંગોએ કર્મકાંડ કરાવતા હશે, ધનવૈભવના પ્રદર્શન માટે તીર્થયાત્રાઓ કરીને દાનપુણ્ય કરતા હશે, પરન્તુ ગીતોકત વર્ણન પ્રમાણે એ બધા બ્રાહ્મણ કર્મ કરે છે ખરા ? બ્રહ્મ-જીવનની એમના મનમાં વાસ્તવિકતા તો નથી પણ કલ્પનાયે સ્ફૂરે છે ખરી? વેપાર, નોકરી, ખેતી, અરે મજૂરીમાં જીવન ગાળનારાઓની અત્યારે તો વંશપરંપરા થઈ ગઇ છે. રાજ્યમાં, પોલીસદળમાં, લશ્કરમાં કે એવી બીજી નોકરીમાં પણ ઉચ્ચ પદે ચડી ચૂકેલા ઘણાય ઉદરજન્મી બ્રાહ્મણો હશે.

ત્યારે ક્ષત્રિયોનું શું ? કોંગ્રેસના કર્મચારીઓએ અહિંસક યુદ્ધ ખેડયાં. તેમાં જન્મથી ક્ષત્રિયત્વનું અભિમાન રાખનારાએ કયાં, કયારે સર્વસ્વ કે સ્વલ્પ હોમી દીધું-એનાં ગણ્યાંગાંઠયાં વર્ણનો છે ખરાં ? ક્ષત્રિયોએ રાજા મહારાજાઓ તરીકે વૈભવો માણ્યા હશે; વિદેશી રાણીઓ વ્હોરી આવ્યા હશે, ઘોડદોડમાં ઘોડા ઉછેર્યા, પાળ્યા અને દોડાવ્યા હશે, અને એમનાં રાજ્ય કેવાં હતાં, પ્રજા કેટલી સુખી હતી, ધાર્મિકવર્ગનું રક્ષણ અને પાપીઓનો નાશ કરવામાં એમની સાવધાની હતી કે નહિ એ

વિષે મૌન રાખવામાં જ એમની રહી સહી આબરૂ સચવાય એમ છે.

સાચી બોલબાલા તો વૈશ્યોની છે. જન્મથી પોતાને વૈશ્ય કહેનારાઓએ તો પોતાનો ધંધો ખીલવ્યો જ છે એટલું જ નહિ પણ અન્ય ત્રણેય વર્ણને પોતાના ધંધામાં આકર્ષવા જેવું કાર્ય એમણે કર્યું છે. શહેરી જિંદગી જીવવી, ગામડાંની કાચી વસ્તુઓને દેશવિદેશ મોકલીને દલાલી ખાવી, મનમાન્યા દામ ઉપજાવવા, ગામડાંના ઉદ્યોગોનો નાશ કરે એવાં કારખાનાં કાઢીને એમાંથી કમાણી કરી લેવી, આવા આવા ધંધામાં એમણે ધનના કરતાં અસત્ય, દંભ, પાપ, વિલાસ, સૂક્ષ્મ હિંસા, અને છલકપટની એટલી બધી કમાણી કરી મૂકી છે કે ગામડાંઓના સાદા જીવનનો નાશ એમના જ પાપે થયો છે, ગરીબ શ્રમજીવી લોકસમૂહ ધર્મકર્મથી ભ્રષ્ટ થઇને હાડપિંજર બન્યો છે, એમ કોણ નહીં કબૂલે ?

શુદ્રનો વર્ગ તો સર્વવ્યાપક જેવો બની ગયો છે; જીવથી કોઇ કોઇ પોતાને શુદ્ર માનવા તૈયાર નથી, પણ ચારેય વર્ણના કર્મસંસ્કાર જોઇએ, તો દેહપોષણ માટે પાપકર્મો. વૈભવવિલાસ માટેનાં દુષ્ટકૃત્યો, મદ્યમાંસાદિનાં ખાનપાન, રાચરંગના ભોગયોગ, અને કૃત્યઅપકૃત્યના અવિચારમાંથી અને દ્વેષમાંથી ઊપસી આવેલાં હિંસક કર્મધર્મોમાં જ બધો વર્ગ સપડાઇ પડ્યો છે. વર્ણભેદ, વર્ણધર્મ, વર્ણકર્મ, વર્ણજ્ઞાન, વર્ણસંસ્કાર–એ બધાંનો લોપ થઈને અત્યારે તો વર્ણસંકર વર્ગ ઊભો થયો છે. ૐ શાન્તિ !

*    *    *    *

આશ્રમધર્મ જુઓ; શહેર કે ગામડાંનો બાળક આઠ વાગે ઊઠે છે, ભોજનસમયે સ્નાનથી પરવારી સ્વચ્છ બનવાના મોજ-

શોખથી પોતાને સુધરેલો માની, બાલમંદિર, શાળા, પાઠશાળા, વિદ્યાપીઠ કે એવાં એવાં અંગ્રેજી રાજ્યનાં વિદ્યાશિક્ષણનાં નિમિત્ત-ધામ જેવાં વિદ્યામંદિરોમાં વિદ્યાધ્યયન કરવા જાય છે. ત્રીસ ત્રીસ વર્ષ સુધી એમાંથી ઘણા ભણ્યા કરે છે; સહશિક્ષણનાં ઉચ્છિષ્ટ જીવનનો ગંદવાડ જ્યાં ત્યાં વધી પડ્યો છે અને એમનો બ્રહ્મચર્ય આશ્રમ ! શૂન્યવત્. બ્રહ્મ એટલે ઇશ્વર નિમિત્તે જ ભણવું ગણવું, એને માટે ધર્મજીવનનું શિક્ષણ મેળવવું, સંયમ અને સદાચાર વડે તન-મનની નીરોગિતા પામવી, આચાર્યને ગુરુસ્થાને સ્થાપીને એમનાં કૃપાપ્રસાદથી શિક્ષણ પામવું, માતા-પિતાને દેવ સમાન ગણવાં, વડીલો કે પૂજ્યોનો આદર સ્વીકારવો, બ્રહ્મનાં સગુણ સ્વરૂપોનાં ભક્તિ, પાઠ, પૂજા વગેરેનું અનુષ્ઠાન કે રહસ્ય સમજીને બ્રહ્મને જીવનમાં ઉતારવું એવી જીવનની બધી ચર્યા બ્રહ્મચર્યા કહેવાય, અને એવા અર્થમાં વિદ્યાસંપદ્ માટે તપસ્વી બનવાનો જે એ આશ્રમ હતો-ત્યાં ૐ. મૌનમ્. વિલાસ, સ્વચ્છંદ, જાતીયવાસનાનો સ્વૈરવિહાર, સ્વેચ્છા-શિક્ષણ, સ્વેચ્છાલગ્ન, સ્વેચ્છાધર્મ, સ્વેચ્છાચાર- બધુંય સ્વેચ્છાથી જ પ્રેરિત થઇને આંધળો આંધળાને દોરે તેમ વ્યકિતસ્વાતંત્ર્યને બહાને જીવ-નમાં બ્રહ્મચર્યા નહીં પણ વિષયચર્યા આવી ગઈ છે. અવનવીન વ્યા-ધિથી આજનો યુવાન કે કિશોર પીડાય છે, જન્મથી જ વ્યાધિનો વારસો મેળવીને એવો તો હીનકાય બની જાય છે કે ત્રીસ-ચાલીસ વર્ષે તો જાણે શતાયુ થઇ ચૂકેલો ડોસો. નરી પામરતા, મનની અધીરાઈ, વાતવાતમાં ગભરાઇ જવાની નબળાઇ, દુ:ખની કલ્પના આવતાં જ કંપી ઊઠે એવાં તન-મન, આ બધું અત્યારે જીવનની પહેલી પચ્ચીસીમાં જ ભારતનાં યુવકયુવતીનાં જીવનક્ષેત્રમાં ઊગી નીકળ્યું છે. બ્રહ્મચર્ય આશ્રમનો લોપ-સર્વથા લોપ! એ આશ્ર-મનું કલ્પનાચિત્ર પણ અત્યારે અસંભવિત લાગે એવું બની બેઠું છે.

ગૃહસ્થાશ્રમમાં સંયમ, સંપ, દાંપત્યપ્રેમ, પ્રજાવાત્સલ્યનાં જ જ્યાં સ્વપ્ન છે, ત્યાં કુટુંબપ્રેમ, સંબંધીવર્ગની સેવા, વડીલવર્ગની આમન્યા, ખાનપાનવિહારમાં શુદ્ધિ, અને તદુપરાંત લોકસેવા કે લોકહિતની વાતો ઉચ્ચારવી એટલે જાણે ગાંડપણનો બકવાદ જ સમજી લેવાનો છે. ભારતવર્ષ માગે છે લોકસેવા. ત્યારે ગૃહસ્થાશ્રમીઓ ભારતને અર્પણ કરે છે દુરાચાર અને અસંયમી જીવનમાંથી ઊપજતાં માનવકીડાઓની પ્રત્યેક વર્ષે અસંખ્ય લાખની ભેટ. પ્રજોત્પત્તિ અસીમ રીતે વધતી જાય છે એટલું જ નહિ, પણ પ્રજા દુર્બલ, દુરાચારી અને દુષ્કાળ ઉપજાવે એવી બનતી જાય છે. ગૃહસ્થાશ્રમમાં પ્રવેશ કરવાની મોટી ઉંમર બાહ્ય દૃષ્ટિએ આકર્ષક લાગે છે, વીસપચીસની વયે લગ્ન-વિવાહ થાય છે એમ મનાય છે, પરંતુ મંડપમાં બેસીને પતિપત્નીનાં સાત પગલાં ભરનાર યુવકયુવતીઓ સાચે જ બ્રહ્મચર્યપાલનનાં ઓજસ્થી દેદીપ્યમાન હોય છે ખરાં? વ્યાધિ અને વ્યથાથી ઘેરાયેલાં જીવનમાં ગૃહસ્થાશ્રમધર્મની મૂલ્યવતી દીક્ષા પામવાના અધિકારીઓની પરીક્ષા કરી શકે એવાં માતાપિતાનાં જ્ઞાનવિજ્ઞાન છે ખરાં? યથેચ્છવિહાર, પશુધર્મપ્રમાણે પ્રજોત્પત્તિ, મોહમમતામાંથી થયેલું અવિદ્યાગ્રસ્ત લાલનપાલન અને ખાનપાનમાં સ્વાદઅસ્વાદના વિવેક વિનાનું ઉદરપોષણ, એ બધાં ગૃહસ્થાશ્રમમાં ઘેર ઘેર ઘર ઘાલી બેઠાં છે! વૈદ્યો અને દાક્તરો એમના સ્થૂલ શરીરના સલાહકારો બનીને કબજો લઇ બેઠા છે, ત્યારે વકીલો અને હિસાબનવીસો એમની માલમિલકતની આંકણીચકાસણી કરી કરીને સૌને મિથ્યામોહમાં ફસાવતા જાય છે. બધાય જાણે ઉકરડામાં બેઠા બેઠા કૈલાસસ્વર્ગના મનમોદક ખાય છે. કામભોગ ભરેલું શ્રવણવાચન, સિનેમાદર્શન, નાટ્યકલાપ્રદર્શન, સૌંદર્યચિત્રામણ અને દેહશૃંગારથી દીપી ઓપી નીકળવાના

દંભનાં આવરણ નીચે ભર્યાં છે રોગી શરીર અને દુઃખી અંતઃકરણ. આ છે ગૃહસ્થાશ્રમીઓ કે જેના પામર વંશવારસો પૃથ્વીમાં વિષયી પ્રજોત્પત્તિ કરીને ભારતને આદર્શ નરકલોકની ભેટ આપશે, એવી પ્રત્યક્ષ આગાહી કરતાં કે આદર્શ બતાવતાં સ્ત્રીપુરુષરૂપે દેખાતાં દેહધારીઓ ! પરમાત્મા એમનાં ધર્મકર્મમાં શુદ્ધિ, સદાચાર અને સંયમ માટે કૈંક પ્રેરણા કરે અને અંતર્મુખ થવાની એમને આયુષ્યની એક પણ કોઇ પવિત્ર અને ધન્ય પળ આપે ! અને બ્રહ્મા જાણે નિર્વંશ જવાના હોય એવા વાસનાભયથી રઘવાયા બનીને માણસો – માનવપ્રાણીઓ ગૃહસ્થાશ્રમમાં જ રચ્યાપચ્યા રહીને વંશવૃદ્ધિ જ કર્યા કરે છે. નથી સંયમ કે નથી કોઇ આયુર્વેદના નિયમોનો વિચાર કરતા, પરિણામે ટૂંકું આયુષ્ય, રોગી શરીર, આંધળી બુદ્ધિ, મલિન કલ્પના અને વિષયના ચિંત્વનવાળી જ નરી પામરતાથી પ્રજા જ ઊભરાઇ પડી છે.

આમાં વાનપ્રસ્થ થવાનો તો વિચાર જ ક્યાંથી હોય ? શાસ્ત્રો હસ્તલિખિત હતાં, ઉપદેશ મુખમુખે કર્ણોપકર્ણ હતો, સયંમ આચાર્ય અને ઇશકૃપાના પ્રસાદરૂપ હતો, ત્યાં સુધી નિવૃત્તિધર્મના શાસ્ત્રોની મહત્તા હતી. વાનપ્રસ્થ ધર્મની કૈંક મર્યાદાઓ સચવાતી. ચતુર્થ આશ્રમની મોહિની કે મહત્તાનાં આકર્ષણથી તીર્થવાસ થતો અને એમાંથી પ્રજ્ઞારત્નપુરુષો માનવવંશને સંયમનો ઉપદેશ સોંપી જતા. અત્યારે તો ઇતિશ્રી !

સૌથી છેલ્લો, વેદોક્ત ધર્મના, માનવવંશના કીર્તિમુકુટ જેવો, જ્ઞાનની સર્વોત્તમ કક્ષાના ભૂષણ જેવો ચતુર્થાશ્રમ એ જ્યાં ત્યાં ઊભરાઇ પડ્યો છે. એ વિષે તો મૌનમ્ !

સેંકડો સંપ્રદાયો છે, મતો છે, પંથો છે, બધાના આદ્ય

પુરુષો અને આદિગ્રંથો સંસારમાં અને સંસારથી પર મોક્ષ-પદવીનું દાન કરવાનો તથા સર્વસિદ્ધ અધિકાર આપવાનો દાવો કર્યાં કરે છે. અનાદિસાન્ત સંસારથી મુક્તિ અપાવવાની વાત તો તપશ્ચર્યાના ગર્ભમાં રહી, પણ પરિણામ એ આવ્યું છે કે વ્યવહારની જવાબદારીમાંથી તો એ આશ્રમ બધાંને મુકિત અપાવે છે–અલબત, અમુક અંશે અને અમુક કાર્ય- પ્રદેશમાંથી.

લેખક પોતે ચતુર્થાશ્રમી છે. એટલે બીજા બધા આશ્રમનાં દર્શન કરતાં એ વર્ગના નિરીક્ષણનો અંગત રીતે પણ ઠીક ઠીક વિચાર કરી શકે એમ છે. પણ અહીં એ નિરીક્ષણ અસ્થાને છે.

ઈતિહાસ તપાસી જુઓ. છેલ્લાં પાંચસો વર્ષમાં આચાર્ય વલ્લભ, મહાપ્રભુ ગૌરાંગ, ભકિતના રંગપ્રવાહ રેલાવી ગયા છે. શાંકર સંપ્રદાયના સંન્યાસી વૃન્દનાં ઘણાંયે નામ વેઢે ગણાય એટલાં છે. ગુજરાતમાં ઉધ્ધવ સંપ્રદાયના સ્થાપક સ્વામી શ્રી સહજાનંદ થઇ ગયા. દક્ષિણમાં તે પહેલાં જ્ઞાનેશ્વર, તુકારામ, રામદાસ અને એકનાથની જ્ઞાનચતુષ્ઠયપતાકા ફરકી ગઈ. નરસિંહ મહેતાએ જ્ઞાનભકિતનાં ગાણાં ગાયાં છે. કબીર અને નાનકદેવના ઉદ્‌ભવ પછી એની શાખાપ્રશાખાઓના –મત–પંથો હજુએ ચાલે છે. અને છેલ્લી સદીમાં પરમહંસ રામકૃષ્ણ અને એમના શિષ્ય સ્વામી વિવેકાનંદ તથા પંજાબના વેદવિજ્ઞાનના પ્રચાર માટે આર્ય સમાજ સ્થાપી સ્વા. દયાનંદ સરસ્વતીએ અદ્‌ભુત જાગ્રતિ અપાવી છે. ત્યાંથી જ થયા છે સ્વા. રામતીર્થ અને ત્યાર પછી પોંડિચેરીમાં યોગસાધનારત થયા શ્રી અરવિંદ; વેદકાલીન ઋષિનો આદર્શ દાખવતા થયા શ્રી રમણ મહર્ષિ અને એવાં અવનવીન ચતુર્થાશ્રમીના ધર્મના રક્ષકોએ લોકસમૂહનાં અજ્ઞાન ઉલેચવાના પ્રયત્નો કર્યાં છે.

પરંતુ આ આશ્રમમાં ઉપયોગી થાય એવાં તત્ત્વસાક્ષાત્કાર માટેનાં જે અણમોલ ગ્રંથરત્નો છે, એમાં સાંસારિક ત્રિતાપથી મુકત થવાનાં સાધનો અને અવર્ણનીય બ્રહ્માનંદનાં જે વર્ણનો છે, એનાં પ્રલોભનોએ ચારેય વર્ણ તથા ત્રણેય આશ્રમોને જાણેઅજાણે એમાં પ્રવેશ કરવા માટે ઉત્સુક રાખ્યા કર્યા છે. સંસાર દુઃખમય છે; એ તો એવો ને એવો જ ચાલ્યા કરશે, પરમાત્માનાં જ્ઞાનભકિત અને પ્રાપ્તિ માનવીય જીવનનું ધ્યેય છે, એવું સર્વાંશે સાચું, પણ સંસારના બધા વર્ણ તથા આશ્રમ-ધર્મોના જીવનધર્મ કરતાં અસંખ્યગણું એ જીવન કષ્ટસાધ્ય, તપોગમ્ય સંયમતૃપ્ત છે, એનું સ્મરણ ન રહેતાં એ અમૂલ્ય મોક્ષધન માટે એમાં ઉતાવળીઓ પ્રવેશ કરનારાની સંખ્યા આશાતીત વધી ગઇ છે.

વધારે વિસ્તારમાં નહીં ઊતરીએ કારણ કે અત્યાર સુધી જે લખ્યું તે કેવળ ચાર વર્ણ અને ચાર આશ્રમની વિકટ, વિપરીત દશાના જ અવલોકન જેવું છે. વસ્તુસ્થિતિ વિપરીત છે એ વાત નગ્ન સત્ય, હોવાની સાથે એના હેતુઓ, ઉદ્દેશો, સાધ્યો અમૂલ્ય–બહુમૂલ્ય છે.

બ્રાહ્મણ ધર્મ માટે ભ. ગી. શું કહે છે તે જોઇએ.

> शमोदमस्तपःशौचं क्षांतिरार्जवमेव च ।
> ज्ञानं विज्ञानमास्तिक्यं ब्रह्मकर्मस्वभावजम् ॥

અ. ૧૮/૪૨

અર્થ :–શમ, દમ, તપ, શૌચ, ક્ષમા, સરલતા, જ્ઞાન, વિજ્ઞાન, આસ્તિકતા એ સ્વભાવથી થયેલાં બ્રાહ્મણકર્મ છે.

આનો વિચાર કરીએ.

શમ એટલે ચિત્તની અખંડ અને નિત્ય શાંતિ એવો અર્થ થાય છે. ભ. ગી.ના છઠ્ઠા અધ્યાયના ત્રીજા શ્લોકમાં શમ વિષે ઠીક ઠીક વિવેચન છે. જે સાધનમાં ચિત્તશુદ્ધિનું ધ્યેય હોય એવાં નિષ્કામકર્મનો સમાવેશ થાય છે. કોઈ પણ યોગસાધનથી ચિત્ત અન્તર્મુખ બનીને આત્માના નિરવધિ કૈવલ્યનું આસ્વાદન કરી શકે એ છે નિષ્કામ કર્મયોગ; અને એવા યોગદ્વારા ચિત્તમાં આત્મભાવના જાગ્રત રહે, વ્યવહારમાં તટસ્થતા કેળવાય, દ્રષ્ટા અને દશ્યમાં વ્યાપી રહેલા દૃષ્ટિસ્વરૂપ ચૈતન્યની અંતરમાં અનુભૂતિ રહ્યા કરે, ત્યારે ત્રિપુટીમય સંસારનાં દ્વંદ્વનાં ગમે તેટલાં યુધ્ધ ખેલાય છતાં ચિત્ત નિશ્ચલભાવે સ્વરૂપાનંદ માણી શકે એ નિર્વિકાર શમ એટલે શાન્તિ કહેવાય છે. કર્મમાંથી જેટલી ઉપશમતા કેળવાય તેટલું પરિશ્રમરહિત જિતેન્દ્રિય પુરુષનું ચિત્ત સમાહિત થતું જાય છે, ત્યારે એવો પુરુષ યોગારૂઢ કહેવાય છે. આવો યોગારૂઢ-યોગનિષ્ઠ પુરુષ જે ચિત્ત શાંતિ રાખી શકે એ શાંતિ બ્રાહ્મણના સ્વાભાવિક ધર્મનું પ્રથમ લક્ષણ છે.

દમ એટલે ઇંદ્રિયોનાં કાર્યોમાં વિવેક એટલે અસત્ કર્મોમાંથી રોકીને સત્કાર્યોમાં ઇંદ્રિયસમૂહને પ્રવૃત્ત કરવાનું સામર્થ્ય. દમ એટલે દબાવવું, ઈંદ્રિયો ઉપર યોગ્ય દાબ રાખવાની શકિત.

તપ: શમ અને દમ સહજ સિધ્ધ થાય એટલે બુધ્ધિમાં પ્રતિભા, શરીરમાં તિતિક્ષા અને દ્વંદ્વના આઘાત-પ્રત્યાઘાતને ખમી લેવાની શકિત આવે એ છે બ્રાહ્મણનું તપ. એ તપની ત્રિવિધ વ્યાખ્યા ભ. ગી. ના સત્તરમા અધ્યાયના શ્લોક ૧૪, ૧૫ અને ૧૬માં વિસ્તારથી સમજાવી છે.

ત્યાર પછી આવે છે શૌચ એટલે પવિત્રતા; એ આન્તર

અને બાહ્ય બે પ્રકારનું છેઃ શારીરિક સ્વચ્છતા અને નીરોગિતા એ બાહ્ય શૌચ છે અને અન્તરમાં આત્મભાવ રાખીને વ્યવહાર કરવો એ આન્તર શૌચ અને પવિત્રતા છે. ટૂંકામાં શૌચ એટલે બાહ્ય સ્વચ્છતા અને આંતરિક પવિત્રતા એવો બેવડો અર્થ થાય છે.

ક્ષાન્તિ એટલે ક્ષમા; ગમે તેવાં અને તેટલાં દ્વંદ્વ આવીને જીવનને ઘેરી લે, છતાં અડગ નિશ્ચયથી કર્તવ્યમાં ચલાયમાન ન થવાય એ છે ક્ષાન્તિ. રાગદ્રેષથી મુકત રહીને ત્રિગુણાત્મક જગતના વિશુધ્ધ વ્યવહારમાં વિક્ષેપ ન આવવા દેવો એ ક્ષમાનું ભૂષણ છે; એ જ ક્ષાન્તિની સિધ્ધિ છે.

આર્જવ એટલે જીવનના આચારવ્યવહારને સરલતાપૂર્વક નિભાવી રાખવો. અંદર કપટ અને બાહ્ય મિથ્યાભાષા, મનમાં દગો તથા દંભ અને વાણીમાં મિષ્ટ વચન—આવી આવી બાહ્યાચારમાં દેખાતી સરલતા અને અંતરમાં કપટીભાવ—એવી દ્વિધા જીવનચર્યામાંથી મુકત રહેવાની સ્વાભાવિક વૃત્તિ આર્જવ કહેવાય છે.

જ્ઞાન એટલે સ્વધર્મકર્મનાં શાસ્ત્રમર્યાદાવાળાં વિધિનિષેધનું પાલન કરવાની સમજણ; વ્યવહાર પૂરતી પ્રારબ્ધાનુસાર આવી પડતી રહેણીકરણીનું જ્ઞાન હોય એવી લૌકિક વિદ્યા; તે ઉપરાન્ત પરમાર્થ વિદ્યાના રહસ્યનું જ્ઞાન.

વિજ્ઞાન : બુદ્ધિમાં ઊતરેલી બ્રહ્મવિદ્યાનું અનુભવજ્ઞાન. પરમાત્માના સાક્ષાત્કારનાં સાધન—સાધ્યના નિર્ણય પછી સાધના કરીને મેળવેલું આત્મજ્ઞાન.

આસ્તિકતા : પ્રાચીન આપ્તપુરુષોનાં પ્રમાણભૂત વાકયો,

વિધાનોના સંગ્રહ જેવાં શાસ્ત્રો તથા એ પ્રમાણે અનુભવ કરી ચૂકેલા ગુરુજનોનાં વાક્યોમાં અટલ વિશ્વાસ. ટૂંકામાં ગુરુ અને શાસ્ત્રવાક્યમાં શ્રદ્ધા ને આસ્તિકતા છે.

મહાભારતના શાંતિપર્વ (૧૭૫–૩૮)માં કહ્યું છે કે "બ્રાહ્મણને માટે તો બીજું કોઇ એવું ધન છે જ નહિ જેવું એકતા, સમતા, સત્યતા, શીલ, સ્થિતિ, અહિંસા, આર્જવ અને એવાં બીજાં કર્મોથી ઉપશમ થવું."

બ્રાહ્મણ ધર્મની આ મહત્તા છે, આ છે બ્રાહ્મણજીવનનો આદર્શ. આવા ગુણોથી, સ્વભાવથી કે જન્મથી, બ્રાહ્મણ અલંકૃત હોય અથવા પોતે બ્રાહ્મણ બનવા ઈચ્છે છે એવી પૂર્ણ સાવધાનતાથી એ ગુણો ખીલવવા માટે પ્રયત્નશીલ રહેતો હોય તે વર્ગ.

આપણે ક્ષત્રિય વગેરે વર્ણો જોઈએ.

शौर्यं तेजो धृतिर्दाक्ष्यं युद्धेचाप्य पलायनम् ।
दानमीश्वरभावश्च क्षात्रं कर्म स्वभावजम् ॥
कृषिगौरक्ष्यवाणिज्यं वैश्यकर्म स्वभावजम् ।
परिचर्यात्मकं कर्म शूद्रस्यापि स्वभावजम् ॥

ભ. ગી. અ. ૧૮ શ્લો. ૪૩–૪૪

અર્થ : શૌર્ય, તેજ, ધૃતિ, ચતુરાઈ, યુધ્ધમાં અપલાયન, દાન, ઈશ્વરભાવ એ સ્વભાવથી ઉત્પન્ન થયેલાં ક્ષત્રિયનાં કર્મ છે. ખેતી, ગૌરક્ષા, વેપાર એ સ્વભાવથી ઉત્પન્ન થયેલાં વૈશ્યનાં કર્મ છે. અને સેવારૂપ કર્મ પણ સ્વભાવથી ઉત્પન્ન થયેલું શૂદ્રનું કર્મ છે.

ક્ષત્રિયમાં રજોગુણ મુખ્ય હોવાથી એની વૃત્તિ સાહસિક હોય છે; જયાં જયાં અધર્મીઓ તરફથી અન્યાય થતો હોય,

પ્રજા પીડાતીરિબાતી હોય. પુણ્યશાળી બ્રાહ્મણધર્મી વર્ગને પોતાનાં જ્ઞાન, ધ્યાન તપમાં કોઇ વિઘ્નકર્તા બનતા હોય, ત્યાં ત્યાં ધર્મીઓની વ્હારે ચડીને પાપીઓનો સંહાર કરીને ધર્મને સુરક્ષિત રાખવાની નિઃસ્વાર્થ ભાવના જેનામાં જાગ્રત અને સચેત રહે એ ક્ષત્રિય કહેવાય છે. પ્રજાના રક્ષક બનીને સૌને નિયમનમાં રાખે, રાજ્ય વ્યવસ્થા સાચવે, યુદ્ધના પ્રસંગે પાછી પાની ન કરે, ધર્મ અને નીતિને માર્ગે કર્તવ્યપરાયણ રહેવામાં ધીરજ અને કુશળતાપૂર્વક વિજય પામવાનું તેજ દાખવે, અને ઐશ્વર્ય-ભાવમાં તરબોળ રહી દીનદુઃખીને અભયદાન, દ્રવ્યદાન વ.થી તૃપ્ત કરે એવો સ્વભાવ ક્ષત્રિયનો હોવો જોઈએ અથવા જેને ક્ષત્રિયજન્મ મળ્યો હોય તેણે એવા ગુણનો પોતાનામાં વિકાસ કરવો જોઈએ.

દેહનિર્વાહ માટે અન્નવસ્ત્ર તથા બીજી દ્રવ્યસામગ્રી જોઇએ. દેશવિદેશમાં વસ્તુઓની હેરફેર કરીને સૌને સગવડ કરી આપવી જોઇએ. દૂધ, દહીં, ઘૃત જેવાં અમૃત આપનારી ગૌસેવા અને ખેતી માટે ઉપયોગમાં આવે એવા બળદને જીવનનું ઉપયોગી સાધન માનીને એનું રક્ષણ કરવું જોઇએ. આવો આજીવિકાની સામગ્રી પૂરી પાડનાર વર્ગ વૈશ્ય કહેવાય છે.

અને બાકીનાં બીજાં બધાં સેવાકાર્ય કરનાર, કોઇપણ કાર્ય પ્રત્યે ઘૃણા ન દાખવનાર, શરીરને ઘસી નાખનાર વર્ગ શુદ્ર ગણાય છે. આ બધાં જેના જેના સ્વભાવમાં હોય, તેઓ સ્વાભાવિક રીતે જ આવાં કર્મ કરવા પ્રેરાય ત્યારે એ પ્રમાણે એનો વર્ણ નક્કી થાય છે.

ચારેય વર્ણનાં સ્વભાવકર્મ તો આવી રીતે પ્રાચીન ઋષિ-ઓએ સમજાવી આપ્યાં છે. મનુષ્ય કલ્પના અને ક્રિયાશીલ

પ્રાણી છે. નિદ્રા અવસ્થા સિવાય સ્વપ્નમાં કેવલ કલ્પના કરે છે ત્યારે જાગ્રત દશામાં કલ્પના કરીને એ પ્રમાણે સતત્ કર્મ કર્યાં કરે છે. કયા જીવાત્મામાં ક્યારે કેવી કલ્પના અને કર્મની પ્રેરણા થાય એ એના પૂર્વ સંસ્કાર પ્રેરિત સ્વભાવની વાત છે. જીવનો સ્વભાવ પૂર્વ જન્મનાં કરેલાં કલ્પના અને કર્મોના સંસ્કારમાંથી મળેલો હોય છે. આખું વિશ્વ દૈવી અને આસુરી ગુણધર્મમાં વિભક્ત છે. આસુરી ધર્મકર્મમાંથી દુઃખ અને કલેશ, તથા દૈવી સંપદ્‌માંથી સુખ અને શાન્તિ સાંપડે છે. આસુરી ધર્મમાંથી પ્રાપ્ત થતાં દુઃખ તથા કલેશમાંથી જયારે એ નિવૃત્ત થવાની ભાવના કરે ત્યારે એનાં કર્મનો પ્રકાર બદલાય છે. ધીરે ધીરે દૈવી સ્વભાવનાં કર્મ કરવાની એનામાં અભિલાષા ઊભી થાય છે. જેવાં કર્મ તેવાં ફલનો અનુભવ થઇ ચૂકયો હોવાથી એના અંતરમાં દુષ્ટ ભાવ અને દુષ્ટ કર્મનાં ફલ દુઃખમય હોય છે એવો નિર્ણય થાય ત્યારે સદ્‌ભાવ અને સત્કર્મ પ્રતિ એની જીવનનૌકાનો વેગ વધવા માંડે છે, અને તે પણ સરળતાથી.

વર્ણધર્મનાં આ ધારાધોરણ બનાવટી કે બુદ્ધિની વિચાર-શકિતમાંથી ઊભરાઇ આવેલાં નથી; પરન્તુ માનવસ્વભાનો અભ્યાસ કરીને જે સહજ સ્વભાવે એનાથી કર્મ થાય એના પ્રકાર પાડીને વર્ણવેલાં છે. સંસારમાંથી ઊંચે ચઢવાની અને એમાંથી પાર ઊતરવાની સંસાર પોતે જ એક નીસરણી છે. તમોગુણ, રજોગુણ અને સત્ત્વગુણનાં કર્મોનાં એમાં પગથિયાં છે. ઈશ્વરરચિત આ વિશ્વનો ક્રમ જ ઉન્નતિનો છે. એમાં હેતુ કેવલ સંસારથી પાર થઇ સંસારના અભિન્ન–નિમિત્તોપાદન કારણસ્વરૂપ પરમતત્ત્વની પ્રાપ્તિ કરવાનો છે. જાણ્યેઅજાણ્યે પણ પ્રાણીમાત્રની ઝંખના સચ્ચિદાનંદની પ્રાપ્તિની હોવાથી એના પ્રત્યેક સ્વભાવસિદ્ધ

કર્મોમાં એ સચ્ચિદાનંદની પ્રેરણા જ મુખ્ય ભાગ ભજવે છે.

પરમાત્માની પ્રાપ્તિમાં, સચ્ચિદાનંદના અનુભવમાં, અને એનાં સાધન જેવાં સ્વભાવસિદ્ધ કર્મધર્મના અનુષ્ઠાનમાં જો કાંઇ આડે આવતું હોય તો તે પ્રત્યેક જીવાત્માનું પોતાનું અજ્ઞાન છે. સુખ ક્યાં છે એ વિષેનો જીવાત્માનો દિશાભ્રમ દૂર થાય તો સન્માર્ગે ગતિ થાય. સુખ શેમાં છે એવો વસ્તુભ્રમ નીકળે તો અંતર્મુખવૃત્તિ થાય, સુખ શેનાથી મળશે એવો સાધનભ્રમ દૂર થાય તો કર્મધર્મનાં સાચાં સાધન સાંપડે અને સૂઝી આવે છે. ત્યાર પછી આ છિન્નભિન્ન પ્રકારના ભ્રમના નિવારણ માટે શાસ્ત્રોની આજ્ઞા પ્રમાણે જીવનકર્મ કરાય તો સમાજની વ્યવસ્થા સચવાય.

આ ધાર્મિક જીવનની શરૂઆત બાલ્યકાળથી થવી જોઇએ. પ્રાચીન સમયમાં શિક્ષણનો વ્યવસાય બ્રાહ્મણધર્મી પુરુષોને હસ્તક રહેતો અને તે પણ વયોવૃધ્ધ તથા જ્ઞાનવૃદ્ધ ધર્માચરણી આચાર્યો પાસે. ત્યાં બ્રહ્મચર્યાઆશ્રમીઓનાં શિક્ષણ તથા જીવનધર્મ કેળવાતાં. ગૃહસ્થાશ્રમીઓમાં ધર્મની મર્યાદાઓ હતી જીવન વિષયભોગમાં વેડફી નાંખવા માટે નહિ પણ ઉચ્ચતમ, સંસારાતીત, પરમ તત્ત્વના સુખાસ્વાદન માટે છે, એનું શિક્ષણ સંકેતરૂપે કે બીજરૂપે બ્રહ્મચર્યાઆશ્રમમાં અપાતું. ત્યાર પછી પાછળના ત્રણેય આશ્રમમાં ધ્યેય ભૂલાય નહિ અને વર્ણધર્મમાં કેળવાયેલો માનવી આશ્રમધર્મની નીસરણીથી મોક્ષદ્વારને છેલ્લે પગથિયે સરલતાથી ચઢીને બ્રહ્માનંદ માણી શકતો:

સમાજમાં અત્યારે જે આધિ વ્યાધિ અને ઉપાધિની ગરબડ વધી ગઇ છે એ બધાના મૂળમાં છે સ્વધર્મનો પ્રત્યક્ષ અને પ્રકટ નિરાદર; સુધારણા તો પ્રત્યેક કર્મમાં, વ્યવહારમાં.

શિક્ષણમાં, તેમ જ ગૃહસ્થાશ્રમ ધર્મમાં કરવાની છે, પરન્તુ એ બધાનો પાયો આપણી શિક્ષણપ્રણાલી છે. જ્યાંસુધી પશ્ચિમના વાતાવરણની, એના ચળકતા સુધારાની, સ્વચ્છંદી જીવનવ્યવહારની, આંતરજાતીય કે દેશવિદેશીય લગ્નસંબંધના બિસ્તારની મોહિની આપણાં મગજમાંથી ન નીકળે, રહેણીકરણી ન બદલાય, જીવનમાં સાદાઈ અને ખાનપાનમાંથી સ્વાદતૃપ્તિની ઝંખના ન જાય, ત્યાંસુધી જે ક્લેશે ભારતીય જીવનમાં ઘર ઘાલ્યું છે, એ સડો દૂર થાય એમ નથી. આપણે થોડું ટાંચણ તારવીએ.

(૧) પ્રત્યેક ગૃહસ્થાશ્રમી જાતીયવાસનામાં આયુર્વેદ અને માનવ-શાસ્ત્રના નિયમ પ્રમાણે સંયમી જીવન ગાળે, ખાનપાનમાં સંયમ કેળવે, ઘરમાં અવિચારી, વિલાસી, ખરાબ, હલકું કે હળવું વાચન, સિનેમાનો શોખ વગેરેથી સ્વચ્છંદી વાતાવરણ ઊભું ન થાય એની કાળજી રાખે.

(૨) બ્રાહ્મ મુહૂર્તમાં ઊઠવાની ટેવ રાખીને સ્નાન વ.થી પરવારી દેવપૂજા, ગીતા વ.નો પાઠ, પ્રાર્થના, સ્તુતિ વગેરેથી બાળકો ઉપર અનુકરણીય દૃષ્ટાન્ત બેસાડી બાલકોને પણ એમાં પ્રવૃત્ત કરાવે.

(૩) વાણીમાં સત્ય અને કોમળતા, વડીલો પ્રત્યેનો પૂજ્યભાવ, બાલકો વિદ્યાભ્યાસમાં ‘ ટ્યુશન ’ના રોગથી મુક્ત રહી શકે એવી કાળજી, ખાનપાનમાં સાદાઇ, જાતે જ પોતાનું કામ કરી લેવાની ટેવ અને આવડત, આવાં સ્વતંત્ર જીવન જીવવાનો ઉદ્દેશ રાખીને પોતે આચરે અને બાળકોને એ રીતે ઉછેરે.

(૪) બીભત્સ કે અતિશૃંગાર ભર્યાં પુસ્તકોનું વાચન, સિનેમા

જોવાનો શોખ, નટનટીઓનાં ચિત્રો અને નર્તનગીત પ્રતિનો મોહ, તેમ જ કામવાસનાને જાણુઅજાણુ ઉત્તેજન મળે તેવા વાચનશ્રવણથી બાલકોને દૂર રાખે.

(૫) નિશાળમાં શિક્ષકો પ્રતિ સદ્‌ભાવ રાખતાં શીખે, વિનય અને વિવેકી વર્તનથી સહાધ્યાયીઓ પ્રતિ સદ્‌ભાવ વધારે, ખોટી રમતગમતથી બચીને વ્યાયામ અને જે રમતોથી શરીર સ્વસ્થ અને વ્યવહારમાં સદાચાર વધે એવી બાળકો પાસે કાળજી રખાવે.

(૬) સહશિક્ષણનો પવન અત્યારે જોરશોરથી ચાલે છે. શાળા, પાઠશાળા કે વિદ્યાશાળામાં બાલક–બાલિકાઓ, કે યુવક –યુવતીઓ સાથે બેસીને ભણુગણુ છે. એ એ પદ્ધતિ તો સરકારની આંખ ઉઘડે ત્યારે સુધરે પરન્તુ એની ખરાબ અસર બાળકો ઉપર ન થાય એની માતાપિતા કે વડીલવર્ગ ખૂબ સંભાળ–દેખરેખ રાખે.

બ્રહ્મચર્યઆશ્રમના ઈચ્છુકો જો કે ઘણે અંશે કુમાર, કિશોર અને યુવક દશામાં માતાપિતાની હુંફ નીચે જ રહેતા હોય છે, અને એ દૃષ્ટિએ માતાપિતાના માનસનો જ જાણુ પડઘો હોય તેવાં એ બધાનાં વર્તનવ્યવહાર જણાય છે, છતાં યુવકઅવસ્થામાં પ્રવેશ કરતાં કોઇને સદ્‌બુદ્ધિ સૂઝે તો એણુ દુષિત વાતાવરણમાંથી બચીને બ્રહ્મચારી બનવાના બહુ જ તીવ્ર પ્રયત્નો કરવા પડે એમ છે.

(૧) ઘરમાં વાતાવરણ ગમે તેવું હોય, માતાપિતા મોહવશ બનીને ચોખ્ખું વાતાવરણ રાખવામાં અજ્ઞાની કે અશકત હોય, તો પણ એમના પ્રતિ અવિવેકી કે ઉદ્ધત વર્તન રાખવું જોઈએ નહીં.

(૨) રાત્રે વિદ્યાભ્યાસ માટે કે કોઈ અન્ય પ્રસંગવશાત્ મોડે સુધી જાગવું પડ્યું હોય તો પણ સવારે બ્રાહ્મમુહૂર્તમાં જાગી જવું જોઈએ. ઊઠીને શૌચ-સ્નાનથી પરવારી ઘરમાં દેવપ્રાર્થનાની ખાસ વ્યવસ્થા હોય તો તે સ્થાને નહિ તો ઘરમાં થોડું એકાન્ત શોધીને ઈશ્વરપ્રાર્થના, સ્તુતિ, સ્તોત્ર, ભજન, મંત્રજપ એવો કોઇ વિધિ અવશ્ય ચાલુ રાખવો જોઇએ. તેવી જ રીતે રાત્રે સૂતી વખતે પથારીમાં ઇશ્વરપ્રાર્થના કરીને જ સૂઇ જવાની ટેવ પાડવી જોઇએ.

(૩) શાળા-પાઠશાળામાં જેમ બધો અભ્યાસ કાર્યક્રમ પ્રમાણે હોય છે, તેવી જ રીતે દિનચર્યાનો વ્યવસ્થિત કાર્યક્રમ રાખવો, અને એમાં અચૂક નિયમપાલન કરવું.

(૪) શાળામાં ચાલુ હોય તો ઠીક નહિ તો સંસ્કૃત ભાષાનો એટલો અભ્યાસ જરૂર કરી લેવો જોઇએ કે જેથી સ્વધર્મનાં સંસ્કૃત પુસ્તકોના ભંડારનું જીવનમાં ખપ પૂરતું જ્ઞાન મેળવી શકાય.

(૫) ખાવાપીવામાં સ્વાદનો નહિ પણ શરીર નીરોગી અને સ્વસ્થ રહે એવો ખોરાક લેવો જોઇએ. દિવસમાં બે જ વખત નિયમિત ભોજનની ટેવ રાખવી; નાસ્તાને બહાને પણ અન્ય વખતે ગમે તેવું ખાવાની ટેવ રાખવી નહિ. બને ત્યાં સુધી ઘરમાં બનાવેલી પવિત્ર અને સ્વચ્છ વસ્તુઓને વાપરવાની કાળજી રાખવી

(૬) શાળાના અભ્યાસ ઉપરાંતના ઇતર વાચનમાં વિલાસી કલ્પનાને ઉત્તેજન મળે એવી વાર્તાઓ, નવલકથાઓ, સિનેમાચિત્રો, કે એવાં અન્ય દર્શનોનો શોખ બહુ હાનિકારક

છે. જીવનમાં ખોટી વિલાસિતા અને ઉચ્છૃંખલ ઉડાઉગીરી આવે એવી ટેવોથી હમેશાં બચવાનું છે એ ભૂલવું જ નહિ.

(૭) વડીલો પ્રત્યે સન્માનથી વર્તવું. ભૂલેચૂકે પણ અવિવેકી ભાષા, ઉદ્ધત વર્તન કે અપમાન થાય એવો વ્યવહાર ન થવો જોઈએ.

(૮) ભારતવર્ષની પ્રાચીન અને પવિત્ર સંસ્કૃતિનું જ્ઞાન મેળવવા માટેનાં ગ્રન્થસાહિત્યનો જેમ જેમ ઉંમર વધે તેમ તેમ પરિચય કેળવવો જોઈએ. યાદ રાખજો ભારતીય સંસ્કૃતિ જેટલી પુરાતન છે એટલી જ આદર્શ તરીકે સર્વોત્તમ છે.

(૯) શાળા પાઠશાળામાં સહશિક્ષણની પ્રથા ચાલુ હોય ત્યાં અભ્યાસ કરવાનો પ્રસંગ સાંપડે ત્યારે સહાધ્યાયી કે સહાધ્યાયિની પ્રતિ માનની દૃષ્ટિ રાખીને વર્તવું જોઈએ. એમાં જાતીય વિકાર ઉદ્‌ભવે અને પરિણામે બ્રહ્મચર્યભંગ થાય એવું કાંઇપણ બને તે પહેલાં એનાથી મુક્ત રહેવાની સાવધાનતા રાખવી જોઇએ.

આ અને આવા જીવનધર્મને પોષણ મળે એવું સાહિત્ય પસંદ કરી કરીને ઘરમાં વસાવ્યું હોય, જીવનને-બહુમૂલ્ય રત્નની પેઠે સાચવ્યું હોય, સંયમ અને સદાચારી વર્તન ઉપર હમેશાં ઝોક રાખ્યો હોય, તો જ સ્વધર્મપાલન થશે, અને તો જ ધર્મસંકરતાના ધસી આવતા વેગને કૈંક અંશે પણ વર્તમાન કે ભાવિપ્રજા રોકી શકશે.

બ્રાહ્મણ ઇત્યાદિ વર્ણધર્મ કે બ્રહ્મચર્ય વગેરે આશ્રમધર્મમાં જે અવ્યવસ્થા ઊભી થઇ છે, અને એને લીધે દંભ, દુરાચાર અને દુર્જનતાનો સર્વનાશી વિસ્તાર થઇ ગયો છે, ભલભલા ધર્મ-

ધુરંધરને જ્યાં કશો યે માર્ગસૂચન કરતાં ભય લાગે એવું છે, અને ભવિષ્ય કેવું વીતશે એ વિષે સૌ શંકાસ્પદ છે, એવે આપદ્ સમયે સૌએ આત્મસુધારણા તરફ ખાસ લક્ષ્ય રાખવાનું છે.

સુધારકો વધતા જાય છે, છતાં સુધારણા નથી થતી. એના મૂલમાં વધી પડેલી બહિર્મુખી લોકવૃત્તિ છે. છેલ્લા શતકમાં આપણા ધન્યભાગ્યે ચારિત્રવાન દેશનેતાઓ, અનુભવી સન્તો, વિવેકી લેખકો, વિદ્વાન ધર્મોપદેશકો અને નિષ્કામ લોકસેવકો પાક્યા છે. એમના અમૂલ્ય સંદેશાને ઝીલીને આત્મસુધારણા માટે કટિબદ્ધ થવાનું છે. શરીરનું એકાદ અંગ બગડે તો એનો વિકાર આખા શરીરને નડે છે, તેવી જ રીતે પ્રત્યેક વ્યક્તિ સમસ્ત ભારતીય પ્રજાસમૂહનું અંગ છે. પ્રત્યેક અંગ પોતે સુધારવા માંડે, ધર્મકર્મનું વિધિપુરઃસર પાલન કરે, જીવનમાં સંયમ અને સદાચાર લાવે, તો જ ભારતની સર્વદેશીય ઉન્નતિ છે.

અત્યારે શાસ્ત્રીય પરિભાષા પ્રમાણે વર્ણ–આશ્રમધર્મના પાલનનો દાવો કરનારા ઘણા નીકળશે, પરંતુ સર્વાંશે પાલન કરનારા વિરલા હશે. પાલન કરવામાં કાલદોષ, દેશદોષ, વ્યવહારદોષ વગેરે નિમિત્તદોષ શોધવા સહેલા છે, પણ સૌથી મુખ્ય દોષ આત્મદોષ છે. એ જ્યાં સુધી ન સમજાય ત્યાં સુધી સુધારણા તો દૂર રહી, પણ ઊલટો દંભ પોષાશે, અને અહંમન્યતાની વાડાબંધી વધીને જાતજાતના મતભેદો અને પક્ષો ઊભા થશે. રાજા અને પ્રજાપક્ષે ઉભયને તેથી હાનિ થશે.

આ લખાણમાં તો છૂટાછવાયા જેવા આવ્યા તેવા લખી કહાડેલા વિચારોનો વણાટ માત્ર છે. જૂના અને નવાની કોઇ સીમા નથી રહી, અને અમર્યાદ રીતે જીવનની બધી દિશામાં

પશ્ચિમના વાતાવરણે વર્ણ, આશ્રમ, જ્ઞાતિ, પંથ, મત વગેરેને તોડીને એનાથી વિપરીત વર્તન જ થવું જોઇએ એવો હઠાગ્રહ બહુ જોરશોરથી ઊભો કર્યો છે. ભાવિ કેવું હશે એ પરમાત્મા જાણે. પુરાણોમાં જ્યાં જ્યાં ભવિષ્યકથન છે એ તો બહુ જ દુઃખદ છે. એ કથનને તપાસી જોતાં એમ લાગે છે કે એમાંનો થોડોઘણો અંશ તો સત્ય હશે જ. આપણી પ્રજા નિરાશાવાદી છે, સંસારને માયા કહીને એનાથી દૂર ભાગી સ્વાર્થી આત્મ-મુક્તિ સાધવામાં તત્પરતાવાળી છે, ત્યાગ, વૈરાગ્ય અને સાદાઈને બહાને આળસુ બની બેઠી છે, વૈભવવિલાસને મેળવતાં કે ભોગવતાં જ આવડતાં નથી. વિજ્ઞાનનો મહિમા એ જાણતી નથી, આવી આવી પશ્ચિમના શિક્ષણને લીધે ખોટી અપયશટીકાઓની ઝડી વરસે છે. એ બધાની શરૂઆત અંગ્રેજી શાસનથી થઇ છે. એ ગૌરાંગી વૈશ્ય પ્રજાએ આપણને બ્રાહ્મણક્ષત્રિયના ધર્મમાંથી, બ્રહ્મચર્ય ગૃહસ્થના આશ્રમકર્મમાંથી પથભ્રષ્ટ કરવા મોહમદિરા પીવડાવીને પ્રમાદી બનાવ્યા છે. ધર્મકર્મનું ભાન ભૂલાવી દીધું છે. એમાં પણ આપણા અજ્ઞાનનો જ દોષ છે. હવે ચેતવું જોઇએ અને જીવનના સર્વાંગી સદાચાર માટે તૈયાર થવું જોઇએ.

સ્વા. રામતીર્થ સાચું જ કહી ગયા છે કે–

જોઈએ છે સુધારકો; બીજાને સુધારવા માટે નહીં, પણ ક્ષુદ્ર અહંકારનો સંહાર કરીને, સ્વચ્છંદી જીવન ઉપર સામ્રા-જ્ય ચલાવવા માટે, પોતાની જાતને જોઇ તપાસીને કુંદનસમી બનાવવા માટે; એમાં પદવીધરોની નહિ, પણ શ્રેયસ્કર સંયમ-દલની આવશ્યકતા છે; વિદ્યા અને વિનય, શિક્ષણ અને સદાચાર, સંયમ અને શિષ્ટતા, સભ્યતા અને સૌજન્ય જેવાં અણમોલ જીવનઘડતરનાં ધાર્મિક દ્વંદ્વોના બંધનમાં રહીને આત્મસામ્રાજ્યની

સર્વોત્તમ આંતરબાહ્ય મુક્તિ અનુભવી શકાય એવી સર્વદેશી ઘરની કેળવણીની આવશ્યકતા છે.

પ્રત્યેક ઘર સંયમની શાળા બને, પ્રત્યેક બાલક બ્રહ્મચર્યનો આદર્શ બને, પ્રત્યેક પતિપત્ની ગૃહસ્થાશ્રમની મૂક ઉપદેશસંસ્થા બને—અને એ રીતે પ્રત્યેક ગામ કે શહેર જો આત્મસુધારણા તરફ વળે, અંતર્મુખ બનીને આત્મનિરીક્ષણ, આત્મપરીક્ષણ અને આત્મશિક્ષણની કેળવણી પામે તો ભાવિ સુન્દર છે, કલ્યાણકારક છે, શ્રેયસ્કર છે.

ઐહિક ઉન્નતિ અને પારમાર્થિક કલ્યાણ કરી આપે એ જ ધર્મ છે એમ આપણાં શાસ્ત્રો સર્વસંમતિથી કહે છે; વર્તમાન સ્થિતિ જો એમાં બંધ બેસતી હોય તો જીવન ધન્ય અને ધાર્મિક છે, એમાં ઊણપ હોય તો સમજવું જોઇએ કે આપણે ધર્મચ્યુત છીએ.

અને ખરે જ! અત્યારે ઐહિક ઉન્નતિ તો છે જ નહિ. પરમાર્થ—વિષયક કલ્યાણ માટેનાં હવાતિયાં છે. ફાંફાં છે—ૐ

ધર્મની સાધના કરો; અર્થ અને કામ જેવા પુરુષાર્થમાં ધર્મના પાયાનું શિક્ષણ નહીં હોય તો ઉન્નતિ થવાની નથી, નથી ને નથી જ.

ધર્મનું શિક્ષણ અપાય એવાં કેન્દ્રો સ્થપાય, હોય તેમાં વ્યવસ્થિત સુધારણા થાય, રાજસત્તાની સહાયતા લેવાય, અને ધર્મની સર્વોત્તમ પરિભાષા સમજે એવા ભારતવર્ષના વિદ્વાનોની પરિષદો ભરાય, આવી કંઇક યોજનાઓ કોઈ સદ્‌ભાગી લોકહિતૈષીના મગજમાં ઊતરે એવી પરમાત્મા પાસે પ્રાર્થના છે! ૐ शान्ति : शान्ति : शान्ति : ૐ

(મે—૧૯૫૨)

## ૫

# ધર્મ અને મોક્ષ

ભ. શંકરાચાર્ય વિવેકચૂડામણિમાં લખે છે કેઃ-

> विद्याफलं स्यादसतो निवृत्तिः
> प्रवृत्तिरज्ञानफलं तदीक्षितम् ।
> तज्ज्ञाज्ञयोर्यन्मृगतृष्णिकादौ,
> नोचेद्विदां दृष्टफलं किमस्मात् ॥ ४२२ ॥

ભાવાર્થ : આત્મજ્ઞાનનું ફલ અસત્ (અવિદ્યા અને તેનાં સંસારકર્મો)માંથી નિવૃત્તિ છે. અજ્ઞાનનું ફલ પ્રવૃત્તિ (સાંસારિક અશુભ વાસનાથી ઉદ્ભવેલાં કર્મો) છે. એ બન્ને ઝાંઝવાંનાં જળને જાણનાર અને ન જાણનાર-જ્ઞાની અને અજ્ઞાનીઓએ જોયેલાં છે. આ સિવાય જ્ઞાનીને બીજું પ્રસિદ્ધ ફલ શું હોય ?

આ શ્લોકમાં પ્રવૃત્તિ તથા નિવૃત્તિનું મૂળ કારણ સમજાવ્યું છે. વેદાન્તશાસ્ત્રોમાં અનેક સ્થળે સ્પષ્ટ કહેલું છે કે જ્ઞાની અને અજ્ઞાનીની દૃષ્ટિમાં ભેદ છે, વ્યવહારમાં નથી. જ્ઞાની એટલે ચતુર્થાશ્રમી સંન્યાસી જ એવો અર્થ અહીં કરવાનો નથી.

ઋષિ વસિષ્ઠ, યાજ્ઞવલ્ક્ય, ઉદ્દાલક, નચિકેતા, શ્વેતકેતુ, સનત્કુમાર, નારદ, જનક, ઇત્યાદિ બ્રહ્મજ્ઞાનના આચાર્યો જેવાનો

ઉલ્લેખ ઉપનિષદ્‌માં આવે છે, ત્યાં વર્ણ કે આશ્રમધર્મની મહત્તા સ્પષ્ટ દેખાતી નથી. અને એ સિદ્ધાન્તને લક્ષ્યમાં રાખીને પ્રવૃત્તિ અને નિવૃત્તિનો વિચાર કરીને આ શ્લોકમાં આપેલું રહસ્ય વિચારવાનું છે.

એમ ન કરીએ તો ભગવાન શંકરાચાર્યના વેદધર્મના સમુદ્ધરણનાં કારણ તથા કાર્યને પ્રવૃત્તિ કે નિવૃત્તિ, એ બેમાંથી કયા વર્ગમાં મૂકવાં એ પ્રશ્નનો ઉકેલ કઠિન છે.

જૈન તથા બુદ્ધ ધર્મનો ભારતવર્ષમાં એટલો બધો પ્રચાર થઇ ગયો હતો કે વેદોક્ત ધર્મને બ્રાહ્મણધર્મ તરીકે ઓળખાવીને એ બન્ને ધર્મના તપસ્વી, ત્યાગી અને આત્મવિદ્ તીર્થંકરો તથા તથાગતોએ પોતાનાં ચારિત્ર તથા અનુભવનાં પ્રત્યક્ષ પ્રમાણ આપીને વેદનાં પ્રાચીન પ્રમાણોનો ઉપયોગ જ કર્યો નથી. એ બધા લોકોત્તર મહાપુરુષો હતા એ તો નિઃસંશય ઇતિહાસની વાત છે.

વર્તમાન યુગની, ખાસ કરીને ભારતવર્ષની ધર્મ અને મોક્ષ–એ બે પુરુષાર્થ વિષેની સ્થિતિ પરસ્પર ખંડનમંડનની, તાર્કિક મતભેદની, વ્યવહારની ઝીણી વિગતોમાં ઊતરીને પક્ષપાતની, તથા 'એકનું થાપ્યું બીજો હણે' એ જ્ઞાની અખાજીનાં વાક્યોને સાર્થક કરે એવી છે.

છેલ્લાં ૨૫૦૦ વર્ષનો ઇતિહાસ તપાસી જુઓ. ઉપનિષદ્‌ના તાત્ત્વિક સિદ્ધાન્તો તરીકે આત્માનું અદ્વૈત પ્રતિપાદન અને સમત્વદર્શન જેના ઉપર અવલંબે છે એવા સાત્ત્વિક ગુણાનુવાદથી, પ્રત્યેક સંપ્રદાય, મત, પંથ, શાખા, પ્રણાલિકાને લગતા સાહિત્યગ્રન્થોમાં ભર્યું પડ્યું છે.

મુક્તિ જ્ઞાનથી કે કર્મથી, એ મહા પ્રશ્નનો અર્થ સૌ પોતપોતાની દૃષ્ટિ અને પૂર્વજોનાં શબ્દપ્રમાણોથી કર્યા કરે છે. ભારતવર્ષ અવતારોની આવિર્ભાવ ભૂમિ છે, ધર્મભૂમિ છે; આશ્રમધર્મની વ્યવસ્થાને લીધે ઇશ્વર, આત્મા કે પરોપકારને નિમિત્તે જીવન ગાળનાર કે એવાં સેવાવ્રત ધારીને પૂજ્ય માનીને એમનો નિર્વાહભાર ઉપાડવામાં પ્રજા પોતાને કૃતકૃત્ય માનનારી છે; શ્રદ્ધાનું પ્રમાણ એટલું બધું વધી ગયેલું છે કે એના અતિરેકને લીધે પ્રજાને અંધશ્રદ્ધાનો ઉપાધિ સાંપડ્યો છે, અને એક એવું ધર્મવિષયક સાહિત્ય જ જ્યાં ત્યાં કથાકીર્તન દ્વારા પ્રચાર પામેલું છે.

જૈન અને બુદ્ધધર્મના તપસ્વીઓ વનવાસમાં સાધના કરી કરીને જીવનજ્યોત જગાવતા. એ અસંખ્ય ગુહાસ્થાનોથી ભારતવર્ષનાં અરણ્યપ્રદેશો વિખ્યાત છે. એ તપોસ્થાનમાં અત્યારે તો ભવ્ય મંદિરો બન્યાં છે. એવાં જ બ્રાહ્મણ કે વેદધર્મના સંતસાધુઓ દ્વારા શિવાલયો, વિષ્ણુમંદિરો, રામકૃષ્ણાદિ અવતારનાં કે દેવદેવીઓનાં અસંખ્ય મંદિરો ગામડે ગામડે બેપાંચની સંખ્યામાં મોજૂદ છે. આ મંદિરો, નદીકાંઠેનાં તીર્થસ્થાનો, ગુફાઓમાં કોતરી કહાડેલાં ધ્યાનસ્થાનો, વિહારો, વગેરેની અસંખ્ય સંખ્યા જોતાં એમ જરૂર લાગે કે ભારતપ્રજાના સ્વભાવમાં જ ધર્મ અને મોક્ષના જીવનપ્રયત્નો અનાદિકાળથી ચાલ્યા આવે છે; આ તીર્થસ્થાનો મોક્ષમંદિરો અને ધર્મની પ્રેરણાનાં કર્મક્ષેત્રો છે. મોક્ષ સાધ્ય હોય તો ધર્મ જ સાધન છે; ઇશ્વરદર્શનનું લક્ષ્ય હોય, તો ધર્મ માનવજીવનમાં લક્ષણ છે. નિત્ય સુખ જ ધ્યેય હોય તો એનું સાધન શાંતિમય વિચાર સાથેની ધર્મમય ધ્યાનધારણા છે. મોક્ષ જ્યારે આંતરિક સ્વસંવેદ્ય આત્મતૃપ્તિ છે, ત્યારે ધર્મ માનવજીવનના વ્યવહારમાં સંતોષ,

સંપ અને સંયમનું પરસંવેદ્ય બાહ્ય દર્શન છે, માનવજીવનનું ચણતરઘડતર છે, જીવાત્માનું સુન્દર કલ્પવૃક્ષ છે, તો મોક્ષ અલૌકિક ફલભોગ છે.

પરન્તુ વર્તમાન યુગનો માનવી ધર્મના નામથી ભડકે છે; શબ્દ સાંભળવાની જ એને સુગ છે. કારણ કે ધર્મ સંયમ શીખવે છે; વાણી અને વર્તમાનમાં શુદ્ધિ અને સદાચાર લાવનાર ધર્મ છે, માનવ અને પશુ વચ્ચેના જીવનવ્યવહારમાં, પશુમાંથી માનવ બનવા માટે ધર્મ એક દિવ્ય અંકુશ છે. ઇશ્વરના અસ્તિત્વને સ્વીકારવા જેટલી સૂક્ષ્મ વિચારશકિતના અભાવે વિપરીત ભાવના ઊભી થઈ છે એથી જ ધર્મના સ્વરૂપને સમજવા જેટલું ધૈર્ય મનુષ્યમાં રહ્યું નથી.

આત્મજ્ઞાન વિષેના વાચનવિભાગ પોષાય એવાં અસંખ્ય પુસ્તકો લખાય છે, અને સંતસાધુઓ દ્વારા કથા પ્રવચન, આખ્યાન, કીર્તન, ઉત્સવ, યજ્ઞયાગ, ઇ.ના પ્રયોગો દ્વારા મોક્ષમાર્ગનો ઉપદેશ એટલો બધો વ્યાપક થઈ ગયો છે કે એ બધું ધર્મને નામે ઓળખાવા લાગ્યું છે એમ છતાં વાસ્તવિક જીવનમાં ધર્માચરણનો અનાદર થઇ પડયો છે.

એનું મુખ્ય કારણ છે મોક્ષસુખના અપાર મહિનાનું પ્રલોભન; અને એ પણ ખાસ કરીને એના શબ્દભંડોળનું. જીવાત્માને પ્રત્યક્ષ અનુભવમાં આવતો સંસાર, જન્મમરણ, રાગદ્રેષ, સુખ-દુઃખ, હર્ષશોક, ક્ષુધાતૃષા, ઇત્યાદિ દ્રંદ્રોથી ભરેલો છે; જયાં સુધી શરીર છે ત્યાં સુધી આ દ્રંદ્ર નાશ પામતાં નથી. વર્તમાન-કાળની ભયંકર આપત્તિઓના અતિશયોકિતભર્યાં વર્ણન આપી આપીને આ પ્રત્યક્ષ થતા સંસારને હાલાહલ વિષ જેવો, આજીવન કારાગૃહ જેવો, અને ડગલે ને પગલે ત્રાહિ ત્રાહિ પોકારાવે

એવો વર્ણવી બતાવ્યો છે. એમાંથી બચી જવાના એકમાર્ગ તરીકે મુક્તિપંથ બતાવીને સ્વર્ગ, કૈલાસ, વૈકુંઠ, સાકેત, ગોલોક, અક્ષરધામ, સત્લોક, એવાં એવાં ભાવિ જીવનનાં સ્વપ્નસુખ જેવાં પ્રાપ્તિનાં જે પ્રલોભનો આપેલાં છે, એની મોહિનીમાં અંજાઇને મનુષ્ય વર્તમાનનો નિરાદર કરતો બની ગયો છે

તત્ત્વજ્ઞાન અને મોક્ષ તથા ભક્તિ અને ઇશ્વરપ્રાપ્તિ એ બધાં અનુભવગમ્ય અને યુક્તિસિદ્ધ હોવા છતાં એ કાંઇ સહજસાધ્ય વસ્તુ નથી. કલ્પવૃક્ષનું અલૌકિક ફળ પ્રાપ્ત કરવા માટે પ્રાણાર્પણ કરવા જેટલો પરિશ્રમ કરવો પડે. વિધિનિષેધના નિયમોનું પાલન, ઇંદ્રિયોનો સંયમ, તનમનની તપશ્ચર્યા, સંસારનું મિથ્યાત્વજ્ઞાન અને નિશ્ચય, એકમાત્ર ઇશ્વર-આત્મપ્રાપ્તિનો અંતઃકરણનો ભાવપ્રવાહ, આવાં આવાં જે સાધનો છે એની જીવનમાં સિદ્ધિ ન હોય, તો કલ્પવૃક્ષનાં ફલની કલ્પના જેવાં જ એ કલ્પનાવૃક્ષનાં સ્વપ્નાં, ગમે તેટલાં મનોહર હોવા છતાં અસાધ્ય અને અપ્રાપ્ત જ રહે એ સહજે સમજાય એવું છે.

તેવું જ મોક્ષ માટેનું છે. મોક્ષપ્રાપ્તિના સાધકે જીવનને ધર્મથી સંસ્કારી બનાવવું જોઈએ. જીવન જો ધર્મને ધારણ કરે તો જ ધર્મ જીવનને સુરક્ષિત બનાવીને સુખસંપત્તિ અપાવે છે. ધર્મનો અર્થ વ્યાપક છે, અને ધર્મશાસ્ત્રોમાં એનું વર્ણન વિષય અને પ્રસંગ પરત્વે જુદી જુદી રીતે કરવામાં આવ્યું છે એનું કારણ પણ એ જ છે.

ધર્મનો શબ્દાર્થ તો જેને ધારણ કરવાથી વસ્તુ પોતાના સ્વભાવમાં સુરક્ષિત રહે એવો થઈ શકે છે. વધારે આંટીઘૂંટીમાં ન ઊતરતાં આપણે સરલતાથી એ વિષે વિચાર કરી જોઈએ.

પ્રથમ પાંચ તત્ત્વોનો વિચાર કરીએ. ખાલી જગ્યા હોય

તો જ એમાં અવાજ થાય છે, એ દૃષ્ટિએ આકાશનો ગુણધર્મ ધ્વનિ–શબ્દ છે, એમ કહ્યુ છે. શબ્દ, અવાજ, કે ધ્વનિને જો આકાશમાંથી કહાડી લઈએ તો આકાશ નામના તત્ત્વની જ હયાતી સંભવી શકતી નથી. તેવી જ રીતે વાયુનો સ્પર્શ, અગ્નિનો ગરમી, પ્રકાશ કે વસ્તુનુ રૂપાન્તર કરવું, જલનું પ્રવાહીપણું અને સ્વાદ, પૃથ્વીનું નક્કરપણું, જડતા અને ગંધ, એ ચારેયને તે તે તત્ત્વોમાંથી કહાડી લઇએ, તો તત્ત્વનું પોતાનું અસ્તિત્વ જ ટકે નહીં. એટલે પાંચ તત્ત્વોના ધર્મનો નાશ થતાં, તત્ત્વોનો પોતાનો પણ નાશ થાય છે, અથવા બદલાઇને રૂપાન્તર પામે છે.

સૌથી વિશેષ સરલતાથી સમજાય એટલા માટે આપણે માનવશરીરનો વિચાર કરીએ, કારણ કે એની રચના પાંચ તત્ત્વોના સ્થૂલ, સૂક્ષ્મ અને કારણ વિભાગમાંથી થયેલી છે. વેદાન્તના પ્રત્યેક પુસ્તકમાં એ વિષે વિસ્તારથી વિચાર કરેલો હોય છે પરન્તુ ત્યાં ધર્મ શબ્દનો ઉપયોગ ન કરતાં કાર્ય, નામ, વિષય એવા શબ્દો વાપર્યાં છે. જિજ્ઞાસુએ જે રીતે વેદાન્તસિદ્ધાન્ત પ્રમાણે આત્માનુભવ કરીને શાંતિ મેળવવાની છે, શાન્તિ મેળવ્યા પછી યથાપ્રાપ્ત પ્રારબ્ધના વેગને લીધે આવી મળતા શુધ્ધ વ્યવહારમાં સમતા સાચવીને આત્મજ્ઞાનની દૃઢતા અને શાન્તિની સ્થિરતા ટકી રહે છે કે નહિ એનું નિરીક્ષણ તથા પરીક્ષણ કરતા રહીને આત્માનંદ માણવાનો છે. આ વાત જો લક્ષમાં રહે, તો ક્ષણે ક્ષણે થતા દેહવ્યવહારમાં આપણાં સ્થૂલ અંગ-પ્રત્યંગ, સૂક્ષ્મ અંતઃકરણ તથા ઇંદ્રિયો, અને કારણ શરીરનાં જ્ઞાન–અજ્ઞાનના વ્યવહાર પ્રસંગે આત્મજ્ઞાન તો પ્રત્યેક ક્ષણે બુદ્ધિમાં ભરી શકાય છે. વ્યાકરણ, કાવ્ય, જયોતિષ કે આયુર્વેદનાં શાસ્ત્ર જેવાં ગોખી શીખીને કંઠસ્થ કરવાનાં કર્મ જેવું વેદાન્ત

શાસ્ત્ર નથી. બીજાં શાસ્ત્રમાં તો અસંખ્ય વિષયો હોય છે તેથી ભેદબુદ્ધિ વધે છે, પરન્તુ વેદાન્તમાં એક જ વિષય, એક જ લક્ષ્ય, એક જ સાધ્ય, એક જ ધ્યેય, એક જ શ્રાવ્ય, એક જ મન્તવ્ય, એક જ ચિંતનીય વસ્તુ આત્મા-બ્રહ્મ છે, એટલે એમાં અનેકને ભૂલીને એકમાં જ અંતઃકરણના સમસ્ત પ્રવાહને વાળવાનો છે.

પરન્તુ એવી રીતે અસંખ્ય નામરૂપના સમૂહરૂપ સમસ્તને ભૂલવા માટે એના મિથ્યાત્વની સમજણ અને એક જ ને વળગી રહેવા માટેની ભક્તિ હોવી જોઇએ; અને એ વર્તમાન જીવનમાં ત્યારે જ બને જયારે જીવન ધર્મમય થાય છે.

કાનનો સાંભળવાનો, ચામડીનો સ્પર્શ જાણવાનો, આંખનો જોવાનો, જીભનો સ્વાદ પારખવાનો અને નાકનો ગંધ ઓળખવાનો ધર્મ છે. એ બધા ધર્મ તે તે ઇંદ્રિયોમાં ન રહે તો ઇંદ્રિયોને બાહ્ય વિષયનું જ્ઞાન મેળવવાનાં સાધનનો નાશ થાય છે. એવી જ રીતે મનનો કલ્પના કરવાનો, બુદ્ધિનો સમજણનો, ચિત્તનો વિષયચિંત્વન કરવાનો, અહંકારનો હુંપણું માનવાનો ધર્મ છે; તે તે ધર્મનો નાશ થાય, તો મનુષ્ય શૂન્યવત્ જડ જ બની જાય એમાં શંકાને સ્થાન નથી.

પ્રત્યેક ચેતન શરીરધારી પ્રાણી તથા ચૈતન્યહીન જડ વસ્તુના જે સ્વાભાવિક ગુણ છે, પ્રકૃતિમાંથી ઉદ્ભવ પામતાં જ જે પ્રાપ્ત થયેલા હોય છે, તે એના નિત્ય ધર્મ છે; ધર્મ સુરક્ષિત રહે તો વસ્તુ સુરક્ષિત રહે છે, ધર્મનો નાશ થતાં વસ્તુના સ્વભાવનો જ નહિ પણ વસ્તુનો જ નાશ થાય છે.

દા. ત. અગ્નિનો બાળવાનો, પ્રકાશ પાડવાનો અને વસ્તુનું રૂપ (આકાર) બદલવાનો ધર્મ છે. સળગતો કોયલો અગ્નિ

વગરનો થાય, અને એના ત્રણેય ધર્મ નાશ પામે તો પછી એ અગ્નિ ન કહેવાતાં રાખ કહેવાશે કે જે પૃથ્વીતત્ત્વને નામે ઓળખાશે અગ્નિ નહિ કહેવાય. એ અગ્નિને પોતાનું અગ્નિપણું સાચવી રાખવું હોય તો એની રક્ષા કરવી જોઇએ; એના દાહક ધર્મ સાચવી રાખવા જોઇએ.

આવું જ મનુષ્ય, પશુપક્ષી, જીવજંતુ, વૃક્ષવેલીઓ, અરે, જરાયુજ, સ્વેદજ, અંડજ અને ઉદ્‌ભિજ વર્ગનાં પ્રાણીઓ માટે છે. એ બધાને પોતપોતાના આગવા ધર્મ છે. તે તે ધર્મ નાશ પામે તો એનું રૂપાન્તર થાય છે અને બીજા ધર્મનો પ્રવેશ થતાં વસ્તુ પણ બદલાય છે.

*   *   *   *

હવે આપણે મનુષ્યધર્મનો વિચાર કરીએ. મનુષ્યની પેઠે જ પશુપક્ષી વગેરેના આહારવિહારના ધર્મ છે; શરીરના પોષણ માટે અન્ન ( જે ખાઇને શરીર પોષણ મેળવે એવા પદાર્થો ) અને જલની આવશ્યક્તા છે. પરન્તુ મનુષ્ય અને પશુના શરીરની રચનામાં તથા અંતઃકરણના સ્વભાવમાં તફાવત છે; તેવી જ રીતે એના અન્નમાં પણ ભેદ રહેલો છે. એના કાર્યપ્રદેશ નિરાળા છે. અનેક જાતના ભેદ હોવા છતાં જે ચાર સામાન્ય ધર્મ છે એ તો સુપ્રસિદ્ધ છે. ( શરીરના પોષણ, વૃદ્ધિવિકાસ તથા આરોગ્ય માટે અન્નજલરૂપ ) આહાર, ( પરિશ્રમ ઉતારવા માટે આરામ મેળવવા માટે ) નિદ્રા, (સુરક્ષિત અને સજીવન રહેવાની સ્વાભાવિક ઇચ્છાને માટે ) ભય, ( તથા જાતીય વંશવિકાસની વાસનાતૃપ્તિ માટે પ્રજોત્પત્તિરૂપ ) મૈથુન : આ ચાર તો મનુષ્ય તથા પશુપક્ષીમાં સામાન્ય છે.

આ ચારેય ધર્મની સમાનતા તો પૃથ્વી ઉપરનાં પ્રત્યેક અણુપરમાણુમાં પણ જોવામાં આવશે. અણુઓ ઉત્પન્ન થાય છે, વિકસે છે, પરસ્પરના સંયોગ સાધે છે. સંયોગમાંથી નવા પરમાણુ ઉત્પન્ન થાય છે, જૂનાનું રૂપાન્તર થાય છે, ત્યારે અવિરતભાવે આ સૃષ્ટિક્રમ ચાલ્યા કરે છે. આહાર (અણુનો વિકાસ) નિદ્રા (જડવત્ નિશ્ચેષ્ટ રહેવાની સ્થિરતા), ભય (બીજા અણુથી પોતે સુરક્ષિત રહે એવી ક્રિયાશીલતા) અને મૈથુન (પરસ્પરના સંયોગથી નવાની ઉત્પત્તિ) એ જ જો સૃષ્ટિનો ક્રમ હોય તો પણ માનવજીવનમાં એવી કોઇ વિશિષ્ટતા છે કે જેથી એના આદ્ય પુરુષોએ, પૂર્વજ ઋષિઓ, અવતારો, સંતમહન્તો, પયગમ્બરો, તીર્થંકરો કે તથાગતોએ ધર્મ અને મોક્ષ જેવાં બીજાં બે સર્વોચ્ચ સુખનાં લક્ષ્ય મેળવી–કેળવીને જનસમૂહ પાસે અનાદિ કાળથી મૂકી આપ્યાં છે: એ જ એના સ્વાભાવિક ધર્મ છે એમ સિદ્ધ થાય છે.

ચાર ધર્મ તો સંસારના પ્રત્યેક પદાર્થના છે; એમાં હમેશાં ચંચલતા છે, વધઘટ છે, હેરફેર છે; અને એની ક્રિયાપરાયણતા હોવાથી એવા ચાર ધર્મના વ્યવહારમાં હમેશાં યુદ્ધ જ રહે છે; અને એ જ છે કર્મક્ષેત્ર.

પરન્તુ માનવી શરીર સંસારનું-અલબત્ત પૃથ્વી ઉપરનું સર્વોત્તમ વિશિષ્ટ પ્રકારનું પ્રાણી છે. સંસારવૃક્ષનું એ પરિપકવ ફલ છે. બીજાં બધાં પ્રકૃતિપ્રેર્યાં કર્મપરાયણ રહે છે; એમને શુભાશુભ કર્મ તથા કર્મફલનો વિવેક નથી, ભૂતભાવિની સમજણ નથી; સારાસારની પરીક્ષા કરવાની સ્વાભાવિક પ્રેરણા નથી અને તેથી જ એને ધર્મબુદ્ધિ સૂઝતી નથી. પરન્તુ મનુષ્ય એના કરતાં વિશેષ ઉચ્ચ સંસ્કારભર્યો સ્વભાવ ધરાવે છે. સમસ્ત શરીરના અવયવોના

જેમ ધર્મ છે, તેવી જ રીતે મનુષ્યના મુખ્ય ધર્મોમાં અંતઃકરણમાં રહેલી નિત્યસુખની ઝંખના, એને માટેની સમજણ, તથા એ માટેનાં કર્માકર્મનો વિવેક છે. અને તેથી જ બીજાં બધાં કેવળ કર્મક્ષેત્રના પ્રાકૃત ધર્મમાં વિચરે તથા જીવે છે, ત્યારે મનુષ્યને માટે સંસારનું ક્ષેત્ર કેવળ કર્મક્ષેત્ર નહીં પણ ધર્મક્ષેત્ર–કર્મક્ષેત્ર છે; એ કર્મક્ષેત્રને જ ગીતામાં કુરુક્ષેત્ર કહેલું છે, કારણ કે સંસ્કૃત ભાષામાં કુરુ એટલે 'તું કર' એવો અર્થ થાય છે. તારું જીવન ધર્મનું ક્ષેત્ર છે તેથી તું ધર્મક્ષેત્ર માનીને જીવન વિશુદ્ધ કર્મક્ષેત્ર થાય એવી જીવનવ્યવહારની કરણી યોજી લે.

આ સંસારનું કર્મક્ષેત્ર એટલે અણુપરમાણુથી માંડીને પ્રત્યેક જડચેતન પદાર્થપ્રાણીનું વિહારભુવન; સૌ એમાં પ્રકૃતિના ત્રણ ગુણને પરાધીન રહીને કર્મ કર્યા જ કરે છે, એમ કહો કે કર્મ ચાલ્યા જ કરે છે, એમાં વિવેક નહીં, વિચાર નહીં, ભૂતભાવિનાં, કર્મધર્મનાં ફલનું તત્ત્વ સમજવાની શક્તિ નહીં. પરન્તુ મનુષ્ય માટે આ સંસાર એકલું કર્મક્ષેત્ર નહીં, પણ ધર્મક્ષેત્ર છે એમ આપણે જોઇ ગયા. મનુષ્ય ધર્મક્ષેત્રમાં વિચરે, વિહરે, જીવે, સાધન કરે, કેળવણી પામે, શિક્ષા સ્વીકારે, સારાસાર વિવેકી બને ત્યારે એ મોક્ષસુખનો અધિકારી બને. તે વિના નહીં–નહીં અને નહીં જ.

કર્મક્ષેત્રમાં ધર્મને ઉમેરીએ ત્યારે મનુષ્ય બીજાં પ્રાણીપદાર્થ કરતાં જુદો તરી આવે છે. કારણ કે મનુષ્ય ઉન્નતિશીલ પ્રાણી છે; એને સંસારમાં અભ્યુદય–ઉન્નતિ અને અધ્યાત્મમાર્ગે શ્રેયસ્ એટલે મોક્ષ પામવાનો અધિકાર છે. ધાર્મિક જીવન વિના, નીતિમય વ્યવહાર વિના, વિધિનિષેધનાં બંધન સ્વીકાર્યા વિના, મોક્ષસુખ પામવાનો અધિકાર જ સાંપડતો નથી.

ધર્મપાલન માટેનાં શાસ્ત્રો સ્મૃતિગ્રંથો કહેવાય છે જેમાં મનુસ્મૃતિ આદિ સ્મૃતિઓ છે; એવાં જ બીજાં જે કર્મકાંડ તથા આચારવિચાર માટેનાં સ્મૃતિશાસ્ત્રો છે, એ માનવજીવનને અભ્યુદય અને શ્રેયસને ઊર્ધ્વ પંથે વાળનારાં છે. એ વિના જેઓ કેવલ પશુધર્મ જેવા અધર્મકર્મમાં રચ્યાપચ્યા રહી માનવધર્મનો અવિવેકી વ્યવહાર કર્યા કરે, ત્યારે મોક્ષસુખના અભિલાષી બનીને સાધનભજન ન કરે તો એ બધું ધૂળ ઉપર લીંપણ છે; નર્યો દંભ અને ઢોંગ છે.

*　　　*　　　*　　　*

ઉપર જે વિવેકચૂડામણિનો શ્લોક લખ્યો છે એમાં ચોકખું સમજાવ્યું છે કે અસત્ એટલે અધર્મમાંથી નિવૃત્તિ મળે એ જ વિદ્યાનું ફલ છે. મૃગજળને જળ માનીને એના આભાસમાં દોડયા જતા તરસ્યા મનુષ્ય કે મૃગના પ્રાણ જાય છે, પરિશ્રમ નકામો બને છે તેવી વિષયભોગનાં સુખ સગવડોને જ ધર્મ માનીને અસત્ પ્રવૃત્તિ કર્યા કરે તો જન્મજન્માન્તરે પણ દ્વંદ્વનો અંત આવતો નથી.

જીવનનાં પ્રત્યેક કર્મમાં સાવધાનતા રાખીને ધર્મપાલન થવું જોઇએ. મોક્ષગ્રન્થોમાં, ઇશ્વરભકિત વિષયક શાસ્ત્રોમાં, જ્યાં જુઓ ત્યાં ચારિત્ર્ય ઉપર ખાસ ભાર મૂકવામાં આવ્યો છે; રામાયણ, મહાભારત, ભાગવત, ભગવદ્દગીતા, વગેરે ગીતાઓ, તેમ જ ગુજરાતી ભાષામાં ઊતરેલી અન્ય સંતોની વાણીમાં જ્યાં જુઓ ત્યાં "શાંતિ પમાડે તેને તે સંત કહીએ" એવું લખીને 'સંતલક્ષણ'ની મોટી લાંબી ટીપ વાંચવામાં આવશે. ભગવદ્દગીતાના પ્રત્યેક અધ્યાયમાં અને ખાસ કરીને છેવટના જ્ઞાનકાંડના છ અધ્યાયમાં ગુણવિભાગ સમજાવીને સત્ત્વગુણનાં

લક્ષણો જીવનમાં ઉતારવા માટે એક આપ્યો છે, એ ખાસ યાદ રાખવા જેવું છે.

આ બધાં જીવનને ઘડવામાં ધર્મસાધન છે, કાચા ઘડામાં પાણી ભરીએ તો ઘડો અને પાણી બન્ને નકામાં થાય છે, તેવી જ રીતે ધાર્મિક સદાચારી જીવન વિના મોક્ષપ્રાપ્તિ માટે કરેલી સાધના નિષ્ફળ જાય છે.

વ્યવહારના કર્મક્ષેત્રમાં જીવનનિર્વાહ માટે જે કર્મો થાય છે, એમાં જ માનવીય જીવનનું ઘડતર થાય છે; મૂર્ખ લોકો વ્યવહારનું અને ઇશ્વરભકિત માટેનું જીવન, એ બન્નેનાં કામકાજ તથા આચારવિચારના વિભાગ પાડીને "વ્યવહારમાં તો એમ જ ચાલે" એવી મંદબુદ્ધિ વાપરીને પૂજા પાઠ, કે એવાં કર્મો કરે છે, થોડો વખત ભજનભકિત કરી લે છે, વેદાન્તના અભ્યાસીઓ વાતવાતમાં બધું એક જ છે, આત્મા જ સત્ય છે, સંસાર મિથ્યા છે એવી ટૂંકી બુદ્ધિ વડે વ્યવહારને જેમ ચાલતો હોય તેમ ચાલવા દે છે, ધર્મ—એ અધર્મ છે, અસત્ બુદ્ધિ છે.

જન્મથી મૃત્યુ સુધીનું જીવન એક અને અખંડ છે. જે જે વિચારો કે કર્મો થાય એ બધામાં ધર્મની ગૂંથણી છે: વ્યવહાર અને પરમાર્થ એવા જીવનના બે પૃથક્ તથા વિરોધી વિભાગ પડી શકે જ નહીં. જીવન અને ધર્મ જુદાં પાડી શકાય એમ જ નથી; ઉપર જોઇ ગયા તેમ પ્રત્યેક વસ્તુના ધર્મની પેઠે મનુષ્યનો પણ વિશિષ્ટ ધર્મ છે, અને તે છે સચ્ચિદાનંદની પ્રાપ્તિ માટે પ્રત્યેક વ્યાવહારિક કર્મમાં રાખવો પડતો સારાસાર ભર્યો વિવેક.

પ્રાપ્તિ શાંતિથી કરવાની છે અને કર્મો થાય છે અશાંતિનાં, મેળવવો છે મોક્ષ પરંતુ વ્યવહાર થાય છે અસંખ્ય બંધનો વધાર-

વાનો, જોઇએ છે નિત્યસુખ પણ ગડમથલ કરાય છે પ્રત્યેક ક્ષણે દુઃખના ડુંગર ખડકવાની, જોઇએ છે સંસારમાં રહીને શાંતિ પણ સંસારવ્યવહારનો ઇશ્વરભકિતના ધર્મસાધનમાં સમાવેશ ન કરતાં વ્યવહારને તદ્દન અધર્મમય માનીને એમાં તો ધરાય છે અસત્ય, દંભ, પ્રપંચ વ. રાખીએ તો જ અન્નવસ્ત્ર મળે એવી મૂર્ખતાભરેલી અવળી બુદ્ધિ.

જેવો ધર્મ તેવો મોક્ષ; બલ્કે જેટલું ધર્મમય જીવન તેટલાં સંસાર–પરમાર્થનાં બન્ને ક્ષેત્રોમાં અભ્યુદય અને આત્મકલ્યાણ. સંક્ષેપમાં જીવનનાં નિત્ય સુખની સફલતા–નિષ્ફલતાની ચાવી જ ધર્મ અને મોક્ષના સાધનમાં રહેલી છે.

કલ્પના કરો કે એક મનુષ્યને અઢળક ધનસંપત્તિ વર્યાં છે; સ્ત્રીપુત્રપરિવાર છે, મિત્રમંડળ છે, માનસન્માન સાંપડયાં છે, શરીર પણ નીરોગી છે, છતાં જો એ બધાં ધાર્મિકજીવનથી –પવિત્ર વ્યવહારથી પ્રાપ્ત નહીં કર્યાં હોય તો આ દેખીતો અભ્યુદય મૃગજળ જેવો મિથ્યા છે, અને એના અંતરમાં અશાંતિ, હૃદયદાહ, ચિન્તાભાર, અને અનિદ્રા જરૂર આવી પડવાનાં. ગમે તેટલું પુણ્યદાન કરે, તીર્થયાત્રાઓ ફરે, પાઠપૂજા કે જપવ્રત કરે, મોક્ષગ્રંથોનો સ્વાધ્યાય કરે, પરન્તુ એને અંતરમાં શાન્તિ નહીં હોય કારણ કે ધાર્મિકજીવન વિનાનું મોક્ષસાધન ધૂળ ઉપરના લીંપણ જેવું છે. એ બધું પાયા વિનાનું ચણતર છે.

તેનાથી ઊલટું કોઇને મહા મુશ્કેલીથી અન્નવસ્ત્રની સગવડ મળી હશે, સ્ત્રીપુત્રપરિવારનો સમૂહ નહીં હોય, સ્નેહીસંબંધી વિનાનો એકલો એકાકી રહેતો હશે, શરીર સાજુંમાંદું ચાલતું હશે, અને મોક્ષશાસ્ત્રોનું નામ પણ નહીં સાંભળ્યું હોય, દેવ-દર્શને નહીં જતો હોય, પાઠપૂજા નહીં કરતો હોય, છતાં પણ

જો ધાર્મિક–નીતિમય જીવન ગાળ્યું હશે; સત્ય, દયા, ક્ષમા જેવાં ધર્મસાધનો જીવનમાં ઉતાર્યાં હશે, તો સંતોષ, શાંતિ અને સુખનાં શીતલ ઝરણાં એના અંતરમાં વહેતાં હશે. કારણ કે સાંસારિક અભ્યુદયનું ચિહ્ન પુષ્કળ વૈભવસામગ્રી નથી. ધનવૈભવ માનસન્માન, સ્નેહીસંબંધીઓનો જમાવ તો મનુષ્યને, વાસના તથા તપશ્ચર્યાના ફલરૂપ છે. જેવી વાસના હશે તેવાં કર્મ થશે અને તે પ્રમાણે જડચેતન વસ્તુઓ એની આસપાસ ખડકાશે –એટલી બધી ખડકાશે કે બહારથી એ પોતે જ એમાં દટાઈ જશે. જીવનમાં ધર્મ નહીં હોય, કર્મક્ષેત્રને ધર્મક્ષેત્ર તરીકે નહીં માન્યું હોય, તો મનમાં અશાંતિ હશે.

અને જુઓ, પેલા કઠોપનિષદ્‌માં ભગવાન્ યમરાજ પ્રાણપ્રિય શિષ્ય નચિકેતાને ચોખ્ખું સંભળાવે છે કે:

> नाविरतो दुश्चरितान् ना शान्तो ना समाहितः ।
> ना शान्तमानसो वापि प्रज्ञानेनैनमाप्नुयात् ॥

૧–૨–૨૪

શબ્દાર્થ: જે પાપકર્મથી નિવૃત્ત નથી થયો, જેની ઇંદ્રિયો શાન્ત નથી; જેનું ચિત્ત અસમાહિત અને અશાન્ત છે, એવો (મનુષ્ય આત્માને) (કેવલ પાંડિત્યભર્યા) આત્મજ્ઞાન વડે જ નથી મેળવી શકતો.

વધારે સ્પષ્ટતા માટે ભ. શ્રી શંકરાચાર્યનું ભાષ્ય જોઇએ:–

"જે દુશ્ચરિત–પ્રતિષિદ્ધ કર્મ અટલે કે શ્રુતિ–સ્મૃતિમાં કહેલાં અવિહિત પાપકર્મથી અવિરત-અનુપરત નથી; જે ઈંદ્રિયોની ચંચલતાને લીધે અશાન્ત અર્થાત્ ઉપરતિશૂન્ય છે, એ અસમાહિત

એટલે જેનું ચિત્ત એકાગ્ર નથી—જે વિક્ષિપ્તચિત્ત છે એ પણ નહીં; તથા સમાહિતચિત્ત હોવા છતાં પણ જે એ એકાગ્રતાના ફલનો ઈચ્છુક હોવાથી અશાન્તચિત્ત છે—જેનું ચિત્ત નિરન્તર ચંચલ રહ્યા કરે છે, એ પુરુષ પણ પ્રસ્તુત આત્માને કેવલ આત્મજ્ઞાન દ્વારા જ નથી પ્રાપ્ત કરી શકતો. તાત્પર્ય કે જે પાપકર્મ અને ઇંદ્રિયોની ચંચલતાથી હઠી ગયેલો તથા સમાહિતચિત્ત અને એ સમાધાનના ફલથી ઉપશાન્ત મનવાળો થયો છે, એવો આચાર્યવાન્ સાધક જ બ્રહ્મજ્ઞાન દ્વારા ઉપર્યુક્ત આત્માને પ્રાપ્ત કરી શકે છે."

આત્મજ્ઞાન દ્વારા મોક્ષ મળે છે એ વાત સોએ ટકા સાચી. બ્રહ્મજ્ઞાનનો મહિમા અપરંપાર છે એમાં કોઈથી ના કહેવાય એમ નથી. પણ એ તો છે ધર્મપ્રાણ જીવાત્મા માટે. અધર્મના ક્ષેત્રમાં આંધળો બનીને અટવાતો હોય, પ્રાપંચિક વ્યવહારની આંટીઘૂંટીઓમાંથી છૂટી શકતો ન હોય. લોભમોહના બંધનમાં જ ફસાઇ પડચો હોય, એવો મનુષ્ય મોક્ષમાર્ગનો અધિકારી નથી. એટલા જ માટે કઠોપનિષદ્ કહે છે કે કેવળ આત્મજ્ઞાનની ચર્ચા શીખી લેવાથી આત્મપ્રાપ્તિ થતી નથી. એને માટે ધર્મમય જીવન જોઈએ. શાસ્ત્રોએ જેનો નિષેધ કર્યો છે, શ્રુતિ તથા સ્મૃતિ શાસ્ત્રોએ જેમાંથી અળગા રહેવાનો આદેશ કર્યો છે, એવાં આસુરી-રાક્ષસી વૃત્તિનાં કાર્યોમાંથી જે વિરામ પામ્યો હોય, એવાનો જ એમાં અધિકાર છે. પાપકર્મ ન કરે એટલું જ નહિ પણ પુણ્યકર્મથી જીવનને પાવન કરેલું હોવું જોઈએ; એના વ્યવહારમાં ધર્મની સુવાસ હોવી જોઇએ.

ઇંદ્રિયોની ચંચલતાને લીધે એ અશાન્ત ન હોવો જોઇએ. વિષયોનાં દર્શન-સંયોગથી જેની ઇંદ્રિયો ચંચલ થાય એનું મન પણ શાન્ત હોતું નથી. ઇંદ્રિયો અને મન વિષયોથી અધર્મ-

ભર્યાં જીવનવ્યવહારથી મુક્ત હોય તો ઇંદ્રિયો સ્થિર અને મન શાન્ત થઈ શકે છે. એમ છતાં પણ આસનની સ્થિરતા કેળવીને ધ્યાનમાં બેસીને ચિત્તને ચંચલ તથા સવિકલ્પ દશામાં રાખ્યા કરનો હોય તો તેવાને પણ આત્માજિજ્ઞાસામાં તીવ્રતા આવતી નથી. કારણ કે દ્વૈતસમૂહના ભોગવિષયના વૈરાગ્ય વિના અદ્વૈત આત્મપ્રતિ મનોવૃત્તિનો વેગ સંભવી શકતો નથી. તે ઉપરાંત એવો સાધક આચાર્યવાન્ એટલે ગુરુશરણરત હોવો જોઈએ. કારણ કે બધી સાધનામાં સાધન તથા સિદ્ધાન્તને સમજવાની જરૂર છે તેના કરતાં પણ વધારે એને જીવનમાં ઉતારીને અનુભવ કરવાની છે. વેદાન્તના શબ્દોમાં બોલીએ તો જ્ઞાનના જે બે પ્રકાર કહ્યા છે તે તદ્દન વાસ્તવિક છે. એક પરોક્ષ જ્ઞાન અને બીજું અપરોક્ષ જ્ઞાન. શાસ્ત્ર તથા સાધન વિષયક જ્ઞાન મેળવવું એ પરોક્ષ જ્ઞાન છે અને એ પ્રમાણે અનુભવ કરવો એ અપરોક્ષ જ્ઞાન છે. એટલા માટે આચાર્ય –ગુરુની વ્યાખ્યા કરવામાં વેદાન્તશાસ્ત્ર ખૂબ જ સાવધાનતા રાખે છે અને કહે છે કે ગુરુ શ્રોત્રિય અને બ્રહ્મનિષ્ઠ બે લક્ષણયુક્ત હોવો જોઇએ.

શ્રોતિય એટલે શ્રુતિધર; ભાષાશાસ્ત્રના અધ્યયનથી બનેલો વિદ્વાન હોય, અથવા અક્ષરજ્ઞાન ન હોવા છતાં પણ અનેક અનુભવી સન્તોના મુખથી શાસ્ત્રશ્રવણ કરીને બહુશ્રુત બનેલો હોય તે પણ શ્રોત્રિય કહેવાય છે. તત્ત્વવિષેની ચર્ચાની અકાટ્ય યુક્તિથી પોતાનો સિદ્ધાન્ત પ્રતિપાદન કરી શકે સ્મરણશક્તિના ભંડારમાં–પુસ્તકાલયમાં જેમ પુસ્તકો ભર્યાં હોય તેમ–ભણીગણી કે ગોખીને શાસ્ત્રોને ગોઠવી રાખ્યાં હોય તેનો યથાપ્રસંગ ઉપયોગ કરીને બુદ્ધિના સંશયને દૂર કરી શકે એ છે કેવલ શ્રોત્રિય : આ થયું એક વિશેષણ.

હવે બીજું વિચારીએ. કહે તે પ્રમાણે કરી બતાવે એવો સંત બ્રહ્મનિષ્ઠ કહેવાય છે. પુસ્તકો ભણીભણીને રસોઇ ને કળા વિષે કોઈ પુસ્તક લખે, પરન્તુ કોઈને રાંધવા ન શીખવી શકે એ છે શ્રોત્રિય પાચક; અને અનુભવ પ્રમાણે રસોઇ કરી બતાવે અને શીખવી શકે એ છે અપરોક્ષ પાચક—એવું જ બધાં શાસ્ત્રસંબંધમાં છે.

બ્રહ્મજ્ઞાન કહેવા, કથવા, વર્ણવવા, વાતો કરવા, કે પ્રશંસા કરવાનો જ વિષય નથી. મોક્ષનાં રોચક વર્ણન સાંભળીને કાંઇ એ દિશામાં આંધળી દોટ મૂકવાની નથી. માર્ગ વિકટ છે અને કઠોપનિષદ્ એને અસ્ત્રાની ધાર ઉપર ચાલવા જેવો કહે છે. એને માટે જે તૈયારી જોઈએ એને માટે જ મનુષ્યે પોતાના જીવનના કર્મક્ષેત્રને ધર્મક્ષેત્ર બનાવવું જોઇએ. ધર્મક્ષેત્ર વિનાનું કર્મક્ષેત્ર અપયશ, પરાજય અને સર્વનાશ નોતરે એવું છે. અંધ ધૃતરાષ્ટ્ર પરાધીન જીવાત્મા છે, છતાં એનો સારથિ દીર્ઘદૃષ્ટિ સ્વરૂપ સંજય છે. પાંડવોના પક્ષમાં ભગવાન્ શ્રીકૃષ્ણ છે, અને પાંડવો ધર્મપ્રાણ છે એટલે જ એનો વિજય છે. અંધ જીવાત્માને અંધપત્ની છે, અસંખ્ય વિષયવૃત્તિઓ જેવા પુત્ર છે, રાજ્ય છે, વૈભવ છે, પરન્તુ અધર્મઆચરણ છે, એટલે સર્વનાશ થાય છે.

ત્યારે પાંડવો—પાંચેય પાંડવો શુદ્ધ મનોવૃત્તિઓવાળા છે, ધર્માચરણી છે, ભગવાનને શરણ છે, ધર્મક્ષેત્રમાં કમક્ષેત્ર જમાવે છે, એટલે પરિણામે સામ્રાજ્યરૂપ અભ્યુદય અને સ્વર્ગપ્રાપ્તિરૂપ શ્રેયસ્ પણ મળવે છે.

આપણે મુદ્દા તારવીએ.

(૧) જીવનનો આધાર ધર્મ છે; અધર્મી આચરણ થાય એટલે

મનુષ્યત્વનો નાશ થતાં કેવલ પશુત્વ જ બાકી રહે છે, જેમાં શ્રેયસ્‌પ્રાપ્તિનો અધિકાર જ નથી રહેતો.

(૨) કર્મક્ષેત્રને ધર્મક્ષેત્ર બનાવાય તો સાંસારિક અભ્યુદય અને મોક્ષસ્વરૂપ શ્રેયસ્ અનાયાસે—પરિણામરૂપે આવી મળે છે.

(૩) ધર્મક્ષેત્રના યુદ્ધમાં સાથે આચાર્ય જોઇએ. એ આચાર્ય શ્રોત્રિય બ્રહ્મનિષ્ઠ જોઈએ. વાતો કરનાર, શાસ્ત્રપંડિત, તર્કકુશળ કે પંડિતમન્ય નહીં. અનુભવી અને સ્વરૂપનિષ્ઠામાં અંતઃકરણને તરબોળ રાખી જીવનવ્યવહાર ચલાવે, ચલાવતાં શીખવી શકે તે આચાર્ય.

(૪) વ્યવહારમાંથી નાસભાગ કરવાની નથી; જ્યાં શરીર જશે ત્યાં વ્યવહાર હશે; માટે વ્યવહારનો ત્યાગ ન કરતાં એને ધર્મમય બનાવવો જોઇએ. ત્યાર પછી અસત્‌માંથી સ્વાભાવિક રીતે જ નિવૃત્તિ આવી મળશે.

(૫) ધર્મમાર્ગે જીવન ગાળતાં શરૂઆતમાં જીવનવ્યવહારમાં થોડી હાનિ જણાશે. પાંડવોનાં વનવાસ જેવી તપશ્ચર્યા હશે કે થશે તો જ પાછળથી જે અભ્યુદય થશે એ શ્રેયસ્ અપાવશે. શ્રેયસ્ ફલ હોય તો ધર્મમય અભ્યુદય સાધનવૃક્ષ છે.

(૬) શ્રેયસ્ દ્વારા મેળવેલી શાન્તિ વિનાનો સાંસારિક અભ્યુદય સાચો અભ્યુદય નથી. ધર્મ વિનાના વૈભવભંડાર મડદા ઉપરનો શણગાર છે. અથવા જડ પુતળાં ઉપર ગોઠવેલાં આભૂષણમાત્ર છે.

(૭) અત્યારે સાચો અભ્યુદય નથી, અને દેખાય છે તે મડદાના શણગાર જેવો છે, તેથી જ જીવનમાં જ્યાં ત્યાં અશાંતિ અને કલેશ ઉભરાઇ પડ્યાં છે. શાન્તિ અને સંતોષ હશે,

ધર્મમય જીવન હશે તો એ દ્વારા મેળવેલો અભ્યુદય શાંતિ અને સંતોષને ટકાવી રાખશે.

(૮) સૂર્ય, ચંદ્ર, ગ્રહમંડળ, પૃથ્વી, સમુદ્ર, અને આપણા ગ્રહ ઉપરનો જડચેતન વસ્તુસમૂહ સૌ પોતપોતાના સ્વભાવ-ધર્મ પ્રમાણે જીવન ગાળે તો સુખી અને સુરક્ષિત રહી શકે. જડપદાર્થમાં તો સ્વભાવના પરિવર્તન સાથે વસ્તુનું રૂપાન્તર થાય છે, અને રૂપાન્તર થતાં સ્વભાવ બદલાય છે એવો અન્યોન્ય આશ્રય ધર્મ ચાલે છે.

(૯) પરન્તુ મનુષ્યની ઉન્નતિમાં ત્રણ ગુણ પ્રમાણે વિચાર કરવાનો છે; ઉપરાંત એમાં બહારના વ્યવહારક્ષેત્રમાં પરાધીનતા છે, ત્યારે અંદર વિચારમાં સ્વતંત્રતા છે.

(૧૦) ત્યેક કર્મનું મૂળ વિચારમાં છે; વિચારમાં ઇચ્છાનું મિશ્રણ હોય છે. કર્મનાં ફલ તપાસી જોવાની મનુષ્યમાં વિવેકબુદ્ધિ છે. ઈચ્છા પ્રમાણે કર્મ અને કર્મ પ્રમાણે ફલ મળ્યું છે કે નહિ એની એનામાં સમજણ છે.

(૧૧) ઈચ્છા પ્રમાણે કર્મફલ ન મળે એટલે એ ઈચ્છા અને કર્મની પદ્ધતિ ફેરવી શકે છે. કારણ કે રજસ્‌ને તમસ્‌ભર્યાં અવિવેકી જીવનવ્યવહારમાંથી સત્ત્વમય વિવેક વિચાર કરવાનાં એનામાં સામર્થ્ય અને સ્વતંત્રતા છે.

(૧૨) વિચારસ્વાતંત્ર્ય એ મનુષ્યનો સ્વભાવસિદ્ધ અધિકાર છે. તેથી જ એ વર્તમાનમાંથી ભવિષ્ય ઘડી શકે છે, પરિવર્તન કરીને સુધારણા કરી શકે છે અને ઉન્નતિનો ક્રમ સ્વીકારી અભ્યુદય તથા શ્રેયસ્‌ પામી શકે છે.

*　　*　　*　　*

જન્મજન્માન્તરનાં ઇચ્છા, કર્મ અને કર્મફલના, ત્રણ ગુણના, તથા અન્ય ત્રિપુટીસમૂહના ચક્રમાં ફરતો અટવાતો જીવાત્મા જયારે વિચારવિવેક કરવામાં સ્વાતંત્ર્ય મેળવવાનો અધિકારી થાય ત્યારે એને મનુષ્યશરીર મળે છે; એમાં ત્રિગુણાત્મક-ધર્મ પ્રમાણે ઉત્તરોત્તર શુભાશુભ શરીર પામે છે અને છેવટે અસત્‌માંથી સંપૂર્ણ નિવૃત્તિ મેળવીને અધ્યાત્મમાર્ગે પ્રવૃત્ત થાય છે.

અસત્‌માંથી નિવૃત્તિ અને સત્‌માં પ્રવૃત્તિ થાય ત્યારે એને બાહ્ય અભ્યુદયની પણ નિઃસારતા સૂઝે છે. ધનવૈભવની વિપુલતા, માનવસમૂહના અસંખ્ય સંબંધો, હર્ષ, માન, લાભ જેવાં પ્રીતિકર પ્રલોભનોની વિપુલતા–એ બધાં એને નિઃસાર લાગે છે, ત્યારે કેવળ આત્મકલ્યાણ માટેની જ પ્રવૃત્તિમાં લાગી જાય છે. અધ્યાત્મ-માર્ગે જતાં જે શુભકર્મ, દેવકર્મ, ઉપાસના, ઈશ્વરપરાયણતા, એ નિમિત્તે જ જીવનની રહેણીકરણી વગેરેની જે પ્રવૃત્તિ થાય એ વાસ્તવિક રીતે જોતાં પ્રવૃત્તિ નહીં પણ નિવૃત્તિ કહેવાય છે. જો કે એ શરીરને ક્રિયાશીલ રાખે છે ખરાં, પરન્તુ વાસ્તવિક રીતે એ બધાં કર્મો અસત્‌ની નિવૃત્તિ કરાવે છે, આત્મજ્ઞાન અપાવે છે, અધર્મમાંથી ધર્મમાર્ગે વાળીને એ દ્વારા પ્રાપ્ત થતા સાંસારિક અભ્યુદયનો વૈરાગ્ય અપાવે છે. કેવલ બ્રહ્મવિદ્યાની જ જિજ્ઞાસા, દ્વંદ્વથી મુક્ત થવાની ઇચ્છા ( મુમુક્ષા ) અને એ ઉપરતિ, શ્રદ્ધા તથા સમાધાન વગેરે ધર્મોનો એનામાં વિકાસ થાય ત્યારે એનાં કર્મો લોકોત્તર બને છે. જે માર્ગે અને સાધનધર્મથી એને આત્મલાભ મળ્યો હોય છે, એવાં દેવપૂજા, તીર્થયાત્રા, જપ, તપ, વ્રત, સ્વાધ્યાય વગેરેને પોષણ મળે એવાં કર્મ, ઉપાસના તથા જ્ઞાન માટેનાં સાધનોની વિપુલતા એ ગોઠવી આપે, જનસમૂહને એ માર્ગે દોરવણી આપવા ઉપદેશ આપે, લખે કે નિયમો બાંધી આપે એ બધાં નિવૃત્તિ-

માર્ગનાં શાસ્ત્રો કહેવાય છે. એ પ્રમાણે થતો કર્મવ્યવહાર નિવૃત્તિ ધર્મ ગણાય છે. ઋષિઓ, અવતારો, આચાર્યો અને સંતમહન્તોનાં જીવનનો જ્ઞાનદીપ પ્રજવલિત રહીને માનવસમૂહને માર્ગદર્શક બને છે.

સંસાર એક ચક્ર છે; પૈડું ગોળ ફરે ત્યારે એના આરા વારાફરતી એક જ સ્થિતિમાં જેમ આવે છે, તેમ જગતમાં કાલના આરવારા ચાલે છે અને પ્રાતઃ મધ્યાહ્ન, સાયં અને રાત્રિની પેઠે, યુગચોકડીના ક્રમ ગોઠવાય છે. જેવો યુગ તેવો માનવસમૂહનો સ્વભાવ એ પ્રમાણે બહુમતિ લઘુમતિના ભેદો પડે છે. શુભધર્મના પાલન દ્વારા ઉન્નત જીવાત્માઓ મુકત થાય છે, જયારે પાશવીય જીવનમાંથી માનવશરીર પામેલો જનસમૂહ પાછો સુધરવા અને ઉન્નત થવા પૃથ્વી ઉપર આવી ચડે છે. પુનર્જન્મનો સિધ્ધાન્ત ન સ્વીકારીએ તો પણ માનવ-સમૂહમાં ધર્મઅધર્મનાં યુધ્ધ સનાતન કાલથી ચાલ્યાં આવે છે; એમાં હારજિત ચાલે છે અને કાલબલ પ્રમાણે ગુણના વત્તાઓછા પ્રમાણના આંદોલનો ચાલે, તે પ્રમાણે માનવવંશની સંસ્કૃતિનો પ્રવાહ ચાલુ રહે છે.

વેદધર્મની પ્રાચીનતા સર્વમાન્ય હોઈ, એના આદ્યદ્રષ્ટા ઋષિઓએ પોતાની સંસ્કૃતિને સર્વોત્તમ કક્ષાએ પહોંચાડી હતી એ સર્વસિધ્ધ હકીકત છે. એમનાં શ્રુતિસંગ્રહો, સ્મૃતિશાસ્ત્રો, તેમ જ સાંસારિક વિદ્યાઓનાં જાગતાં દૃષ્ટાન્તો એટલાં બધાં છે કે ભારતવર્ષની પ્રજાને સાંસારિક અભ્યુદય અને અધ્યાત્મશ્રેયસ્ માટે બીજી કોઇ પ્રજાનાં ઉપદેશદૃષ્ટાન્તનું અનુકરણ કરવાની આવશ્યકતા નથી.

સત્ય સંયમ, સેવા, વીરતા, ધૈર્ય તેમ જ એવાં બીજાં

અસંખ્ય સત્ત્વગુણી સાધનોને જીવનમાં ઉતારીને એમણે સાંસારિક અભ્યુદય સાધ્યો હતો જેનાં પુરાણોમાં વર્ણન છે; સાંસારિક સંપત્તિઓની છોળો ઊડતી વાંચીએ છીએ, અને એની જ સાથે સાથે બ્રહ્મવિદ્યાનાં અમોઘ અને કલ્યાણકર વર્ણનો પણ જોવા મળે છે.

દ્વૈત અને અદ્વૈત તત્ત્વજ્ઞાનના કોઈ ઠેકાણે વાદવિવાદ હશે, દ્વૈતવાદીઓ પરસ્પર ખંડનમંડનમાં લડયા આખડયા હશે પરન્તુ એ બધાયના મૂળમાં વેદજ્ઞાનનો ભંડાર એવો શાંતિપ્રેરક છે, તથા સર્વમાન્ય છે કે બધા સાધન વિષેના ભેદવાદના વ્યવહારમાં રહીને પણ અભેદમાર્ગના સમાધાનમાં અવિરોધભાવે સહિષ્ણુતા સાચવી રાખે છે

જૈન અને બુદ્ધ ધર્મમાં બાહ્ય ત્યાગને જ પ્રધાનતા આપી છે, ત્યારે વેદધર્મમાં વર્ણભેદ અને આશ્રમવ્યવસ્થાની યોજના હોવાથી સાંસારિક અભ્યુદયનો નિષેધ કર્યો નથી. અને ધર્મનું લક્ષણ બાંધતાં જે અભ્યુદય અને શ્રેયસ્ અપાવે એ જ ધર્મ–એવી સર્વમાન્ય નહીં તો બહુમાન્ય વ્યાખ્યા બંધાઇ છે.

* * * *

વર્તમાનયુગમાં જે પોતાને સાધક, જિજ્ઞાસુ, ઉપાસક, ભકત, મુમુક્ષુ, એવી નિર્વૃત્તિપરાયણ પદવીધર માનતો હોય એણે વ્યવહારનો નિરાદર નહીં કરતાં જીવનને ધર્મપરાયણ કરવાની સતત કાળજી રાખવાની છે. જીવન ધર્મયુદ્ધ છે, સંસાર કર્મક્ષેત્ર છે, અધર્મને હરાવીને ધર્મમય વિજય મળે તો અભ્યુદય થશે. એવા અભ્યુદયનો આંતરિક અનાસકિત-સ્વરૂપ વૈરાગ્ય આવશે તો દેહસેવા, કુટુંબસેવા, પ્રાન્તસેવા, દેશસેવા, જનસેવા, કે વિશ્વસેવાનાં વ્યાખ્યાનો આપવા–સાંભળવાની, પક્ષાપક્ષ બાંધવા–તોડવાની દલબંધીની કશી ભાંજગડ નહીં રહે. જીવનમાં ધર્મ હશે તો સુખશાન્તિ હશે; અધર્મ હશે તો

અશાન્તિ અને ક્લેશ આપોઆપ આવશે. અત્યારની મોક્ષ વિષયક દોડધામ સૂચવે છે માનવજીવનનાં અશાંતિ અને ક્લેશ; એમાંથી બચવું હોય તો ધર્મપાલન કરો, કારણ કે ક્લેશ અને અશાંતિનું કારણ છે સાંસારિક અભ્યુદયનો અભાવ. જુઓ ઉપનિષદ્‌ના નવનીત જેવો ભ.ગી. નો ગુટકો શું કહે છે?–સાંભળો.

यत्र योगेश्वरो कृष्ण यत्र पार्थो धनुर्धर:
तत्र श्रीर्विजयो भूतिर्ध्रुवा नीतिर्मतिमम ।। १८–७८

અર્થ: જ્યાં ( મોક્ષસ્વરૂપ, અધ્યાત્મવિદ્યાની ચેતનમૂર્તિ, શ્રોત્રિય બ્રહ્મનિષ્ઠ જગદ્‌ગુરુ ) શ્રી કૃષ્ણ છે, અને જ્યાં ( ધર્મક્ષેત્રમાં યુદ્ધ કરનાર કર્મવીર ) ધનુર્ધારી અર્જુન છે, ત્યાં શ્રી ( વૈભવ, લક્ષ્મી ) વિજય ( જીવનનો ધર્મપક્ષે જય ) વિભૂતિ ( અભ્યુદય ) અને અચલ નીતિ છે, એવો મારો મત છે.

ધર્મમાર્ગે અભ્યુદય હશે તો જ એ નીતિને માર્ગે અનાયાસે મોક્ષપદ મેળવાશે. શ્રોત્રિય બ્રહ્મનિષ્ઠનું શરણ હશે, તો બ્રહ્મસુખનું આસ્વાદન થઇ શકશે અને એ રીતે જો રહેણીકરણી ગોઠવાશે તોજ–ખરેખર તો જ તમે ઇચ્છો છો તે બધું આત્મકલ્યાણકર મેળવી શકાશે.

ધર્મ દ્વારા અભ્યુદય; એ અભ્યુદય દ્વારા સંતોષ, સંયમ, શાંતિ અને સદાચાર એ સાત્ત્વિક સંપત્તિ દ્વારા અંતઃકરણની શુદ્ધિ, એ શુદ્ધ ચિત્તમાં સર્વવ્યાપક બ્રહ્મના પ્રતિબિંબ જેવી આત્માકાર વૃત્તિ; એ વૃત્તિની દઢતા એટલે જીવનમુક્તિ! ૐ

( જૂન–૧૯૫૨ )

૬

# ધ્યાનનાં વિઘ્નો

"જપમાં મન નથી લાગતું; ધ્યાનમાં એકાગ્રતા થતી નથી." આવી ફરિયાદ કરનારાં પોતાને તો ધ્યાન માટે ઉત્તમ અધિકારી જ માનતાં હોય છે. પરન્તુ કેવું મન ધ્યાનમાં સ્થિર થઇ શકે એનો વિચાર કરવો જોઇએ. તમારે ધ્યાન કરવા બેસવું છે ને? શરીરને નહાઇ ધોઇને સ્વચ્છ બનાવ્યું હશે, સગવડ પ્રમાણે એકાન્ત સ્થાને આસન પાથર્યું હશે; આસપાસ કે સામે ધૂપ-દીપ-નૈવેદ્યથી ઇશ્વરને પ્રસન્ન કર્યાનો સંતોષ લીધો હશે, પૂજા, પાઠ કે સ્તોત્રભજનથી ઈશ્વરને નિમંત્રણ કરીને માનસિક પધરામણી કરી લીધી હશે આટલા શરૂઆતના નિયમનું જરૂર પાલન કર્યું હશે. તે ઉપરાંત ધ્યાન સમયે સૂક્ષ્મ રીતે સમીપ રહીને તમારા વિધિનિષેધની રક્ષા કરે, મનનાં ભાવભકિતમાં પ્રાણ પૂરે એવા બ્રહ્મવિદ્ ગુરુદેવને અંતરમાં પધરાવ્યા હશે; એમનો અશીર્વાદ, વાત્સલ્ય અને કૃપાભર્યો હાથ તમારા વિજ્ઞાનમય મસ્તિષ્ક ઉપર રખાવ્યો હશે; હા, હશે જ તો; ત્યારે જ તમે ફરિયાદ કરી શકો કે આટઆટલું કર્યા છતાં પણ મન એકાગ્ર કેમ થતું નથી?

અને જુઓ; યોગેશ્વર શ્રીકૃષ્ણ કહી ગયા છે તે પ્રમાણે તો કરી જ ચૂકયાં હશે–એમણે કહ્યું છે છે કે:

कामात्मानः स्वर्गपरा जन्मकर्म फलप्रदाम् ।
क्रियाविशेषबहुलां भोगैश्वर्यगतिं प्रति ॥
भोगैश्वर्यप्रसक्तानां तयोपहृतचेतसाम् ।
व्यवसायात्मिका बुद्धिः समाधौ न विधीयते ॥

ભ. ગી. અ. -૨-૪૩/૪૪

અર્થ : જેના અંતઃકરણમાં વિષયવાસનાઓ ભરેલી હોય, સ્વર્ગલોકની (ઇંદ્રિયસુખની) જેનામાં ઝંખના હોય, ભોગ અને ઐશ્વર્યની પ્રાપ્તિ માટે જન્મ મળે ત્યારે કર્મફલ ચાલુ રહે એવી ખાસ ક્રિયાઓ કર્યા કરતા હોય, ભોગ અને ઐશ્વર્યમાં જ આસકત રહેવાથી જેમનું ચિત્ત હરાઇ ગયેલું હોય તેવાઓની અનેક વ્યવસાયમાં રખડતી બુદ્ધિ સમાધિ માટે અધિકારી બની શકતી નથી.

આ પ્રમાણે પણ તમે બુદ્ધિને તદ્દન ચોખ્ખી બનાવી દીધી હશે. વારુ, ત્યારે હવે શા માટે મન ઇશ્વરભજનમાં નથી લાગતું ? શા માટે જપ કરતી વખતે જ જાતજાતના બીજા સંસારી વિચારો મનમાં અવગતિયા થઈને કૂદાકૂદ કરે છે ? ધ્યાન કરવાની તૈયારી કરતી વખતે જ શા માટે ઇષ્ટદેવ કે ભગવાન તમારા મનના મંદિરમાંથી બહાર નાસી જાય છે ?

બેપાંચ વર્ષ ચાલે એટલાં અન્નવસ્ત્ર તો ઘરમાં ભર્યાં છે ને ? પાંચદસ પેઢી સુધી રહી શકે એવાં મકાન પણ તમારે તો હશે. એક નહીં પણ બબ્બે જન્મ સુધી વાપરી શકો એટલાં કપડાં પણ કબાટ-પેટીઓમાં સાચવીને રાખી દાબી મૂક્યાં હશે; ઘરેણાંની તો વાત જ શા માટે પૂછવી ? એ તો ગુપ્ત ધન; પરસ્પર પતિપત્નીને પણ એક બીજાનાં ધનની ખબર ન પડે એટલી ગુપ્તતા સચવાતી હશે. ઝવેરાતની વાત દૂર રહી, પણ

ભલું હશે તો ચાંદીનાં વાસણોના પણ થાળીવાડકા, કે છેવટે ચાપાણી પીવાના થોડા પ્યાલારકાબી તો હશે જ ! આ બધું હોવા છતાં તમને એવી કઇ ચિન્તા ઘેરી લે છે કે ભગવાન તે જ વખતે યાદ નથી આવતા ? પણ આ બધાની સાથે ભગવાનનું ધ્યાન શા માટે કરવું છે એનો વિચાર કર્યો છે ? ભગવાનનું શું કામ પડયું છે તમારે ? કામ વગર તો કોઇ સાથે સંબંધ ન જોડો એવાં તમે નિર્મોહી છો.

કદાચ સગાંસંબંધી સારાં નહિ મળ્યાં હોય ! પણ તમે પોતે તો પારકી પંચાત વહોરી લ્યો એવાં નથી ને ? અને હોય તોયે અત્યારે, સવારે બ્રાહ્મમુહૂર્તે તો એ તમને સતાવવા નથી આવતાં ?! પ્રાતઃકાળે ચાર સાડાચાર વાગ્યે ઊઠી નહાઇ ધોઇને ઈશ્વરનું ધ્યાન ધરવા બેસો ત્યારે આસપાસનાં કે બીજાં સંસારી સ્નેહી સંબંધીઓ તો હજુ પાટપથારીમાં ઘોરતાં પડચાં હશે !

વેપારમાં નુકસાન થઈ ગયું છે ? થશે એવી બીક છે ? ધંધો બરાબર નથી ચાલતો એમ ને !? નોકરીમાં ઠીક નથી પડતું કાં ? શેઠ બહુ ખરાબ છે, નોકરીમાં શરીર તવાઇ જાય છે; મનમાન્યું મહેનતાણું નથી મળતું, ડગલે ને પગલે અપમાન થાય છે, દિવસની ચિન્તાથી રાતે પણ નિરાંતે ઊંઘ નથી આવતી.—ખરેખર ! તમારી ફરિયાદો આ જગત સામે બહુ હશે નહિ વારુ ? પણ એથી ભગવાનને શું ? એ બધું કયાં ભગવાને કર્યું છે કે બધું સુધારી આપવા આવે ?

આ બધી ફરિયાદો દાખલ કરવાની કચેરી તો ભગવાનની જ છે એમ તમે માન્યું છે. કારણ કે તમે તો ભગવાનના ભક્ત છો; બ્રહ્મપ્રાપ્તિ માટેના મુમુક્ષુ છો; લોકો તમને એ રીતે જ ઓળખે છે ના ? તમને એ રીતે ઓળખે એ જ

તમને ગમે છે ના? સાચી વાત છે, તમને સંસાર અને સંસારી વિષયો ઝેર જેવા લાગે છે. જન્મમરણની દુગ્ધા તમને ગમતી નથી, તમે વ્રતધારી હશો. અગીઆરશ, પૂનમ, સોમવાર, ગુરુવાર, શનિવાર, રામનવમી, જન્માષ્ટમી, શિવરાત્રિ, અરે મહિનામાં પાંચસાત દિવસ તમે મનમાન્યું ફલાહાર કરીને અપવાસી રહેતાં હશો. રોજ પૂજા પણ નિયમિત કરો છો! ઊઠીને શૌચસ્નાનથી વહેલા પરવારી લો છો; ચાનાસ્તો પણ સવારમાં કરતા હશો. હાસ્તો! અત્યારે તો સવારમાં ઊઠતાં વેંત પહેલો ધંધો ચાનાસ્તાનો! તમારા જેવા કુટુંબવત્સલ ગૃહસ્થાશ્રમીઓ છોકરાંને શી રીતે ભૂખ્યાં જોઇ શકે? અને એ બહાને તમને ય ખાવાનું મળે! એટલું પતાવીને તમે પાઠ કરતા હશો. ભલા હશો તો ભ. ગીતાના અઢારે અધ્યાય વાંચી જતા હશો. અર્થ નહીં આવડતો હોય તો પણ સંસ્કૃત શ્લોકનો જ પાઠ કરતા હશો. કારણ કે તમને નહીં પણ ભગવાનને તો બધીય ભાષા આવડે છે ને! અને ભગવાનને એ જ વધારે ગમે છે એમ તમે માનો છો, નહિ વારુ? રામરક્ષા, ચંડી, હનુમાન ચાલીસા, નારાયણ કવચ કે એવું બીજું જરૂર વાંચીને સંતોષ મેળવતા હશો, ઘીનો દીવો પણ ત્યાં કર્યો હશે, પાસે અગરબત્તી બાળીને સુવાસ લેતા હશો અને પૂજા માટે મૂર્તિ હશે તો પુષ્પ-ચંદન ચડાવતા હશો. વસ્ત્રથી શણગારી શકાય એવી હશે તો બે રેશમી કકડા પણ એને માટે વાપર્યા હશે. ચપટી મોરસ, એકબે દાણા કિસમિસના, કે નારંગી, મોસંબી કે કેળાંનો પ્રસાદ ધરાવ્યો હશે. આ બધુંય કરવામાં તો તમે પેઢી દર પેઢીથી કુશળ બની બેઠા છો. એમાં ઊણપ આવી જાય એવા તો તમે ભૂલકણા નથી જ.

સવારે દેવમંદિરમાં દર્શન કરી આવતા હશો, અને એટલા જ

માટે કે ઘરની દેવપૂજા હમેશાં યાદ આવ્યા કરે. સાંજે કથાવાર્તામાં જવાનું પણ ભૂલો એવા નથી, કામધંધાથી પરવારીને તમે નિરાંતે જઇ શકો એટલા માટે તો મહાત્માઓ સાંજે, સાયંકાલે કથા કરે છે. થોડાં ફલફૂલ લઇ જતા હશો. કથાકાર મહાત્માને ચડાવતા હશો. વારતહેવારે સીધુંસામાન પણ પહોંચાડતા હશો અને મંદિરો, મઠો, કે આશ્રમોમાં તમારા માટે જ ઉત્સવો ઊજવાય છે, એમાં જઇને શોભામાં વૃદ્ધિ કરતા હશો. ઉત્સવોનાં સામૈયાં ને ફુલેકામાં તમારા જવાથી જ મહાત્માઓનો ઉત્સાહ વધે ને!? રાતે પણ કોઇ કિંકર મહારાજનાં ભજનો સાંભળતાં હશો. ડાકોરજીના રણછોડજી તો આપણા ગુજરાતીઓના પ્રાણપતિ, "રણછોડરાયકી જે" બોલાવતી વખતે મહારાજ છેલ્લો 'જે' શબ્દ તો તમારી પાસેથી જ બોલાવે અને તમને નામજપનો લ્હાવો લેવરાવે. એ કીર્તનકારની પણ કેવી રળિયામણી શોભા! પહેલાં તો દક્ષિણી ઢબે હરિકથા થતી ત્યારે કીર્તનકાર માથે દક્ષિણી પાઘડી, બન્ને ખભે લાંબો ખેસ, ગળામાં પુષ્પનો હાર અને હાથમાં એકતારો ને મંજીરાં લઇને શ્રોતાઓની વચ્ચે ઘૂમે ત્યારે ભક્તિનું શૂરાતન વધે, કીર્તન અને નૃત્યભક્તિની રમઝટ જામે, હારમોનિયમના સૂર હોય, અને અંગત ભકતોની ધૂનનું તો કહેવું જ શું? ઊછળી ઊછળીને કૂદે અને મંજીરાના લહેકા? એમાં તો ભાતભાતના હાથના ઊંચાનીચા ચેનચાળા; તમે જુઓ સાંભળો અને એકતાન થઇ જાઓ એ દશ્યમાં.

અંબાજીની કે ડાકોરજીના પૂનમિયા સંઘની યાત્રાઓ તમે ક્યાં ભૂલો એવા છે? કોઇ મહાત્માની કે બીજી વેપારી કંપનીઓની રેલયાત્રાની તક શા માટે ગુમાવવી? યાત્રાની યાત્રા અને મેળાનો મેળો; બદરિકેદારની યાત્રા કરી હશે. કાશીપ્રયાગ પણ જઇ આવ્યા હશો. જગન્નાથજીની યાત્રાએ જઇને ત્યાંનો

પ્રસાદ પણ આરોગ્યો હશે. પ્રસાદમાં તો ત્યાં સ્પર્શાસ્પર્શનો ભેદ માનવાનો જ નથી, ત્યાંના આનન્દબજારમાં પ્રસાદનાં દાળ-ભાતનાં હાંડલાં ગમે તેવી રીતે વેચાતાં હોય, તમને ગમે પણ નહીં, પણ એ જોઇને મોં પણ બગાડાય નહિ, નહિ તો હમેશને માટે વાંકું જ થઇ જાય એ સાંભળ્યું હશે. પ્રસાદની અવગણના તો થાય જ નહિ. અને ભકિતમાં તો પ્રસાદનો જ સર્વોત્તમ મહિમા ને!?

દક્ષિણની રામેશ્વર, બાલાજી, શિવકાંચી, વિષ્ણુકાંચી, મીનાક્ષી, પંખીતીર્થ, એવાં બધાંનાં દર્શન કરીને કાયા પવિત્ર કરી હશે. અને પછી ઘેર આવીને એની ઊજવણી પણ કરી હશે. નાત-જાતનાં, સગાસંબંધી અને ઓળખીતાપાળખીતાને નોતરીને પ્રસાદ વહેંચ્યો હશે અને બધાંને દર્શનયાત્રાનો મહિમા ગાઇ સંભળાવ્યો હશે, પૈસાનું તો ખર્ચ થાય, પણ યાત્રાનો લાભ કાંઈ જેવો તેવો છે!

અત્યારે તો ગુજરાતમાં "વિશ્વશાંતિ"ને માટે યજ્ઞો પણ થોડા થાય છે! મહાત્માઓ ઠેકાણે ઠેકાણે નવાં મંદિરો બંધાવે છે. સંસ્કૃત ભાષા જાણનારા વિદ્વાનશાસ્ત્રીઓ, પંડિતો, એમાં અગ્રસર ભાગ લે, યજ્ઞકુંડ રચાય, તમે દર્શન કરવા જાઓ, બ્રાહ્મણો વેદપુરાણના મંત્રો ભણે અને પાંચસાત દિવસના એ કર્મકાંડના ઉત્સવોની શોભા વર્ણવી માણીને તમે પ્રસન્ન થાઓ. મહાત્માઓ અને શાસ્ત્રીઓને તમે નિરાશ કરો એવા નથી, એમ એ જાણે છે, એટલું ઠીક છે, અને શાસ્ત્રીઓ એકલું કર્મકાંડ જ થોડું કરાવે છે?-જન્માક્ષર જોઇ જોઇને તમારું ભાવિ વાંચી આપે જાતજાતનાં અનુષ્ઠાન કરી આપે, ગ્રહપીડાને શાંત કરે કે ગ્રહદેવને રીઝવી આપે, તમારું તો એ જ કલ્યાણકેન્દ્ર

અને ક્યાંક નાણાં રોકવાં હોય તો શેઠીઆઓ પાસે સગવડ પણ કરી આપે. શહેરના શાસ્ત્રીઓ તો હવે ધીરે ધીરે કર્મકાંડથી માંડીને લક્ષ્મીકાંડ સુધીના ધંધા કરી શકે છે.

તમારા ગૃહસ્થાશ્રમના યજ્ઞોપવીત, લગ્ન સીમંત, મરણ વગેરેના પ્રસંગોમાં પણ બધે બ્રાહ્મણદેવતાઓનો જ ઉપકાર માનવાનો છે ને! શુકન અપશુકન જોઇ આપીને એ તમારા પ્રત્યેક પ્રસંગને માંગલિક બનાવી આપે છે, અને હવે તો એ બધા બહુ સમયસૂચક થઇ ગયા છે. તમે કહો તેવાં અને સગવડીઆં મુહૂર્ત જોઇ આપે, વરકન્યાના જન્માક્ષર મેળવી આપે; બધાયમાં તમારી અતૂટ શાસ્ત્રશ્રદ્ધાની જ બલિહારી ભરી પડી છે; ધન્ય છે તમારા ધાર્મિક જીવનને; ધન્ય છે તમારી શ્રદ્ધાને, અને ધન્ય છે તમે ધર્મપાલનની તૃપ્તિ મેળવી છે એવી માન્યતાને!

* * * *

તમે સ્પર્શાસ્પર્શના નિયમ પાળતા હશો. નહાયા વિના જમતા તો નહીં જ હો. હોટેલ કંદોઇનું ખાવાનું તો તમો ખાઓ જ શેના? ગળામાં કંઠી હોય, યજ્ઞોપવીત પહેરેલું હોય, કપાળમાં તિલક, ત્રિપુંડ કે ચાંલ્લો હોય અને તમે વટલાઇ જવાય એવાં કામ કરો ખરા? સાવ ખોટી વાત.

દાકતરની દવા પણ તમે શાના પીઓ? દેશી વૈદ્યની દવા વાપરતા હશો. બનતાં સુધી તો બાધાઆખડીથી જ પતાવી દેતા હશો, માદળિયાં પણ જરૂર પડે તો બાંધતા હશો, કોઇ દોરો કરી આપે તો એનો પણ પાડ માનતા હશો, અને હા, સાચી વાત છે, ભૂતપ્રેતનું નડતર હોય, બીજો કોઇ વળગાડ હોય તો કોળીવાઘરીને બલાવીને એ કહે તેમ કરતા હશો;

એમાં ક્યાં વટલાવાનું છે? એ બિચારો આવીને કૈંક 'મેલ' કહાડવાનું કહે તો કરી લેવાનું! જ્યાં વળગાડ ઊતરી જતો જ જોયો હોય ત્યાં આપણે ક્યાં નાતજાતના વ્યવહાર કરવા છે કે કોળીવાઘરીના ભૂવાને ન બોલાવીએ! ? આપણે તો આસ્તિક—પૂરા આસ્તિક!

દેવીઓની પૂજા તો તત્કાળ ફલીભૂત થાય છે નહિ? માતાજીને કૂડું ન પડે એની નો ખાસ સંભાળ રાખવાની, દેવીના મંદિરનો પ્રસાદ પણ થોડો વિચિત્ર હોય નહિ વારુ! પણ તમે આંખે અડકાડીને કે નમસ્કાર કરીને પણ વિરોધ તો નહિ જ કરતા હો!

અને શી માતાજીની કૃપા! જેના ઉપર કૃપા કરે એને દર્શન આપે! એમના શરીરમાં માતાજી પધારે! કંકુ, નાડાછડી, સોપારી પૈસાનો પ્રસાદ તો ઠીક પણ પતાસાં, સૂકો મેવો કે એવો બીજો ચાલુ જમાનાનો પણ પ્રસાદ અદશ્યમાંથી લાવીને તમને ચમત્કાર દેખાડે! ન હોય તેને દીકરા આપે! હોય તેને સાજા કરે! વંશ વધારે અને બધી વાતે લીલાલ્હેર કરાવે એવા આશીર્વાદ લેવા તમે જરૂર દોડીને જતા હશો. જગદંબાની કૃપા તો બીજા બધા દેવદેવતાની કૃપાથી કૈં નિરાળી જ ભાત પાડે, એમાં તો પ્રયત્ક્ષ પરચો મળે.

અને ગુરુભકિત વિના ક્યાં એકેય પગલું આગળ ભરાય એમ છે. ગુરુમહિમા તો અદ્‌ભુત છે. ગુરુચરિત્રમાં દોષ તો જોવાય જ નહિ! એ શરીર ક્યાં માણસનું છે? ગુરુ એટલે સાક્ષાત્ ભગવાન! બ્રહ્મની વાણી બોલે એટલે એ બ્રહ્મવિદ્ અને બ્રહ્મવિદ્ એ જ બ્રહ્મ; એવું છડી પોકારીને શાસ્ત્રો કહે, અને ગુરુમહારાજ કહે કે ગુરુની આજ્ઞા ન પાળે તે નરકમાં

જાય; એવો ઉપદેશ ક્યાં નવો છે કે તમને સમજાવવું પડે!? તમે તો ભારે ગુરુભક્ત! જેને ગુરુ માન્યા તેને છોડવા જ નહિ. એ કહે તેટલું જ વાંચવા વિચારવાનું. એમની વાણી જ શાસ્ત્ર કહેવાય. અને ભણતરગણતરનું શું કામ? ગુરુમહારાજે મંત્ર આપ્યો તેનો જપ કરી લીધો એટલે કાયાનું કલ્યાણ અને સંસારથી પાર ઊતરી ચૂક્યાં. બધાય સંપ્રદાય સરખા, બધા મતની વાત તો એક જ ને? સંતની જાતભાત શા માટે જોવી? એમનું ભણતરગણતર જોવાનું હોય જ નહિ. અને ગુરુ પણ પરદેશી જ કરવા કે જેથી એમની આગલીપાછલી હકીકત કાને કે નજરે ન પડે. ગુરુનિન્દા કાને સંભળાય નહીં! એ ધ્યાન શીખવે, કીર્તન કરાવે, કથા સંભળાવે, અને સગવડઅગવડે શિષ્યમંડળમાં ઓળખાણ વધે તો વ્યવહારમાં પણ સરલતા થાય, આવી રીતે વ્યવહાર અને પરમાર્થ બન્ને સિદ્ધ થાય એ કાંઇ ઓછી ગુરુકૃપા કહેવાય?

અને આવું આવું કેટલુંયે તમે કરતા જ હશો! ન કરતા હો તો ધ્યાન માટે તમને આગ્રહ જ શાનો હોય? તમે નાસ્તિક તો નથી જ. અસ્તિક છો, શ્રદ્ધાળુ છો, ભક્ત છો, એટલે જ તમને ધ્યાનની રુચિ થાય છે ને! નહિ તો થાય જ નહિ.

એમાંયે તમે 'વેદાન્તી' બન્યા હશો તો તો સોળે કળાસંપન્ન હશો; સર્વગુણસંપન્ન બન્યા સિવાય વેદાન્તી બનાય જ નહિ. કારણ કે એમાં જેટલી સરલતા છે એટલી બીજા કોઇ પણ મતમાં નથી. ટૂંકી જ વાત કરી નાખવાની; સ્નાન, સંધ્યા, પાઠ, પૂજા, દેવદર્શન વગેરે બધાં કર્મકાંડ તથા ભક્તિ અને ઉપાસના તો બધાં અવિદ્યાના કાર્યક્ષેત્રમાં આવ્યાં. કર્મ અને ઉપાસના તો દ્વૈત કહેવાય; એનાથી તો મુક્તિ મળે જ નહિ. એટલે એ માથાકૂટ શા માટે કરવી?! વિચારસાગર ભણ્યા, વિચાર

-ચંદ્રોદય શીખ્યા, તત્ત્વાનુસંધાન વાંચ્યું; કબીર, નાનક, કે એવા બીજા જ્ઞાનીઓનાં નિર્ગુણનાં ભજનો ગાતાં આવડે, અને "કહત કબીરા સુન ભાઈ સાધો" અથવા "સૂરત નૂરતકી દોરી લગી રે ભાઇ" તંબૂરા ઉપર ગાતાં આવડયું એટલે પછી તમે તો નિર્ભય 'તમારો મનમાન્યો સંસારવ્યવહાર સાચો, અને બીજો બધો તમે સમજ્યા તેવી રીતે મિથ્યા!' ટૂંકી વાતમાં જ બધો સાર આવી જાય. આત્મા સત્ય અને જગત્ મિથ્યા આટલા શબ્દો બોલતાં આવડયા એટલે બેડો પાર. ઇંદ્રિયો તો ઇંદ્રિયોનો વ્યવહાર કર્યા કરે, એમાં આત્માને શું લેવાદેવા? સાવ સાચી વાત, મારા વહાલા વેદાન્તી!

અને નવા શિક્ષણમાં તમે કેળવાયેલા હો તો ઉપનિષદ્ શંકરાચાર્યનાં ભાષ્યો, પંચદશી કે યોગવાસિષ્ઠ રામાયણ જેવા પ્રાચીન તથા અખા-પ્રીતમ છોટમની વાણી, જ્ઞાનેશ્વરી ગીતા, ભાગવતનો એકાદશ સ્કંધ, એ તો શું પણ રામકૃષ્ણ પરમહંસ, વિવેકાનંદ, રામતીર્થ, રમણ મહર્ષિ, જેવાંનાં વચનામૃતો પણ હવે તો જૂનાં થઇ ગયાં. અરવિન્દ કે ગાંધીજીનાં જીવનકવન પણ તમારી બુદ્ધિતુલામાં સરખાં ઊતરે-ન યે ઊતરે! તમે તો સ્વતંત્ર વિચારક, શોધક, સાધક અને સબકુછ તમે-તમે અને તમે જ. કોઇને જૂનું નકામું તો કોઇને નવું નકામું અને અધાર્મિક; જૂનું વહેમી તો નવું અનુભવ વગરનું, જૂનું કડાકૂટવાળું તો નવું સગવડીઉં-આવી રીતે બધુંય નકામું જ લાગ્યા કરે; ધન્ય છે આવા સાધકની બુદ્ધિરાણીને!

કોઈને નવું જ સારું તો જૂનું નકામું. કોઈને નવું નકામું તો જૂનું અનુભવીયું; આવી આવી ગડમથલમાં જ જીવનપ્રવાહ ચાલ્યો જાય છે.

તમે આવા કે તેવા હશો જ; કૈંક અંશે પણ હશો જ! નવીન વિચારના છો-એમ માનતા હશો તો તમારામાં જૂના પ્રતિ ઘૃણા જ હશે. તપશ્ચર્યાનો અભાવ હશે, અથવા કડક ખાનપાનના યમનિયમોને જ સર્વશ્રેષ્ઠ સાધન માનીને જૂનવાણી ભગત જેમ નહાવાધોવાની આભડછેટમાંથી ન પરવારતાં બીજાને નાસ્તિક કહીને વગોવ્યા કરે, તેમ તમે બીજા બધાને વિલાસી, વહેમી, અંધશ્રદ્ધાવાળો, આળસુ, દંભી, ઢોંગી કહીને શબ્દકોષ વધારતા હશો.

*　　*　　*　　*

આ છે વર્તમાનદશાની પોતાને સાધક, ભકત, જિજ્ઞાસુ, મુમુક્ષુ કર્મકાંડી કે ઇશ્વરપરાયણ માનતા જનસમૂહ બહુ સંખ્યાવાળા અર્ધ-આસ્તિક જેવા માનવીઓની ચિત્રવિચિત્ર લાગે તેવી જીવનલીલા, રહેણીકહેણી અને કરણીનો કટાક્ષભાવે વર્ણવેલો થોડો ઉલ્લેખ માત્ર! એનો વિસ્તાર બહુ થઈ ગયો! પણ આવું જોવાય છે ત્યારે ગુજરાતના ધર્મજ્ઞાનના પ્રવાહમાં તણાતાં નરનારીઓ માટે દયા ઊપજે છે! આમાંયે, ધર્મ અને મોક્ષના પ્રદેશમાં પણ વાણિજ્યવૃત્તિ જ વ્યાપી રહી છે; દેવું અને લેવું, ખાતું પડાવીને વ્યાજ સીખે વસૂલ કરવું, એવું દેવદેવતા કે ભગવાનની ભકિતમાં ખુબ જ વધી ગયું છે! બધે સકામ ભકિત! સકામ સેવા! સકામ કર્મ! સકામ સત્સંગ! સકામ લોકકલ્યાણ! ખબરદાર! બદલાની આશા વિના કશું જ કરાય નહિ એ આપણી-ગુજરાતીઓની અનાદિ સંસ્કાર-ભાવનાનો ભાવિ પ્રજાને વારસો આપવાનું ભૂલી ન જવાય એની કાળજી રાખજો. રાખતા જ હશો. ૐ! પરમાત્મા સૌને સદ્બુદ્ધિ આપે! સન્માર્ગે પ્રમાણ કરાવે! સાચું શાસ્ત્રશુદ્ધ સાધન શીખવે અને એ પ્રમાણે જીવનમાં પરિવર્તન કરવાની શકિત આપે!

ધનવૈભવ અથવા માનમોટાઈ એમાંથી એક મળે તો જ કાંઇપણ કરવું, નહિ તો શા માટે કોઇ માટે કશુંય કરવું? આપણે માટે કોણ અમસ્તું ઘસાય છે? વ્યવહારમાં એમ જ ચાલે; ભગવાને માયા મૂકી છે તે સમજીને જ મૂકી હશે. ધર્મશાળા, કોલેજ, પાંજરાપોળ, પાઠશાળા કે જ્યાં ક્યાંય મકાન કે ઓરડી બંધાવી આપો ત્યાં નામની અને દાનની રકમની તકતી મૂકવાનું ભૂલશો નહિ. તમારું જોઇને બીજાને પણ દાન કરવાનું મન થાય એ કાંઈ ઓછો પરોપકાર છે? અને હવે તો સરકાર પણ ઈચ્છે છે કે તમારા દાનપુણ્યના આંકડાનો હિસાબ બતાવજો. એવડું કામ થશે, આબરૂ વધશે અને હિસાબ પણ પથ્થરમાં કોતરાશે એટલે બધુંય यावच्चंद्र दिवाकरौ!

ભગવાન તો "ભાવ"ના ભૂખ્યા છે; જે કાંઇ ધર્મકર્મ કરવામાં વપરાય તે તો પરોપકાર માટે છે ને? ભગવાનને ક્યાં કંઇ જોઇએ છે? અને આપણે ગુજરાતી તો હંમેશાં 'ભાવ' મય જ છીએ. આપણને 'ભાવ' વિના બીજું સૂઝે જ નહિ! ભગવાનની આરતીપૂજા ઉતારવાનાં લીલામ થાય ત્યાં પણ 'ભાવ'ની વધઘટ; માનમોટાઇમાં પણ નાનામોટાના 'ભાવ' અને હવે તો બહુ જ સગવડ 'ભાવ'માં થઈ ગઈ છે. અમેરિકાના ફીચરના ભાવ, તેજીમંદીના ભાવ, શેરબજારના ભાવ, જુગારમાં 'ભાવ' રેલ્વેમાં, બજારમાં, ગામડામાં, ચોરે અને ચૌટે, જ્યાં જુઓ ત્યાં નાનાં મોટાં શેહેરી ગામડિયાં, સ્ત્રી, પુરુષ અને બાળકો બધાં સવારમાં ઊઠીને તરત જ છાપામાં "ભાવ"નું પાનું પહેલું વાંચે. આવાં આપણે "ભાવભારે" છીએ તે ભગવાનની ભક્તિમાં 'ભાવ' ન રાખીએ તો ચાલે કેમ? ભગવાન સંસારનાં સુખવૈભવ, આરોગ્ય,

વંશવૃદ્ધિ અને માનઆબરૂ આપે, આપણે એમને માટે એમાંથી શતાંશ કે સહસ્રાંશ વાપરી ચૂકીએ; બીજું વધારે શું થાય? રૂપીઆ ખર્ચીને હજારો મેળવવાનો ધંધો આપણે ગુજરાતીઓ નહિ કરીએ તો શું દક્ષિણી કે બંગાળી કરવાના હતા? અને મારવાડી તો આપણા સાખપાડોશી, એમના 'ભાવ'ની ચડઊતરના ખેલ આપણે શીખવા જ જોઈએ. વેપારધંધામાં એ જ આપણા ગુરુ! પરમાર્થમાં પૂછવાનું જ ક્યાં છે? જેવું સંસારમાં શીખીએ એવું ભગવાનને નામે 'ભાવ' તપાસીને કરી છૂટીએ! ધન્ય જન્મ અને ધન્ય કાયા. ધન્ય અવતાર અને ધન્ય ધન્ય ધર્મ!

* * * *

વાચક! આવી અણગમતી વાતો વાંચીને તને અણગમો આવ્યો હશે નહિ વારુ? પણ આવું જ—અરે, વિશેષ રીતે આવું જ જ્યાં ત્યાં વધારે પડતું ચાલે છે એ તેં નહિ જોયું હોય? મનમાં ગુપ્તપણે સંસાર ભર્યો હોય અને ઉપરથી ધ્યાન કે સમાધિની ઇચ્છા થાય છે એના મૂળમાં શું કારણ છે એ તપાસી જોવું જોઇએ એમ તમને નથી લાગતું? એક મ્યાનમાં બે તલવાર ન રહે, એ જૂની કહેવત તમને યાદ હશે, તેવી જ રીતે જ્યાં સુધી સંસારની ભોગવાસનાઓ મનમાં ભરી હોય, ત્યાં સુધી ભગવાન એમાં કેવી રીને રહી શકે? ચીકાશવાળા ચીકણા ફીનાઇલની ભરેલી શીશીમાંથી ફીનાઇલ કાઢી નાંખીએ, ત્યાર પછી એને ધોઈ નાંખીએ ત્યારે જ તેમાં સુગંધી દ્રવ્ય નાંખી શકાય. તેવી જ રીતે મનમંદિરમાં ભગવાનને પધરાવવા હોય તો વાસના અને એની મલિનતાને ચિત્તમાંથી કાઢી નાંખવાં જોઈએ એ સ્પષ્ટ વાત છે.

પરંતુ એ બન્ને અન્યોન્ય આશ્રયવાળા છે, મન કદી ખાલી રહી શકતું નથી. શાસ્ત્રો કહે છે કે સંતકૃપા, અને ભગવદ્દયાથી મન શુદ્ધ થાય છે; ભગવાનના સ્વરૂપનો આનંદ અંતરમાં ભરાવા માંડે એટલે વાસનાનો મલિન આનંદ નીકળવા માંડે છે એવું શાસ્ત્રવિધાન છે.

બીજી બાજુ એમ પણ કહ્યું છે કે વાસનાયુક્ત મલિન અંતઃકરણમાં ભગવાનનો વાસ સંભવી શકતો નથી. કારણ બંને અજવાળાં અંધારાં જેવાં વિરોધી સ્વભાવનાં છે.

આ બન્ને પક્ષ સાચા છે કારણ કે સાધકે બન્ને બાજુથી પરિશ્રમ કરવાનો છે. મનને શુદ્ધ કરવા માટે સ્વધર્મપરાયણ બનવું જોઇએ. ઉપર જે લાંબુ વર્ણન કરીને રહેણીકરણીની લાંબી ટીપવાળી વિગતો ટાંકી છે, એવું જ આપણું બાહ્ય-જીવન હોય તો એનાથી ચિત્તશુદ્ધિનો લાભ થવો જોઈએ. પરન્તુ એવા બાહ્ય કર્મકાંડની સાથેસાથે આંતરિક ચિત્તશોધન ન હોય તો એ બધી કર્મપરંપરામાં નર્યો દંભ આવે છે. ખોટાં માનમોટાઇમાં ફસાઇ પડયાં હોય એટલે ધર્મ, કર્મકાંડ, વ.માં કેવલ બાહ્યાચાર જ મુખ્ય ભાગ ભજવે, અંતરમાં રહેલો અહંકાર દંભી ભકિતથી વધે છે, જડ બને છે અને શ્રદ્ધાનો અતિરેક થતાં બુદ્ધિમાં અંધતા આવે છે. વિચાર કે વિવેક ન રહેતાં દેખાદેખી સાધનભજન થાય, રહસ્ય કે હેતુ સમજયા વિના એ બધામાં સ્વર્ગ, કૈલાસ, ગોલોક, કે મોક્ષની આશા ભર્યા કરી હોય તો પણ પરિણામ શૂન્યમાં જ આવે છે. વર્તમાન જીવનમાં દંભ અને દુરાચાર પોષાઈને વ્યવહારમાં બધે કલેશ જ ઊભો થાય છે.

પરમાત્માનાં દર્શન નિત્ય શાંતિ, તૃપ્તિ અને આનંદ માટે

કરવાનાં છે; જગતમાં જન્મથી મૃત્યુ સુધીની માનવીય કર્મ-પરંપરાની પાછળનો હેતુ અશાંતિ, અતૃપ્તિ અને દુઃખની ઇચ્છા ન હોય છતાં એ ને એ જ આવી મળે છે, એ ઉપરથી એના સ્વરૂપની ખબર પડે છે કે આ જગત અને જગત્‌નો વ્યવહાર પ્રત્યેક ક્ષણે અશાંતિથી ભરેલો છે. એમાં કદાચિત્ ક્ષણિક શાંતિ, તૃપ્તિ કે સુખ સાંપડે છે એમ લાગે તો એના આદિઅન્તમાં અશાંતિ, અતૃપ્તિ અને દુઃખ જ હોય છે. સંસારનાં શાંતિ, તૃપ્તિ કે સુખ અશાંતિ, અતૃપ્તિ અને દુઃખના સંપુટમાં ભરેલાં છે; જેની આગળપાછળ દુઃખ હોય એને સુખ કહેવું કે દુઃખનું બીજ સમજવું એ વિચારવા જેવું નથી? સાંસારિક વિષયોની પ્રાપ્તિ, અને ભોગમાં આપણને આનંદ લાગે છે એ આનંદ નહીં પણ આભાસ માત્ર છે, જોવા માત્ર છે. કારણ કે એ આનંદના ગર્ભમાંથી ઊભાં થઈને ફલરૂપે દુઃખ ચિંતા તથા ક્લેશ જ આવી મળે છે. બાવળના વૃક્ષને કાંટા હોવા છતાં એનું બીજ સુંદર, સુવાળું રેશમ જેવું હોય છે, એ બીજ જમીનમાં પડીને ખાતરપાણી ચૂસે ત્યારે એમાંથી બાવળનું વૃક્ષ ઊગે, વધે અને ફૂલેફાલે. એ ઝાડમાં જેમ અસંખ્ય શૂળો હોય છે, તેવી જ રીતે સાંસારિક વિષયભોગમાંથી મળતો આનંદ ગમે તેટલો સુંદર લાગે પણ એના સંસ્કારરૂપે અંતરમાં બીજરૂપે એનું વાવેતર થાય છે. એના વૃક્ષમાં આધિ, વ્યાધિ અને ઉપાધિરૂપ અસંખ્ય શૂળો ઊભાં થાય છે; શાસ્ત્રકારો કે સંતો પોતાના અનુભવ અને વિવેકચક્ષુ વડે પરીક્ષા કરીને કહ્યા કરે છે કે આ સંસાર દેખીતો રળિયામણો અને સુખમય લાગવા છતાં ખરી રીતે દુઃખરૂપ છે. એનાં પ્રત્યેક કર્મ, કર્મફલ અને ફલભોગ કંટકરૂપ છે, ત્રિતાપનું કારણ છે. એમાંથી છૂટવા માટેનાં સાધન સાધનામાં ધ્યેયપ્રાપ્તિની તપશ્ચર્યા, ઇંદ્રિયસંયમ તથા ચિત્તનિરોધ

છે. શરૂઆતમાં કષ્ટમય હોવા છતાં એ સાધના પરિણામે આત્મસુખથી ભરેલી નીવડે છે. ભોગવિલાસથી શરીર ક્ષીણ અને રોગી થાય છે, ઇંદ્રિયો અશકત બને છે, મન વાસનાથી ચંચળ તથા અશાંત બને છે; ચિંતાથી નિદ્રાનાશ થાય છે, અને સુષુપ્તિમાં પણ જેને શાંતિ નથી મળતી તેવી જાગ્રત દશાના વ્યવહારમાં તો શાંતિ મળે જ કયાંથી ?

મનુષ્યના સ્વભાવની મીમાંસા કરતું, શાંતિ–અશાંતિનાં રહસ્ય ઉકેલતું, સુખદુઃખનું તારતમ્ય સમજાવતું, તથા અદ્વિતીય પ્રજ્ઞાકૌશલ્યથી કર્મ, અકર્મ, વિકર્મનું સમાધાન કરી આપતું ભગવદ્ગીતાશાસ્ત્ર જે કહે છે એ અનુભવીને પરમ સત્ય લાગે એવું છે.

ત્રણ ગુણ પ્રમાણેનાં સુખ સમજાવતાં અઢારમા અધ્યાયમાં શ્રીકૃષ્ણ કહે છે કે:

'જે સુખ (ઇંદ્રિયોના સંયમ તથા તપશ્ચર્યાવાળું હોવાથી ) શરૂઆતમાં ઝેર જેવું અને છેવટે અમૃત જેવું છે, એવું આત્મબુદ્ધિની પ્રસન્નતાથી ઊપજેલું સુખ સાત્ત્વિક કહેવાય છે (૩૭). જે સુખ વિષયો અને ઇંદ્રિયોના સંયોગોમાંથી મળ્યું હોય એમ લાગે છે, આરંભમાં અમૃતના જેવું દેખાય છે, પણ છેવટે ઝેરના જેવું થઈ પડે છે એ સુખ રાજસિક કહેવાય છે (૩૮). જે સુખ નિદ્રા, આળસ અને પ્રમાદમાંથી મળતું હોય તથા જે શરૂઆતમાં તથા છેવટે જીવાત્માને મોહ પમાડે એવું હોય એ તામસ સુખ છે (૩૯).'

સુખની આ વ્યાખ્યા ગુણના ધર્મ પ્રમાણે વર્ણવી છે, જેમાં સાત્ત્વિક સુખને તો સાક્ષાત્ આત્માના પ્રસાદરૂપે કહેલું

છે. કારણ કે જીવનમાં ધર્મ પ્રવેશે એટલે સત્ત્વગુણની વૃદ્ધિ થાય છે, ચિત્તશાંતિ મળે છે તથા વિક્ષેપહીન થવાથી નિત્ય તૃપ્તિની ગરજ સારે છે.

બાહ્ય કર્મકાંડની સાથે જો આંતરિક સરલતા અને વ્યવહારમાં નિખાલસ ભાવ ન રહેતા હોય, તો એવી રહેણી-કહેણીનાં બાહ્ય લક્ષણો લોકમાં કીર્તિની વાસના વધારે છે. પરન્તુ પરમાત્મા સૌના અંતર્યામી છે; રોમરોમમાં એ વ્યાપક છે; આપણા પ્રત્યેક આચારવિચારના એ સાક્ષી છે. એમનાથી કશુંયે ગુપ્ત રહી શકે એમ નથી. વ્યવહારમાં દંભ, અસત્ય, કપટ, દગો વગેરે અધર્મ ચાલ્યા કરતો હોય ત્યારે પરમાત્મા ગેરહાજર રહેતા નથી. એવાં પાપને ઢાંકવાધોવા માટે પુણ્યદાન કે કર્મકાંડ થાય, ત્યારે પણ એ હાજરાહજૂર હોય છે. કોઇ મૂર્તિનાં દર્શન થાય ત્યારે જ ભગવાનનાં દર્શન થયાં અને તે સિવાય એ દૂર લોકપરલોકમાં સહેલગાહ કરવા નીકળી પડ્યા છે એમ માનવું એ અજ્ઞાન છે. જેવાં કર્મ તેવાં ફલ આપનાર સર્વજ્ઞ પરમાત્મા છે. એ જિજ્ઞાસુ કે ભક્ત ઉપર દયા, કૃપા કે કરુણા કરે છે, પણ વિપરીત કરણી કરનારને તો ન્યાયદૃષ્ટિથી દુઃખદંડ આપીને તોબાહ તોબાહ પોકરાવે છે. એ તોબાહ પોકરાવીને પશ્ચાત્તાપ દ્વારા પ્રાયશ્ચિત કર્મ કરવાનો પ્રસંગ આપે છે, એ એની મહાન દયા છે. આવી દયાનો અર્થ સાચો સમજાય, તથા એવા પ્રસંગનો લાભ લઇને શુભ કર્મધર્મનું પાલન થાય તો ચિત્તમાં આત્મપ્રસાદ ઉદ્ભવે છે અને એવું પ્રસન્ન ચિત્ત ઇશ્વરસ્મરણમાં સ્વાભાવિક જ લાગી જાય છે.

*        *        *        *

સંસારવ્યવહારમાં શુદ્ધ વ્યવહાર કરતાં છતાં પણ જો વિઘ્ન આવે તો એ બધાં પૂર્વકૃતનાં જ પરિણામ છે એમ સમજવું જોઈએ. એમાં પણ પરમાત્માની દયા છે કરુણા છે, અને એનું વિસ્મરણ કર્યાનું એ ફલ છે, એવી શ્રદ્ધા રાખવી જોઇએ. આંતરિક વૃત્તિ ઇશ્વર પ્રતિ વળેલી હોય, ઈશ્વરધ્યાનની ક્ષણિક ઇચ્છા થઇ હોય, તો એને માટે શાસ્ત્રો સાધન બતાવે છે. ચિત્ત શુધ્ધ થયા વિના ઈશ્વરમાં ચોટે નહીં, અને ઈશ્વરનું સ્મરણભજન ન થાય ત્યાં સુધી ચિત્ત શુધ્ધ ન થાય એવું પણ શાસ્ત્રવિધાન છે.

* * * *

આપણે હવે વિઘ્નોનો વિચાર કરીએ. જપ કરવા બેઠા; સામે ભગવાનના કોઈપણ સ્વરૂપની પ્રતિમા કે છબી છે; બેસતી વખતે પૂરેપૂરો ભાવ અથવા ઈચ્છા છે. માળા હાથમાં લીધી. મેરુ પાસેના મણુકા ઉપર આંગળી મૂકીને મણુકો મૂકતાં મૂકતાં મનમાં મંત્રનો ઉચ્ચાર કરવા માંડયો; નેત્રની સામે જ ભગવાનની પ્રતિમા હોવા છતાં મન બીજે ઊડયું. રખડું ચાલાક છોકરું માબાપની નજર ચુકાવીને, ના કહ્યા છતાં શેરીમાં રઝળવા નીકળી જાય તેમ. એ આપણને છેતરીને ઊડી જાય છે. થોડી વારે ભાન થાય છે કે મન જપમાં નહોતું. ભગવાનની મૂર્તિમાં પણ નહોતું. પણ કયાંક, કોઇ વિષયને યાદ કરીને ભટકતું હતુ. આવું જ હમેશાં શરૂઆતમાં બને છે, અને મોટે ભાગે ફરિયાદ પણ આવી જાતની જ હોય છે.

આવા ચિત્તનું શાસ્ત્રોએ નિદાન કરી રાખેલું છે, અને તે પણ અનેક રીતે. વિક્ષેપનાં અનેક કારણ હોય છે જે સમયે જેવું કારણ તેવું સાધન-એ ન્યાયે સૌએ પોતપોતાના ભવ

વૈદ્ય ગુરુ પાસેથી નિદાન કરાવીને ઉપાય કરી લેવા જોઇએ. શાસ્ત્ર તો તટસ્થભાવે અસંખ્ય વિઘ્નો અને અસંખ્ય સાધનો જણાવે છે. વૈદ્યકશાસ્ત્રમાં જેમ અનેક જાતના તાવ માટે જુદી જુદી દવાઓ લખેલી હોય છે, પણ કયા રોગીને કઇ દવા, કઈ ઋતુમાં, કેવાં અનુપાન તથા કેવા પથ્ય સાથે આપવી –એ કામ કુશળ વૈદ્યનું છે. તેવી જ રીતે કેવળ શાસ્ત્ર વાંચીને સાધનમાં સરલતા ન થતાં ઊલટી સાધકની મતિ મૂંઝાઇ જતાં નાસ્તિકતા અથવા દંભ આવવાનો ભય રહે છે.

યોગદર્શનકાર ભગવાન્ પતંજલિના વીણીવીણીને બતાવેલાં સાધનમાંથી આપણે એક મહત્ત્વનું સાધન લઇએ. આ લેખ વિદ્વદ્ભોગ્ય નથી પણ સાધારણ સાધકને ઉપકારક થાય: એવી દૃષ્ટિથી લખ્યો છે એટલે બહુ ચર્ચામાં ઊતરીને લાંબીપહોળી કે આડીઅવળી મીમાંસા કરવાનું આ સ્થાન નથી; સૌથી વિશેષ સરલ લાગે તેવું હોય, શહેરમાં કે ગામડામાં, એકાન્તમાં કે જનસમૂહમાં, ભર્યાભાદર્યા કુટુમ્બમેળામાં કે વનવગડાની પર્ણકુટિમાં–ગમે ત્યાં વસનાર સામાન્ય સ્ત્રીપુરુષને પણ ઉપયોગી થાય એવા સાધનનો આપણે વિચાર કરવાનો છે. અલબત્ત, એમાં શ્રદ્ધા અને ભકિતના પાયાનું ચણતર તો જોઇશે જ. કારણ કે પ્રત્યેક સાધનનું ફલ કેટલા પરિશ્રમ કે સમય પછી મળે છે, એનો આધાર સાધકના ચિત્તની દશા ઉપર રહે છે. હું જે કરું છું તે આત્મકલ્યાણ માટે જ છે; વહેલુંમોડું પણ એનું ફલ સારું જ મળવાનું છે. ઇશ્વર મારા ઉપર એને યોગ્ય લાગશે ત્યારે અવશ્ય કૃપા કરશે જ એવી શ્રદ્ધા જોઈએ. અને ચિત્તશાંતિરૂપ ફલ મળે ત્યાંસુધી સતત્ સાધનામાં તત્પર રહેવાની ભકિત જોઈએ. આવી તત્પરતા અને તીવ્રતા રાખવા

માટે કેટલાંએક પાળવા જેવાં સૂત્રો વ્યવહાર માટે બનાવી લેવાં જોઇએ. આપણે બને તેટલાં વિચારી જોઈએ :

(૧) સવારથી રાત સુધીમાં જેટલાં કામકાજ થાય–વાણીમાં પ્રિયતા, વર્તનમાં પ્રેમ, કર્મમાં સેવાવૃત્તિ અને બધાં માટે સદ્‌ભાવ રહેવો જોઈએ.

(૨) પ્રત્યેક પ્રાણીપદાર્થનો અન્તરાત્મા ઇશ્વરસ્વરૂપ છે એમ સમજીને બધાંની પ્રસન્નતા મેળવવાની કાળજી રાખવી જોઇએ. અસત્ય, દંભ, કપટ કે ખુશામદની ભાષાથી રાજી રાખવાનો મિથ્યા પ્રયત્ન ન થવો જોઇએ.

(૩) સત્ય વગેરે દસ યમનિયમનું પાલન વ્યવહારમાં આગ્રહ-પૂર્વક થવું જોઇએ.

(૪) રોજનાં કામકાજમાં, નિ:સ્વાર્થ ભાવે સૌ સાથે વ્યવહાર થવો જ જોઇએ જેથી મનની પ્રસન્નતા વધે.

(૫) ઇશ્વર પ્રીત્યર્થે કર્મકાંડ, પાઠપૂજા, તીર્થયાત્રા, પુણ્યદાન વગેરે જે કાંઇ થતાં હોય તેમાં માન, સંસારનાં સુખ, કે વ્યવહારની સગવડની ગંધ પણ ન રહેવી જોઇએ.

(૬) ઇશ્વર નિમિત્તે થતાં કર્મ વખતે મનમાં ભગવાનનું જ સ્મરણ રહેવું જોઇએ.

(૭) સંતસાધુના સત્સંગમાં પવિત્ર ભાવનાની જ ઇચ્છા રહેવી જોઇએ. આંતરિક વૈરાગ્ય અને બાહ્ય ત્યાગનો વિવેક શીખીને ચિત્તમાં નિર્મોહી સ્થિતિ વધે, મમતા અને અભિમાનનો ઉચ્છેદ થાય, એની સાવધાનતા રાખવી જોઇએ.

(૮) સુખીને જોઇને સંતોષ, દુ:ખીને દેખીને દયા, પુણ્યશાળીને જોઈને આનન્દ અને પાપીના તરફ ઉપેક્ષા રાખતાં શીખવું જોઈએ.

(૯) સંસારનાં સુખ જોઇને થતો લોભ, ભોગવવા માટેની વાસના, વિષયો પ્રાપ્ત કરવા માટેનાં કર્મ, અને વૈભવસંગ્રહ માટેનો લોલુપતાભર્યો પરિગ્રહ–બધાં પાપનાં મૂળ છે.

(૧૦) વાતવાતમાં અસત્ય, પોતાના વર્તનને નિર્દોષ ઠરાવવાનો અવિવેકી આગ્રહ, પોતાના દોષ ભૂલી જવાની ટેવ, પારકાના દોષ યાદ રાખવાનો આગ્રહ અને પુણ્યકાર્યનું અભિમાન હશે તો એથી ભવિષ્યમાં કદી સુખી નહિ થવાય.

(૧૧) પુણ્યકર્મમાં ઉત્સાહ, શુભકર્મ કરવામાં આડે આવનાર પ્રત્યે ક્ષમા, સત્કર્મ કરવા જતાં પાપીઓ કે દ્વેષીઓ દ્વારા થતી નિન્દામાં નિર્ભયતા, અને કાર્યમાં પ્રારબ્ધવશાત્ નિષ્ફ-લતા આવે ત્યારે ઈશ્વરની ઇચ્છાનું સ્મરણ કરીને મેળવેલી શાંતિ, એટલાં ગમે તે ભોગે કેળવવાં જોઈએ.

(૧૨) પાઠપૂજા, જપધ્યાન કે દેવદર્શન વખતે જ નહિ, પણ પ્રત્યેક ક્ષણે ભગવાન તમારા અંતરમાં જ્ઞાન અને આનંદરૂપે, તથા બહાર જડચેતન રૂપે વિલસી રહ્યો છે, ભગવાનનાં ત્રિગુણાત્મક સ્વરૂપો સાથે જ તમે વ્યવહાર કરો છો એવું સ્મરણ રાખતાં શીખવું જોઇએ.

(૧૩) ભૂતકાળમાં જે સારુંખોટું બની ગયું તેનો હર્ષ, શોક કે અભિમાન ન રાખવાં જોઇએ. એને ભૂલવા માટે પ્રત્યેક કર્મને અંતે "હે ભગવાન્, તારું કામ હતું તે મેં કરી લીધું" એવી મનોવૃત્તિ રાખીને કામકાજને ભૂલીને ભગવાનને સ્મરણમાં રાખવાનો અભ્યાસ થવો જોઇએ.

(૧૪) આખો સંસાર પરમાત્માએ પ્રત્યેક જીવના કર્મ પ્રમાણે રચ્યો છે. સૌ પોતપોતાનાં કર્મ પ્રમાણે સુખદુઃખ ભોગવે

છે અને પૂર્વસંસ્કાર તથા વાસના પ્રમાણે કર્મ કરે છે. જેને સંસાર દુઃખમય છે એવા સંસ્કાર પડયા હોય તે વ્યવહારમાં પ્રેમ, દયા, સેવા, સંપ, સરલતા, વગેરે સદ્‌ગુણો કેળવીને મનને શુદ્ધ કરે છે. ઇશ્વર જ પરમ સુખનું નિત્યધામ છે એવી શ્રદ્ધા રાખી એની સ્મરણભક્તિ વધારે છે.

(૧૫) ટૂંકામાં એ કે મનને ટોકીટોકીને ભગવાનનું સ્મરણ કરાવ્યા કરવું. આખા દિવસના કામકાજમાં કોઇ પણ જાતના સંસારી બદલાની આશા રાખવી નહિ. તન-મન-ધનથી ભગવાનનાં ભિન્નભિન્ન સ્વરૂપોની સેવા કરીએ છીએ એવો ભાવ રાખવો. એવા પ્રયત્નથી ચિત્ત પ્રસન્ન રહેશે અને જપ કે ધ્યાન કરતી વખતે સરલતાથી ભગવાનમાં મન ચોંટી જશે.

*　　*　　*　　*

થોડું વચમાં આહાર વિહાર માટે લખી લઉં. દિવસનાં વ્યવહારિક કર્મોમાં મનને ઈશ્વરસ્મરણમાં રાખીને નિષ્કામ ( શુદ્ધ ) કરવાની જેટલી આવશ્યકતા છે, તેટલું જ શરીરને અતિ પરિશ્રમથી બચાવવાની કાળજી રાખવાની છે. હદ કરતાં વધારે કામ લેવાથી શરીર થાકી જાય તો ધ્યાન વખતે ઊંઘ આવે છે. આખો દહાડો કામકાજની ગડમથલમાં જ વીત્યો હોય, વ્યવહારમાં રજોતમોગુણી વ્યકિતઓ અને વિષયોનો સંપર્ક રખાયો હોય તો ઇશ્વરનું વિસ્મરણ અને વિષયનું જ સ્મરણ થવા માંડે છે. ધ્યાન વખતે એ બધું જ વિઘ્નરૂપ બને છે.

દિવસભરના કામકાજમાં શરીરના બલાબલનો, તેમ જ જેના સંસર્ગથી ભગવાનનું વિસ્મરણ થાય તેવા વ્યવહારનો ત્યાગ કરતાં શીખવું જોઇએ. અવિવેકીઓને અળગા રાખવાની હિંમત હોવી જોઇએ. શરમના માર્યા ખોટા, ખરાબ સંબંધ

સાચવી રાખવાની નબળાઇ તો જરાયે ક્ષન્તવ્ય નથી. "શું કરીએ. જૂના ઓળખીતા છે, અમુક સગા છે, માટે ના પડાતી નથી, બાકી જરાયે સંસર્ગ રાખવા જેવાં નથી" એવું મનમાં જાણતાં છતાં સંબંધ ચાલુ રહે તો મનમાં વિક્ષેપ વધે છે. કેટલાંએક ભોળા ભલા સાધકો થોડા સાધનભજનથી ફુલાઇ જઈને બીજાઓના ગુરુ બનવાના મિથ્યાભિમાનમાં ફસાઈ જાય છે; પણ પરિણામે બીજાને સુધારવા જતાં પોતે જ બીજાના જેવા બની બેસે છે. લોકસેવા કે પરોપકારના બહાના નીચે આવી અહંમન્યતાના અતિરેકવાળી, પોતાના સદ્‌ગુણને વધારે પડતું મહત્ત્વ આપવાની, કે મોહમમતાના આંતરિક અજ્ઞાનના દંભવાળી વૃત્તિથી ઘણા સાધકો બીજાને ઉદ્ધાર તો બાજુ પર રહ્યો પણ પોતે જ નીચે ઘસી પડે છે. "પરોપદેશે પાંડિત્ય" કે "ઘરનાં છોકરાં ઘંટી ચાટે ને પાડોશીને આટો" આપવા જેવી મૂર્ખાઇ ઘણા સાધકો કરે છે; પરિણામે ઉભય ભ્રષ્ટ થઈને મિથ્યાચારીભક્ત કે જ્ઞાની તરીકે પંકાવાના ઢોંગ વધતા જાય છે. માટે સાવધાન! જ્યાંસુધી પોતાના સંયમબલની ખાતરી ન થાય, ત્યાંસુધી વિષયીના સંસર્ગમાં ન આવશો, અને તમે પોતે એમને ઉન્નતિને માર્ગે લઈ જવા માટે સંગ સેવો છો, એવી કલ્પના પણ ન કરશો. સંગદોષથી બચવું અઘરું છે —બહુ અઘરું છે.

એવું જ આહાર વિષે છે. ખાનપાનમાં સાત્ત્વિક અને પોષક આહાર લેવો જોઇએ પણ એનો અતિરેક ન થવો જોઇએ. દૂધ, ઘી, ખાંડ, વગેરે સાવિત્ત્ક હોવા છતાં પાચનશક્તિના પ્રમાણમાં જ લેવાં જોઇએ. અતિશય ખાટાંખારાં, તીખાં તમતમતાં, તળેલાં, વાસી, ઊતરી ગયેલાં કે એવાં રાજસિક, તામસિક ખાનપાન ન લેશો. વૈદ્યકશાસ્ત્રનાં ઘરગથ્થુ ઉપયોગનાં પુસ્તકો

છપાઇ ચૂકયાં છે અને દૈનિક પત્રોમાં, તેમ જ આરોગ્ય વિષયક માસિકપત્રોમાં ખાનપાનની યોગ્યાયોગ્યતા વિષે ઘણા લેખો સૌ વાંચતાં હશે તેથી વિવેચન નકામું છે.

મહત્ત્વનો મુદ્દો તો એ છે કે નિયમિત, સ્વચ્છ, શુદ્ધ રીતે બનેલાં, તથા પવિત્ર વાત્સલ્યભરી રીતે રંધાયેલાં ખાનપાન ચિત્તને પવિત્ર અને શરીરને નિરોગી બનાવે છે.

(૧) આહાર બે વખત જ સૌએ લેવો જોઈએ, અને તે પણ જયાં સુધી શરીર યોગ્ય રીતે પરિશ્રમ કરતું હોય ત્યાં સુધી.

(૨) ઘરમાં સ્વચ્છ રીતે રાંધેલો ખોરાક લેવો જોઈએ; હોટેલ, વીશી, કંદોઈની દુકાન, ફરતી રેંકડીઓ વગેરેમાં વેચાતી ખાનપાનની વસ્તુઓ કદી પણ ખાશો નહીં. પ્રસંગ પડે તો ફલાહાર કરી લેશો; પણ જો તન-મનની શુદ્ધિ તથા ચિત્તને ભગવદ્દપરાયણ કરવા ઇચ્છતા હો, તો બજારુ ચીજોનો ઉપયોગ ન કરવાનું વ્રત લેજો.

(૩) દિવસના પ્રમાણમાં રાતે હંમેશાં હલકો, જલદી પચે એવો અને પોણા કે અર્ધા ભાગનો ખોરાક લેશો. દિવસે સુવાની ટેવ ન પાડશો. શરીરની અશકિતને લીધે વામકુક્ષી કરવાની જરૂર હોય તો માત્ર આરામ પૂરતી જ ટેવ રાખજો. બપોરના વખતે શરીરને આરામ આપવાની જરૂર લાગે તો આરામ આપજો પણ ઊંઘ આવે કે આળસ વધે તેવું ન કરશો.

(૪) ઉત્તેજક કે માદક દવાઓ ન લેશો; એવો ખોરાક તો લેશો જ નહીં. લોહીમાં ગરમી આવે, માથામાં શરદીગરમી થઇ જાય, ખાતાં ખાતાં 'વાહ, શી ખાવાની મજા છે!' એવાં

વખાણ કરવાં પડે તેવાં ભોજન ન કરશો. સ્વાદને માટે નહિ, પણ શરીરને નીરોગી અને મનને શાંત રાખી શકાય તેવાં ખાનપાન રાખશો.

(૫) વ્યાધિને વખતે બને ત્યાં સુધી સાદી વનસ્પતિની દવાઓનો જ ઉપયોગ કરશો. ભસ્મો, માત્રાઓ કે રસાયનોનું સેવન કરીને શરીરમાં નવયૌવન ખીલાવવાની ચેષ્ટા ન કરશો.

આહાર અને વિહાર બન્ને દ્વારા શરીર નીરોગી, સ્વચ્છ અને કર્મપરાયણ તથા મન શુદ્ધ વિચાર અને ભાવનામય રહે તેવું જીવન ગાળવાની સાવધાનતા રાખજો.

* * * *

ચાલો ત્યારે, હવે આપણે ચિત્તનો વિચાર કરીએ. ચિત્ત એટલે નદીનો પ્રવાહ જેમ સતત્ નીચી દિશામાં વહ્યા જ કરે, એની પેઠે જ ચિત્તની વૃત્તિઓનો પ્રવાહ પૂર્વાધ્યાસવાળી અસંખ્ય જન્મની ભટકવાની ટેવને લીધે, બહિર્મુખ બનતાં અસંખ્યવિધ દશ્ય વિષયો પર જઈને, પદાર્થને પ્રકાશ આવરી લે તેમ વિષયાકાર બની જાય છે. એ બે પ્રકારના સંસ્કારવાળી હોય છે, શુભ અને અશુભ; પુણ્યના અને પાપના; તેમાં અશુભ અથવા પાપના સંસ્કારનો વૈરાગ્ય-વિચાર દ્વારા નાશ કરવો જોઈએ. બીજી રીતે કહીએ તો શુભ અથવા પુણ્યસંસ્કાર કર્મની વૃદ્ધિ કરવાથી અશુભ અને પાપસંસ્કાર આપોઆપ દુર્બલ બનીને નામશેષ થઈ જાય છે.

એવા શુભ સંસ્કારવાળું ચિત્ત સહજ સ્વભાવે ઇશ્વર-પરાયણ રહી શકે છે. એમ છતાં પણ, રોગીનો રોગ નીકળી ગયા પછી શરીરમાં ક્યાંક કચાશ રહી ગઈ હોય તો રોગ અણધાર્યો ફૂટી નીકળવાનો સંભવ રહે છે; તેવી રીતે શુભ

-સંસ્કારી સાધકના પૂરેપૂરા પ્રયત્નો છતાં પણ અંતરમાં ગુપ્ત કે સુષુપ્ત કોઈ પાપસંસ્કાર રહી ગયા હોય, તો તે ફરી પ્રકટ થવાનો ભય રહે છે. યોગદર્શનમાં કહ્યું છે કે ધ્યાન દ્વારા સમાધિનો પ્રયત્ન કરનારાને વિઘ્નો આવે છે. વિઘ્નો ન આવે એમ તો કદી બને જ નહીં. કારણ કે ધ્યાનનો અભ્યાસી શૂરવીર સૈનિક જેવો છે; એક બાજુ અનેક પાછલા જન્મના અશુભ સંસ્કાર ઘર ઘાલીને અંદર જામી પડચા છે જે બધા દુઃખદાયક છે; એ નિત્યસુખની પ્રાપ્તિમાં બાધાકારક છે તેથી નિર્મૂળ કરવા માટે નિત્યના વ્યવહારમાં શુભ કર્મ વડે શુભ સંસ્કાર પાડવાનો અભ્યાસ કરવાનો છે, ત્યારે બીજી બાજુ સહાયતા લેવાની છે, આપણાં શરીર, મન અને પ્રાણમાં અધિષ્ઠાન સ્વરૂપે રહેલા સચ્ચિદાનંદઘન અંતર્યામી પરમાત્માના સામર્થ્યની.

ચિત્તની સામે બે વસ્તુઓ છે; બે પ્રકારનાં ક્ષેત્રો છે, વીર અર્જુનની પેઠે એક બાજુ દુર્યોધનની આસુરી વૃત્તિવાળું અશુભ સંસ્કાર તથા વિષયચિંતવનવાળું, વિષયોના સમૂહવાળું સૈન્ય સામે ઊભું છે; એની સામે લડીને, એનો સંહાર કરવા માટે પીઠપક્ષમાં ઊભા રહેલા શુભ સંસ્કારરૂપ પાંડવસૈન્ય, તથા ભગવાન શ્રીકૃષ્ણચંદ્ર અંતર્યામી ઈશ્વરની એને સહાયતા મેળવવાની છે. ભગવાન્‌ને અંતરમાં રાખીને બહારના વ્યવહારમાંથી શુભ સંસ્કાર વધે એવો આ કર્મક્ષેત્રનો વ્યવહાર કરવો. હતાશ થવું નહીં, હારજિતની શંકા કરવી નહિ. ભગવાન કહે છે તેમ શ્રદ્ધાથી યુદ્ધ કર્યે જવું કારણ કે જયાં શ્રદ્ધા છે ત્યાં સફલતા છે એ માનવજીવનનું અનાદિસિધ્ધ સૂત્ર છે.

આવા જ અર્થનું ભગવાન્ પતંજલિ યોગદર્શનમાં કહે છે. પરમાત્માનું શરણ લીધા વિના કોઇ પણ શુભ કાર્યની સિધ્ધિ થતી નથી. અને જે ભક્ત કે સાધકને ચિત્તને સંસાર-

ક્ષેત્રમાંથી ઉખેડીને ભગવદ્‌ક્ષેત્રમાં રોપવું છે. એને માટે તો ભગવાન્‌ની સહાયતા અનિવાર્ય.

યોગદર્શનની અંતિમ સિદ્ધિ છે સમાધિલાભ. ભ. પતંજલિ કહે છે કે:

समाधिसिद्धिरीश्वरप्रणिधानाद् ॥

સાધનપાદ-૪૫

અર્થ:-ઈશ્વરપ્રણિધાનથી સમાધિની સિદ્ધિ પ્રાપ્ત થાય છે.

સમાધિ એટલે ધ્યાનયોગની છેલ્લી ભૂમિકા. એની સિદ્ધિ ઇશ્વરપ્રણિધાનથી થાય છે એમ અહીં કહ્યું છે. એ ઇશ્વર-પ્રણિધાનનો વિચાર કરીએ. કારણ કે જયાં ચિત્તના નિરોધની વાત આવે છે એવા યોગદર્શનના સમાધિપાદમાં કહ્યું છે કે:

ईश्वर प्रणिधानाद् वा ॥

સમાધિપાદ-૨૩

અર્થ:-અથવા ઇશ્વરનું પ્રણિધાન કરવાથી (ચિત્તની વૃત્તિઓનો નિરોધ થાય છે.)

ઈશ્વર સર્વવ્યાપક, સૃષ્ટિકર્તા, બ્રહ્માંડસંચાલક, સર્વજ્ઞ અને વિશ્વસ્વરૂપ હોવાથી સમસ્ત બ્રાંહ્મડના એ અધિષ્ઠાતા અને અધિપતિ છે. આપણું પોતાનું મનાતું તન-મન પણ એમનું જ -એમની જ માલિકીનું છે; તેથી આપણે સર્વસ્વરૂપે એમના જ છીએ એવી જ્ઞાનભરી શ્રધ્ધા રાખવી જોઇએ. આપણી જાતને એમને જ શરણે મૂકીને તથા ચિત્તમાં એમના આધિપત્યનું પ્રત્યેક ક્ષણે ભાન રાખીને વ્યવહાર કરવો. એવો પ્રણિધાનનો સાધારણ અર્થ થાય છે.

ટૂંકામાં પ્રણિધાન કરવું એટલે સંપૂર્ણપણે ઇશ્વરની શરણાગતિ સ્વીકારવી. "હું-અને મારાપણા"ના ભાવથી જે જે આપણું માનતાં હોઈએ તે સમસ્ત પ્રાણીપ્રદાર્થ તથા ભાવવિચાર એમનાં જ છે એવી નિષ્ઠા રાખવી.

પરમાત્માનું અસ્તિત્વ, એનું સર્વજ્ઞપણું, સર્વવ્યાપકતા, સર્વશકિતમત્તાનો સ્વીકાર કર્યા વિના આપણે ભક્તિ કરીએ એ નિરર્થક નીવડે છે. એનું અસ્તિત્વ સ્વીકારીએ એટલે પ્રત્યેક ક્ષણે એ હાજર છે એમ માનવું જોઇએ, એ સર્વજ્ઞ છે એમ માનીએ એટલે આપણાં પ્રત્યેક કર્મ તથા વિચારને એ જાણે છે એવું કબૂલ કરવું જોઇએ. એ સર્વવ્યાપક છે એવો સ્વીકાર કરીએ એટલે આપણે જયાં જયાં હોઈએ કે આવજા કરીએ ત્યાં એ હાજરાહજૂર છે એવી શ્રધ્ધા રાખવી જોઇએ, એ સર્વશકિતમાન છે એમ માનીએ એટલે આપણાં પ્રત્યેક કર્મ એની શકિતથી જ થાય છે એવી સમજણ રાખવી જોઇએ. એ સૂક્ષ્મથી પણ સૂક્ષ્મ છે એટલે આંતરબાહ્ય પ્રત્યેક પરમાણુમાં કે નાનામાં નાના જીવજંતુમાં એનો વાસ છે એવું સ્વીકાર્યા વિના છૂટકો જ નથી.

પરમાત્મા માટેનું આટલું જ્ઞાન યાદ રાખીને પ્રત્યેક કર્મમાં એનો અનુભવ કરવો જોઇએ. જન્મ કે મૃત્યુ આપીને, બ્રહ્માંડના લોકપરલોકમાં ફેરવીને આપણા મોહને છોડાવે છે; એ સમજાવે છે કે નામરૂપ તરીકે ઓળખાતાં કે દેખાતાં પ્રાણીપદાર્થમાં અધિષ્ઠાનરૂપે પરમાત્મા છે. નામરૂપ તો વાઘા-આભૂષણ છે આપણે એને બધાં રૂપરંગમાં ઓળખી શકીએ માટે જ એણે આ બ્રહ્માંડલીલાની રમત ગોઠવી છે. ક્ષણિક સુખદુઃખ સાચાં નથી. નામરૂપનાં મોહ, આસકિત કે મમતાને

લીધે એનો ભાસ થાય છે એમ શીખવવા માટે એ નામરૂપના શૃંગાર બદલ્યા કરે છે. આવી રીતે જીવનની પ્રત્યેક ક્રિયામાં ઇશ્વરનો હેતુ પોતાનું સ્વરૂપ ઓળખાવીને દ્વંદ્વથી મુકિત, નામ-રૂપમાંથી અનાસકિત, અને પોતાના સચ્ચિદાનંદ સ્વરૂપનું આસ્વાદન કરાવીને નિત્ય તૃપ્તિ અપાવવાનો છે. એ પવિત્ર હેતુને લક્ષ્યમાં રાખીને પરમકૃપાળુ ઇશ્વરનું શરણ લેવું એ છે ઇશ્વરપ્રણિધાન.

પરમેશ્વર સૃષ્ટિનું અધિષ્ઠાન છે; સૃષ્ટિની રચનામાં નિમિત્ત અને ઉપાદાન કારણ છે; પ્રાણીમાત્રના પરમ પિત હોવાથી એ દષ્ટિએ માનવજાતના આદિ ગુરુ છે: કરુણા સિવાય પરમાત્મામાં કશી અન્યથા દષ્ટિ નથી. કેવલ લીલાના હેતુથી જ સૃષ્ટિનું સંચાલન થતું હોવાથી એ સંપૂર્ણ આનંદઘન છે. ટૂંકી માનવીય દષ્ટિથી દેખાતાં સૃષ્ટિનાં સર્જન, રક્ષણ કે સંહારમાં જીવમાત્રને પોતાની અગમ્ય, અલૌકિક અને અહૈતુકી લીલાનું ભાન કરાવી આત્માનંદ અપાવવાનો જ હેતુ માત્ર છે. એવા આદિ ગુરુ પરમેશ્વરને શરણે આત્મસમર્પણ કરીએ, તો એમના સચ્ચિદાનંદ સ્વરૂપના પ્રસાદનો અનુભવ થાય. એ પોતે રસસ્વરૂપ હોવાથી જીવાત્મા રસાનંદી બને એટલે આનંદતૃપ્ત ચિત્ત પછી વિષયોમાં શા માટે ભટકે, ભમે કે ભવદુ:ખનાં બંધન ભોગવે ?

પરમાત્માને શરણે તન–મન–ધન સોંપ્યાં; સમસ્ત વ્યવહાર પરમાત્માની લીલા છે, એટલે આપણે એમનાં સર્જ્યાં, એમના જ –સચ્ચિદાનંદના ભોકતા બનીએ એમાં શંકા પણ શી રીતે સંભવે ?

* * * *

અંતઃકરણમાં વિષયની સ્ફૂરણા થાય, ત્યારે દશ્યરૂપે એનો

આકાર જણાય છે. સૌનો પોતપોતાની ભાષા પ્રમાણે એ વિષે ઉચ્ચાર કરીને પરસ્પર ઓળખવા ઓળખાવવાનો વાણી દ્વારા પ્રયત્ન થાય, તે નામ તથા જેનું નામ પડાય એ નામી કહેવાય છે. નામ વિના નામીની ઓળખાણ થતી નથી. નામનું સ્મરણ થતાં અંતરમાં એનું રૂપ સ્ફૂરે છે. વસ્તુ મેળવવાની વૃત્તિ થતાં સામીપ્ય અનુભવમાં ન આવતું હોય, એની વિસ્મૃતિ થતી હોય, ત્યારે નામીને નામ વડે પોકારી બોલાવવાની ક્રિયા થાય છે. એને વિનવવાની, રીઝવવાની, એના વડે મળતા સુખની મનમાં તાલાવેલી કે તીવ્રતા ઉત્પન્ન થાય એ છે વિયોગમાંથી ઊભા થતી વિરહવેદના; એ વિરહવેદના સાંસારિક વિષય કે પ્રાણીપદાર્થની હોય તો એવા ભાવનું નામ મોહ છે, પરંતુ જો દિવ્ય ભાવનો આકાર હોય, અવતારો, આચાર્યો, દેવદેવતા, ગુરુદેવ કે જેના સ્મરણથી ચિત્તમાં પવિત્ર નિર્વિષયી ભાવનાના અંકુર ઊભા થતા હોય તો એ પાવનકારી ભાવભકિત કહેવાય છે; એ ભાવમાં પોતાની જાતને સમર્પણ કરી નાંખવાની, હોમી દેવાની તીવ્ર મનોવૃત્તિ હોય તે આત્મનિવેદન ભકિત છે. ઈશ્વરના અનન્ય ભકતોના લક્ષણમાં વિરહવેદના, તીવ્ર સંવેગ, નવ પ્રકારની ભકિતના અથવા વિધવિધ રસાલંકારોના સ્વાભાવિક ઉદ્રેક જોવામાં આવે છે, એ જ બતાવે છે કે ભગવાનની પ્રાપ્તિમાં પ્રેમલક્ષણા ભકિત જ સર્વોત્તમ સાધન છે.

દેવદેવતાનાં નામ ગુણકર્મ પ્રમાણે પાડેલાં છે. અવતારો, આચાર્યો, સંતમહંતો, મનુષ્યોનાં નામ ગ્રહરાશિ પ્રમાણે, પશુપ્રાણીઓના જાતિ પ્રમાણે, પદાર્થોના ગુણ પ્રમાણે, તેમ જ એ બધાના કોઇ ખાસ ઉપયોગ પ્રમાણે પણ નામ પડે છે.

તેવી જ રીતે જે પરમતત્ત્વ પોતાના સ્વરૂપમાં નિત્ય અવિકારી અને એકરસ રહેવા છતાં, પોતાની અનિર્વચનીય

માયાશક્તિ વડે બ્રહ્માંડનાં સર્જન, રક્ષણ, સંહાર કરે છે તે પ્રમાણે એ અનામી તત્ત્વના પણ વ્યવહારમાં નામ પડે છે. એ સૌથી મહાન્ છે માટે પરમાત્મા, એ ઐશ્વર્યના ભંડાર છે માટે ઈશ્વર, માનવીય શરીર ધારીને અવતરે ત્યારે ભગવાન્, એ બધું ય જાણે છે એટલે સર્વજ્ઞ, સૌથી વિશેષ બલવાન છે માટે સર્વશક્તિમાન્, બધેય છે માટે સર્વવ્યાપક—એવાં એવાં અસંખ્ય નામથી એ ઓળખાય છે.

પરંતુ એક એવું નામ છે કે જે સૌ સાંભળે છે છતાં યાદ રહેતું નથી; બોલે છે પણ ભૂલી જાય છે, અનાયાસ ઉચ્ચાર થાય છે, પણ બોલતી વખતે પરિશ્રમ કરવો પડતો હોય એમ લાગે છે. જ્યાં જ્યાં શબ્દ કે ધ્વનિ સંભળાય છે, ત્યાં એ નામ ઓતપ્રોત હોવા છતાં એનું જ્ઞાન નથી, તેથી એનો લાભ મળતો નથી. વાણી તથા ભાવનું એ ઉદ્‌ગમ સ્થાન હોવા છતાં અબુધ માનવી સમજી શકતો નથી. વેદોમાં, વેદધર્મના બધા ગ્રંથભંડારમાં, દરેક સંપ્રદાયનાં સંસ્કૃત–પ્રાકૃત પુસ્તકોમાં જ નહિ, પણ જૈન તથા બુદ્ધ ધર્મમાં પણ એ જ નામથી મંગલાચરણ થાય છે.

એવા શાસ્ત્રસિદ્ધ નામનું ઋષિઓએ અનુભવ અને મનન દ્વારા સંશોધન કર્યું છે—નવું ઉપજાવી કાઢ્યું છે એમ નહીં, પણ અજ્ઞાતને જ્ઞાત બનાવ્યું છે. શબ્દશાસ્ત્રના વિજ્ઞાનમાં એ સર્વોત્તમ છે. વાણીથી એ બોલી શકાય, મનમાં ચિંતવન થઇ શકે, હૃદય અને પ્રાણમાં એનું સ્પન્દન અનુભવી શકાય, અને ભાવાવેશમાં પણ જે પોતાની જાગ્રતિ રાખી શકે એવું પરમાત્માનું એક નામ છે; જેને સંસ્કૃત ભાષામાં વાચક કહે છે; વાચાથી બોલીને પદાર્થને ઓળખાવી શકે એ વાચક.

ઉપનિષદ્‌માં, ભ. ગીતમાં, ઉપાસનામાં, મંત્રશાસ્ત્રમાં, યજ્ઞ વગેરેના કર્મકાંડમાં બધે એક જ રીતે એનો મહિમા વર્ણવ્યો છે. પ્રત્યેક શુભપ્રસંગના વિધાનમાં એનો મંગલમય ઉચ્ચાર કરીને જ પછી આગળ વધાય એવું એ સ્વાભાવિક અને સહજ વાચક જ નામ છે. યોગદર્શનકાર ભગવાન્ પતંજલિ એનો ઉલ્લેખ કરે છે:

तस्य वाचकः प्रणवः ॥

યોગદર્શન : સમાધિપાદ-૨૭

અર્થ : તેનો વાચક ( વાણીથી બોલાય એવું નામ ) શબ્દ પ્રણવ ( ॐ-ओम् ) છે.

આ છે પરમાત્માનું સર્વશ્રેષ્ઠ, શાસ્ત્રસિદ્ધ નામ. બધી વાણીનું એ મૂલ છે; એના અક્ષરવિભાગમાં अ, उ અને म् આવે છે, એમાં અસંખ્ય રીતે પ્રકૃતિનાં ત્રણ પ્રકારનાં રહસ્યો છે. ભગવાનનું નામસ્મરણ કરવું એટલે ओम्‌નો જપ કરવો. જપ કરવો એટલું જ નહિ પણ એનો અર્થ સમજવો જોઈએ. * આત્માનું એ જ નામ અને રૂપ છે એવું સમજવું જોઇએ. એ ॐના જપથી આત્માના સાક્ષાત્કારનો આનંદ પ્રાપ્ત થાય છે.

ધ્યાન અને સમાધિના મુખ્ય સાધનનો આપણે વિચાર કર્યો જેમાં પ્રેમભક્તિનું સર્વોત્તમ અને સિદ્ધ ફલ આવી જાય છે. ઈન્દ્રિયોનો સંયમ કરીને મનમાં સતત ભગવાનના ओम् નામનો જપ કરવો એ જ છે એનું સર્વોત્તમ સ્મરણ. ધ્યાન માટેના માનસિક જપમાં હાથમાં માળા રાખવાની જરૂર નથી. સ્થાન માટે હૃદય મંદિર ભગવાને પોતે જ રચી રાખેલું છે. સ્મરણ-શકિતની ભેટ આપીને ભગવાને અહૈતુકી કરુણા કરી આપી છે. એનો વિશેષ મહિમા ભ. ગીતામાં પણ ભગવાને કહી સંભળાવ્યો છે. કરવાનું માત્ર એટલું જ છે કે:

---

*પ્રણવ એટલે ओम्‌ના વિશેષ રહસ્ય માટે જુઓ સાધનજ્યોતિ દ્વિતીય દીપ

(૧) એકાન્તમાં બેસીને થાકયા કે હિંમત હાર્યા વિના પરમ શ્રદ્ધાથી મનમાં જપ કરવા માંડો.

(૨) એ ભગવાનનું જ સાક્ષાત્ નામ છે એમ માનો.

(૩) નામીને બોલાવવા, મળવા કે ભેટવા માટે એનું નામ પોકારવાની જેમ જરૂર પડે છે, તેમ ભગવાન્ અંતર્યામી હોવાથી એના નામસ્મરણથી નામી ભગવાનૂના સ્વરૂપાનંદ માટે એના જપની જ આવશ્યકતા છે.

(૪) પ્રત્યેક શ્વાસોચ્છ્વાસમાં ઓમ્ બોલાય છે એ તમે જાણુતા હશો.

(૫) શ્વાસેશ્વાસે ભગવાનનું નામ લેવું જોઇએ એ આપણો મુખ્ય અને મહાન્ ધર્મ છે એમ સમજી રાખશો.

(૬) રાતદિવસના નીરોગી મનુષ્યના ૨૧૬૦૦ શ્વાસોચ્છ્વાસ ચાલે છે; શ્વાસેશ્વાસે નામ લેવું જોઇએ એ નિયમે એટલા નામજપ દરરોજના થવા જોઈએ, એના કરતાં ઓછા થાય તે અધર્મ; પૂરા થાય તે પૂરો ધર્મ; પણ ૧૦૮ની એક માળા કે પાંચદસ માળા, ઉપરચોટિયા, ભટકતે મને ફેરવીને સંતોષ માનવો એ અધૂરા જપ અને અધૂરો ધર્મ.

(૭) નામસ્મરણ માનવજીવના પ્રાણ છે. એ જ મન તથા પ્રાણનો આહાર છે; એનાથી જ એને પોષણ, રક્ષણ અને સંસ્કરણ મળે છે.

(૮) શરીર અન્નજલથી પોષાય છે, તેમ અંતઃકરણ ભગવદ્-સ્મરણથી પોષાય છે એટલું જ નહિ પણ પવિત્ર થાય છે.

(૯) આખા દિવસમાં કેટલી માળા ફેરવી કે કેટલા જપ કર્યા

એનો વિચાર ન કરતાં ૨૧૬૦૦ કરતાં કેટલા ઓછા જપ કર્યા એનો બિચાર કરજો, કારણ કે એ પૂર્ણ સંખ્યા છે. પ્રત્યેક શ્વાસે એક 'નામ' બોલાવું જ જોઇએ.

(૧૦) ૨૧૬૦૦ મંત્રસંખ્યાની ૨૦૦ માળા થાય છે. ઉત્તમ સાધક માટે ૨૦૦ માળા; ત્યારપછી જેવી સાધકની તીવ્રતા, જેવી વ્યવહારની સગવડ, અને જેવી એની પ્રેમભક્તિ.

* * * *

પરંતુ તમારી ફરિયાદ તો ઊભી જ રહી છે એમ તમે કહેશો એ હું સમજું છું; અને એટલા માટે જ હજુ લખ્યા કરું છું.

જપ વખતે, ધ્યાન વેળાએ જ મન ભટકે છે—વધારે ભટકે છે એમ લાગે છે એ તમારી ભૂલ છે. એ વખતે જ એકાંતમાં એની પરીક્ષા થઇ ત્યારે તમને એની ભટકવાની ટેવની ખબર પડે છે એમ સમજો.

બાકી આખો દિવસ કામકાજ કરતાં એ વિષયોનો જ વિચાર કરતું હોય છે; એની ભટકવાની એ ટેવ છે. એ એનો જન્મજન્માન્તરનો અનાદિ ભવરોગ છે. એને ભટકતું અટકાવવાની કોઇપણ રામબાણ ઔષધિ હોય તે ભગવદ્દચિંત્વન છે.

ભ. પતંજલિ ધ્યાનથી સમાધિ પર્યન્તની સાધનામાં જે વિઘ્ન આવે એનું લાબું એવું ટીપ્પણ આપે છે. એનો વિસ્તાર અહીં કરવાનો કશો અર્થ નથી કારણ કે એ બધાનો સમાવેશ એક જ મુખ્ય મુદ્દામાં થઇ જાય છે. સાધકચિત્તની સમક્ષ બે મુદ્દા છે; (૧) જપ કરતાં કે ધ્યાન કરતાં ચિત્તની પકડમાં, વૃત્તિના સાંડસામાં ભગવદ્દસ્મરણ નથી આવતું, આવે તો ટકતું

નથી; અને (૨) એને બદલે અનેક વિષયોને યાદ કરીકરીને ભટકતું ફરે છે.

ભગવાન્ અલૌકિક, અદ્વિતીય અને એક છે, જ્યારે એની સામે લૌકિક અને અસંખ્ય વિષયપદાર્થો છે: એકની સામે અનેક છે, એમાંથી અનેકને ભૂલીને એકનું સ્મરણ કરવાનું છે, અથવા બીજા શબ્દોમાં બોલીએ તો એકને સ્મરીને અનેકને ભૂલવાં છે. પરતું અસંખ્ય મોજૂદ છે, અને એકની ગેરહાજરી છે, એવી ચિત્તદશા હોવાથી અનેકને કાઢવાનો પ્રયત્ન કરવા માટે એકનો ચિત્તમાં પ્રવેશ કરાવવો જોઈએ. કારણ કે ધ્યાનની દશામાં, ચિત્ત જ્યાંસુધી ત્રિપુટીની દશામાં હોય, ત્યાંસુધી ધ્યાતા, ધ્યેય અને ધ્યાનનું ભાન રહેતું હોય એવી સવિકલ્પ સમાધિમાં અસંખ્ય વિષયોનું સ્મરણ થાય તે વિઘ્નો છે.

એમાં એક માત્ર ઉપાય છે ભગવાનના નામનું સતત્ સ્મરણ. ગમે તે ભોગે, ગમે તે રીતે, ગમે તે ઉપાયે નામરુચિ ઉપજાવવી, ભગવાન તરફ ભક્તિ વધારવી અને વિષયોમાં દોષદૃષ્ટિ કરવી.

પરન્તુ જો ભગવાન તરફ પ્રેમભકિત હોય તો એ સર્વ-શક્તિમાન્‌ના કૃપાપ્રસાદથી બધાં વિઘ્ન દૂર થાય છે. વિષયચિંત્વનરૂપ વ્યાધિ અસંખ્ય છે, પણ ભગવદ્‌સ્મરણરૂપ ઔષધિ એક અને અમોઘ છે. આને માટે અસંખ્ય શાસ્ત્રપ્રમાણ છે, પણ લેખવિસ્તારના ભયથી વધારે ન લખતાં, એટલું જ તાત્પર્ય સમજી લેવાનું છે, કે જેટલું જેટલું નામસ્મરણ--જપરુચિ વધતી જશે, તેટલાં તેટલાં પેલાં વિઘ્નો દૂર થતાં જશે. ચિત્તમાં જેટલો જેટલો ભગવાન્‌નો પ્રકાશ પડતો જશે, તેટલો તેટલો વિષયોના અજ્ઞાનનો અંધકાર નાશ પામશે.

અંધકારને પહેલાં કાઢી નાંખ્યા પછી દીવાનો પ્રકાશ લાવવાની જરૂર રહેતી નથી. એ કાંઈ બે પ્રકારનાં કાર્ય પણ નથી. પ્રકાશને લાવવાથી જ અંધકાર આપોઆપ દૂર થાય છે. ભગવાનનું ભજન, સ્મરણ, ચિંતવન વગેરે પરિપૂર્ણ પ્રેમભક્તિથી થતાં જ વિઘ્નો આપોઆપ નીકળવા માંડે છે. અંધકારને કાઢવાની અને પ્રકાશને લાવવાની બે જુદી ક્રિયા નથી, વળી પ્રકાશને લાવ્યા વિના અન્ય સેંકડો પ્રયત્નોથી અંધકાર દૂર થતો નથી. તેવી જ રીતે ભગવાનને સ્મરણચિંત્વન દ્વારા હૃદયમંદિરમાં પધરાવ્યા વિના વિઘ્નરૂપ અંધકાર દૂર થતો નથી અને એ ક્રિયાઓ જુદી પણ હોઈ શકતી નથી.

એક વિષયના સ્મરણને દૂર કરવા માટે બીજા વિષયને મનમાં લાવવાના પ્રયત્નો તો બધાં કરે છે જ, પણ એ રીતે વિષયનો આનંદ માણવાનાં કર્મોથી વિષયચિંતન તથા વિષયાધીનતા દૂર થતી નથી.

'આજ કૈં ગમતું નથી, માટે ચાલો સિનેમા જોવા" એ એક જાતનું વિષયપરિવર્તન છે, આપણે ધર્મ કે મોક્ષને માટે પણ લગભગ એવું જ કરીએ છીએ. જુઓઃ–

૧) તામસિક મનુષ્યો સંસારનાં કામકાજથી થાકી જઇને, અથવા ચિંતા, કલેશ, વગેરેને ભૂલવા માટે મદ્યમાંસાદિનું ખાનપાન, હલકા જાતની કૂથલી, ગામગપ્પાં કે એવાં નિંદ્યકર્મ કરીને વર્તમાન કલેશભારને હળવો કરવાના પ્રયત્નો કરે છે. એમાં તામસિક વિષયવૃત્તિનો હેરફેર જ થાય છે. અંગ્રેજીમાં જેને recreation=આરામ, વિનોદ, ગમ્મત વગેરે કહે છે એવું તમોગુણી મનુષ્યોનું આ તામસિક recreation વિષયપરિવર્તન છે.

(૨) રજોગુણી વિલાસી મનુષ્યો, સિનેમાનાટક, વિલાસી કાવ્ય કે વાર્તાસાહિત્યનું વાચન, સૃષ્ટિસૌંદર્ય માટેની મુસાફરી, સાંજસવારનું વિલાસી વાતાવરણમાં ફરવા જવા જેવાં મોજશોખમાં ગણાતાં કર્મો કરીને સંસારનાં કલેશ કે ચિંતાભાર ભૂલવાના પ્રયત્નો કરે છે એ રાજસિક વિનોદ છે. રજોગુણી recreation છે, ગમ્મતમાત્ર છે, એમાં વિષયોની અદલાબદલી થાય છે, પરંતુ વિષયવિસ્મૃતિ થતી નથી.

(૩) રજોગુણમાંથી સત્ત્વગુણ તરફ ઢળતો મનુષ્ય પોતાનો સંસારભાર હળવો કરવા માટે, દેવદર્શન, તીર્થયાત્રા, કથાશ્રવણ, યજ્ઞયાગ કે એવાં જે કાંઇ ઇશ્વરનિમિત્તનાં કર્મો કરે એ બધાં સાત્ત્વિક વિનોદનાં કર્મો છે. એ એક રીતે સાત્ત્વિક recreation છે. પહેલાંનાં બે કરતાં એ ચડીઆતાં છે ખરાં, પરંતુ એકલાં એવાં બાહ્ય કર્મોથી ચિત્તવૃત્તિમાં પરિવર્તન થતું નથી. સંસારથી કંટાળીને આરામ શોધવાના એ પ્રયત્નોમાં સંસારનો વૈરાગ્ય હોતો નથી. વ્યવહારમાં અસંતોષ થવાનાં કારણોમાં કોઇ પણ જાતની અશકિત હોય અથવા સહજ પ્રપંચથી ઇશ્વર નિમિત્તનાં ધર્મકર્મ કે વેષભૂષામાં દેહનિર્વાહ સહજ સાધ્ય હોય, એમ માનીને આવાં કર્મ થતાં હોય, એ વૈરાગ્ય નથી વિષયાન્તર થાય છે, પણ આવા વ્યવહાર કે કર્મથી ભગવાનનું સ્થાન ચિત્તમાં સ્થાપી શકાતું નથી.

સાત્ત્વિક વિનોદ કે આરામના વિષયો સારા છે, શુભમાર્ગી છે, ઇશ્વરનું ક્ષણિક સ્મરણ કરાવે છે, પણ એનાથી વિષયવિસ્મૃતિ થઇ શકતી નથી. કારણ કે વિષયાન્તર થવાથી તો ચિત્તની ચંચલતા વધતી જાય છે.

માટે જ શાસ્ત્રો કહે છે કે ભગવાન્‌ના સતત્ નામસ્મરણરૂપ અભ્યાસની સાથે સાંસારિક વિષયોનો વૈરાગ્ય જોઇએ. એ વૈરાગ્યનું જ બીજું નામ–રૂપાન્તરમાત્ર પ્રેમભકિત છે. ભગવાન પ્રતિ અપ્રતિમ, અનન્ય ભકિત હોય, તો વિષયોરૂપ અંધકાર આપોઆપ દૂર થાય છે, અને વૈરાગ્ય પોતાની મેળે જ સહાયક બને છે. એમ કહો કે ભકિત અને વૈરાગ્ય એક જ કાગળની બે બાજુ છે, એક હાથમાં આવતાં બીજી આવવી જ જોઇએ. એક નથી તો બીજી પણ નથી જ, બે જુદાં નામથી ઓળખાતાં, ભકિત અને વૈરાગ્ય એ એક જ પરમાત્માના સ્વરૂપ સાક્ષાત્કાર માટેનાં સર્વોત્તમ સાધન તરીકે ઓળખાતી તીવ્ર સંવેદનાનાં બે પાસાં છે. આત્મસમર્પણ સ્વાધ્યાય વગેરે જે શબ્દો છે, એ બધાનું મૂલ તાત્પર્ય એ જ છે કે:–

પરમકારુણિક પરમાત્માનું પ્રણિધાન કરો; પ્રણિધાન એટલે પરમાત્માને સંપૂર્ણપણે આત્મસમર્પણ. આત્મસમર્પણ એટલે શરીર જે જે કર્મ કરે તે પરમાત્માની સેવા; મન પરમાત્માના જ–સ્વાભાવિક વાચક (નામ) ઓમ્‌નું સ્મરણ કરે તે જપ (સ્વાધ્યાય): અને ધ્યાન કે જપ સમયે, જીવનકર્મમાં તેમજ પ્રત્યેક હૃદયમાં પ્રણવ-ૐ ૐ ૐનું ગૂંજન ચાલુ રાખે એ છે, આત્માપરમાત્માના અલૌકિક મિલનનો–અભેદાનુભવનો આનંદમય ઉદ્‌ગાર !

ૐ ૐ ૐ ૐ

(ઑગસ્ટ–૧૯૫૨)